પ્રકાશક –

શ્રીમાન્ ગુલાબમુનિજી મ. ના સદુપદેશથી
સહાયક નામાવલિ લિખિત સજ્જનોની
દ્રવ્ય સહાયથી મુંબઈ પાયધુની મહાવીરસ્વામિ જૈન દેરાસરના

મુખ્ય કાર્યવાહક
શા: ઝવેરભાઈ કેસરીભાઈ ઝવેરી
પાયધુની, મુંબઈ નં. ૩



મુદ્રક –
પ્રથમના બે ફારમ જનતા પ્રિંટરી સુરત,
ફારમ ૩ થી ૨૧ સુધી ગંગોત્રી પ્રિં. પ્રેસ, સુરત.
પાછળના ૪ ફારમ, તથા મુખપૃષ્ઠાદિ
નિર્ણયસાગર પ્રેસ, મુંબઈ ૨

ખરતરગચ્છ વિભૂષણ ક્રિયોદ્ધારક શ્રીમન્મોહનલાલજી મ. ના
પ્રશિષ્યરત્ન વાદી ગજકેસરી સ્વ૦ અનુયોગાચાર્ય—



જન્મ—૧૯૩૨ ચૂંડા (રાજસ્થાન)

દીક્ષા—૧૯૫૩ વાંગરોદ (માળવા)

શ્રીકેશરમુનિજી ગણિવર

સમર્પણ

જેમની અસાધારણ કૃપાથી આ ક્ષુદ્રાત્મા કંઇક મનુષ્યત્વ પ્રાપ્ત
કરી શક્યો છે. જેમણે અથાગ પરિશ્રમ વેઠીને મારા જેવા
જડબુદ્ધિના આત્માને પણ બે અક્ષરનું જ્ઞાન પ્રાપ્ત
કરાવી ચારિત્રધર્મમાં જોડ્યો છે તેમ વખતો વખત
અનેક પ્રકારે સારણા વારણા આદિ શિક્ષાઓ
દ્વારા સન્માર્ગમાં સ્થિર રાખ્યો છે. તે
મહાનુભાવ પૂજ્ય ગુરૂદેવ વાદીગજકેસરી
વિહિત સમસ્તાગમ યોગાનુષ્ઠાન
અનુયોગાચાર્ય શ્રીમાન્ કેશર
મુનિજી ગણિવરના સ્વર્ગત
આત્માને સાદર સવિનય
સમર્પિત હો.

સંપાદક

સંપાદકીય નિવેદન

આજે અત્યંત હર્ષનો વિષય છે કે એક મહાનપ્રભાવશાલી મહાપુરૂષનું ઐતિહાસિક જીવનચરિત્ર અને તેને લગતા બીજા અનેકો પ્રભાવક પુરૂષોના ચરિત્રો સહિત ગુર્જર ભાષાભાષી જનતાની સમક્ષ ઉપસ્થિત થઇ રહ્યો છે.

એની અંદર સત્તરમી સદીના મહાન્ શાસનપ્રભાવક યવનસમ્રાટ અકબરશાહ પ્રદત્ત યુગપ્રધાન પદથી ભૂષિત આચાર્યપ્રવર ચોથા દાદા શ્રીમજ્જિન ચંદ્રસૂરિજી મહારાજનું સમગ્ર જીવન ચરિત્ર ઐતિહાસિક દૃષ્ટિએ આલેખવામાં આવ્યું છે.

એનું આલેખન ઇતિહાસપ્રેમી સાહિત્યરત્ન શ્રાદ્ધવર્ય શ્રીમાન્ અગરચંદજી તથા ભંવરલાલ નાહટાએ લખેલ 'યુગપ્રધાન શ્રીજિનચંદ્રસૂરિ' નામક હિંદી પુસ્તકના આધારે થયેલ છે. એટલેકે તે પુસ્તકનોજ અક્ષરશઃ અનુવાદ કરવામાં આવ્યું છે. કેવલ પરિશિષ્ટોમાં કવિવર વાચક શ્રીમાન્ સૂરચંદ્રજી રચિત દ્વિછંદોમય શાંત્યજિત જિન સ્તોત્ર એવં ચરિતનાયક રચિત કેટલી એક વિશિષ્ટ કૃતિઓ. જે અગરચંદજી નાહટાએ મોકળી હતી. તે આ સંસ્કરણમાં ઉમેરી દીધેલ છે.

આથી પહેલા પ્રકાશિત થઈ ચૂકેલા ત્રણ દાદાસાહેબના ચરિત્રોની માફક આના પ્રકાશનનું શ્રેય પણ સુવિહિત ચક્રચૂડામણિ ખરતરગચ્છ મંડન વીસમી સદીના મહાન્ શાસન પ્રભાવક મુંબઇમાં સાધુવિહારના દ્વાર ઉઘાડનાર સ્વનામધન્ય ક્રિયોદ્ધારક **શ્રીમન્મોહન** લાલજી મહારાજના પટ્ટધર શિષ્ય. પ્રશાંતસ્વભાવી મહાન્ તપસ્વી ત્રેપન ઉપવાસ કરી પાવાપુરિમાં સ્વર્ગપ્રાપ્ત. ખતર ગચ્છની વર્તમાન્ સંવેગી શાખાના પ્રથમ આચાર્ય શ્રીમાન્ જિનયશઃ સૂરિજી મહારાજના શિષ્યપ્રવર. થાણાતીર્થોદ્ધારાદ્યનેકવિધ શાસન પ્રભાવક સ્વર્ગીય આચાર્ય શ્રીજિન ઋદ્ધિસૂરિજી મહારાજના શિષ્યરત્ન. પરમ વિનીત. વયોવૃદ્ધ. મુનિવર શ્રીગુલાબમુનિજી મહારાજના ફાળે જાય છે. કેમકે તેઓએજ પૂરેપૂરી ખંતથી **'યુગપ્રધાન શ્રીજિનદત્તસૂરિ'** તેમજ **'મણિધારિ શ્રીજિનચંદ્રસૂરિ'** ની માફક આનું પણ હિંદી પરથી ગુજરાતી અનુવાદ શ્રીમાન્ દુર્લભકુમાર ગાંધી પાસે કરાવ્યો. એટલુંજ નહીં પણ જેમ એનાથી પૂર્વે અન્ય બે ચરિત્રો મુંબઇ–પાયધુની મહાવીર

સ્વામી જિનાલયસ્થ મંડોવર ખરતર ગચ્છ ઉપાશ્રયના ટ્રસ્ટીઓને ઉપદેશ દઇ ત્યાંના જ્ઞાનખાતાથી પ્રકાશિત કરાવ્યા તેમ આના પ્રકાશન માટે પણ વિભિન્ન ભાવુકોને. જેમની નામાવલી જુદા પેજમાં આપેલ છે. ઉપદેશીને ૪૭૪૧) ની રકમ મહાવીરસ્વામિના ટ્રસ્ટીઓને અપાવી. જેના શુભ પરિણામે 'મણિધારી જિનચંદ્રસૂરિ'ના પ્રકાશન પછી આજે ૭ વર્ષે આ ગ્રંથ ગુરૂદેવના ભક્ત પાઠકોના કરકમલમાં આવી રહ્યો છે. આટલું વિલંબ થવાનું કારણ પ્રેસની અવ્યવસ્થિતતા તેમજ સંપાદકના શરીરની અસ્વસ્થતા છે.

આના પ્રૂફ સંશોધનાદિમાં સાવધાની રાખવા છતાંએ છદ્મસ્થ સ્વભાવ સુલભ અનાભોગાદિકારણે તેમજ પ્રેસની ગફલતના અંગે જે કાંઇ પણ ભૂલ યા ત્રુટિ દષ્ટિગત થાય તો તે સુધારી વાંચવા સુજ્ઞ પાઠકોને નમ્રભાવે પ્રાર્થના છે. ઇતિ શમ્ ।

સં. ૨૦૧૮ (ગુ. ૧૭) આષાઢી પૂર્ણિમા કલ્યાણ ભુવન-ધર્મશાળા પાલીતાણા (સૌરાષ્ટ્ર)

લિ: સ્વર્ગીય અનુયોગાચાર્ય શ્રીમત્કેશર મુનિજી ગણિવર વિનેય બુદ્ધિ સાગર ગણિ



શેઠ હરિચંદભાઈ માણેકચંદ માટુંગાવાળા
જેમણે પોતાના ગુરુવર્ય શ્રીમાન ગુલાબમુનિજી
મહારાજના ઉપદેશથી ૧૫૦૦) રૂા. ની ઉદાર
મદદ આ પુસ્તક છપાવવામાં કરી છે.

દ્રવ્ય સહાયકોની શુભ નામાવલી



રૂ૦ ૧૫૦૧) શેઠ શ્રીહરિચંદભાઇ માણેકચંદભાઇ વીરનગર (સૌરાષ્ટ્ર) હાલ માટુંગા મુંબઇ.

રૂ૦ ૭૦૦) શ્રીશાંતિ નાથજીના દેરાસરની પેઢી તરફથી

રૂ૦ ૫૦૧) શેઠ શ્રીધનરાજજી ઘેવરચંદજી બાફણા, દહાણું.

રૂ૦ ૨૫૧) શેઠ શ્રીલખમીપતસિંહજી જગતપતસિંહજી કોઠારી. કલકત્તા.

રૂ૦ ૨૫૧) શેઠ શ્રીમંગળદાસ લલ્લુભાઇ ટ્રસ્ટ ફંડ–હ. રસિકલાલભાઇ, મહેશાણા

રૂ૦ ૨૫૧) શેઠ શ્રીકાંતિલાલ નિહાલચંદ પાટણ (ઉ. ગુજરાત)

રૂ૦ ૧૫૧) શેઠ શ્રીપૂનમચંદજી ગુલાબચંદજી ગુલેછા, ફલોદી (રાજસ્થાન) હાલ મુંબઇ.

રૂ૦ ૫૧) શેઠ શ્રીડાહ્યાભાઇ છગનલાલ બાલચંદ, પાટણ (ઉ. ગુજરાત).

રૂ૦ ૫૧) શેઠ શ્રીબાલુભાઇ ફકીરચંદ, સુરત (દ. ગુજરાત).

રૂ૦ ૫૧) શેઠ શ્રીખીમજીભાઇ પૂનસી. કચ્છકોડાય. હાલ થાણા.

રૂ૦ ૫૧) શેઠ શ્રીમાણકચંદજી ફૂલચંદજી સુખાની. કલકત્તા

રૂ૦ ૩૧) શેઠ શ્રીશાંતિલાલ ભગવાનદાસ. પ્રેમજી. માંગરોળ.



સેવામૂર્તિ મુનિરત્ન શ્રીગુલાબ મુનિજીની
સંક્ષિપ્ત જીવનરેખા

નિરાધારનો આધાર

મારવાડની પ્રાચીન રાજધાની નાગોર પાસેના ગામ નોખામાં જાટ કુટુંબના ત્રણ બાળકો માતાપિતાના દેહાન્તથી નિરાધાર થઈ ગયા હતા. સગાં સંબંધી પણ કોઈ સંભાળ લે તેમ હતું નહિ. બાળકોના પિતા રાડ ગોત્રના ભેરાજી જાટ નોખા ગામમાં શિવજી રામજી, બાલા રામજી તથા ઘેવરચંદજી ચોરડીયા નામે એક સ્થાનક વાસી જૈન કુટુંબમાં વર્ષોથી કામકાજ કરતા હતા. ત્રણે બાળકો પણ ત્યાં વારંવાર જતા અને કામે લાગતા. ભેરાજીના મોટા પુત્રનું નામ વીરો બીજાનું નામ ગીગો અને નાનાનું નામ ગિરધારી હતું.

ગીગાનું તેજસ્વી કપાળ, કામ કરવાની લગની, શાંત સ્વભાવ અને સેવા ભાવથી બધાને તે પ્રિય થઈ પડતો. સ્થાનક વાસી સાધુ મહારાજો આ કુટુંબમાં વારંવાર ગોચરી પાણી માટે આવતા. બાળક ગીગાને કોઈ કોઈ વખત મહારાજશ્રીને બીજે ગોચરી માટે લઈ જવા જવું પડતું. એક વખત નોખા ગામમાં શ્રીરૂપચંદજી સ્વામીનું આવવું થયું. ઘરના માણસો વ્યાખ્યાન સાંભળવા જતાં તેની સાથે ગીગો પણ જવા લાગ્યો. મહારાજશ્રી તરફ ગીગાને અનુરાગ જાગ્યો. તે વારંવાર ઉપાશ્રયે જવા લાગ્યો. ગીગાનો સેવા ભાવ અને નમ્રતા જોઈ મહારાજશ્રીને પણ ગીગા તરફ મમતા જાગી. મહારાજશ્રીએ ગીગાને નમસ્કાર મહામંત્ર સીખવ્યો ને ગીગો તે મંત્રને કંઠે કરવા લાગ્યો. ધીમે ધીમે સૂત્રો સીખવાની લગની લાગી અને વિહારમાંએ ગીગો તેઓની સાથે ગયો અને મહારાજશ્રીની સેવા સુશ્રૂષામાં રંગાઇ ગયો.


ગીગાનો આત્મા ઉંચો હતો. ભાવના જાગી હતી. મહારાજશ્રી પ્રત્યે ખૂબખૂબ અનુરાગ હતો તેથી તે મહારાજશ્રી પાસે રહેવા લાગ્યો અને ધીમે ધીમે જૈન ધર્મના આચારો તેમજ સૂત્રો ભણવા લાગ્યો.

જેમજેમ પરિચય વધવા લાગ્યો તેમતેમ દીક્ષાના ભાવ જાગ્યા અને ગીગાએ દીક્ષા માટે મહારાજશ્રી રૂપચંદજી સ્વામીને પ્રાર્થના કરી.



મુનિવર શ્રીગુલાબ મુનિજી મ.
જેમના ઉપદેશથી આ ચરિત્ર
પ્રકાશિત થઈ રહ્યું છે.

થાણાતીર્થોદ્ધારાદ્યનેકવિધ
શાસનપ્રભાવકાચાર્યવર્ય
શ્રીજિનઋદ્ધિસૂરિજી મ.



ગીગાની ગુરૂભક્તિ, વિનયભાવ, સેવા અને સહનશીલતા આદિ તેના ગુણો જોઈને મહારાજશ્રીએ સં. ૧૯૫૭ માં ગુલાબચંદજીના નામથી દીક્ષા આપી અને પોતાનો શિષ્ય બનાવ્યો.

બીજા બન્ને ભાઇયો પણ સાથે આવી ગયા તેઓ પણ જૈન ધર્મનો અભ્યાસ કરવા લાગ્યા. થોડા સમય પછી મોટા ભાઇ વીરચંદે પણ સ્થાનકવાસી દીક્ષા લીધી અને કાલાંતરે નાના ગિરધારીએ પણ તેમની પાસે દીક્ષા લીધી. ત્રણે નિરાધાર બાળકોને ધર્મનો આધાર મળી ગયો.

ગુરૂદેવનો સંદેશ

શ્રીરૂપચંદજી મહારાજ મૂળ પીપાડ સીટી પાસે રીયાં ગામના રહેવાસી મુણોત ગોત્રના ઓસવાળ હતાં. તેમણે સં. ૧૯૩૬ ના નાગોરમાં શ્રીસૂર્યમલજી મહારાજ પાસે સ્થાનકવાસી દીક્ષા લીધી હતી. તેઓ વ્યાકરણ, કાવ્ય, સાહિત્યના સારા અભ્યાસી અને વિદ્વાન હતા. તેમણે ઘણા ગ્રંથો પણ લખ્યા હતા. સં. ૧૯૫૭ માં ગુલાબચંદજી દીક્ષા લઇને મહારાજશ્રીની સેવામાં રહ્યા અને સૂત્રાદિનો અભ્યાસ કરવા લાગ્યા. શ્રીરૂપચંદજી મહારાજની શ્રદ્ધા સિદ્ધાંતોની ટીકા વાંચતાં મૂર્તીપૂજા માનવાની થઈ અને તેમની શ્રદ્ધા સ્થાનકવાસી સંપ્રદાયથી ડગી ગઇ એટલે સિદ્ધાચળ તીર્થની યાત્રા કરવાની ભાવના જાગી, ત્યાર પછી પણ તેમણે ચાર વર્ષ મારવાડમાં ગાળ્યા–

ગુલાબચંદજી દિન પ્રતિ દિન ગુરૂવર્યની સેવામાં રહેતા. સં. ૧૯૬૧ માં વિહાર કરતાં કરતાં તીર્થાધિરાજ શત્રુંજયમાં આવ્યા. ગિરિરાજની ઉલ્લાસથી પાંચ યાત્રા કરી. તીર્થપતિ આદીશ્વર દાદાની મનોરમ મૂર્તી–મંદિરોનું નગર, કલાત્મક મંદિરો અને મૂર્તીયો જોઇજોઇને આપણા કથાનાયક શ્રીગુલાબચંદજી મુનિને તો ભારે આનંદ થયો તેમને તો શત્રુંજય તીર્થધામ ખૂબખૂબ પ્યારૂં લાગ્યું અને વારંવાર તીર્થયાત્રા કરીને પોતાને ધન્ય ધન્ય માનવા લાગ્યા.

ગુરૂવર્ય શ્રીરૂપચંદજી મહારાજ તથા મુનિ ગુલાબચંદજી તીર્થયાત્રા કરીને વિહાર કરતાં કરતાં બરવાળા આવ્યા. અહીં ખરતર ગચ્છ વિભૂષણ ક્રિયોદ્ધારક શ્રીમન્ મોહનલાલજી મહારાજના પ્રથમ શિષ્ય શ્રીઆનંદ મુનિજી પ્રસિદ્ધ નામ શ્રીઆલમચંદજીના શિષ્ય શ્રીપ્રસન્ન મુનિજીનો મિલાપ થયો તેમની સાથે વાર્તાલાપ કરી પોતાની શંકાઓનું સમાધાન કર્યું અને

સં ૧૯૬૧ માં મોંઢેથી મુહપત્તી ઉતારી દેરાવાસી સાધુનો વેષ ધારણ કર્યો અને પોતાનું નામ રૂપ મુનિ અને શિષ્યોનું નામ વીરમુનિ તથા ગુલાબ મુનિ રાખી વિચરવા લાગ્યા. ત્યાર પછી યોગ્ય ગુરૂની તપાસમાં વિહરતા રહ્યા. શ્રીગુલાબ મુનિના નાના ભાઇ ગિરધારીની ભાવના પણ દીક્ષાની થવાથી સં. ૧૯૭૧ માં તેને દીક્ષા આપી અને ગુલાબ મુનિના શિષ્ય ગિરિવર મુનિના નામથી જાહેર કર્યા.

પછી તો પાછા વિહાર કરતાં કરતાં મારવાડ આવ્યા અને ગુલાબમુનિજી મહારાજ તો ગુરૂદેવની સેવામાંજ પોતાનું કર્તવ્ય માનવા લાગ્યા. કાલક્રમે ગુરૂ રૂપચદજીને લકવો થયો. અને તેથી નાગોરમાં ચારે મુનિ સ્થિરવાસી રહ્યા. સં ૧૯૭૫ માં શ્રાવણ શુદ ૧૪ ના રોજ પાક્ષિક પ્રતિક્રમણ કરતાં મોટી શાંતિ બોલતાં બોલતાં નાગોર મારવાડમાં તેઓ સ્વર્ગવાસી થયા અને સંઘમાં શોકની છાયા છવાઇ ગઇ. શ્રીસંઘે ગુરૂદેવની પાલખીને સજાવી. સ્મશાન યાત્રા શહેરમાં ફરી વળી–હજારો લોકોએ અંતિમ દર્શન કર્યા.

ગુલાબમુનિજી તો ફરી નિરાધાર બની ગયા. તેમના શોકનો પાર ન હતો.

રાત્રિનો સમય હતો. ગુરૂદેવના સ્વર્ગ ગમનથી ગુલાબમુનિજી શોકાતુર હતા–નિદ્રા વેરણ બની હતી. નમસ્કાર મહામંત્ર–ઉવસગ્ગહરં અને મોટી શાંતિનો જાપ કરતાં કરતાં આંખો મીંચાઇ ગઈ અને એક સુંદર સ્વપ્ન લાધ્યું. ગુરૂદેવે દર્શન દીધાં–ગુલાબમુનિજી તો ગુરૂદેવના ચરણમાં પડી ગયા–આંસુઓથી ગુરૂદેવના પગ પખાળ્યા. ગુરૂદેવે ધીરજ આપી અને તીર્થાધિરાજ શત્રુંજય જવા પ્રેરણા કરી. આંખો ખોલી જુએ તો ગુરૂદેવ તો અદશ્ય થઇ ગયા. પણ ગુરૂદેવનો સંદેશ હૃદયમાં કોતરાઇ ગયો તીર્થાધિરાજ શત્રુંજયમાં ઉદ્ધાર થશે. એ પરમ પવિત્ર તીર્થધામ ચિરંતન શાંતિ આપશે એમ વિચારી ચોમાસા પછી પાલીતાણા તરફ વિહાર કર્યો ગામાનુંગામ વિહાર કરતાં કરતાં પાલીતાણા આવી પહોંચ્યા. તિર્થાધિપતિ શ્રીઆદીશ્વર દાદાના દર્શનથી હૃદયને શાંતિ મળી. મંદિરોના નગરમાં આત્મશાંતિ અને જીવનનું નવું દર્શન મળ્યું.

યોગી રાજના ચરણમાં

પૂજ્ય પ્રાતઃ સ્મરણીય ક્રિયાપાત્ર વચનસિદ્ધ પુણ્ય પ્રભાવક મુનિ શ્રીમોહન લાલજી મહારાજ એક સુપ્રસિદ્ધ જશનામ કર્મી મુનિરત્ન થઇ

ગયા. તેમના પ્રશિષ્યા રત્ન બાલ બ્રહ્મચારી દીર્ઘ તપસ્વી યોગનિષ્ઠ પન્યાસ શ્રીઋદ્ધિમુનિજી મહારાજ પાલીતાણા પધાર્યા હતા–આપણા ગુલાબમુનિજી પણ ગુરૂદેવના આદેશથી પાલીતાણા આવ્યા હતા. પં. શ્રીઋદ્ધિ મુનિજીનાં દર્શનથી આપણા ગુલાબમુનિને ખૂબ શાંતિ મળી. તેઓ શ્રીના પરિચયમાં આવ્યા અને શાંતમૂર્તિના ચરણમાં બેસીજવા નિર્ણય કર્યો. પં. શ્રીઋદ્ધિ મુનિજીને મળી પોતાની સંવેગી દીક્ષાની ભાવના દર્શાવી. પન્યાસજી તો ધીર-ગંભીર અને યોગનિષ્ઠ હતા. તેઓશ્રીએ મુનિજીને પોતાના શિષ્ય બનાવવા સંમતિ આપી એટલે આપણા ગુલાબમુનિજી તો હર્ષથી નાચી ઉઠ્યા. તેમના આનંદનો પાર નહોતો. શુભ મુહૂર્તે સં. ૧૯૭૬ ના વૈશાખ શુદિ ૬ ના રોજ પંન્યાસ શ્રીએ દીક્ષા આપી અને ગુલાબમુનિ નામ કાયમ રાખી પોતાના શિષ્ય બનાવ્યા. ગુલાબ મુનિએ ગુરૂદેવના ચરણમાં પોતાનું જીવન સમર્પણ કરી દીધું. ગુરૂદેવ પણ એટલા બધા ઉદાર અને સૌમ્ય મૂર્તી હતા કે તેમણે પ્રેમ પૂર્વક સ્વીકારી લીધા. આપણા ચરિત્ર નાયક શ્રીગુલાબ મુનિતો ધન્ય બની ગયા. ગુરૂદેવની સેવામાં લીન થઇ ગયા. સિદ્ધાચલજીમાં પોતાને પુનર્જીવન મળ્યું તેમ માનવા લાગ્યા. તીર્થધામ પરમ પ્રિય બની ગયું. બે વરસ તો ગુરૂદેવની સેવામાં રહ્યા પણ ચંચળ મને ઉધાયો કર્યો મારવાડ તરફ જવાની ભાવના જાગી ગુરૂદેવ તો ઉદાર ચરિત હતા. પણ તેમને તો ગુરૂસેવાની અણમોલ ઘડીની બાજીથી વંચિત રહેવું પડ્યું.

ગુરૂદેવથી જુદા પડી નાગોર આવ્યા. સં ૧૯૮૦ નું ચાતુર્માસ નાગોરમાં કર્યું. અહીં પૂર્વના ગુરૂ શ્રીરૂપચંદજી મહારાજની સ્મૃતિમાં અટ્ટાઇ મહોત્સવ કરાવ્યો અને રૂા. બાવીસ હજારનું ફંડ કરાવી, બાલકોને ધાર્મિક શિક્ષણ માટે પાઠશાળા સ્થાપિત કરાવી.

નાગોરથી વિહાર કરી ખજવાણા તથા સેવાડી ચાતુર્માસ કરી સં. ૧૯૮૩ નું ચાતુર્માસ સાંડેરાવમાં કર્યું.

સાંડેરાવમાં પોરવાળ શ્રીજેઠમલજીને ઉપદેશ કરી કન્યાશાળાની સ્થાપના કરાવી. અહીંથી વિહાર કરી ઊંઝા, જેટાણા ચાતુર્માસ કરી પાલીતાણા આવ્યા. અહીં રણશી દેવરાજની ધર્મશાળામાં ચાતુર્માસ રહ્યા. ગિરિવર મુનિ પોતાના સંસારી ભાઇ તથા શિષ્યની તબીયત નરમ ગરમ રહેતી હતી. વ્યાધિ વધી ગયો અને ગિરિવર મુનિ સિદ્ધાચળજીમાં કાળધર્મ

પામ્યા. તેમની વૈયાવચ્ચ ગુલાબમુનિએ ખૂબ કરી હતી. ફરી પાંચ વર્ષ પછી ગુરૂદેવની સૌમ્ય મૂર્તિ યાદ આવી અને ગુરૂદેવની કૃપાદષ્ટિથી પાંચ વર્ષના વિયોગપછી ગુરૂદેવના ચરણમાં પહોંચી ગયા–ગુરૂ દેવની તો એજ અમીભરી દષ્ટિ હતી. પછી તો જ્ઞાન–ભક્તિ અને સેવાના મંત્રો જીવનમાં તાણાવાણાની પેઠે વણાતા ગયા પુણ્યરાશિ ગુરૂદેવે અસીમ કૃપાથી સ્તોત્રો છંદો, તત્વજ્ઞાન વગેરે ખૂબ સીખવ્યું. અને આપણા ગુલાબમુનિનો બેડો પાર થઇ ગયો.

પ્રથમના ગુરૂદેવ શ્રીરૂપચંદજી મહારાજ પણ મહા ઉપકારી હતા. તેમણે તો સ્વર્ગમાંથી યાદ કરી સિદ્ધાચળની ભૂમિમાં પુનર્જીવન માટે સ્વપ્નમાં પ્રેરણા કરી અને યોગનિષ્ઠ આચાર્ય શ્રીએ ગુલાબમુનિને પોતાનો પ્રાણ પ્રિય શિષ્ય બનાવ્યો. ગુલાબ મુનિની પહેલેથી એકવડી કાયા. નબળું શરીર હોવાના અંગે શરીર સંપત્તિ ઘણી નાજુક છતાં આત્મબળ જબરૂં. સેવા ભાવ ઉત્કટ અને સહન શીલતા ઘણી. ગુરૂદેવ પણ એવા દયાળુ કે તેઓ ગુલાબ મુનિની રક્ષા કરતા અને તેમની તબીયતની માટે ચિંતા સેવતા કોઇ કોઇ સમયે પોતાના ગુરૂદેવ શ્રીજિન ઋદ્ધિ સૂરીને અજ્ઞાન પણે અસાતા ઉપજાવી. હશે પણ એ કૃપાદષ્ટિએ તો ગુલાબ મુનિ તરફ અમી દષ્ટિજ વરસાવી હતી.

બન્ને ગુરૂ અને શિષ્યનો એવો ગાઢ સંબંધ બંધાઇ ગયો હતો કે ગુરૂદેવની ચરણ સેવામાં છેવટ સુધી ગુલાબમુનિ રહ્યા અને ગુરૂદેવના અંતિમ આશીર્વાદ પામ્યા.

ધર્મ ઉદ્યોત

આજીવન ગુરૂદેવ શ્રીજિન ઋદ્ધિ સૂરિની સેવામાં બાવીસ ચાતુર્માસ, અને ગુરૂ મહારાજની સાથેજ વિચર્યા. પોતે જ્યાં જ્યાં ચાતુર્માસ કર્યા ત્યાં બધી જગ્યાએ દાદા સાહેબ શ્રીજિનદત્ત સૂરિની જયંતિ ખૂબ ઠાઠમાઠથી ઉજવી.

સં ૨૦૦૮ માં શાંતમૂર્તી દીર્ઘ તપસ્વી યોગનિષ્ઠ ગુરૂદેવ શ્રીમદ્ જિન ઋદ્ધિ સૂરીશ્વરજી મુંબઇમાં સ્વર્ગવાસી થયા. જૈન સમાજ અને ખાસ કરીને ખરતર ગચ્છને એક મહાન તપસ્વી આચાર્યની ભારે ખોટ પડી ગઇ. આપણા શ્રીગુલાબમુનિએ ગુરૂદેવની એવી તો સેવા–શુશ્રૂષા કરી હતી કે

ગુરૂદેવે તેમને શાસનની સેવા કરવાનો મહામૂલો સંદેશ આપ્યો હતો અને મંગળ આશીર્વાદ આપ્યા હતા.

ગુરૂદેવના સ્વર્ગવાસ પછી ગુરૂદેવના આરંભેલા અનેક કાર્યો પૂર્ણ કરવા શ્રાવક સંઘના આગ્રહથી ૨૦૦૮ નું ચાતુર્માસ પાયધુની શ્રીમહાવીર સ્વામી દહેરાસરમાં કર્યું. અહીં ઘંટાકર્ણ મહાવીરના મનોરમ ગોખની બાજુમાં આરસ પાષાણનો સુંદર ગોખ બનાવરાવી ગુરૂમહારાજ શ્રીજિન ઋદ્ધિ સૂરિજીની મનોરમ મૂર્તિ સ્થાપિત કરાવી અને તે નિમિત્તે બે અઠાઈ મહોત્સવ કરાવ્યા એમાં લગભગ પંદર હજાર રૂપિયાનો ખર્ચ થયો.

ચાતુર્માસ પૂર્ણ થયે સિદ્ધાચળની યાત્રાની ભાવના થવાથી વિહાર કર્યો–બોરીવલી આવ્યા. અહીં શ્રીસંઘના આગેવાનોએ વિનંતી કરી કે આપશ્રીના ગુરૂદેવે આરંભેલ આ દહેરાસરજી તથા ઉપાશ્રયનું અધૂરૂં કામ આપ સિવાય બીજા કોઇથી પૂરૂં થઈ શકે તેમ નથી. માટે આપ કૃપા કરી અત્રે સ્થિરતા કરો અને અમારા શ્રીસંઘની ભાવના પૂર્ણ કરો. લાભનું કારણ જાણી શ્રીગુલાબ મુનિ બોરીવલી રોકાયા–સંઘમાં આનંદ આનંદ ફેલાવી ગયો. બોરીવલીના મંદિર અને ઉપાશ્રય નિમિત્તે ફંડ માટે પ્રેરણા કરી. પરાઓમાં પણ વિચરી રૂપીયા પચાસ હજારનું ફંડ કરાવી આપ્યું. ઉપરાંત શ્રીમહાવીર સ્વામીના દહેરાસરથી રૂ. તેર હજારની મદદ મંજુર કરાવી આપી. આથી બોરીવલીના દહેરાસર ઉપાશ્રય તથા દાદાસાહેબની દેરીનું કામ ત્રણ વર્ષે પૂર્ણ થયું. આ છેલ્લા ત્રણ ચોમાસાના શેષ કાલમાં પરાઓમાં વિચરી ધર્મ ઉદ્યોતના અનેક કાર્યો કરાવ્યાં. તેમ ખરતર ગચ્છ શ્રીસંઘની અત્યાગ્રહ ભરી વિનંતિથી ગુલાબ મુનિજીએ પાયધુનીના ઉપાશ્રયમાં સં ૨૦૦૯, ૨૦૧૦ અને ૨૦૧૧ એમ ત્રણે ચાતુર્માસ આનંદ પૂર્વક કર્યા.

સં. ૨૦૧૨ ના જેઠ શુદ ૬ ના રોજ બોરીવલીના દહેરાસરની પ્રતિષ્ઠા શ્રીગુલાબમુનિજીના હાથે ધૂમ ધામપૂર્વક કરાવવામાં આવી. અને શ્રીસંભવનાથ પ્રભુ તથા દાદાજીની મૂર્તિ વગેરેને ગાદી નશીન કરવામાં આવ્યા. ચાતુર્માસ ગણિ શ્રીબુદ્ધિમુનિ મહારાજ સાથે પાયધુની શ્રીમહાવીર સ્વામીના ઉપાશ્રયે કર્યું.

કચ્છ માંડવીની દાદાવાડીના જીર્ણોદ્ધાર માટે ખરતર ગચ્છ સંઘ તરફથી શા૦ મોહનલાલ પોપટલાલ આવ્યા તેમની સાથે ફરીને બાર હજાર લગભગનું

ફંડ કરાવ્યું તેમજ દાદા શ્રીજિન દત્તસૂરિ અષ્ટમ શતાબ્દિ મહોત્સવના ફંડ માટે અજમેરથી ડેપ્યુટેશન આવ્યું તેઓને પણ ૭ સાત હજારનું ફંડ કરાવી આપ્યું. ત્યાર પછી મુંબઇથી વિહાર કરી દહાણુ પરગણાના ગામેગામમાં વિચરી શ્રીજિનદત્તસૂરી બ્રહ્મચર્યાશ્રમ પાલીતાણા માટે હજારોનું ફંડ કરાવ્યું. અહીંથી વિહાર કરી ભરૂચ ખંભાત આદિની યાત્રા કરી પાલીતાણા આવ્યા. સિદ્ધાચળમાં તીર્થયાત્રા કરી ગિરનારજીની યાત્રા કરીને શ્રીહરિચંદ માણેકચંદ શાહ માટુંગા નિવાસીના અત્યંત આગ્રહથી તેમની જન્મભૂમિ વીરનગરમાં ચાતુર્માસ રહ્યા. અહીં શ્રીહરિચંદભાઇના પિતા શ્રીમાણેકચંદ ભાઇ તથા વીરચંદભાઈ આદિને ઉપદેશ કરી કલ્પસૂત્ર ગુજરાતી ભાષાંતર સહિત પ્રકાશિત કરવા રૂપીયા ત્રણ હજાર અપાવ્યા.

વીરનગરમાં મુનિરાજોનું પ્રથમ ચાતુર્માસ હોઈ શ્રીવીરચંદભાઈ પાનાચંદના આખા કુટુંબે તથા બીજા ભાઇબહેનોએ ખૂબ લાભ લીધો. શ્રીમાણેકચંદ ભાઇએ ચારે માસ મુનિરાજોની ખૂબ શ્રદ્ધા પૂર્વક સેવા ભક્તિ કરી.

ચાતુર્માસ પૂર્ણ કરી ભદ્રેશ્વરની યાત્રા કરી કચ્છ માંડવી જઈ પૂ. ઉપાધ્યાય શ્રીલબ્ધિમુનિજી મ. ને વંદન કર્યું સં. ૨૦૧૪ નું ચાતુર્માસ તેઓશ્રીની છત્ર છાયામાં કચ્છ ભુજમાં કર્યું. ચોમાસા પછી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ સાથે માંડવી આવ્યા.

અહીં દાદા સાહેબની પ્રતિષ્ઠા ખૂબ ધામધૂમથી પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજ શ્રીના વરદ હસ્તે થઈ ત્યારબાદ શ્રીગુલાબમુનિ અબડાસા પંચતીર્થીની યાત્રાર્થે ગયા અને આનંદ પૂર્વક યાત્રા કરી પાછા ઉપાધ્યાયજી મહારાજની સેવામાં આવી પહોંચ્યા.

અહીંથી પૂનડીની પ્રતિષ્ઠા તથા કુંદ્રોડીમાં વરસી તપના પારણા પ્રસંગે તેમજ મુંદ્રા દાદાવાડીની પ્રતિષ્ઠા અને માંડવી જૈન આશ્રમના દહેરાસરની પ્રતિષ્ઠા પ્રસંગે પૂજ્ય ઉપાધ્યાયજી મહારાજની સાથે રહ્યા.

કોડાય શ્રીસંઘ તરફથી અત્યંત આગ્રહ ભરી વિનંતિ થવાથી ૨૦૧૫ નું ચાતુર્માસ કોડાય કર્યું. આ ચાતુર્માસમાં ગુરૂદેવોની જયંતીઓ વગેરે ઉજવી ધર્મ પ્રભાવના સારી કરી.

ચાતુર્માસ પૂર્ણ કરી પાછા માંડવી જઇ પૂ. ઉપાધ્યાયજી મહારાજના ચરણે વંદન કર્યું. થોડા દિવસની સ્થિરતા કરી સિદ્ધાચળજી યાત્રાની ભાવના

થતાં પૂ. ઉપાધ્યાયજી મહારાજની આજ્ઞા અને મંગલ આશીર્વાદ મેળવી વિહાર કરીને. ભદ્રેસરની યાત્રા કરી અંજાર થઈ ગાંધીધામ આવ્યા.

મારવાડમાં એરણપુરા પાસે આવેલ વાંકલી ગામના રહીશ પોરવાડ શ્રી ભોરીદાસજી સંઘ લઈને ભદ્રેસર યાત્રાર્થે આવવાના હતા. તે સમયે સંઘપતિને માળા પહેરાવવા માટે માંડવી ઉપાધ્યાય શ્રીને વિનંતિ કરી પણ તેઓશ્રીની તબીયત બરાબર ન હોવાથી તેઓશ્રીએ શ્રીગુલાબ મુનિ ઉપર આજ્ઞાપત્ર લખી આપ્યું એટલે શ્રીભોરીદાસજીએ ગાંધીધામ જઈ શ્રીગુલાબમુનિને પૂ. ઉપાધ્યાયજી મહારાજનો પત્ર આપી. ભદ્રેસર પધારવા નમ્ર ભાવે વિનંતિ કરી. પૂ. ઉપાધ્યાયજી મહારાજની આજ્ઞા અને સંઘવીની વિનંતિથી શ્રીગુલાબમુનિએ ગાંધીધામથી વિહાર કર્યો અંજાર થઈ ભદ્રેસર આવ્યા. સંઘવીએ સંઘના ભાઈ બહેનો તથા મુનિરાજની ખૂબ ભાવપૂર્વક ભક્તિ કરી– શ્રીગુલાબ મુનિજીએ સંઘવીને વિધિપૂર્વક માળા પહેરાવી. સંઘમાં આનંદ આનંદ થઈ રહ્યો. ભદ્રેસરથી પાછો પાલીતાણા તરફ વિહાર કર્યો. મોરબી-રાજકોટ થઈ પાલીતાણા આવી પહોંચ્યા અને કલ્યાણભુવન ધર્મશાળામાં સ્થિરતા કરી.

ચાતુર્માસ પૂર્ણ થયે કોટાવાળા શેઠ શ્રીસોભાગમલજી મહેતાના આગ્રહથી સંઘ સાથે શ્રીકદંબગિરિની યાત્રા કરી. પછી તો પાલીતાણામાં સ્થિરતા કરવા ભાવના હતી પણ કચ્છભુજ નિવાસી સંઘવી હેમચંદ ભાઈ હીરાચંદ ભાઈએ દાદાવાડીમાં બંધાવેલ દહેરાસરની પ્રતિષ્ઠા નિમિત્તે તેમના પુત્ર શ્રીપુનમચંદ ભાઈ આદિ કુટુંબની તથા ભુજના શ્રીસંઘની આગ્રહ ભરી વિનંતી તેમજ પૂજ્યપાદ શ્રીઉપાધ્યાયજી મહારાજની આજ્ઞાને માન આપી શરીર વિહાર યોગ્ય ન હોવા છતાં ડોળીની સહાયથી આપ કચ્છ ભુજ પધાર્યા. અહીં ખૂબ ધામધૂમ પૂર્વક પ્રતિષ્ઠા કરવામાં આવી. તબીયત નરમ તો હતીજ તેમાં તાપ આવ્યો અને અશક્તિ બહુ આવી ગઈ. દવા આદિના સેવનથી તબીયત કંઈક સારી થઈ એટલે પાલીતાણામાં ગિરિરાજ ઉપર મૂળ ટૂંકમાં દાદાસાહેબની દેરીઓનો જીર્ણોદ્ધાર ફલોધી નિવાસી શેઠ પુનમચંદજી ગુલાબચંદજી ગુલેચ્છાએ કરાવેલ, તેની પ્રતિષ્ઠા નિમિત્તે તેમનો તથા શ્રીસંઘનો અતિ આગ્રહ હોવાથી વિહાર કરીને આપ પાલીતાણા પધાર્યા. કલ્યાણભુવનમાં સ્થિરતા કરી. પ્રતિષ્ઠા ખૂબ ધૂમધામ પૂર્વક કરવામાં આવી આ પ્રસંગે શ્રીજિનદત્ત સૂરિ સેવા સંઘનું બીજું અધિવેશન પણ ખૂબ આનંદ પૂર્વક થયું તેમાં ઉલ્લાસ પૂર્વક ભાગ લીધો. અને

૨૦૧૭ નું ચાતુર્માસ પણ પાલીતાણામાં કર્યું. ૨૦૧૭ ના ચોમાસા પછી તેમની તબીયત વિશેષ નરમ થઈ. દવા વિગેરે લીધી, પણ કાંઈ ફાયદો ન થયો. ગણિ શ્રીબુદ્ધિ મુનિ મહારાજ આદિએ ખૂબ મમતા અને પ્રેમ પૂર્વક તેમની સેવા કરી. તબીયત વિશેષ લથડતીચાલી. પણ તેઓશ્રીનું આત્મબળ ઘણું જબરૂં હતું. પોતાનું કામ પોતેજ કરતા અને કોઈને પણ તકલીફ આપતા નહિ-ક્રિયાકાંડમાં પણ જરાએ ખામી આવવા દેતા નહિ. અહીં પણ નાના મોટા ધર્મ ઉદ્યોતના અનેક કાર્યો રસ પૂર્વક કર્યા.

વૈશાખ શુદ ત્રીજના વરસી તપના પારણા નિમિત્તે તેમના અનન્ય ભક્ત શ્રીહરિચંદભાઈ તથા તેમના પત્ની હેમકુંવર બહેન આદિ વંદનાર્થે આવેલ એ બધાને મંગલ આશીર્વાદ અને ધર્મલાભ આપ્યા ૪ દિવસ પહેલાથી પાણી સિવાયના આહારનો ત્યાગ પોતાની મેળે કરી લીધો અને સં. ૨૦૧૮ (ગુ. ૧૭) ના વૈશાખ શુદ ૧૦ ના તબીયત વિશેષ ખરાબ થઈ તે રાત્રિના બે વાગે નવકાર મંત્રનો જાપ કરતાં કરતાં સમાધિપૂર્વક આપ આ ક્ષણભંગુર દેહનો ત્યાગ કરી સ્વર્ગે સિધાવ્યા.

શ્રીસંઘે ખૂબ ઠાઠથી તેમની સ્મશાન યાત્રા કાઢી અને તલેટી પાસે શ્રીઆગમ મંદિરની સામેના ખેતરમાં માત્ર ચંદનના કાષ્ઠથી આપની અંત્યેષ્ઠિ ક્રિયા કરવામાં આવી. આ સ્થાનપર મુંબઈ પાયધુની શ્રીમહાવીર સ્વામી મંદિરના ટ્રષ્ટીઓએ સાધારણ ખાતામાંથી એક સુંદર ચોતરો બંધાવ્યો છે.

તેઓ જાટ કુટુંબમાં જન્મેલા નિરાધાર બાળક હોવા છતાં પારસ મણીના સ્પર્શથી લોઢાની જેમ ગુલાબ બની ગયા જીવન ભર ગુરૂદેવની સેવા કરી. સંઘમાં ઘણાં ધર્મ ઉદ્યોતના કામો કર્યા. આત્મબળ બહુ જબરૂં જૂના જમાનાના હોવા છતાં નવા વિચારના હતા. મધ્યમ વર્ગના ઉત્કર્ષ માટે પ્રેમ હતો. સાધુ સમાજનું સંગઠન, બાળકોને ધર્મ-વ્યવહાર શિક્ષણ, અહિંસાનો પ્રચાર-જૈન સાહિત્ય પ્રકાશન આદિ માટે અત્યંત પ્રેમ હતો ધન્ય સેવા ધન્ય ત્યાગ

આ પુસ્તિકા આપશ્રીની ઉત્તમ પ્રેરણાથી પ્રકાશિત થઇ રહી છે તેથી આપશ્રીની જીવન રેખા સંક્ષેપમાં અહીં આપવામાં આવી છે.

વિષયાનુક્રમ

પરિશિષ્ટ (ક)

પરિશિષ્ટ (ખ)

પરિશિષ્ટ (ગ)

પરિશિષ્ટ (ઘ)

परिशिष्ट (ङ)

પરિશિષ્ટ (ચ)

પરિશિષ્ટ (૭)

स्तवनादि कृति समुच्चय

ચિત્રસૂચિ-

સદીમાં રચાએલ અને લખાએલ ગ્રન્થોની સંખ્યા બહુ મોટી છે. આમ સાહિત્યની દૃષ્ટિએ પણ આ યુગનું વિશેષ મહત્ત્વ છે.

સમ્રાટ અકબર આદિ તત્કાલીન રાજ્યશાસકો પોતે પણ વિદ્યાવિલાસી હતા, ને એથી પ્રત્યેક ધર્મપ્રચારક વિદ્વાનની કસોટી એની વિદ્વત્તા અને એના આચરણથી થતી. આ કસોટી જૈન વિદ્વાનોએ એવી ઉત્તમ રીતે પાર કરેલ કે જેના અંગે રાજ્યશાસકો તેમજ અન્ય વિદ્વાનો પર એમણે પોતાનો અસાધારણ પ્રભાવ જમાવી દીધો હતો. આના પરિણામરૂપે આ સમયમાં એવા કેટલાંયે કાર્યો થયાં જે ચિરસ્મરણીય રહેશે. સમ્રાટ અકબરના શાસન દરમ્યાન પ્રજાએ જે શાન્તિ અને સંતોષ અનુભવ્યાં છે, તેમાં જૈનાચાર્યો અને વિદ્વાનોનો સતત ઉપદેશજ મુખ્યત્વે કારણભૂત છે.

આ પહેલાં અને આ પછી પણ જૈનાચાર્યોએ સમય સમય પર રાજસભાઓમાં ખૂબ ખૂબ સન્માન પ્રાપ્ત કરેલ છે, જૈનધર્મની જબ્બર સેવા બજાવેલ છે, અને ધર્મનો પ્રચાર કરી શાસનની પ્રબળ પ્રભાવના કરી છે. આર્યનૃપતિઓની તો વાતજ શું કરવી ? પ્રત્યેક વિદ્યાવિલાસી રાજવીઓની રાજસભામાં એમની વિદ્વત્પ્રિયતાના પ્રમાણો મૌજુદ છે. એમણે એમની પ્રખર મેધા અને અસાધારણ પાંડિત્યથી અજૈન વિદ્વાનો પર પોતાની વિદ્વત્તા અને ઉત્કૃષ્ટ ચારિત્ર્યનો ભારે પ્રભાવ પાડેલો છે.

રાજસભાઓમાં ખરતર-ગચ્છાચાર્યો

ખરતર ગચ્છીય વિદ્વાનોનું રાજસભાઓમાં અનુપમ માન હતું. "ખરતર" બિરુદ પ્રાપ્તિથી માંડીને જે જે આચાર્યોએ રાજસભાઓમાં પોતાનો પ્રભાવ પાડી સન્માન

સંપ્રાપ્ત કરેલ છે, તેમની માનનીય નામાવલિ કેટલીક આ પ્રમાણે છે. ગુર્જરાધીશ દુર્લભરાજની સભામાં × શ્રીજિનેશ્વરસૂરિજીએ; ધારાનરેશ નરવર્મની સભામાં શ્રીજિનવલ્લભસૂરિજીએ; અજમેરના ચૌહાણ નૃપતિ અર્ણોરાજ અને ત્રિભુવનગિરિના યદુવંશીય રાજા કુમારપાલને શ્રીજિનદત્ત સૂરિજીનો પ્રતિબોધ ↑ મણિધારી શ્રીજિનચન્દ્રસૂરિજીનો દિલ્હીનરેશ મદનપાલ પર પ્રભાવ ❢, અને **શ્રી જિનપતિસૂરીજીએ** અંતિમ હિંદુસમ્રાટ પૃથ્વીરાજ ચૌહાણની સભામાં તેમજ રાજા જયસિંહ અને આશિકાનરેશ ભીમસિંહની સભામાં મ્હોટા મ્હોટા વાદિયોને શાસ્ત્રાર્થમાં શિકસ્ત આપી બહુમાન પામ્યાની વાત ઇતિહાસ સિદ્ધ છે. *

× सड्ढिअदुल्लहराए, सरसइअंकोवसोहिए सुहए।
मज्झे रायसहं, पविसिऊण लोयागमाणुमयं ॥ ६६ ॥
(ગણધર સાર્દ્ધ શતક)

↑ આ બધા વિષેની વધુ માહિતી માટે "ગણધરસાર્ધશતક બૃહદ્વૃત્તિ" જોઈજવી જોઈએ.

❢ આ સંબંધી હકીકત ૮૬ પાનાની પ્રાચીન "ગુર્વાવલી"માં છે.

* "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ"ના પૃષ્ઠ ૯ પર નીચે મુજબ પંક્તિ છે—

"पामीउ जेत्तु छत्तीस वियादही,
जयसिंह पुहविय परषदइ ए ।
चोहिय पुहवी पमुह नरिन्दह,
निसुणिय वयणि जिणधम्मु करइ ए ॥६६॥

આ શાસ્ત્રાર્થોના વિસ્તૃત તેમજ મનોરંજક વર્ણન પ્રાચીન ગુર્વાવલીમાં છે. જે શ્રીમાન જિનવિજયજીએ પત્ર ૮૬ વાળી ખરતર ગચ્છાલંકાર 'યુગપ્રધાનાચાર્ય ગુર્વાવલી' નામની સંપાદિત કરેલ છે.

ખરતરગચ્છના બીજા પણ કેટલાંય આચાર્યો છે, જેમણે રાજસભાઓમાં શાસ્ત્રાર્થોદ્વારા ભારે બહુમાન પ્રાપ્ત કરેલ છે, તેમનો ઉલ્લેખ પણ પ્રાચીન ગુર્વાવલી આદિમાં મળે છે

આર્યસંસ્કૃતિના વિનાશક મુસલમાન બાદશાહો પરનો એમનો પ્રભાવ પણ ઉલ્લેખનીય છે, કેમકે ભિન્ન જાતિ, ભિન્ન પ્રકૃતિ અને ભિન્ન વિચારવાળા મુસલમાન બાદશાહો પર પ્રભાવ જમાવવો એ દેશી નરેશો કરતાં અતિકઠણ કાર્ય હતું. એ લોકો જરા જરામાં ગમે તે પર ગુસ્સે થઈ જતા, અને ફાવે તેમ દંડી નાંખતા. આવા મુસલમાન સમ્રાટો પર સર્વપ્રથમ પ્રભાવ જમાવવાનો શ્રેય પણ ખરતરગચ્છના આચાર્યોનેજ ફાળે જાય છે.

દાદા શ્રીજિનકુશળ સૂરિજી મહારાજના ગુરૂ કલિકાલકેવલી શ્રીજિનચન્દ્રસૂરિ(સં. ૧૩૪૯–૭૬)એ પોતાની સર્વતોમુખી પ્રતિભા વડે તત્કાલીન યવન સમ્રાટ સુલતાન કુતુબુદ્દીનને ચમત્કૃત કરેલ ↑, એ પછી આચાર્ય શ્રીજિનપ્રભસૂરિજીએ સં ૧૩૮૫ ના પોષ સુદિ ૨ (૮)ને શનિવારે સાયંકાળે મહમદ તુઘલખ બાદશાહની મુલાકાત દરમ્યાન તેના પર જબરદસ્ત પ્રભાવ પાડયો કે જે સૂરિજીનો પરમ ભક્ત બની ગયો, તે એટલે સુધી કે પ્રવાસ દરમ્યાન પણ એમને પોતાની સાથેજ રાખવામાં આવેલ (અને તપાગચ્છીય પંડિત સોમધર્મ ગણિકૃત ઉપદેશસપ્તતિકાગ્રંથના કથનાનુસાર સૂરિજીના ઉપદેશથી આ સુલતાને સંઘ સાથે શ્રીસિદ્ધાચળજી અને ગિરનારજીની યાત્રાઓ કરી અને સંઘપતિના તમામ કાર્યો કર્યા હતાં.❢)

↑ कुतुबुदीन सुरताण राउ, रंळिउ स मणोहरू।
जगि पयडउ जिणचंदसूरि, सूरिहि सिर सेहरू॥
(જિનકુશલસૂરિ રાસ, ઐ–જૈ–કા. સં. પૃ. ૧૬)

❢ सूरिणामुपदेशेन, सैन्यसंघसमन्वितः।
ततो गतः सुरत्राणः, श्रीशत्रुंजयपर्वते ॥३८॥
तत्र संघपकृत्यानि, भूपाय कृतपूर्विणे।
दुग्धेनाघर्षयत्सूरि–स्तरुं राजादनीं तदा ॥३९॥

પંદરમી શતાબ્દીમાં બેગડશાખાના પ્રથમ આચાર્ય શ્રીજિનેશ્વર સૂરિજીએ મહમ્મદ બેગડા પાસેથી ભારે સન્માન પ્રાપ્ત કરેલ *

यात्रां रैवतकेऽप्येवं, विधाय गुरुभिस्समम्।
महुत्सवैः सुरत्राणः, प्राप्तवान् योगिनीपुरम् ॥८०॥

(ઉપદેશ સપ્તતિકા પત્ર ૫૮)

આ વિષે વધુ માહિતી "વિવિધતીર્થકલ્પ" કન્નાનય તીર્થકલ્પદ્રય અને પં. લાલચન્દ ભગવાનદાસ ગાંધીનો 'જૈન' પત્રના રૌપ્યમહોત્સવાંકમાંનો લેખ તથા તેમનો લખેલ 'સુલતાન મહમ્મદ તુઘલખ અને જિનપ્રભસૂરિ' નામનો પુસ્તક જે આચાર્ય શ્રીજિન હરિસાગરસૂરિ જૈન જ્ઞાનભંડાર લોહાવટ (મારવાડ)થી પ્રગટ થયેલ છે, તે. તેમજ ગીતત્રય-ઐ-જૈ.કા-સં. પૃ. ૧૧ થી ૧૪માંથી પ્રાપ્ત થશે.

પુરાતત્ત્વવિદ્ શ્રીજિનવિજયજી વિવિધતીર્થકલ્પના પ્રાસ્તાવિક નિવેદનમાં જિનપ્રભસૂરિજીના વિષે લખે છે કે:- "ગ્રંથકાર તેમના સમયના એક બહુ ભારે વિદ્વાન અને પ્રતિભાશાળી જૈન આચાર્ય હતા. જે રીતે વિક્રમની સત્તરમી શતાબ્દીમાં મોગલ સમ્રાટ અકબર બાદશાહના દરબારમાં જૈન જગદ્‌ગુરૂ હીરવિજયસૂરિજીએ શાર્દા સન્માન સંપ્રાપ્ત કરેલ, એજ રીતે જિનપ્રભસૂરિએ પણ ૧૪મી શતાબ્દીમાં તુઘલખ સુલતાન મહમ્મદ શાહના દરબારમાં ભારે ગૌરવ પ્રાપ્ત કરેલ. ભારતના મુસલમાન બાદશાહોના દરબારમાં જૈન ધર્મનું મહત્વ દર્શાવનાર અને ગૌરવ વધારનાર કદાચ સૌથી પહેલા આજ આચાર્ય થયા.'

* જુઓ જિનેશ્વરસૂરિ ગીત (ઐ જૈ. કા. સં. પૃ. ૩૧૪)

पर(घो)तो(?)पूर्यो खानतो, 'अणहिलवाडे' मांहि हो।
महाजन बंद मुकावियो, मेल्यउ संघ उच्छांहि हो. स० ॥६॥
'गजनगर' नइ पांगुर्या, प्रतिबोध्यो 'महम्मद' हो।
पद ठवणो परगट कियो. दुख दोहग गया दूर हो. स० ॥७॥

સોળમી શતાબ્દીના પૂર્વાર્ધમાં ઉપાધ્યાય સિદ્ધાન્તરુચિજીએ માંડવગઢમાં ગ્યાસુદીનની સભામાં વિજય પ્રાપ્ત કર્યો, * અને ઉત્તરાર્ધમાં શ્રીજિનહંસસૂરિજીએ સિકંદર લોદી બાદશાહના ચિત્તને ચમત્કૃત કરી ૫૦૦ જેટલાં કેદીઓને કારાગૃહમાંથી મુક્તિ અપાવી +

યુગપ્રધાન શ્રીજિચન્દ્રસૂરિજી કે જે આપણા ચરિત્રનાયક છે, એમણે સમ્રાટ અકબર અને જહાંગીરને પ્રતિબોધ દઈ શાસનની ભારે ઉન્નતિ સાધી છે, આ ગ્રન્થમાં એ વિષેનો હાબેહુબ ખ્યાલ મળી રહેશે. એમના પછી સમ્રાટ જહાંગીરે આ૦ શ્રીજિનસિંહસૂરિજીને ▣ યુગપ્રધાન પદ વડે

---

* श्रीग्यासुद्दीनशाहे-र्महासभालब्धवादिविजयानाम् ।
श्रीसिद्धान्तरुचिमहो-पाध्यायानां विनेयेन ॥२॥
(सं. १५१९ साधुसोमकृतमहावीरचरित्रवृत्तिप्रशस्ति)

+ જૂઓ–"ઐતિહાસિક જૈનકાવ્ય સંગ્રહ પૃ. ૫૩ ૫૨ ભક્તિલાભો-પાધ્યાયકૃત 'શ્રીજિનહંસસૂરિ ગુરૂગીતમ્' અને પટ્ટાવલિયો.

▣ સં ૧૬૭૫ 'ખરતરવસહી'ના શાંતિપ્રાસાદ આદિના લેખોમાં.
"दिल्लीपतिपातश्याह-श्रीजहांगीरप्रदत्तयुगप्रधानबिरु-दधारक-श्रीअकब्बरशाहिरंजक-कठिनकाश्मीरादिदेश विहारकारक-युगप्रधान श्रीजिनसिंहसूरि"

સં. ૧૬૭૯માં કવિવર સમયસુંદરજીની સ્વયંલિખિત ગુર્વાવલી પત્ર ૧માં.

श्रीदिल्लीपतिपातशाहिविभुना श्रीनूरदीसाहिना,
येभ्योऽदायि युगप्रधानपदवी पट्टानुपट्टक्रमात् ।
भूपीठोत्तमचोपडाभिधकुल – प्रालेयरोचिःप्रभा,
जीयासुर्जिनसिंहसूरिगुरवः प्रौढप्रतापोदयाः ॥९॥

इति सं. १६७९ वर्षे भाद्रप(?व)द ११ दिने श्रीप्रल्हाद-नपुरे श्रीसमयसुन्दरोपाध्यायैर्लिलेखि (?) पंडितसहज-विमलमुनिपठनार्थम् । (અમારા સંગ્રહમાં)

વિભૂષિત કર્યા, ને એમના પટ્ટધર શ્રી જિનરાજસૂરિજી † પણ સં. ૧૬૮૬ના માર્ગશીર્ષ વદ ૪ના રોજ આગરામાં સમ્રાટ શાહ જહાંનને મળેલ. શ્રીજિનરત્નસૂરિજી અને શ્રીજિનરંગ સૂરિજીનો પણ શાહી દરબાર તેમજ નવાબો સાથેનો ગાઢ સંબંધ રહ્યો હતો—જેના પૂરાવારૂપે કેટલાંક શાહી ફરમાનો લખનૌના ખરતરગચ્છીય જ્ઞાન ભંડાર અને બિકાનેરના શ્રીપૂજ્યજી શ્રીજિનચારિત્રસૂરિજી (સંપ્રતિ શ્રીપુજ્યજી શ્રીજિનવિજયેન્દ્રસૂરિજી) પાસે ઉપલબ્ધ છે.

બાદશાહ ઔરંગઝેબ ભારે ક્રૂર, નીતિજ્ઞ અને કટ્ટર મુસલમાન હતો, એટલે ત્યારથીજ શાહી દરબાર સાથેનો જૈનાચાર્યોનો સંબંધ મંદ પડયો. અસ્તુ, કહેવાનું તાત્પર્ય એ કે ખરતરગચ્છાચાર્યોનો પ્રભાવ માત્ર દેશીનરેશો સુધીનોજ મર્યાદિત નહોતો, પરન્તુ મુસલમાન બાદશાહો સુધી પણ એ પર્યાપ્ત હતો.

અમોએ ઉપર દર્શાવ્યું છે તેમ ખરતરગચ્છાચાર્યોનો પ્રભાવ આર્યનૃપતિઓ પર એટલો જબરદસ્ત હતો કે તેઓ તેમને પોતાના ધર્મગુરુ તરીકે લેખતા–બિકાનેર, જૈસલમેર, જોધપુર, જયપુર આદિ નરેશો સાથેનો સંબંધ તો (આજ સુધી) અવિચ્છિન્ન રહ્યો છે. જેના ફળસ્વરૂપે આજે પણ તામ્રપત્ર, પટ્ટા, પરવાના, ખાસ રૂક્કા આદિ વિપુલ પરિમાણમાં ઉપલબ્ધ છે. બસ, આ વાતોનું વિવેચન અહીંજ સમાપ્ત કરી પ્રસ્તુત પુસ્તક લખવાનું કારણ દર્શાવીએ.

અમારી સાહિત્ય પ્રગતિ

સં. ૧૯૮૪ની વસંત પંચમીએ પરમપૂજ્ય આચાર્ય મહારાજ, સકલાગમરહસ્યવેદી, પરમગીતાર્થ, વયોવૃધ્ધ શ્રી. જિનકૃપા ચન્દ્રસૂરિજી મહારાજ પોતાના વિદ્વાન શિષ્ય પ્રવર્તક સુખસાગરજી આદિ મુનીમંડળ સહિત બિકાનેર પધાર્યા.

† જુઓ ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ પૃ. ૧૬૪

સૌભાગ્યવશ એમનો ચાતુર્માસ પણ અમારા મકાનમાં થયો, ને એથી અમારા જીવન પર એક ઉંડી છાપ પડી. પ્રતિક્રમણ વ્યાખ્યાન-શ્રવણ, તેમજ સમયે સમયે પૂજ્ય આચાર્યશ્રી અને પ્રવર્તકજી આદિ સાથે સૈદ્ધાન્તિક વિષયોની પ્રશ્નોત્તરી કરતાં કરતાં ધાર્મિક તત્ત્વનો, યત્કિંચિત્ બોધ પણ થયો. જો કે પૂજ્યશ્રી બિકાનેરમાં લગભગ ત્રણ વર્ષ બિરાજ્યા, પરન્તુ અમને તો કેવળ દોઢ વર્ષજ એમના સત્સમાગમનો સુયોગ મળ્યો.

એક દિવસ પ્રવર્ત્તકજી પાસેથી 'આનન્દ કાવ્ય મહોદધિ ૭મું મૌક્તિક' લાવી શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇ, બી. એ. એલ. એલ. બી.નો 'કવિવર સમયસુન્દર' નામક નિબંધ વાંચ્યો; ત્યારથી હૃદયમાં કવિવર પ્રત્યેની અગાધ ભક્તિ પ્રાદુર્ભવી, ને એજ ઘડીથી એમની કૃતિઓની શોધ-ખોળ શરુ કીધી. 'શ્રી મહાવીર જૈન મંડળ'ના કેટલાંક હસ્ત લિખિત ગ્રન્થો મંગાવ્યાં. સદ્ભાગ્યે અમને એમાંથી એક એવા ગુટકા (પુસ્તકાકાર પ્રતિ)ની પ્રાપ્તિ થઈ કે જેણે અમારી મનોભાવનાઓને અત્યધિક ઉત્તેજિત કરી; એનું કારણ એ કે-એ ગુટકામાં કવિવરની નાની નાની લગભગ બસે કૃતિઓ મળી આવી; જેમાંની ઘણી તો દેસાઇ મહોદયને પણ અનુપલબ્ધ હતી. બસ, ઉત્તરોત્તર શોધ-ખોળની રુચિ વધતી ગઇ; ને આથી એટલા અધિક પ્રમાણમાં કાર્ય કરવાનો અવસર મળ્યો કે જે અમારે માટે ખરેખર કલ્પનાતીત કે અસંભવ સમો હતો.

આ ગ્રન્થની જન્મ કથા

સં. ૧૯૮૬માં યુ. પ્ર. શ્રીજિનચન્દ્રસૂરિજીનો; સંક્ષિપ્ત પરિચય પટ્ટાવલીના આધારે આલેખ્યો; જેનો એક માત્ર ઉદ્દેશ એ હતો કે કવિવર સમયસુંદરજી એમના પ્રશિષ્ય

હતા, ને આથી એમના ચરિત્ર સંપાદનમાં કામ લાગશે, કિન્તુ એ સમયે કલ્પના સુધ્ધાં ન આવી કે કવિવરનું જીવન ચરિત્ર લખાયા પહેલાંજ આ મહાપુરૂષનું જીવન આટલા વિસ્તારથી આલેખવાનો સુયોગ પ્રાપ્ત થશે. સં. ૧૯૮૭ના આશ્વિન કૃષ્ણા બીજનારોજ આપણા ચરિત્ર-નાયકની જયન્તિ બિકાનેરમાં ઉજવાઈ, એ સમયે પણ એમના સંબંધી કેટલુંક લખાયું. ત્યારબાદ ત્રીજીવાર જિનદત્તસૂરિ ચરિત્ર-ઉત્તરાર્ધ, ગણધર સાર્ધશતક (ભાષાન્તર) આદિમાં વર્ણવેલ ચમત્કારી વાતો (કે જે આ ગ્રન્થના ૧૬મા પ્રકરણમાં છે) સહિત ચરિત્ર લખાયું. તે પછી શોધ-ખોળ કરતાં કરતાં નવી નવી સામગ્રી સંપ્રાપ્ત થતી ગઇ; એજ વર્ષમાં શ્રીપૂજ્યજી મહારાજના સંગ્રહનું અવલોકન કર્યું, ને ઉપા. શ્રીજયચંદ્રજી ગણિના જ્ઞાનભંડારના પુસ્તકોની જ્ઞાતવ્ય સૂચિ બનાવી. આ ભંડારોમાંથી પણ અમને પ્રચુર સામગ્રી હસ્તગત થઇ, તે તે સંબંધી સાહિત્ય, ગહુંલિયો, પ્રશસ્તિયો આદિની નકલો બનાવવામાં આવી. ભાગ્યવશાત્ 'અકબર પ્રતિબોધ રાસ' પણ ઉ. શ્રીજયચન્દ્રજીના 'જ્ઞાનભંડાર'ની સૂચિ કરતા સમયે ઉપલબ્ધ થયો; ઉપરાંત અન્ય નાના મોટા જ્ઞાન ભંડારોમાંથી યથેષ્ટ સામગ્રી મળી. આથી અમારા ઉત્સાહમાં અનેરી અભિવૃદ્ધિ ઉદ્ભવી. આખરે, સં. ૧૯૮૯માં સમસ્ત પ્રમાણોનો સાર ખેંચી મુદ્રણાર્થે ચોથી કોપી તૈયાર કરીને એમાં જે કાંઇ લખવાનું બાકી હતું તે સં. ૧૯૯૦માં પૂર્ણ કર્યું, ને ઇચ્છા થઈ કે આને શ્રી. દેસાઈ, શ્રીજિનવિજયજી, નાહરજી, જયસાગરસૂરિજી આદિ ઇતિહાસવેત્તાઓને બતાવી વિના-વિલંબે છપાવીએ, પરન્તુ કોઈ અજ્ઞાત શક્તિની પ્રેરણાથી આ પ્રેસકોપી ન તો ક્યાંય મોકલાઇ, કે ન તો એના પ્રકાશન સંબંધી કંઇ વ્યવસ્થા થઈ. ગયે વરસે બિકાનેરના "શ્રી

જ્ઞાનભંડારના હસ્તલિખિત ગ્રન્થોની સૂચિ છ માસના અથાગ પરિશ્રમને અંતે તૈયાર કરતા સમયે પણ ઐતિહાસિક શોધ-ખોળ, અધ્યયન તેમજ સહાયભૂત થાય તેવા અન્યાન્ય ગ્રન્થો જોવાનું ચાલુજ રાખ્યું. પરિણામે શુદ્ધિ તેમજ વૃદ્ધિદ્વારા પાંચ વર્ષની શોધખોળના ફળ સ્વરૂપે જિનચંદ્ર સૂરિજીરૂપી ચંદ્રમાની ૧૬ કલાઓના સૂચક એવા ૧૬ (મૂળ) ફરમાઓ અને ૧૬ પ્રકરણોમાં વિસ્તૃત એવો આ મહાન ગ્રન્થ કે જે આટલો મોટો થવાની કોઇ સંભાવનાજ નહોતી—આજ અમે અમારા પરમસુહૃદ વાંચકો સમક્ષ પેશ કરતી વેળા પરમહર્ષ અનુભવીએ છીએ.

પ્રયુક્ત સામગ્રીની પ્રામાણિકતા

સૂરિજીના જીવનની અધિકાંશ તમામ વાતો અમોએ તે કાળે લખાએલ વિશ્વસનીય પ્રમાણોના આધારે આલેખેલ છે. વિહારપત્ર, ગહુંલિયો આદિ અધિકાંશ સામગ્રી અમારા સંગ્રહમાં મૌજુદ છે, પ્રથમ તો અમારો એવો વીચાર હતો કે આ ગ્રન્થની તમામ સાધન સામગ્રીને પરિશિષ્ટમાં પ્રકટ કરવી, પરન્તુ એ વિચાર છેવટે માંડી વળાયો. કેમકે એમ કરવા જતાં મૂળગ્રન્થથીએ પરિશિષ્ટ વધુ લંબાઇ જાય-કે જે ગ્રન્થને માટે શોભાસ્પદ ન ગણાય. એથી કરીને પ્રમાણ સાક્ષાત્કારના નિમિત્તે ફુટનોટમાં અવતરણસહ કેટલીક આવશ્યક સામગ્રી 'પરિશિષ્ટ'માં આપી છે જ્યારે રાસ અને ઉપયોગી ગહુંલિયો 'ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ'માં પ્રકટ કરેલ છે.

ઘટનાઓને ક્રમાનુસાર આલેખવામાં બે વિહાર પત્રો કે જે અમારા સંગ્રહમાં છે, તે ભારે સહાયક નીવડેલ છે; ને સત્ય જણાવીએ તો એના વિના સંવત્સરાનુક્રમે જીવન આલેખવું સર્વથા અસંભવજ નીવડત. પ્રથમ વિહારપત્ર તેજ કાળનું લખાએલ છે; એ જર્જરિત, જીર્ણ આદર્શ નષ્ટ ન

થઈ જાય એટલા ખાતર એનું ચિત્ર અમે પરિશિષ્ટમાં લગાવ્યું છે. આથી વાચકોને જીર્ણ પ્રથમાદર્શનાં સાક્ષાત્દર્શન થશે, અને સાથે સાથે અમોએ લખેલ વાતોની સત્યાર્થતા સમજવામાં સુગમતા સાંપડશે. આ વિહાર પત્ર એક ખાસ કારણને લઇ અત્યંત મહત્વપૂર્ણ છે, અને તે એ કે એમાં મંત્રીશ્વર કર્મચન્દ્રજીનો મૃત્યુ-સમય મૌજુદ છે, કે જે ઇતિહાસની સામાન્ય દુનિયાને ઉપલબ્ધ નથી. દ્વિતીય વિહાર પત્ર અમારા ખ્યાલાતાનુસાર કવિ રાજલાભ કે એમના શિષ્યે આલેખેલ છે, તેનો લેખન સમય અઢારમી શતાબ્દીનો પૂર્વાર્ધ છે, આથી પ્રાચીનતાને હિસાબે આ પત્રથી પણ અધિક પ્રામાણિક હોવાથી પ્રથમ પત્રનો અમે વિશેષ ઉપયોગ કર્યો છે.

છઠ્ઠું પ્રકરણ 'અકબર આમન્ત્રણ' અધિકાંશે 'અકબર પ્રતિબોધ રાસ'ના આધારેજ લખેલ છે, જેની મૂળ પ્રતિ, કર્તાની સ્વયંલિખિત ઉ. શ્રીજયચંદ્રજી ગણિના ભંડાર (બિકાનેર)માં મૌજૂદ છે, અને અમોએ એને 'ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ'માં પ્રકાશિત કરેલ છે. કર્મચન્દ્રવંશ પ્રબંધવૃત્તિની × અમે પૂરેપૂરી સહાયતા લીધી છે, કેમકે એમાં બહુ વિશેષ સામગ્રી છે—એ સૌથી અધિક પ્રાચીન (રચના સંવત ૧૬૫૦–૫૫)અને વિશ્વસનીય છે; વળી સૂરિજીની

×આ ગ્રન્થની હસ્તલિખિત પ્રત અમને જિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાન ભંડાર–બિકાનેર માંથી પ્રાપ્ત થઇ હતી, પરન્તુ પ્રતિ અશુદ્ધ હોવાથી આ ગ્રન્થમાં એનાં જે અવતરણ (શ્લોક) આપવામાં આવ્યા છે, એમાંય અશુદ્ધિઓ રહી જવા પામી છે. બીજી પણ દ્રષ્ટિ દોષ તેમજ મુદ્રણદોષની અશુદ્ધિઓના સંશોધન પુરતું શુદ્ધા–શુદ્ધિ પત્ર તૈયાર કરી આપવામાં આવેલ છે (જેથી હિંદી સંસ્કરણમાં રહેલ અશુદ્ધિઓનું સંશોધન થાય. કિંતુ આ ગુજરાતી સંસ્કરણમાં એની મેળેજ યથાશક્ય સંશોધન કરી લેવા ધ્યાન અપાયું છે.)

સાથે લાહોર જવાવાળા પરમગીતાર્થ વિદ્વાનની કૃતિ છે- એટલે એમાં તો સંદેહને લવલેશ સ્થાન નથી. 'અકબર પ્રતિબોધ' અને 'યુગપ્રધાનપદ પ્રાપ્તિ' : આ ઉભય પ્રકરણો આ ગ્રન્થના આધારેજ મુખ્યત્વે લખાયાં છે, એ શિવાય અનેકાનેક શિલાલેખો, પ્રશસ્તિઓ, પ્રાચીન પટ્ટાવલીઓ, હસ્તલિખિત ગ્રન્થો આદિ પ્રાચીન તેમજ પ્રામાણિક સાધનો દ્વારા આ ગ્રન્થનું સંકલન થયું છે. 'સહાયક ગ્રન્થસૂચિ'માં જે જે ગ્રન્થોની સહાયતા લેવાઇ છે તેની નામાવલિ આપી છે, બાકીની નાનાવિધ કૃતિઓનાં નામ ફુટનોટમાં આપ્યાં છે.

પ્રસ્તુત ગ્રન્થની ઉપયોગીતા

સૂરિજી સાથે સંબંધ ધરાવતા લગભગ બધાંજ વિષયો પર પ્રકાશ પાડવાનો યથાસાધ્ય પ્રયાસ કર્યો છે. દ્વિતીય પ્રકરણમાં સૂરિજીના પૂર્વવર્તી આચાર્યો, ૧૩મા પ્રકરણમાં શિષ્ય સમુદાય, અને ૧૪મા પ્રકરણમાં આજ્ઞાનુવર્તી સાધુસંઘના પરીચયની સાથે સાથે એમણે રચેલ ગ્રન્થોની વિસ્તૃત નોંધ પણ આપવામાં આવી છે, કે જેથી ખરતર ગચ્છના વિદ્વાનોની ઉલ્લેખનીય સેવાનો યોગ્ય પરીચય પ્રાપ્ત થઇ રહેશે. એજ પ્રમાણે ૧૫મા પ્રકરણમાં ભક્ત-શ્રાવકોની સ્તુત્ય શાસન સેવાઓ પ્રકાશિત કરવામાં આવેલ છે.

જો કે મન્ત્રીશ્વર કર્મચન્દ્રજીની જીવનકથા કેટલાંક ગ્રન્થોમાં પ્રકટ થઇ ચૂકેલ છે. પરન્તુ શોધખોળ અને તત્સંબંધી સુયોગ્ય સામગ્રીના અભાવને કારણે ઇતિહાસ દુનિયામાં એમના અને એમના પુત્ર ભાગ્યચન્દ્ર લક્ષ્મીચંદ્ર વિષે અનેક ભ્રમણાઓ* પ્રચલિત થઈ ચૂકી છે અમોએ આ બધાંનું તત્કાલીન

* બડવા જૈન મિત્ર મંડળ-ભાવનગરથી પ્રકાશન પામેલ 'જૈન સ્પેશ્યલ ટ્રેન સ્મરણાંક'ના પૃષ્ટ ૫૯ પર "કરમચંદ દીવાન દિલ્હીમાં

વિશ્વસનીય પ્રમાણોને અનુસરી નિરાકરણ કરી આ ગ્રન્થમાં મન્ત્રીશ્વરની પ્રામાણિક ઉજ્જ્વલકથા આપવા, સમગ્ર પેશ કરવાનો યથાશક્તિ પ્રયાસ કર્યો છે. આશા, આ ગ્રન્થ સુકૃતિના જીવનની સાથોસાથ એ સમયના ઇતર સમકાલીન વિદ્વાનો, એમની કૃતિઓ, જિનાલયો આદિ અનેક જાણવાજોગ હકીકતો જાણવામાં પરમ ઉપયોગી નીવડશે.

[illegible]

સં. ૧૬૪૭માં જહાંગીરની પુત્રી-જન્મનો ઉલ્લેખ છે, વળી અષ્ટોત્તરી સ્નાત્ર પણ એ પુત્રીના જન્મદોષની ઉપશાન્તિ નિમિત્તેજ યોજાએલ હતો. આથી અમે 'રાસ' અનુસાર સૂરિજી લાહોર પધાર્યા પછી, આવતી ચૈત્રિપૂર્ણિમાનું લખેલ છે, કિન્તુ વાસ્તવમાં સં. ૧૬૪૮ની ચૈત્રિપૂનેમ હોવી જોઇએ. પંદરમા પ્રકરણમાં 'રાજપૂતાનાકે જૈનવીર'ના અનુસારે જયપુરના રાજા અભયસિંહનો ઉલ્લેખ કરેલ છે, પરન્તુ એ સમયે જયપુરમાં અભયસિંહ નામનો કોઈ રાજાજ નહોતો.

ચિત્ર અને ફરમાન પત્ર

સૂરિજીનું અકબર સાથેના મેળાપનું ચિત્ર આ પુસ્તકમાં આપવામાં આવ્યું છે.+ આ ચિત્રનો બ્લોક અમને 'શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાનભંડાર' ઈન્દોર તરફથી પ્રાપ્ત થએલ છે; જેને માટે અમે ઉકત જ્ઞાનભંડારના સંરક્ષક શેઠ ચાંદમલજીને ધન્યવાદ આપીએ છીએ. આવા પ્રાચીન ચિત્રો અનેક સ્થળે જોવા મળે છે (આને માટે આઠમાં પ્રકરણના અંતે આપવામાં આવેલ ફુટનોટ જૂઓ), અને દાદાજીના મંદિરોની દિવાલો પર પણ ચિત્રેલ જોવા મળે છે. સૂરિજી બેઠા હોય, અને એમની સમક્ષ સમ્રાટ અકબરાદિ હાથ જોડીને ઉભા હોય– એવું ચિત્ર કલકત્તામાં સુપ્રસિદ્ધ રાય બદ્રીદાસ બહાદુરના મંદિરમાં લગાવેલું છે. ચરિત્રનાયકની એક સ્વતંત્ર છબી સેઠુજીના મંદિર–બીકાનેરમાં પણ છે. પંચનદી સાધવા

+ શ્રીમાન્ હીરવિજયસૂરિજીનો પણ આવોજ ફોટો અનેક ગ્રંથોમાં પ્રકાશિત થએલ છે, પરંતુ એની પ્રાચીનતા અને પ્રામાણિકતાના વિષયમાં પુરાતત્ત્વવિદ્ શ્રીવિદ્યાવિજયજીને પૂછતાં, ફાગણ સુદિ ૧૦ (વી. સં. ૨૪૬૧) પાટણથી મોકલેલ કાર્ડમાં તેઓ આ પ્રકારે લખે છે:

હીર વિ. સૂ. અને અકબર મિલનનું ચિત્ર બનાવટી છે. મેં લખનૌમાં બનાવરાવ્યું હતું.

સમયનું પણ એક ચિત્ર શ્રીપૂજ્યજી શ્રીજિનચારિત્ર- સૂરિજી પાસે છે.

સૂરિજીની મૂર્તિ કે જે (બિકાનેર–નાહટાઓની ગવાડમાં) શ્રીઋષભદેવજીના મંદિરમાં છે. અને લેખ બારમા પ્રકરણના અંતિમ ભાગમાં આપેલ છે, તેનો સુંદર ફોટો આ પુસ્તકમાં આપવામાં આવેલ છે, પરન્તુ સ્થળની વિષમતાને કારણે ફોટામાં શિલાલેખની પ્રતિકૃતિ નથી આવી શકી.

'અમારી અમાનિકાનું' મૂળ ફરમાન કે જે અમને પં. પ્ર. યતિવર્ય સૂર્યમલજીની કૃપાથી પ્રાપ્ત થએલ છે, તેનો ફોટો પરિશિષ્ટમાં લગાવી દીધો છે. લખનૌ ભંડારમાંથી મંગાવવા બદલ અમે યતિજીનો આભાર માનીએ છીએ. બીજું. શત્રુંજયતીર્થ વિષયક ફરમાન (મૂળ) શોધખોળ કરવા છતાંય નથી મળી શક્યું. પણ એનો અનુવાદ બિકાનેર જ્ઞાન ભંડારના પત્ર પરથી નકલ કરી પરિશિષ્ટમાં પ્રકટ કરેલ છે. સંભવ છે કે મૂળ ફરમાન મળે તો કંઈક સારો પ્રકાશ પડે. બીજાં ફરમાનો તપાસ કરવા છતાંય નથી મળી શક્યાં. એના કારણોમાં એક કારણ એ પણ છે કે સૂરિજીના પછી ખરતર ગચ્છમાં ત્રણ શાખા(ગચ્છ)ભેદ થઈ ગયાં–(૧) જિનસાગરસૂરિ. (૨) જિનરંગસૂરિ (૩) જિનમહેન્દ્રસૂરિ. આથી સામગ્રી અહીં તહીં વેર વિખેર થઈ ગઈ છે. એથી એનો પત્તો લગાવવો મુશ્કેલ બની ગએલ છે. રાધનપુરથી શ્રીજિનચન્દ્રસૂરિજીએ (સં. ૧૮૩૪–૧૮૫૬માં) જેસલમેર ઉપા૦ ઉદયકર્ણજીને મોકલેલ પત્ર પરથી માલુમ પડે છે કે એ સમય સુધીના કેટલાંય ફરમાનો મોજુદ હતાં. એ પત્રનો આવશ્યક ભાગ અમે ઉદ્ધૃત કરીએ. બાકી આ પત્ર અમારા સંગ્રહમાં છે.

અમને સૂચન કરશે તો દ્વિતીય આવૃત્તિમાં એ ત્રુટિઓને દૂર કરવાનો યથાસાધ્ય પ્રયાસ અવશ્ય થશે.

આભાર પ્રદર્શન—

આ ગ્રન્થના નિર્માણ અંગે અમને અનેક ઇષ્ટમિત્રો તરફથી વિવિધ પ્રકારની સહાયતા મળી છે, આથી અમે અમારા તમામ સહાયકો પ્રતિ ધન્યવાદપૂર્વક હાર્દિક કૃતજ્ઞતા પ્રકટ કરીએ છીએ. જૈન સાહિત્યના ધુરંધર લેખક શ્રીયુત્ મોહનલાલ દલીચંદ દેસાઈ બી. એ., એલ.એલ. બી. (વકીલ, હાઇકોર્ટ, મુંબઇ)નો અમે હાર્દિક આભાર માનીએ છીએ, એમણે અમારા આગ્રહને વશ થઈ અનેક કાર્યોમાં રચ્યાપચ્યા હોવા છતાં અમને વિદ્વત્તાપૂર્ણ વિસ્તૃત પ્રસ્તાવના લખી મોકલી. રાજપૂત ઇતિહાસના અમર લેખક વિશ્વવિશ્રુત પરમ શ્રદ્ધેય મહામહોપાધ્યાય રાયબહાદુર પંડિત ગૌરીશંકરજી હીરાચન્દજી ઓઝા મહોદયે વૃદ્ધાવસ્થામાં, શારીરિક અસ્વસ્થતા હોવા છતાં પણ પોતાની અમૂલ્ય સમ્મતિ પ્રદાન કરી અમને અનુગૃહીત કરેલ છે. અમને નથી સમજાતું કે આ બન્ને વિદ્વાનોનો ક્યા શબ્દોમાં આભાર માની શકાય!

અમને કહેતાં અવર્ણનીય હર્ષ થાય છે કે વિદ્વદ્વર્ય (સંપ્રતિ ઉપાધ્યાય) શ્રીલબ્ધિમુનિજી મહારાજે આ ગ્રન્થના આધારે સૂરિજીના ચરિત્રની સંસ્કૃત કાવ્યરચના કરી દીધી છે, જે માટે તેઓ પણ ધન્યવાદને પાત્ર છે.

ગણાધીશ શ્રીહરિસાગરજી, તથા પ્રવર્તક મુનિ શ્રીસુખસાગરજી, વિદ્વદ્વર્ય શ્રીલબ્ધિમુનિજી, બા. પૂરણચન્દજી

નાહર એમ. એ., બી. એલ., એમ. આર. એ. એસ., બાબૂ શિખરચન્દ્રજી કોચર, પં. બલદેવપ્રસાદજી શાસ્ત્રી આદિ સર્વ સહાયકોનો અમે હાર્દિક આભાર માનીએ છીએ કે જેમણે અમને યોગ્ય સૂચનાઓ આપી એક નહીં પણ અનેક રીતે સહાયતા આપેલ છે.

વિહાર માર્ગનું ચિત્ર અમને શ્રીસુંદરલાલજી કોચરે કરી આપેલ છે, જે બદલ તેમને ધન્યવાદ ઘટે છે.

શ્રીપૂજ્યજી શ્રીજિનચારિત્રસૂરિજી, ઉ. શ્રીજયચંદ્રજી, યતિવર્ય તિલોકમુનિજી આદિ ભિન્ન ભિન્ન જ્ઞાન-ભંડારોના સંચાલકો તથા સહૃદય મહાનુભાવોને પણ અમે દિલથી ધન્યવાદ આપીએ છીએ કે જેમણે અમને પોતાના સંગ્રહના અમૂલ્ય ફાયદા બનાવ્યા તેમજ સહાનુભૂતિ પ્રકટ કરવાની કૃપા કરી.

નિવેદક:

અગરચન્દ નાહટા.

ભંવરલાલ નાહટા.

પ્રસ્તાવના



એ વાત ખાસ વિચારવા યોગ્ય અને લક્ષમાં રાખવા યોગ્ય છે કે 'ભારત વર્ષ' એટલે હજારો વર્ષોના ઇતિહાસનું એક ભવ્ય ખંડેર! એ ખંડેરના ખોદાણ કામનો અંત નથી એમાંથી હાથ લાગતી સામગ્રીઓ અપાર છે! આર્યાવર્ત્તના પ્રજાજીવન પર ઇતિહાસે ઉપરાઉપરી એટલા તો થર ખડકેલા છે, કે એ થરો ઉખેડનારાઓની સંખ્યા મુકાબલે અલ્પમાત્ર લેખાય. પરદેશીઓના કંઈ કંઈ તત્ત્વોનો અદ્ભુત વણાટ આપણા પ્રજાજીવનમાં થઈ ગયો છે, અને એના સંશોધને આપણા હાથમાં આપણા હાસ્ય–આંસુઓની કંઇ કંઈ કથાઓ મૂકી છે. એ થરમાંથી ખોદાતું એક એક ન્હાનું ચોસલું પણ આખી ઐતિહાસિક ઈમારતના ઘાટ તેમજ નકશી વિષેની નિત્ય નવી સમસ્યાઓથી આપણને ચકિત્ત કરે છે.

રુસિયાનો પ્રસિદ્ધ લેખક 'મૅકિસમગોર્કી સોવિયેટ લેખક સમુદાય' સન્મુખના ભાષણમાં કહે છે કે:–'લેખકોને હું કહું છું કે રુસિયાની જૂની તવારીખમાંથી યુગેયુગના

પોપડા ઉખેડો–ઉકેલો, અને હું ખાત્રી આપું છું કે, એમાંથી તમને રસ ભરપૂર લેખન સામગ્રી જડી (મળી) રહેશે'. તેજ પ્રમાણે જૈન તવારીખમાંથી આ દેશના યુગેયુગમાં કામ આવે તેવી લેખન સામગ્રી લેખકોને મળી રહે તેમ છે.

જૈનોએ દેશનો ઇતિહાસભંડાર અને સાહિત્યનિધિ સાચવી રાખ્યો છે, તેમાંનો ઘણોએ અપ્રગટ પડ્યો છે, જૈનોની ખુદની તવારીખ, તેના મહાન શ્રાવકોની, પ્રતિભાશાળી આચાર્યોની–સાધુઓની, પવિત્ર તીર્થોની, કલામય મંદિરોની, ગચ્છોની–સંપ્રદાયોની તવારીખ અણઉકેલી, સિલસિલાબંધ અણલખેલી, છિન્નભિન્ન દશામાં, પણ છૂટક છૂટક પ્રચુર માહિતી આપનારી ઘણી સામગ્રીવાળી સ્થિતિમાં પડી છે; તેમાંથી દેશના પ્રજાજીવનને લગતી રસભરી હકીકતો પણ ખૂબ મળી આવે તેમ છે.

એ સૌભાગ્યનો વિષય છે કે વર્તમાન યુગમાં અનેક બાબતો પૈકીનું એક બળ તે આપણા દેશના પ્રાચીન ઇતિહાસ તથા સંસ્કૃતિના પ્રમાણિક અભ્યાસમાં ઊંડા ઉતરવાની સત્યશોધક વૃત્તિ જન્મી ચૂકી છે. કેવળ કપોલકલ્પિત દંતકથાઓને ભરોસે રહી આપણા ભૂતકાળને મહોજ્જ્વલ માન્યા કરવાની અથવા તો વિદેશી યા અન્ય ઇતિહાસકારોએ કરેલ કેવળ ઉપરછલ્લા સંશોધન પર અવલંબીને આપણા અતીતની હીણી મૂલના કરવાની–એ બન્ને આદતો વચ્ચે આ તુલનાત્મક સંશોધન દૃષ્ટિ ઠીક માર્ગ આપનારી છે.

આવી વૃત્તિએ કેવળ દેશ અને પ્રાંતની જ નહીં, પણ એકેક પ્રાચીન નગરની પ્રાચીનતા તપાસવાનું કામ શરૂ કર્યું છે

અને તે ઉપરાંત દેશવીરો ધર્મવીરોના જીવન ચરિત્રો પણ લખાવા માંડયા છે, એ આ જમાનાનું શુભ ચિહ્ન છે. આ પુસ્તક એવો એક પ્રયત્ન છે.

જૈન તવારીખમાં પુષ્કળ લેખન સામગ્રી ઉપલબ્ધ થઈ શકે છે, પરંતુ તેમાં જૈનેતર લેખકોએ ચંચુપ્રવેશ નથી કર્યો. તે પ્રત્યે પ્રયત્ન કરવાનો કોઇએ સંકલ્પ કર્યો હોય તો તે સફળ થયો નથી. આથી તે કાર્ય જૈન લેખકો, અધિકારીઓ, શિક્ષકો ગ્રેજ્યુએટો અને સાધુઓ પર આવે છે, કારણ કે તેમને જૈનગ્રંથો અને સામગ્રીનો વિશેષ પરિચય કરવાની અનુકૂળતા અને જોગવાઈ મળી શકે છે.

એક વિદ્વાન લખે છે કે:– 'ઇતિહાસને સર્જનારા તો ગયા, પણ એ સર્જાએલા ઇતિહાસને એકઠો કરનારાયે નથી જાગતા. આપણી જ માટીમાં આપણા રત્નો દટાયાં. આપણા પગ નીચે ચગદાયાં. એને વીણવા માટે દરિયાપારથી ટૉડ આવ્યા, ફાર્બસ અને વોટ્સન આવ્યા; તેઓ કંઈ ખાસ ઇતિહાસ સંશોધનને માટે નહોતા નીમાયા. હાથમાં સોંપાએલા પ્રાંતોની હાકેમી કરતાં જ તેઓને આપણી પ્રેમકથાઓનો અને શૌર્યવર્તાઓનો નાદ લાગ્યો હતો. આપણા ખંડેરોમાં દટાએલ ભૂતકાળનો પોકાર એને કાને પડયો હતો. ઘોડે ચડી ચડીને એ ઇતિહાસના આશકો પહાડોની શિખરમાળામાં ભટકયા. અખંડ અને રોમાંચક ઇતિહાસ આપીને આજ એ ઇતિહાસના આશકો કબરમાં સૂતા છે અને એના લખ્યા ભાખ્યાંના આજ આપણે ભાંગ્યા તૂટયા તરજૂમા કરીએ છીએ. આપણને–હિંદ માતાની તવારીખના મિથ્યાભિમાની વારસદારોને

આપણામાંથી જ કેમ કોઈ ટોડ કે ફાર્બસ ન સાંપડ્યો ? શૌર્ય તો પરવાર્યાં પણ શૌર્યના પૂજન, અરે સ્મરણ પણ વિસાર્યાં ?

આજ પણ ગોરા અમલદારો નિર્જન, વિકટ, રોગ ભર્યા પ્રદેશોમાં ઉલટભેર રહે છે. નંદનવન સર્જે છે, અને કલમ તથા કેમેરો લઈને પોતાને વિંટળાએલી નાનકડી દુનિયાનો ગાઢતમ પરિચય કરી લ્યે છે. કહો કે પી જાય છે. હિંદના કે હિંદના કોઈપણ ભાગના સૌરાષ્ટ્ર, ગુજરાત, મારવાડ, મેવાડ વગેરેના દેશી અધિકારી બંધુને આવી તાલાવેલી ક્યારે લાગશે ? સૌરાષ્ટ્ર, મેવાડની ભૂમિને તો પોપડે પોપડે ઇતિહાસ બાઝ્યો હોવાની આપણને જાણ છે, ગામે ગામનો ઇતિહાસ આજ અધિકારી ભાઈઓને ઠેબે [ખભે] આવે છે. નવાયુગનું શિક્ષણ પામેલા નવયુવકો હાકેમી ભોગવી રહ્યા છે. કોઈ પુસ્તક યા માસિક વાટે મળી આવતી અસલી શૌર્ય ઘટનાઓને પણ તેઓ અત્યન્ત જિજ્ઞાસા સાથે વાંચે છે. તેઓને જૂની તવારીખ કહેનાર મનુષ્યોને સામગ્રીઓ પણ હાથ બેઠી હાજર છે. માત્ર તેઓને તો કલમ લઈને તે બધું ટાંચણ કરવાની વૃત્તિ થવાની જ રહે છે. અધિકારીઓ એ કર્તવ્ય ઉપાડી લ્યે તો એમની પોતાની જીંદગીમાં જ નવું દીવેલ રેડાય, પોતાના પગ તળે નિત્ય ચગદાતી ધરતીની મહત્તાના દર્શન થતાં એ પોતે જ માનવતાનાં રોમાંચ અનુભવી રહે. દેશના ઇતિહાસ ભૂગોળ પર આવા અજવાળાં પાથરવા હોય તો આ ઇતિહાસવિમુખ અને અકિંચન ભૂમિના દેશી અધિકારી બાંધુઓની સહાય બહુ અગત્યની છે.

આ દિશામાં સાચી સુગમતા જો હોય તો તે પ્રત્યેક

રાજ્યોના કેળવણી ખાતાને તેમાં સેંકડે પોણોસો ટકા શિક્ષકો તો ખચીત આ વસ્તુમાં રસ લેનારા રહ્યા. એને ફુરસદ ઘણી તેથી ગામના વૃદ્ધો, પ્રમાદીઓનો ગપ્પોડીઓનો ડાયરો એની ઓસરીમાં મળે. એમાંથી કેટલું ઇતિહાસ-દ્રવ્ય મળે ?

આપણા યુનીવર્સીટીની પરીક્ષામાં પસાર થઈ બહાર નીકળેલા ગ્રેજ્યુએટો પ્રમાદ છોડી પોતાનો જે કાળ ફુરસદ તરીકે ઓળખાય છે તેનો સદુપયોગ પોતાની ભૂમિની માટીમાં દટાએલાં બેમૂલ જવાહીરોને શોધી કાઢવામાં, જે કોઈ વીર-ધર્મીની ભાળ લાગે તેની કથા નોંધી લેવામાં ગાળશે, તો નૂતનભૂમિ જન્મશે ને તેના યશોભાગી પોતે થશે.

આપણા મુનિઓ તો દિવસના ચોવીસે કલાક સેવાનું વ્રત લઈ ગામડે ગામડે, શહેરે શહેર, પ્રાંતેપ્રાંત વિહરનારા છે; એ અપ્રતિબદ્ધ વિહારી પ્રવાસીઓ પોતાના ચાતુર્માસ સમયમાં એક સ્થળે સ્થિરવાસમાં અને તે સિવાયના આઠ માસમાં અત્ર તત્ર થોડા નિવાસમાં તે તે ક્ષેત્રનાં માનવસમાજની, પ્રકૃતિ સૌંદર્યની, ધર્મજીવનની, વગેરે સર્વદેશીય માહિતીઓ ઉપરાંત તેના ઇતિહાસ, કથાઓ, પુરાતન અવશેષો વગેરેની નોંધો સબળ છતાં સમતોલ, અને લાગણીમય છતાં વિચારો-ત્પાદક તેમજ આલ્હાદક શૈલિમાં પૂરી પાડી શકે તેમ છે. તેઓમાં પ્રમાદ કે પરપ્રત્યયનેય બુદ્ધિ હોવાં જ ન ઘટે, એવો તેમનો શિષ્ટ આચાર છે, તેઓ તરફથી આપણા ઘણા મનો-રથો સફળ થવાની આશા છે. તેઓ ધારે તો જૈન સાહિત્યમાં પૂર્વાચાર્યોના લખેલા ઐતિહાસિક પુસ્તકો, પ્રબંધો, ચરિત્રો બહાર પાડી શકે એટલું જ નહીં પણ દરેક ગામના જિન

મંદિરો, પ્રતિમાઓ વગેરેના ઉત્કીર્ણ લેખો એકત્રિત કરી સમગ્ર ભારતમાંના પૂર્વજૈનોનાં ગૌરવ બતાવી શકે.

જેવી રીતે દેશભક્તિ પેદા કરવા માટે દેશનો પ્રાચીન ઇતિહાસ શોધાવો જોઈએ, તેવી જ રીતે ધર્મપ્રેમ તથા ધર્મગૌરવ તે તે ધર્મના મૂલ પુરુષોના ભવ્ય જીવનચરિત્રો, ઐતિહાસિક પ્રમાણોવાળાં બહાર પાડવાથી જ જાગે. એમાં ધાર્મિક દૃષ્ટિ સાથે ઐતિહાસિક દૃષ્ટિ સંકળાએલી રહેવી જોઈએ. આવા પ્રકારનો પ્રયાસ આ જીવનચરિત્રમાં થએલો છે.

ધાર્મિક પુરુષોના જીવનચરિત્રો એ પણ એક પ્રકારનું લોકોપયોગી સાહિત્ય છે. 'સાહિત્યમાં કોમી તડા પડે એ વધુમાં વધુ અનિષ્ટની વાત છે' એ કથનમાં રહેલું સત્ય સ્વીકાર્ય છે; અને એ લક્ષમાં રાખી જૈન કે જૈનેતર-કોઈપણ ઐતિહાસિક સાહિત્યમાંથી જૈન કે જૈનેતર લેખકે નિજ સાહિત્યને વળગી રહીને અન્ય સાહિત્યની ઉપેક્ષા કરવાની નથી, પણ બન્ને સાહિત્યમાંથી મળતી હકીકતો મેળવી બન્નેને સત્ય આકારમાં તટસ્થતાથી અને વ્યાપક દૃષ્ટિથી રજુ કરવાની છે. જો કે એમ કરવામાં બધા લેખકો શક્તિમાન હોતા નથી, યા સફળ થતા નથી. છતાં જે લેખક તરફથી તત્કાલીન સાહિત્ય પર નિષ્પક્ષપાત દૃષ્ટિ રાખી તેમાંથી પોતાના વિષય પુરતી સામગ્રી [illegible]

વિક્રમની પંદરમી સદી વીતી ગઈ અને સોળમીનો પ્રારંભ થતાં હિંદનાં પાટનગર દિલ્હીનાં સિંહાસને સમ્રાટ અકબર બિરાજ્યો અને તેના સમયમાં મોગલ સત્તાનો સૂર્ય પૂર્ણ તેજથી પ્રકાશ્યો. તે સમ્રાટ અકબરને બધા ધર્મોની માહિતી મેળવી તે સર્વમાંથી ઉપયુક્ત વસ્તુઓનું એકીકરણ કરી એક સર્વમાન્ય ધર્મ કાઢવાની ઉત્કંઠા થઈ, તે ઉત્કંઠા તૃપ્ત કરવા માટે સર્વ પૈકી એક એવા જૈન ધર્મના તે વખતે વિદ્યમાન આચાર્ય શ્રીહીરવિજયસૂરિને પોતાની પાસે બોલાવી તેમની સાથે મંત્રણા કરી. શ્રીહીરવિજયસૂરિજી એ શ્વેતાંબર જૈનના તપાગચ્છના આચાર્ય હતા, અને તેમણે જૈનધર્મના મહાત્મ્યની પ્રથમ ઝાંખી સમ્રાટ અકબરને કરાવી, આ આચાર્યનું જીવન ગુજરાતીમાં આલેખવાનો સબળ અને સફળ પ્રયત્ન મુનિ શ્રીવિદ્યાવિજયજીએ 'સૂરીશ્વર અને સમ્રાટ' એ નામના પુસ્તક રૂપે કરેલો તે સં. ૧૯૭૬ માં પ્રકટ થયો, (કે જેનો હિંદી અનુવાદ પણ ત્યાર પછી તેમણે બહાર પાડયો) જ્યારે પંદર વર્ષે સં. ૧૯૯૧ માં તે જ સમ્રાટ અકબરને થએલા પરિચયની જ્યોત જાળવી રાખવામાં સહાયક ખરતરગચ્છના આચાર્ય શ્રીજિનચન્દ્રસૂરિનું જીવન હિંદી ભાષામાં લખી પ્રકટ કરવાનો સફળ પ્રયાસ બિકાનેરના પ્રસિદ્ધ નાહટા કુટુમ્બના વંશજો શ્રીયુત અગરચન્દ અને ભંવરલાલ નાહટા તરફથી થયો છે તે જોઈ ખરેખર આનંદ થાય તેમ છે.

શ્રીહીરવિજયસૂરિની પ્રતિષ્ઠા અને ગૌરવ જેટલાં તપાગચ્છમાં છે તેટલાં પ્રતિષ્ઠા અને ગૌરવ શ્રીજિનચન્દ્રસૂરિનાં ખરતરગચ્છમાં હોય તે સ્વાભાવિક છે.

ખરતરગચ્છ એ તપાગચ્છથી પ્રાચીન છે. તપાગચ્છની

ઉત્પત્તિ જગચ્ચન્દ્રસૂરિએ બહુ તપ કર્યો તેથી તેમને 'તપા' (એટલે તપસ્વી) એ બિરુદ (પ્રાપ્ત થયું), કહેવાય છે કે, મેવાડના તે વખતના પાટનગર આઘાટ નગરના રાજાએ સં. ૧૨૮૫માં આપ્યું, તે પરથી તે સૂરિની શિષ્ય પરંપરાનો ગચ્છ 'તપા' નામથી પ્રસિદ્ધ થયો; જ્યારે ખરતરગચ્છની ઉત્પત્તિ ગુજરાતના પાટનગર અણહિલપુર પાટણમાં દુર્લભ(રાજ)સેન રાજાની (રાજ)સભામાં શ્રીજિનેશ્વરસૂરિએ ચૈત્યવાસી જૈન સાધુઓનો આચાર શાસ્ત્રસંમત નથી એમ બતાવી આપી 'ખરતર' (વિશેષ પ્રખર ઉગ્ર (સત્ય) આચારવાળા) બિરુદ પ્રાપ્ત કર્યું. એ પરથી તે સૂરિની શિષ્ય પરંપરા ખરતરગચ્છના નામે ઓળખાવા લાગી, એમ જણાવવામાં આવે છે.

પાટણની ગાદી પર ગુર્જરરાજ દુર્લભરાજે સં. ૧૦૬૬ થી ૧૦૭૮. એમ બાર વર્ષ રાજ્ય કર્યું, એમ મેરુતુંગસૂરિની વિચારશ્રેણી–સ્થવિરાવલીમાં, તેમજ રાજાવલીકોષ્ટકમાં જણાવ્યું છે અને તે શ્રીમાન્ ઓઝાજીએ અને અન્ય ઇતિહાસકારોએ સ્વીકારેલ છે. જ્યારે ખરતરગચ્છના કેટલાક, ઉપર્યુક્ત બનાવો બન્યાનો સંવત્ ૧૦૮૦, તો કોઈક ૧૦૨૪ આપે છે એમ ખરતરગચ્છ પટ્ટાવલીસંગ્રહ (સંગ્રાહક શ્રીજિનવિજયજી, પ્રકાશક બાબૂ પૂરણચન્દ્ર નાહર) પરથી અને અન્ય પટ્ટાવલી પરથી જણાય છે.

(૧) સં. ૧૫૮૨માં રચેલી ખરતરગચ્છ–સૂરિપરંપરા પ્રશસ્તિમાં જણાવ્યું છે કે:—

[illegible] जैनेश्वरः सूरिशिरोऽवतंसः
[illegible] जिनेश्वराख्य-गुणप्रवीणा [illegible]

श्रीपत्तने दुर्लभराजराज्ये, विजित्य वादे मठवासिसूरीन्।
वर्षेऽब्धिपक्षाभ्रशशिप्रमाणे, लेभेऽपि यैः खरतरो बिरुदः [प्रशस्यः]
॥३८॥ युग्मम्

અર્થ—તે (વર્ધમાનસૂરિ)ના પટ્ટકમલ પર રાજહંસ રૂપ જિનેશ્વરસૂરિ મસ્તકના આભૂષણ થયા કે જેમણે જૈન શૈવ શાસનના શાસ્ત્રોમાં પ્રવીણ હોઈ ભવવાસને ફેંકી દીધો તેઓ જય પામો. શ્રીપત્તનમાં દુર્લભરાજના રાજ્યમાં મઠવાસી આચાર્યોને વાદમાં જીતી જેમણે સં. ૧૦૨૪ના વર્ષમાં 'ખરતર' નામનું [પ્રશંસનીય] બિરુદ પણ મેળવ્યું.

આ પ્રશસ્તિમાં જણાવેલી સં. ૧૦૨૪ની સાલને એક સંવત્ ૧૬૭૫ આસપાસની ખરતરપટ્ટાવલી 'दस सय चिहुं वीसेहीं' એટલે સંવત્ ૧૦૨૪ માં 'सुविहित गच्छ खरतर बिरुद, दुर्लभ नरवई तिहां दियउ। श्रीवर्धमान पट्टइ तिलउ, सूरि जिणेसर गहगह्यउ'॥

એમ કહી ટેકો આપે છે. પણ આ પુસ્તકના લેખક નાહટાજી 'दस सय चिहुं वीसेहीं' એનો અર્થ દસસો અને ચાર વીસ એટલે એંશી એવો કરે છે, તે ખરેખર હુશિયારી બતાવનારો (ingenious) છે.*

*હુશિયારી બતાવનારો નહિં, પણ વસ્તુતઃ એજ અર્થ વાસ્તવિક છે. કારણ કે ૧૦૨૪નો અર્થ લેવામાં 'દસસય' શબ્દના પછી સીધી રીતે 'વીસ' શબ્દ લઇને 'ચિહું' શબ્દ રખાય તોજ ૧૦૨૪નો અર્થ બરાબર થઈ શકે. પરંતુ કવિએ 'ચિહું' શબ્દને વચમાં લઈને અંતે 'વીસ' શબ્દ મૂક્યો છે એથી "ચિહું વીસેહિ"નો અર્થ 'ચાર વીસ એટલે એંસી' એજ બરાબર છે. (ગુ. સં. સંપાદક)

(૨) ખરતર ગચ્છીય મુનિ ક્ષમાકલ્યાણની સં. ૧૮૩૦ની ખરતર ગચ્છની પટ્ટાવલીમાં એવું કથેલું છે :—

× × "एवं सुविहितपक्षधारकाः जिनेश्वरसूरयो विक्रमतः १०८० वर्षे खरतरविरुदधारका जाताः।

અને તે સમયમાં લખાયેલી બીજી પટ્ટાવલીમાં પણ તે સૂરિ માટે એમ જણાવેલું છે કે 'संवत् १०८० दुर्लभराजसभायां ८४ मठपतीन् जित्वा प्राप्तखरतरबिरुदः।

આમાં ત્રણ હકીકત આવે છે :–(૧) પાટણમાં જિનેશ્વરસૂરિએ દુર્લભરાજના રાજ્યમાં તેની રાજ્યસભામાં મઠવાસીને હરાવ્યા. (૨) તે જયથી 'ખરતર' બિરૂદ તેમણે મેળવ્યું. (૩) તે ઘટના સં. ૧૦૨૪માં કે સં. ૧૦૮૦ માં બની. આ બાબતના સંબંધમાં વિશેષ પ્રાચીન પ્રમાણો કેવા પ્રકારના મળે છે તે જોઈએ.

ઉક્ત જિનેશ્વરસૂરિના પટ્ટધર જિનચન્દ્રસૂરિના શિષ્ય પ્રસન્નચન્દ્રસૂરિના શિષ્ય સુમતિ વાચકના શિષ્ય મુનિ ગુણચન્દ્રે મહાવીરચરિય પ્રાકૃત ભાષામાં સં. ૧૧૩૯ માં (શ્રીહેમચન્દ્રસૂરિના ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્રના દશમા પર્વમાં આવેલ સંસ્કૃતમાં મહાવીરચરિત્ર રચાયું તે પહેલાં) રચી પૂર્ણ કર્યું તેમાં છેલ્લી પ્રશસ્તિમાં કહ્યું છે કે :–વર્ધમાન સૂરિને બે શિષ્ય હતા. પ્રથમ જિનેશ્વરસૂરિ અને બીજા બુદ્ધિસાગરસૂરિ, અને

सोहित्थोव्व समत्थो, सिरिसूरिजिणेसरो पढमो।
गुरुसाराओ धवलाओ, सुरय(रा) साहुसंतई जाया॥

[પાઠાંતર] **गुरुसाराओ धवलाओ, निम्मल[।] साहुसंतई जाया ॥**
हिमवंताओ गंगुव्व, निग्गया सयलजणपुज्जा।
अण्णो य पुण्णिमाचंद सुंदरो-बुद्धिसागरो सूरी॥

[પીટર્સન રિપોર્ટ, ૩; ૩૦૬ પી. ૫,૩૩]

અર્થ—પ્રથમ શિષ્ય જિનેશ્વરસૂરિ બુદ્ધિમાન્ સમર્થ હતા, તે ધવલગુરુના સારમાંથી ખરતર (પાઠાંતર–નિર્મલ) સાધુ સન્તતિ થઈ. જેમ હિમવન્તમાંથી સકલ જનને પૂજ્ય એવી ગંગા નીકળી તેમ; બીજા શિષ્ય તે પૂર્ણિમાના ચન્દ્ર જેવા સુંદર બુદ્ધિસાગર સૂરિ થયા +

[આ ગ્રન્થ શેઠ દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર-ફંડના ગ્રન્થાંક ૭૫ તરીકે પ્રકટ થઈ ગયો છે તેમાં ઉપરની ગાથામાં '**खरयरा**'ને બદલે **सुविहिया [निम्मला'पु.]** એમ છાપેલું છે.]

ઉક્ત જિનેશ્વરસૂરિના શિષ્ય નવાંગી વૃત્તિકાર અભયદેવસૂરિના શિષ્ય પ્રસન્નચન્દ્રસૂરિના (પ્ર)શિષ્ય દેવભદ્રસૂરિએ.*

+આ ગાથાયુગલનો વાસ્તવિક અર્થ આ પ્રમાણે છે, પ્રથમ શિષ્ય શ્રીજિનેશ્વરસૂરિ થયા કે જેઓ ભવ્ય જીવોને સંસારસમુદ્રથી તારવાને વાહણના સમાન હતા, ધૈર્યૌદાર્ય આદિ અનેક ગુણોથી અત્યંત સારતા (પ્રધાનતા) વાળા અને ધવલ (ઉજ્જવળ) આચારવાળા એવા તે આચાર્યશ્રીથી, જેમ હિમવાન્ પર્વતમાંથી સકલજનને પૂજ્ય એવી ગંગા નદી નીકલી છે. તેમ ખરતર (અત્યંત કઠોર) યા નિર્મલ આચારવાળા સાધુઓની સંતતિ (પરંપરા) થઈ, અને બીજા શિષ્ય તે પૂર્ણિમાના ચંદ્ર સમાન સુંદર એવા બુદ્ધિસાગરસૂરિ થયા. (ગુ. સં. સં.)

*પાર્શ્વનાથ ચરિત્રકાર આચાર્ય દેવભદ્ર અને મહાવીર ચરિત્રકાર મુનિ ગુણચંદ્ર એ વિભિન્ન વ્યક્તિઓ નથી; પરંતુ દીક્ષાનું નામ એમનું ગુણચંદ્ર હતું, અને આચાર્ય થયા પછી એમનું જ નામ દેવભદ્રસૂરિ તરીકે પ્રસિદ્ધ થએલ છે; આમ બે નામ હોવા છતાં વસ્તુતઃ વ્યક્તિ એકજ છે. (ગુ. સં.)

પ્રાકૃતમાં પાર્શ્વનાથ ચરિત્ર સં. ૧૧૬૮ [वसु रस रुद्र] ના વર્ષમાં રચ્યું, તેમાં પ્રશસ્તિમાં એટલું જણાવ્યું છે કે—

तस्सासि दोन्नि सीसा, ज(ग)याविक्खाया दिवायरससिव्व ।
आयरिअजिणेसर-बुद्धिसागरायरियनामाणो ॥ (પી. ૩,૬૪)

અર્થ—તે (વર્ધમાનસૂરિ)ના જયથી (જગમાં) વિખ્યાત થએલા સૂર્ય અને ચંદ્રમાની જેવા (અનુક્રમે) બે શિષ્ય-આચાર્ય જિનેશ્વર અને બુદ્ધિસાગર આચાર્ય એ નામના થયા.

આ ગ્રન્થને 'જેસલમેર જૈન ભાંડાગારીયગ્રન્થોનાં સૂચિપત્ર'માં ગ્રથાંક ૨૯૬ તરીકે માત્ર નામ આપી ૨૨૯ પત્રો વાળી તાડપત્રીય પ્રત તરીકે નોંધેલ છે. તેમાં ઉપલી ગાથાની બીજી પંક્તિ નીચે પ્રમાણે છે એમ શ્રીયુત નાહટાજીનું કહેવું છે:-

आयरियजिणेसर-बुद्धिसागर[ा] खरयरा जाया ।

એટલે ખરતર બિરૂદથી જ્ઞાત થએલા આચાર્ય જિનેશ્વર અને બુદ્ધિસાગર—એમ તેમાં 'ખરતર' શબ્દ મૂકેલો છે.

સં. ૧૧૭૦માં લિખિત કવિ પાલ્હે અપભ્રંશ [ભાષા]માં કરેલી ખરતર પટ્ટાવલી × કે જે 'અપભ્રંશકાવ્યત્રયી'ના પરિશિષ્ટમાં પૃ. ૧૧૦થી ૧૧૨માં આપી છે તેમાં કહેલ છે કે:-

देवसूरि पहु नेमिचंदु बहुगुणिहिं पसिद्धउ ।
उज्जोयणु तह वद्धमाणु खरतर वर लद्धउ ।
सुगुरु जिणेसरसूरि नियमि जिणचंदु सुसंजमि ।
अभयदेउ सव्वंगु नाणि जिणवल्लहु आगमि ।
जिणदत्तसूरि ठिउ पट्टि तहि जिण उज्जोइउ जिणवयणु
[illegible]

આમાં ખરતરનો વર જેણે લબ્ધ કર્યો છે તે વિશેષણ સામાન્ય રીતે ઉદ્યોતન પછી થએલ વર્ધમાનને લાગુ પડે, પણ તે સુગુરૂ જિનેશ્વરસૂરિને લગાડવાનું છે.

ઉપર્યુક્ત જિનેશ્વરસૂરિના જિનચન્દ્રસૂરિ અને અભયદેવસૂરિ તેમના જિનવલ્લભસૂરિ અને તેમના પટ્ટધર જિનદત્તસૂરિ [આચાર્ય પદ સં. ૧૧૬૯. સ્વ. ૧૨૧૧] કૃત 'સુગુરુ પારતંત્ર્યમ્'માં ઉક્ત જિનેશ્વરસૂરિ સંબંધી એવું દર્શાવ્યું છે કે—

पुरओ दुल्लह महिवल्ल-हस्स अणहिल्लवाडए पयडं।
मुक्का वियारिऊणं, सीहेण व दव्वलिंगीगया ॥१०॥
दसमच्छेरयनिसि-विप्फुरंत सच्छंदसूरिमयतिमिरं।
सूरेण व सूरिजिणे-सरेण हयमहियदोसेण ॥११॥

અર્થ—અણહિલ્લવાડામાં દુર્લભ નૃપતિ પાસે 'દ્રવ્ય લિંગીરૂપી ગજો[ને] સિંહની પેઠે વિદારી નાંખ્યા અને દશમા અચ્છેરા (આશ્ચર્ય)રૂપી રાત્રિમાં ફેલાએલ સ્વચ્છંદરૂપી સૂરિના મતરૂપી અંધારૂં જેણે સૂર્યની પેઠે ટાળી નાંખ્યું એવા નિર્દોષ જિનેશ્વરસૂરિ.

તેજ જિનદત્તસૂરિ વળી પોતાના ગણધરસાર્ધશતકમાં ઉક્ત જિનેશ્વરસૂરિ સંબંધી વિશેષ જણાવે છે કેઃ—

तेसिं पयपउमसेवा-रसियो भमरुव्व सव्वभमरहिओ।
ससमय-परसमयसत्थ-पयत्थवित्थारणसमत्थो ॥६४॥
अणहिल्लवाडए नाडइव्व, दंसियसुपत्तसंदोहे।
पउरपए बहुकविदूसगे य सन्नायगाणुगए ॥६५॥
सड्ढियदुल्लहराए, सरसइअंकोवसोहिए सुहए।
मज्झे रायसहं पवि-सिऊण लोयागमाणुमयं ॥६६॥
नामायरिएहिं समं, करिय वियारं वियाररहिएहिं।

वसईहिं निवासो साहूण ठविओ ठाविओ अप्पा ॥६७॥
परिहरिय गुरुकमागय-वरवत्ताए वि गुज्जरत्ताए ।
वसहिनिवासो जेहिं, फुडीकओ गुज्जरत्ताए ॥६८॥

તેમના [વર્ધમાનસૂરિના] પદકમલની સેવામાં રસિક એવા ભ્રમરની પેઠે સર્વ ભ્રમથી રહિત, સ્વસમય અને પરસમય (શાસ્ત્ર)ના પદાર્થ જેણે અર્થ સહિત વિસ્તારેલા એવા સમર્થ (જિનેશ્વરસૂરિએ) અણહિલ્લવાડામાં નાટકમાં જેમ છે તેમ સુપાત્રના સંદોહ જેણે દેખાડયા છે એવા, પ્રચુર (પદ) પ્રજ (?), બહુકવિદૂષક, સન્નાયકને અનુગત એવા ઋદ્ધિમાન્ રાજા દુર્લભરાજ સરસ્વતી અંકથી ઉપશોભિત, સુખદ અને સુભગ રાજ્ય કરતા સતા તેની લોકાગમને અનુમત એવી રાજ્યસભામાં પ્રવેશ કરીને વિચારહીન એવા નામના આચાર્યો સાથે વિચાર-વિવાદ કરીને 'સાધુઓનો નિવાસ વસતિમાં હોવો જોઇએ' એ સ્થાપિત કર્યું અને ગુરૂક્રમથી ચાલી આવેલી (ઉત્તમ ધર્મની) વાત (પણ) જેણે તજી દીધી હતી એવી ગુર્જરત્રા (ગુજરાત)માં પણ જેમણે વસતિ નિવાસ સ્ફુટ કર્યો.

(ગુજરાત એ શબ્દ, જે 'ગુર્જરત્રા' શબ્દમાંથી ફલિત થયું મનાય છે તે 'ગુર્જરત્રા' બારમી સદી જેટલો તો જૂનો છેજ એ આ અવતરણ પરથી સિદ્ધ થાય છે.)

ઉક્ત જિનેશ્વરસૂરિએ રચેલા પંચલિંગી પ્રકરણ પર ઉક્ત જિનદત્તસૂરિના પટ્ટધર (મણિધારી) જિનચંદ્રસૂરિ (તેમ)ના પટ્ટધર જિનપતિસૂરિએ (સૂરિપદ સં. ૧૨૨૩, ને સ્વ. સં. ૧૨૭૭ વચ્ચે) વૃત્તિ રચતાં તેની આદિમાંજ કહેલ છે કે

इह गूर्जरवसुधाधिपश्रीदुर्लभराजसभासभ्यसमाज

महावादिचैत्यवासिकल्पितजिनभवनवास[निरास]समासादितविस्तृत्वरकीर्त्तिकर्पूरपूरसुरभितत्रिभुवनभवनाभोगश्रीजिनेश्वरसूरिविरचितपंचलिंग्याख्यप्रकरणस्य। (गा ૩ પૃ. ૨૫૦)

—આ ગુર્જરભૂમિના રાજા શ્રીદુર્લભરાજની સભાના સભ્યસમાજમાં મહાવાદી ચૈત્યવાસીના કલ્પિત જિનમંદિરમાં વાસને નિર્મૂલ કરીને જેની કીર્તિરૂપી કર્પૂરથી સુગંધિત થયેલ ત્રિભુવનરૂપી ભવન છે એવા શ્રીજિનેશ્વરસૂરિના રચેલ પંચલિંગી નામના પ્રકરણની........

તે જ ભાવાર્થનું ઉક્ત જિનપતિસૂરિએ સંઘપટ્ટકની વિવૃતિના પ્રારંભમાં જિનેશ્વરસૂરિ સંબંધે કહ્યું છે. જૂઓ અપભ્રંશ કાવ્યત્રયીની પંડિત શ્રીલાલચંદભાઈની પ્રસ્તાવના પૃષ્ટ ૧૦.

પૂર્ણભદ્રે સં. ૧૨૮૫ (કે જે વખતની આસપાસ તપાગચ્છના સ્થાપક જગચ્ચન્દ્રસૂરિએ તપ વડે 'તપા' નામનું બિરુદ પ્રાપ્ત કર્યું) માં ધન્નાશાલિભદ્ર ચરિત્ર રચ્યું છે તેની પ્રશસ્તિમાં જણાવ્યું છે કે :—

श्रीमद्गुर्जरभूमिभूषणमणौ श्रीपत्तने पत्तने,
श्रीमद्दुर्लभराजराजपुरतो यश्चैत्यवासिद्विपान्।
निर्लोठ्यागमहेतुयुक्तिनखरैर्वासं गृहस्थालये,
साधूनां समतिष्ठपन् मुनिमृगाधीशोऽप्रधृष्यः परैः॥ १॥
सूरिः स चान्द्रकुलमानसराजहंसः,
श्रीमज्जिनेश्वर इति प्रथितः पृथिव्यां।

શ્રી (થી) ભરેલી ગુર્જરભૂમિના આભૂષણ મણિ રૂપ શ્રીપત્તન નામના શહેરમાં શ્રીમદ્ દુર્લભરાજ રાજાની આગળ જેણે (જિનચૈત્યોમાં વસનારા) ચૈત્યવાસી રૂપી હાથી(યો)ને આગમહેતુ યુક્તિરૂપી નખથી પરાજિત કરીને અન્યથી

(પરાભવ) ખાધા ન જાય તેવા જે મુનિરૂપી સિંહે 'ગૃહસ્થની માલેકીની જગ્યાએ સાધુઓએ વાસ કરવો જોઇએ' એમ સ્થાપિત કર્યું એવા ચંદ્રકુલ રૂપ માનસરોવરના રાજહંસરૂપી સૂરિ શ્રીમદ્ જિનેશ્વરસૂરિ પૃથ્વીમાં પ્રસિદ્ધ થયા.

સં. ૧૨૯૫ માં ઉક્ત જિનપતિસૂરિ શિષ્ય સુમતિ ગણિએ ઉપર્યુક્ત ગણધરસાર્ધશતક પર બૃહદ્‌વૃત્તિ રચી છે તેમાંથી જિનેશ્વરસૂરિનું વિશેષ ચરિત્ર મળી આવશે, તે આખી વૃત્તિ ઐતિહાસિક વિગતોનો ભંડાર છે છતાં તે પ્રગટ થઈ નથી× એ દુર્ભાગ્યનો વિષય છે. ઉક્ત જિનેશ્વરસૂરિના લીલાવતી (કથા) તથા (?) કાવ્યનો ઉદ્ધાર થતાં છેવટે લખેલ છે કે :—

"इति श्रीवर्द्धमानसूरिशिष्यावतंस-वसतिमार्गप्रकाशकप्रभु-श्रीजिनेश्वरसूरिविरचित-प्राकृतश्रीनिर्वाणलीलावतीकथेतिवृत्तोध्धारे लीलावतीसारे जिनांके" (जेसल. सूचीपत्र ४३ अंक३४७)

× આ વૃત્તિનું જ અંતર્ગત પ્રકરણ (શ્રીવર્દ્ધમાનસૂરિથી શ્રીજિનદત્તસૂરિ સુધીના ઐતિહાસિક ચરિત્રોવાળું) ચારિત્રસિંહ ગણિ કૃત તેમ એની લઘુવૃત્તિ પદ્મમંદિર ગણિ કૃત જિનદત્તસૂરિ પુસ્તકોદ્ધાર ફંડ સુરત તરફથી પ્રકટ થઈ ચૂકેલ છે, અને એનું ભાષાંતર પણ શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાન-ભંડાર ઇન્દોરથી પ્રકાશિત થએલ છે. આ વૃત્તિમાં ખરતર [illegible] પ્રાપ્તિ વિષયક ઉલ્લેખ આ પ્રકારે છે :—

"किं बहुनेत्थं वादं कृत्वा विपक्षान्निर्जित्य राजा[illegible] सार्थवाहप्रभृतिपुरप्रधानपुरुषैः सह महोत्सवेन वसति[illegible] प्रकाशनयशःपताकायमान[illegible] दुर्लभजन[illegible] साटोपं पठत्सु सत्सु प्रविष्टा वसतौ [illegible] वन्तः श्रीजिनेश्वरसूरयः, एवं [illegible] श्री[illegible] [सुविहितसाधुविहारः] प्रवर्त्तितः [illegible]"

ઉપરના પ્રમાણો જિનેશ્વરસૂરિની શિષ્ય પરંપરામાંના જોયા; હવે આપણે તેથી ભિન્ન પરંપરામાંનું એક સ્વતંત્ર પ્રમાણ લઈએ, તે ચન્દ્રગચ્છમાંથી પછીથી થએલ રાજગચ્છના ધનેશ્વરસૂરિ, અજિતસિંહ, શાલિભદ્ર, શ્રીચન્દ્ર જિનેશ્વરાદિ, પૂર્ણભદ્ર, ચન્દ્રપ્રભસૂરિ શિષ્ય પ્રભાનંદસૂરિએ પ્રભાવક ચરિત્ર સંસ્કૃત કાવ્યમાં સંવત્ ૧૩૩૪માં રચ્યું છે તેમાં આપેલા જિનેશ્વરસૂરિના શિષ્ય અભયદેવસૂરિ કે જેમણે નવ અંગોપર સંસ્કૃત વૃત્તિઓ રચી છે તેના ચરિત્રમાંથી નીચેની હકીકત મળી આવે છે :-

'ભોજના રાજત્વકાળમાં ધારાનગરીમાં વસતા લક્ષ્મીપતિ નામે શ્રીમન્તને ત્યાં રહેલા મધ્ય દેશના બે વિદ્વાન યુવાન બ્રાહ્મણપુત્રો શ્રીધર અને શ્રીપતિએ આચાર્ય વર્ધમાનસૂરિ પાસે દીક્ષા લીધી અને તેઓ જિનેશ્વર અને બુદ્ધિસાગર નામથી પ્રસિદ્ધ થયા.'

'આ વખતે પાટણમાં ચૈત્યવાસીઓનું પ્રાબલ્ય હતું, તે એટલા સુધી કે તેમની સમ્મતિ સિવાય સુવિહિત સાધુ પાટણમાં રહી નહોતા શકતા, આચાર્ય વર્ધમાનસૂરિએ પોતાના શિષ્ય જિનેશ્વરસૂરિ અને બુદ્ધિસાગરને ત્યાં મોકલીને પાટણમાં સુવિહિત સાધુઓના વિહાર અને નિવાસ ચાલુ કરાવવાનો વિચાર કર્યો. અને પોતાના ઉક્ત બન્ને શિષ્યોને* પાટણ તરફ વિહાર કરાવ્યો. તે બન્ને પાટણમાં ગયા પણ ત્યાં તેમને

* સં. ૧૨૯૫ માં રચાએલ ગણધરસાર્ધશતક બૃહદ્વૃત્તિમાં વર્ધમાનસૂરિજી પણ પાટણ સાથેજ પધાર્યા હતા, અને રાજસભામાં પણ સાથે હતા, એવો સ્પષ્ટ ઉલ્લેખ છે.

—લેખક.

ઉતરવા માટે ઉપાશ્રય મળ્યો નહિ; બધે ફરીને તેઓ ત્યાંના સોમેશ્વર નામના પુરોહિતને ત્યાં ગયા અને પોતાની વિદ્વત્તાનો પરિચય આપી તેના મકાનમાં રહ્યા. જ્યારે ચૈત્યવાસીઓને એ સમાચાર મળ્યા તો પોતાના નિયુક્ત પુરુષો દ્વારા તેમને પાટણ છોડી જવા જણાવ્યું, પણ પુરોહિતે કહ્યું કે આ બાબતનો ન્યાય રાજસભામાં થશે. આથી ચૈત્યવાસીઓએ રાજાની મુલાકાત લીધી ને વનરાજના સમયથી પાટણમાં સ્થપાએલ ચૈત્યવાસીઓની સાર્વભૌમ સત્તાનો ઇતિહાસ સમજાવ્યો, જે પરથી પાટણનો નૃપતિ દુર્લભરાજ પણ લાચાર થયો અને પોતાના ઉપરોધથી એ સાધુઓને અહીં રહેવા દેવા માટે આગ્રહ કર્યો કે જે વાત ચૈત્યવાસીઓએ માન્ય કરી.

'એ પછી પુરોહિતે સુવિહિત સાધુઓના ઉપાશ્રય માટે રાજાને પ્રાર્થના કરી. રાજાએ એ કામની ભલામણ પોતાના ગુરુ શૈવાચાર્ય જ્ઞાનદેવને કરી, જે ઉપરથી સાત બજારમાં યોગ્ય જમીન પ્રાપ્ત કરીને પુરોહિતે ત્યાં ઉપાશ્રય કરાવ્યો ત્યાર પછી સુવિહિત સાધુઓને માટે વસતિઓ થવા લાગી.'

'જિનેશ્વરસૂરિ જ્યારે પહેલીવાર પાટણમાં ગયા ત્યારે પાટણમાં દુર્લભરાજનું રાજ્ય હોવાનું આ પ્રબંધકાર લખે છે. (જ્યારે ઉપર બતાવ્યા પ્રમાણે, જિનદત્તસૂરિ આદિ ખરતર ગચ્છીય આચાર્યો પણ ગણધરસાર્ધશતક વગેરેમાં એ વખતે પાટણમાં દુર્લભરાજનું રાજ્ય બતાવે છે, પણ ખરતરગચ્છ-વાળાઓ એ પ્રસંગ (સં. [illegible] કે સં. [illegible] કોઈ) ૧૦૮૪*માં બન્યાનું લખે છે તે બરાબર લાગતું નથી. કારણ

* સં. ૧૦૮૪નું [illegible]
જોઈએ, છતાં મુનિ શ્રી [illegible]
નું પ્રમાણ તે [illegible]

કે (૧૦૨૪માં મૂળરાજનું રાજ્ય હતું, અને સં. ૧૦૮૦માં કે) સં. ૧૦૮૪માં પાટણમાં દુર્લભરાજનું રાજ્ય નહીં પણ ભીમદેવનું રાજ્ય હતું."

—ઇતિહાસમહોદધિ સાક્ષર મુનિ શ્રીકલ્યાણવિજયજીની પ્રભાવક ચરિતના ગુજરાતી ભાષાંતરની પ્રસ્તાવના.

તત્કાલીન પ્રાચીન પ્રમાણથી જિનેશ્વરસૂરિને 'ખરતર' એ બિરુદ મળ્યું અને તે મળ્યું તો અમુક વર્ષમાં મળ્યું એ શોધી કાઢી બતાવવામાં ઐતિહાસિક સંશોધકોએ પ્રયાસ સેવવા યોગ્ય છે. આ વિષય પર લેખક મહાશયને સં. ૧૧૭૦ની લખેલી પટ્ટાવલી× જોવા મળી છે, તેમાં જિનેશ્વરસૂરિને 'ખરતર' બિરુદ મળ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે અને તે વિષય પર વિશેષ વિચાર લેખક મહાશય એક સ્વતંત્ર નિબંધ રૂપે પ્રગટ કરશે એમ પૃ. ૧૧ની ટિપ્પણમાં પોતે જણાવે છે; તો આ નિબંધ પ્રગટ થએ વિશેષ પ્રકાશ પડવાની આશા રહે છે.

બૃહત્‌ખરતરગચ્છની પટ્ટાવલીમાં શ્રીમાન્ પ્રભુ મહાવીરથી ઉક્ત જિનેશ્વરસૂરિનું સ્થાન ૪૦મું છે, ત્યાર પછી તેની પટ્ટપરંપરામાં પ્રસ્તુત પુસ્તકના નાયક છઠ્ઠા જિનચન્દ્રસૂરિનું સ્થાન ૬૧ મું છે.

નાયકના ચરિતમાં બીકાનેરના મંત્રી કર્મચન્દ્ર અગત્યનો ભાગ ભજવે છે. તેમના દ્વારા સમ્રાટ અકબર સાથે મેળાપ—પરિચય, જીવવધત્યાગ—અમારિનાં ફરમાન, શાહજાદા સલીમ તથા અમીર ઉમરાવ સાથે પિછાન, સલીમ પાદશાહ થતાં

×આ પટ્ટાવલી તે છે જેનું અવતરણ દેસાઈ મહોદયે અમારી સૂચનાનુસાર આ ગ્રં૦ સંસ્કરણની પ્રસ્તાવનાના પૃ. ૩૬માં આપેલ છે.

તેણે સાધુઓ પ્રત્યે તિરસ્કારથી-કાઢેલ હુકમનું રદ કરાવવું વગેરે અનેક બિનાઓથી નાયકનું ચરિત્ર રસભર્યું અને માહિતીવાળું છે. તેને યોગ્ય ન્યાય આપવા માટે લેખક મહાશયે ઘણી મહેનત લઈ તત્કાલીન સાહિત્યમાંથી ઘણી વિગતો એકઠી કરી તેને અનુક્રમમાં સરલ અને રુચિકર ભાષામાં પ્રયોજી એક સત્ય જીવનચરિત આલેખી પ્રકટ કર્યું છે, તે માટે લેખક મહાશયને અભિનંદન ઘટે છે.

કર્મચન્દ્ર મન્ત્રી સંબંધી, ગુણવિનય ઉપાધ્યાય કૃત 'કર્મચન્દ્ર મન્ત્રી પ્રબન્ધ' ગુજરાતી પદ્યમાં સં. ૧૬૫૫ માં રચેલો બહાર પડયો તે પરથી આપણે જાણતા થયા હતા અને મુનિ શ્રીવિદ્યાવિજયજીએ 'સૂરીશ્વર અને સમ્રાટ'માં પૃ. ૧૫૩-૫૪ પર ટૂંકમાં હકીકત જણાવી છે પણ તે ગુજરાતી પ્રબંધ તે ગુણવિનયનાજ ગુરુ જયસોમ ઉપાધ્યાયે સંસ્કૃતમાં સં. ૧૬૫૦ માં અકબરના 'રાજ્યદિનથી ૩૮ મા વર્ષે લાહોરમાં પ્રબંધ રચ્યો હતો, તેના પરથી ગુણવિનયે કર્યો હતો, અને તે સંસ્કૃત પ્રબંધપર તેજ ગુણવિનયે સંસ્કૃતમાં વ્યાખ્યા સં. ૧૬૫૬ માં 'શ્રીતોસામપુરે કર્મચન્દ્ર મન્ત્રીના આગ્રહથી રચી પૂરી કરી હતી, તે પ્રસિદ્ધ ઇતિહાસ રસિક શ્રીમાન્ પૂરણચન્દજી નાહર એમ. એ, બી. એલ; પાસેથી મને પ્રાપ્ત થઈ હતી અને તે પરથી તેમજ શ્રીયુત ઉમરાવસિંહજી ટાંકના અંગ્રેજી ચરિતમાંથી હકીકત લઇને અનુક્રમે મારા "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" નામના પુસ્તકમાં પારા ૮૩૬ થી ૮૪૪ માં તેમજ મુનિ શ્રીજિન-વિજયજી સંપાદિત જૈન ઐતિહાસિક કાવ્ય સંચયની પ્રસ્તાવનામાં મેં વિશેષ હકીકત આપી હતી. [તે સંસ્કૃત

મૂળ પ્રબંધ 'કર્મચંદ્રવંશોત્કીર્ત્તનકં કાવ્યમ્' એ નામે રાયબહાદુર ગૌરીશંકર ઓઝાજીએ સંપાદિત કરી હિંદી અનુવાદ સહિત સન્ ૧૯૨૮ માં છપાવ્યો છે, પણ હજુ સુધી જનતા સમક્ષ પ્રકટ થયો નથી, વળી ખરી ઉપયોગી તેના ઉપરની ગુણવિનયકૃત સંસ્કૃત ટીકા હજી સુધી છપાઈ નથી, એ દુર્ભાગ્યનો વિષય છે. [જૂઓ જૈન યુગ પુસ્તક ૫, પૃ. ૪૯૦ થી ૪૯૪]

લેખક મહાશયોએ વિશેષ શોધખોળ કરી ઉકત કર્મ-ચન્દ્ર મન્ત્રીના જીવન અને વંશજનું વિશ્વસનીય ચિત્ર રજૂ કર્યું છે તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

સમ્રાટ અકબરને જૈનસાધુઓથી આછો આછો પરિચય સં. ૧૬૩૯ પહેલાં થયો હતો, પણ તેના પર પ્રબલ અવિચલ અને વ્યાપક અસર કરનાર જૈન તપાગચ્છના આચાર્ય શ્રી હીરવિજયસૂરિ હતા એ નિર્વિવાદ છે; અને પછી તે અસર કાયમ રાખનાર તેમનું શિષ્યમંડળ વિજયસેનસૂરિ, ભાનુચંદ્ર આદિનું હતું. તેનું એકજ દૃષ્ટાન્ત બસ થશે કે અકબરના મિત્ર અને મંત્રી જેવા વિદ્વાન્ અબુલફજલે ઉર્દુ ભાષામાં લખેલા 'આઈન-ઇ-અકબરી' નામના પ્રસિદ્ધ પુસ્તક પરથી જણાય છે કે, અકબરે પોતાની ધર્મસભાના સભ્યોને પાંચ વિભાગમાં વિભક્ત કર્યા હતા, તે બધામાં મળીને કૂલ ૧૪૦ સભ્યો હતા. પહેલા વર્ગના ૨૧ સભ્યો છે, તેમાં પ્રથમનાં બાર નામો મુસલમાનોનાં છે, અને સોળમું નામ હીરજીસૂર (હીરવિજયસૂરિ)નું છે; ને પાંચમા વર્ગમાં વિજયસેન અને ભાનુચંદ્રને મૂકેલા છે.

આ રીતે જૈનોમાંથી ત્રણ પ્રસિદ્ધ વ્યક્તિઓ બધી તપા

ગચ્છના સાધુઓ અકબરની ધર્મસભાના સભ્યો તરીકે મૂકાએલા છે, પરન્તુ ખરતરગચ્છના આચાર્ય જિનચંદ્રસૂરિ કે અન્ય પ્રસિદ્ધ વ્યક્તિ તેમાં દાખલ કરેલ નથી. અબુલફજલનું ખૂન સલીમે (જહાંગીરે) સન ૧૬૦૨ની ૧૨મી ઓગસ્ટે (સં. ૧૬૫૯માં) કરાવ્યું, જ્યારે તેના મરણ પહેલાં દશ વર્ષે જિનચન્દ્રસૂરિને સં. ૧૬૪૯માં લાહોરમાં યુગપ્રધાનપદ મળ્યું અને અકબર બાદશાહની સાથે તેમનો અને તેમના શિષ્ય જિનસિંહસૂરિનો વિશેષ પરિચય થયો, છતાં તે બન્નેમાંથી એકકેનો તેમજ સમયસુંદર આદિ વિદ્વાન્ વ્યક્તિનો પણ સમાવેશ આઇન – ઈ – અકબરીમાં કરવામાં આવ્યો જણાતો નથી.*

---

*આઇન-ઈ-અકબરીમાં ભલે ઉલ્લેખ ન મળે, પરંતુ એથીયે અધિક મહત્ત્વનો ઉલ્લેખ અષ્ટાન્હિકા ફરમાન પત્રમાં છે. સમ્રાટ અકબર સ્વયં જિનચંદ્રસૂરિજીનો પ્રભાવ આ પ્રમાણે વ્યક્ત કરે છે:—

" इससे पहले शुभ चिन्तक तपस्वी जिनचन्द्रसूरि खरतर हमारी सेवामें रहता था। जब उसकी भगवद्भक्ति प्रकट हुइ तब हमने उसको अपनी बडी बादशाहीकी महरबानियोंमें मिला लिया."

(આ ગ્રંથના પરિશિષ્ટ 'ગ'માં જૂઓ)

શ્રીજિનસિંહસૂરિનોય ઉલ્લેખ સમ્રાટ અકબર અને જહાંગીર બન્ને આ પ્રકારે કરે છે:-

" इन दिनों आचार्य जिनसिंहसूरि उर्फ मानसिंहने अर्ज कराई कि पहले जो ऊपर लिखे अनुसार हुकम हुआथा वह खो गया है. इस लिये हमने उस फरमान के अनुसार नया फरमान इनायत किया है।" (ઉક્ત ફરમાન પરિ. (ગ).

" इन सेवडोंके दो पंथ हैं, एक तपा दूसरा करतल (खरतर). मानसिंह (जिनसिंहसूरि) करतलों (खरतरों)

શ્રીમાન્ જિનવિજયજી પ્રાચીન શિલાલેખ સંગ્રહના બીજા ભાગમાં પોતાના અવલોકન પૃ. ૩૬માં કથે છે કે:–

'સં. ૧૬૩૯થી ૧૬૬૦ સુધી અકબરને જૈન વિદ્વાનોનો સતત સહવાસ રહ્યો, તેમાં પ્રથમના દશ વર્ષોમાં તપાગચ્છનું અને પછીના દશ વર્ષમાં ખરતરગચ્છનું વિશેષ વલણ હતું એમ કહેવામાં કાંઈ હરકત નથી; પરંતુ સાથે એટલું તો અવશ્ય કહેવુંજ જોઈએ કે ખરતરગચ્છ કરતાં તપાગચ્છને વિશેષ માન મળ્યું હતું. અને બાદશાહ પાસેથી સુકૃત્યો પણ એ ગચ્છવાળાઓએ અધિક કરાવ્યાં હતાં.'

લેખકે હીરવિજયસૂરિ સંબંધી ટૂંક ઉલ્લેખ છઠ્ઠા પ્રકરણમાં કરી તેમનું સવિશેષ ચરિત જોવા વાચકને 'સૂરીશ્વર અને સમ્રાટ' એ પુસ્તકનો હવાલો આપી દીધો છે.

તપાગચ્છાચાર્ય હીરવિજયસૂરિ સં. ૧૬૩૯થી ૧૬૪૨ એમ ત્રણ વર્ષ અકબર બાદશાહ પર પ્રભાવ પાડી ગુજરાત પ્રત્યે વિહાર કરી ગયા ને પોતાના કેટલાક શિષ્યોને વખતો વખત તેના પરિચયમાં આવ્યે જાય તે માટે રાખતા ગયા. ત્યાર પછી ખરતરગચ્છાચાર્ય જિનચન્દ્રસૂરિએ સમ્રાટનું કર્મચન્દ્ર મંત્રી દ્વારા આમંત્રણ થતાં લાહોર જઈ અકબર બાદશાહને મળી પોતાનો અને પોતાના ધર્મનો પરિચય કરાવ્યો (લાહોરમાં પ્રવેશ સં. ૧૬૪૮ ફા.સુ. ૧૨) ત્યાર પછી તેમણે તથા તેમના શિષ્યમંડળે–જિનસિંહસૂરિ આદિએ તે અકબર બાદશાહ પર પોતાની અસર ચાલુ રાખી–એ સર્વે

का सरदार था और बाल (? भानु)चंद्र तपोंका, दोनों सदा स्वर्गवासी श्रीमान् (अकबर)की सेवामें रहते थे।

(જહાંગીરનામા, હિંદી લેખક)

વૃત્તાંતનું વર્ણન આ પુસ્તકમાં મનોહર રીતે કરવામાં આવ્યું છે. અત્રે સાથે સાથે એ પણ જોવાનું છે કે તપાગચ્છના વિજયસેનસૂરિને આમંત્રણ મળતાં તેઓ પણ લાહોર જઈ અકબર બાદશાહને મળ્યા. (તેમનો લાહોરમાં પ્રવેશ સં. ૧૬૪૯ જ્યેષ્ઠ સુદિ ૧૨) આવી રીતે તપાગચ્છના હીરવિજયસૂરિએ પોતે તેમજ પોતાના શિષ્ય પ્રશિષ્યોએ તેમજ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ અને તેમના શિષ્યાદિએ સમ્રાટ્ અકબર પર ધીમે ધીમે ઉત્તરોત્તર વિશેષ પ્રમાણમાં પ્રભાવ પાડી તેને જીવદયાના પૂરા રંગવાળો કર્યો હતો, એમાં કિંચિન્માત્ર શક નથી. એ વાતની સાક્ષી તે બાદશાહે બહાર પાડેલા ફરમાનો (કે જે પૈકી કેટલાંક અત્યારે પણ મળી આવે છે તે) પરથી, તેમજ અબુલફજલની આઈને અકબરી, બદાઉનીના અલ-બદાઉની, અકબરનામા વગેરે મુસ્લીમ લેખકોએ લખેલા ગ્રંથો પરથી પણ સ્પષ્ટ જણાય છે. (જૂઓ મારો 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પારા ૮૧૦) આ પ્રભાવ જેવો તેવો ન ગણાય. તેનાથી જૈન ધર્મની મહત્તા સમગ્ર હિંદમાં વિસ્તૃત થઈ અને બાદશાહને પણ તે ધર્મના અનુરાગી કરે એવા સમર્થ મહાપુરૂષો જૈનધર્મમાં પણ પડયા છે એમ સિદ્ધ થયું.

તેથી અકબર બાદશાહ જૈનધર્મી થયો, એમ માનવાનું નથી. તેણે અનેક ક્રાંતિકારી ફેરફારો કર્યા હતા, તે પૈકી પોતાના રાજ્યવર્ષથી એક સંવત નામે 'સન્ ઈલાહી' ચલાવવાનું, અને એક સામાન્ય ધર્મ નામે 'દીન-ઈ-ઈલાહી' પ્રવર્તાવવાનું તેને પોતાના મનમાં સ્ફુર્યું હતું; અને તેમાં તે કેટલેક અંશે પોતાના રાજ્યકાલમાં ફલિભૂત થયો, પણ પોતાના મરણ પછી તે બન્ને વિફલ થયા

પોતે કાઢવા ધારેલા સામાન્ય ધર્મની સામગ્રી મેળવવા જૂદા જૂદા ધર્મોના વડાઓને બોલાવી તે તે ધર્મના મુખ્ય સિદ્ધાંતો, આચાર, વિધિ વિધાનો જાણવા પુષ્કળ પ્રયાસ કર્યો. એ રીતે હિંદુ, જૈન, પારસી, ખ્રિસ્તી વગેરેના ધાર્મિક સિદ્ધાંત જાણવા તે તે ધર્મના, અગ્રણી વિદ્વાનો આચાર્યોને બોલાવી તેમની સાથે પોતે કલાકોના કલાકો ગાળતો. જૈન ધર્મના વડા તે વખતે તપાગચ્છમાં હીરવિજયસૂરિ અને ખરતરગચ્છમાં જિન-ચંદ્રસૂરિ હતા પહેલાં હીરવિજયસૂરિને આગરા પાસે ફતેપુર (સીકરી) બોલાવી સંવત ૧૬૩૯ થી ૧૬૪૨ સુધીમાં તેમનો પરિચય સેવ્યો; ને તે સૂરિએ પછી પોતાના શિષ્યો શાંતિચંદ્ર, ભાનુચંદ્ર આદિને બાદશાહના નિકટ સમાગમમાં વખતો વખત આવે તેમ રાખ્યા. પછી જિનચંદ્રસૂરિને લાહોર બોલાવી સં. ૧૬૪૮ ને ત્યાર પછીના વર્ષમાં તેમનો સમાગમ સેવ્યો; તે સૂરિએ પણ પોતાના પટ્ટધર શિષ્ય જિનસિંહસૂરિને તેના સમાગમમાં આવે તે માટે રાખ્યા હતા. સં. ૧૬૪૯ માં હીરવિજયસૂરિના પટ્ટધર શિષ્ય વિજયસેનસૂરિને લાહોરમાં બોલાવ્યા હતા. આ રીતે તપાગચ્છ અને ખરતરગચ્છ એમ બન્નેના અગ્રણી વિદ્વાનો પાસેથી જૈનધર્મના સિદ્ધાંતો આદિ જાણી અકબર બાદશાહે જીવદયા, જીવવધત્યાગ, અમુક દિવસોએ આખા દેશમાં પળાવો જોઈએ એ બાબતનાં, તેમના તીર્થોની રક્ષાનાં, તેઓને કોઈ અડચણ ન કરે એ બાબતનાં, જિજિયાવેરો બંધ કરવાનાં વગેરે અનેક ફરમાનો કાઢી આપ્યાં, તે પરથી તે ધર્મગુરુઓનો પ્રભાવ કેટલો બધો અકબર બાદશાહ પર પડયો હતો તેનો સારો ખ્યાલ આવી શકે તેમ છે, આ માટે તે બન્ને આચાર્યો હીરવિજયસૂરિ અને જિન-ચન્દ્રસૂરિનાં વિસ્તૃત જીવનચરિત્રો વાંચવા જોઇએ.

હવે તે બન્ને આચાર્યો અને તેમના પટ્ટધરોની કાલક્રમ આદિની કંઈક ટુંક માહિતી સરખામણી અર્થે નીચેનાં કોષ્ટક રૂપે જોઈએ—

	હીરવિજયસૂરિ	જિનચન્દ્રસૂરિ	વિજયસેનસૂરિ	જિનસિંહસૂરિ
૧ જન્મ સંવત્	૧૫૮૩	૧૫૯૫	૧૬૦૪	૧૬૧૫
૨ જન્મ સ્થળ	પાલણપુર	તિમરી-વડલી	નાડુલાઈ (મારવાડ)	ખેતાસર
૩ જન્મ નામ	હીરજી	સુલતાણ	જયસિંહ (જેસંગ)	માનસિંહ
૪ જ્ઞાતિ	વીસા ઓસવાલ	વીસા ઓસવાલ	વીસા ઓસવાલ	વીસા ઓસવાલ
૫ પિતા	કુંરા (કુંવરજી)	શ્રીવંતશા	કમાશા	ચાંપાશા
૬ માતા	નાથી	સિરિયાદે	કોડાંદે	ચાંપલદે
૭ દીક્ષા સંવત્	૧૫૯૬	૧૬૦૪	૧૬૧૩	૧૬૨૩
૮ દીક્ષા નામ	હીરહર્ષ	સુમતિધીર	જયવિમલ	મહિમરાજ
૯ દીક્ષાગુરુ	વિજયદાનસૂરિ	જિનમાણિક્યસૂરિ	વિજયદાનસૂરિ	જિનચન્દ્રસૂરિ
૧૦ ગચ્છનામ	તપા	ખરતર	તપા	ખરતર
૧૧ સૂરિપદ સં.	૧૬૧૦	૧૬૧૨	૧૬૨૮	૧૬૪૯
૧૨ પરિચિત નૃપ	અકબર	અકબર અને જહાંગીર	અકબર	અકબર અને જહાંગીર
૧૩ સ્વર્ગ સંવત્	૧૬૫૨	૧૬૭૦	૧૬૭૨	૧૬૭૪
૧૪ સ્વર્ગગમન સ્થળ	ઉના (કાઠિયાવાડ)	બિલાડા-મેનાતટ	ખંભાત-અકબરપુરા	બિલાડા-મેનાતટ×
૧૫ પટ્ટધર	વિજયસેનસૂરિ	જિનસિંહસૂરિ	વિજયદેવસૂરિ	૧ જિનરાજસૂરિ (નૈષધ કાવ્ય ટીકાકાર); ૨ જિનસાગરસૂરિ
૧૬ મુખ્ય કૃતિનામ	જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ ટીકા	પૌષધવિધિ પ્રકરણ વૃત્તિ	સૂક્તાવલી	

×મેન્નાતટ નહીં કિંતુ 'મેદિનીતટ-મેડતા' હોવું જોઈએ.

હીરવિજયસૂરિના ચરિતમાં કોઈ ખાસ અગમ્ય ચમત્કાર જણાતો નથી, જ્યારે જિનચન્દ્રસૂરિના ચરિતમાં પંચનદી સાધનાનો ચમત્કાર (પ્રકરણ ૧૦મું) આપવામાં આવેલ છે. તેમજ બીજા ચમત્કાર ૧૬મા પ્રકરણમાં જણાવ્યા છે. બન્નેનું આયુષ્ય લગભગ સરખું ૬૯ અને ૭૫ વર્ષનું હતું. પ્રથમનાં બીજાથી વયમાં (શ્રીહીરવિજયસૂરિ ચરિત્રનાયકથી બાર વર્ષ અગાઉ જન્મેલા). ૧૨ વર્ષ મોટા હતા. બન્નેએ અકબર બાદશાહ પર પ્રભાવ પાડી 'અમારી'નાં ફરમાન અનુક્રમે મેળવ્યાં હતાં. અને જિનચન્દ્રસૂરિને આપેલ તે પ્રકારના ફરમાનમાં હીરવિજયસૂરિને અગાઉ અપાએલ ફરમાનનો ઉલ્લેખ છે બન્નેને સમ્રાટ અકબરે 'જગદ્‌ગુરુ' અને 'યુગપ્રધાન' એમ અનુક્રમે પદ–બિરુદ આપ્યાં હતાં. બન્નેનો શિષ્ય પરિવાર બહોળો હતો. બન્નેના શિષ્ય પ્રશિષ્યોએ અનેક ગ્રન્થો સંસ્કૃત પ્રાકૃત અને દેશી ભાષામાં રચેલા સાંપડે છે. બન્ને શાસન પ્રભાવક પુરુષ હતા. અને પોતપોતાના ગચ્છમાં પ્રભાવશાળી અગ્રણી નાયક હતા.

અકબર બાદશાહે ખુદ શ્રીજિનચન્દ્રસૂરિને 'યુગપ્રધાન' પદવી આપી હતી તેથી આ ગ્રંથનું નામ 'યુગપ્રધાન શ્રી જિનચન્દ્રસૂરિ' અન્વર્થક છે. તેમાં જૂદા જૂદા પ્રકરણો રાખી વિષયને કાલાનુક્રમે લેખકે વિશેષ વિકસિત અને વિસ્તૃત બનાવ્યો છે, તે પ્રકરણોનાં નામો આ પ્રમાણે છે:-

૧. પરિસ્થિતિ. ૨. સૂરિપરંપરા. ૩. સૂરિપરિચય. ૪. પાટણમાં ચર્ચાજય. ૫. વિહાર અને ધર્મ પ્રભાવના ૬. અકબર આમંત્રણ. ૭. અકબર પ્રતિબોધ. ૮. 'યુગપ્રધાન' પદપ્રાપ્તિ ૯. સમ્રાટ પર પ્રભાવ. ૧૦. પંચનદી સાધના અને

પ્રતિષ્ઠાઓ. ૧૧. મહાન શાસનસેવા. ૧૨. નિર્વાણ. ૧૩. વિદ્વાન શિષ્ય સમુદાય. ૧૪. આજ્ઞાનુવર્ત્તિ સાધુસંઘ. ૧૫. ભક્ત શ્રાવક ગણ. ૧૬. ચમત્કારિક જીવન અને અવશેષ ઘટનાઓ.

તદુપરાંત પરિશિષ્ટમાં બે વિહાર-પત્રો, ક્રિયાઉદ્ધાર નિયમપત્ર, સામાચારી પત્ર, બે શાહી ફરમાનો, એક પરવાનો, સાંવત્સરિકપત્ર, આદેશપત્ર, પ્રશસ્તિપત્ર, વિજ્ઞપ્તિપત્ર, આચાર્ય કૃત અષ્ટમદ ચૌપાઈ, સંસ્કૃતમાં પંચતીર્થી સ્તવન, પાર્શ્વનાથ સ્તવન એ ઉપયોગી જ્ઞાતવ્ય હકીકતો રજૂ કરી છે. તેથી ચરિત્રનાયક સંબંધીની તાત્કાલિક લગભગ ઘણીખરી બિનાઓ, તે વખતનું વાતાવરણ, ખરતરગચ્છ અને તે ગચ્છના મુનિ શ્રાવકો આદિનાં વૃત્તાંત આપણને પ્રાપ્ત થાય છે.

લેખક મહાશયની લેખન પ્રવૃત્તિ પરથી કહેવુંજ પડશે કે તેમણે પોતે પુરાતત્ત્વરસિક હોવાથી તેમજ ખરતરગચ્છના અનુયાયી હોઈને પોતાના બીકાનેરમાં રહેલા પુસ્તકભંડારો તપાસવાની સગવડ સુભાગ્યે મળવાથી તેમાંથી શોધ કરી ઐતિહાસિક સામગ્રી એકત્રિત કરી તેને વ્યવસ્થિત ગોઠવવામાં અને તેનો શુભ તથા યથાસ્થિત ઉપયોગ કરવામાં કોઈ જાતની કસર રાખી નથી એ સમગ્ર પુસ્તકના પૃષ્ટે પૃષ્ટે દૃષ્ટિગોચર થાય છે. પોતે રહ્યા શ્રીમન્ત વ્યાપારી, બીકાનેર, કલકત્તા, સિલહટ, બોલપુર, ચાપડ, બાલુરહાટ વગેરે સ્થળોએ પોતાની ધંધાની પેઢીઓ અને તેને લગતા વ્યવસાયો પોતાને સંભાળવાના રહ્યા, છતાં તે સર્વનો વહીવટ કરવાની સાથે આ જાતનું સાહિત્ય કાર્ય અખંડ ચાલુ રાખે એ, ખરેખર તેમનાં ધર્માનુરાગ અને તદર્થે પ્રીતિશ્રમને (Labour of love) આભારી છે.

એ પણ નોંધવા જેવું છે કે બીકાનેરના ઘણા વખતથી બંધ રહેલા પુસ્તક ભંડારો જોવા તપાસવાની મહામહેનતે પ્રાપ્ત થએલી તક લેખકને ન મળી હત, તો આ ગ્રન્થની અનેક હકીકતો પ્રકાશમાં આવી શકી ન હત. જૈન પુસ્તક ભંડારો સ્થળે સ્થળે વિદ્યમાન છે, પણ તે એવી સ્થિતિમાં છે કે તેનો લાભ વિદ્વાનો પુરાતત્ત્વના શોધકોને પણ મળી શકતો નથી એ અતિશોકનો–દુર્ભાગ્યનો વિષય છે. આ વખતે અમદાવાદમાં એક પુસ્તકાલયનો પાયો નાંખતાં પુસ્તકાલયનાં મકાન, વ્યવસ્થા અને જૈનસંઘના ગ્રંથ ભંડારોની દશા સંબંધી મહાત્માજીએ કેટલીક ઘણી મહત્ત્વની સૂચનાઓ કરી છે. છેલ્લે છેલ્લે થોડો દર્દભર્યો વિનોદ પણ કર્યો છે. તે અહીં અવતારવાનું રોકી શકાતું નથી. તેઓ કહે છે "ગુજરાતમાં જૈનધર્મના પુસ્તકોના ઘણા ભંડાર છે પણ તે વાણીઆને ઘેર છે. તેઓ એ પુસ્તકોને સુંદર રેશમી વસ્ત્રોમાં વીંટાળીને રાખે છે. પુસ્તકોની એ દશા જોઈ મારૂં હૃદય રડે છે, પણ જો રડવા બેસું તો હું ૬૩ વર્ષ જીવું પણ શી રીતે? પણ મને તો એમ થાય છે કે જો ચોરીનો ગુન્હો ન ગણાતો હોય તો એ પુસ્તકો હું ચોરી લઉં અને પછી એમને કહું કે તમારે માટે એ લાયક નહોતાં માટે મેં ચોરી લીધાં. વણિકો એ ગ્રંથોને નહીં શોભાવે, વણિકો તો પૈસા ભેગા કરી જાણે અને તેથીજ આજે જૈનધર્મ જૈનસાહિત્ય જીવવા છતાં સુકાઈ ગયાં છે. ધર્મ પૈસાના ઢાલામાં કેમ પડે? પૈસો ધર્મના ઢાલામાં પડવો જોઈએ!

આ પરથી શ્રીયુત 'સુશીલ' નામના સુપ્રસિદ્ધ પત્રકાર જણાવે છે કે "મહાત્મા ગાંધીજી જેવા સાત્વિક વૃત્તિવાળા

પુરૂષને જૈન ગ્રન્થાલયોનાં રેશમી વસ્ત્રોથી વીંટળાએલા, ગર્ભશ્રીમન્તના લાડકવાયા પુત્રની જેમ પંપાળાતા ગ્રન્થો ચોરવાનું મન થાય એ આપણે સારૂ એક સરસ પ્રમાણપત્રજ ગણાય. આપણે એની જેવી જોઈએ તેવી વ્યવસ્થા કરી શક્યા નથી, એનાથી જગતને અને આપણને પોતાને જે લાભ મળવો જોઇએ તેનાથી આપણે વંચિતજ રહ્યા છીએ. અને એનું કારણ આપણે વિદ્યા, સાહિત્ય, જ્ઞાન કરતાં પણ ધનવૈભવને વિશેષ અગત્યનું આસન આપ્યું છે એજ છે એમ તેમના કહેવાનો મુખ્ય આશય છે. જુદાં જુદાં સ્થાનોએ, જુદી જુદી માલિકીના અનેક ગ્રંથભંડારો હોય તેનાં કરતાં સાર્વજનિક અને મુખ્ય સ્થળે ગ્રન્થસમૃદ્ધ પુસ્તકાલયો હોય એ વધુ ઈચ્છવા યોગ્ય છે. મર્યાદિત દ્રવ્ય અને શક્તિથી એનું સુયોગપણે સંરક્ષણ અને પ્રચાર પણ થઈ શકે. આવી સીધી સાદી વાત પણ આપણા વ્યવહારદક્ષ આગેવાનોને ગળે હજી ઉતરતી નથી.”

લેખક મહાનુભાવોએ અન્ય માલેકીના પુસ્તક ભંડારોને તપાસવા જેટલી સગવડ મેળવી તેનો અને તેટલો ઉપયોગ કરવાનો ઉદ્યમ કર્યો, એટલું જ નહીં પરંતુ પોતે પણ પોતાના માટે અનેક ગ્રંથોનો જબરો સંગ્રહ દ્રવ્ય ખરચી બીકાનેરમાં કર્યો છે કે જે જોવા આવવાનું આમંત્રણ સને કરતાજ આવ્યા છે. એ સંગ્રહનો એક સાર્વજનિક સંગ્રહસ્થાન તરીકે જનતાને લાભ મળે એવો પ્રબંધ કરવાની તેમની અભિલાષા છે તે સત્વર પાર પડો !

'સૂરીશ્વર અને સમ્રાટ' એ પુસ્તકમાં અકબર બાદશાહ તેની સાથે સંબંધ ધરાવતી અન્ય વ્યક્તિઓ, [illegible] વગેરે સંબંધી જૈનેતર સાધનો દ્વારા ઐતિહાસિક [illegible]

મૂકવામાં આવી છે તેથી આ પુસ્તકમાં તે સંબંધી નિર્દેષ કરવાથી લેખક મુક્ત રહ્યા છે તે સુઘટિત છે.

જીવન ચરિત્રના પુસ્તકમાં ઉપદેશાત્મક વિવેચનો વધુ પાનાં રોકે તો તે અંદરના ઇતિહાસને લગભગ ઢાંકી દઈને વાંચકને મુદ્દાની વાતથી જ વિમુખ બનાવી દે તેવી ધાસ્તી છે. પુસ્તકનો હેતુ કદાચ જૈન ધર્મનો યશ પ્રદ્યોત બતાવવાનો હોય, તેની ફિકર નથી, પરન્તુ ધર્મનાં ઉપરછલાં વિવેચનોને લીધે પુસ્તકની ઐતિહાસિક મહત્તા જાંખી પડે છે એ ધ્યાન બહાર રહેવું ન જોઈએ.

આ પુસ્તકના લેખક તથા 'સૂરીશ્વર અને સમ્રાટ'ના લેખક મુનિ પોતાના ઐતિહાસિક શોધને હરદમ સિંચન કર્યા કરે અને ભવિષ્યમાં વિશેષ અંધકાર ભેદીને એવીજ સાચી ધાતુ કશા મિશ્રણ વિના આપણી સમક્ષ મૂક્યાં કરે, એમ ઇચ્છીશું.

જૈન સંઘ એ એક વિરાટ વટ વૃક્ષ છે. તેના થડમાંથી ફુટેલી શ્વેતામ્બર અને દિગમ્બર નામની બે મહતી શાખાઓ છે, અને એ શાખાઓમાંથી ગચ્છો, સંપ્રદાય, જ્ઞાતિઓ, પેટા-જ્ઞાતિઓની કોઈ અજબ રીતે પાંગરેલી ડાળીઓ છે, કે જેથી બધી દીશાઓ ભરાઈ ગઈ હોય તેવું કલ્પનામાં આવે છે, તે વિરાટ વૃક્ષનાં મૂળ જેટલા ઉંડા છે તેટલી જ તેની શાખાઓ હરીભરી છે, ડાળીએ ડાળીઓ પુષ્પોની અને ફળોની બહાર જામી પડી છે, તે વૃક્ષની શાખાએ શાખાએ ડાળીએ ડાળીએ સદા પ્રભાવશાળી પુરુષોની કીર્તિ સુવાસ મ્હેકી રહી છે, શાખાઓ ડાળીઓ જાણે કે પરસ્પર સાત્વિક સ્પર્ધા કરતી હોય એમ લાગશે.

સંઘ તો અવિભક્ત રહેવો જોઇએ, એ સિદ્ધાંત ઘણો

સુંદર અને આદરણીય છે, પણ પ્રકૃતિ પોતે એનો વિરોધ કરે છે, વૃક્ષનું થડ ભલે એક અને અખંડ હોય પણ એટલામાંજ એનું સામર્થ્ય સમાઈ જતું નથી, શાખાના વિસ્તારમાં જ એનાં બળ અને રસની સાચી સાર્થકતા છે, ખજૂરી અને નાળિયેરીનાં ઝાડ સીધાં વધ્યે જાય છે, પણ એની ઉપમા આર્ય સંસ્કૃતિના પ્રતિનિધિને આપી શકાતી નથી, વડ તો હિંદુસ્થાનની ભૂમિમાં જ ફાલે ફુલે છે; અને આર્ય સંસ્કૃતિની વિરાટતા તથા ભવ્યતા પણ એ વટવૃક્ષ દાખવે છે એનું બીજ સૂક્ષ્મ છે, પણ કાળની સામે ઝૂઝવાની એનામાં તાકાત છે, એનો વિસ્તાર પણ એટલો અસાધારણ હોય છે, એની એકેએક શાખા એક વૃક્ષના વિસ્તારની હરીફાઈ કરે છે. જૈનસંઘ એ રીતે જૂદા જૂદા ગચ્છો, સંપ્રદાયોમાં વિસ્તાર પામ્યો છે. અને એ બધામાં જે એકજ પ્રકારનો રસ વહી રહ્યો છે તે જોતાં જૈનસંઘ તત્વતઃ એક વિરાટ વટ વૃક્ષ નહીં તો બીજું શું છે?

એ વટ વૃક્ષની શ્વેતામ્બર શાખાની ત્રણ મુખ્ય ડાળીઓ હાલ વિદ્યમાન છે. ૧ ખરતર, ૨ તપા, ૩ અંચલ, એ નામના ત્રણ ગચ્છો. આ ત્રણે ગચ્છના આચાર્યોની પટ્ટપરંપરા પર દૃષ્ટિપાત કરીશું તો તેનામાં જૈનશાસનનો પ્રભાવ પ્રદર્શિત કરવાની પ્રબળ અને એકધારી ભાવના જાગ્રત હતી એમ જણાશે, હજુ તેમનો સળંગ, સવિસ્તર, અને શોધખોળથી મેળવેલી સામગ્રીવાળો ઇતિહાસ લખાયો નથી એ શોકની વાત છે, પણ જ્યારે તેવો લખાઈ બહાર પડશે ત્યારે જણાશે કે તે એક કીર્તિવંત ઇતિહાસ છે, આ શાખાઓ, ડાળીઓ ભિન્નભિન્ન હોવા છતાં તે સર્વનો મૂળ અને થડની સાથે ઘનિષ્ટ સંબંધ છે; છતાં બીજી દૃષ્ટિએ જોઈશું તો પ્રકૃતિના

નિયમ પ્રમાણે વિકાસ અને વિસ્તાર એ જેટલા સ્વાભાવિક છે તેટલાજ વિરોધ અને વૈષમ્ય પ્રત્યેક શાખાને માટે ભયંકર તેમજ પ્રાણ હાનિકર છે. આપણા ગચ્છોના ઈતિહાસમાં એ બન્ને વસ્તુઓ મળી આવે છે, આરંભનો ઇતિહાસ શૌર્ય અને ઔદાર્યથી અંકિત હોય છે, પણ એ પછી જેમજેમ વર્તમાનકાળની નજીક આવીએ છીએ તેમતેમ વિરોધ અને ભેદ ભયંકર રૂપ ધરતા જણાય છે. મનુષ્ય સ્વભાવ જાણે યુધ્ધશીલ હોય નહિ, તેમ નાની નિર્જીવ વાતો પર ઝઘડા થયાં કર્યા છે, પુરાતન વીર પુરૂષોનાં કથાનક સાંભળી તથા સંસ્મરી આપણે આલ્હાદ અનુભવીએ છીએ પણ વર્તમાન સ્થિતિનો સામનો કરવાનો અવસર આવે છે ત્યારે તો ઉછાળા મારતું ગરમ લોહી પણ જાણે કે થીજી જતું હોય એમ લાગે છે, આપણી સંઘ સંસ્થાનું બળ છિન્નભિન્ન થયું છે અને અન્ય સામાન્ય વિરોધીના હાથ મજબૂત બન્યા છે, હજુ પણ સમાજ ચેતશે ? અને આપસ આપસના કલેશથી તદ્દન મુકત રહેવાનું મન, વચન, કાયાએ પાળી શ્રીવીતરાગ પ્રભુના પોતે સાચા અનુયાયી છે એ સ્વતઃ સિધ્ધ કરશે ? સૌ પોતપોતાના સંગઠન યોજે, કુપ્રથાઓના દાસત્વને દૂર કરે અને જ્ઞાનના વિસ્તાર અર્થે કંઈક પણ સંગીન કામ કરી બતાવે તો સમુચ્ચયે સમગ્ર જૈનસંઘ સંગઠિત અને બળવાન બન્યા વિના ન રહે, એ નિર્વિવાદ છે.

ભૂતકાળની ભવ્યતાનું સંગીત દૂર દૂરથી આવતા સંગીતની પેઠે મનોરમ અને કર્ણપ્રિય લાગે છે અને માણસને મુગ્ધ બનાવે છે, તેમાંથી ઘણીખરી વિષમતા, કઠોરતા ઉડી જાય છે, દૂરદૂરથી વહી આવતા ઝરણનું પાણી જેમ નિર્મલતા પામે તેમ ભૂતકાળના સૂર પણ અધિક નિર્મલ બને છે, ક્ષેત્ર અને

કાળના અન્તરમાં વસ્તુને વિશુદ્ધ બનાવવાનું સ્વાભાવિક સામર્થ્ય છે, ઇતિહાસમાં ભભકભરી વિગતો મોટે ભાગે ભરી હોય છે એ દેખાય છે, પ્રાચીન વધુ ભવ્ય લાગે છે ને ભૂતકાળનું ઘેન ચડે છે, આ વસ્તુ સ્થિતિથી ચેતવાનું છે.

વળી ભૂતકાળ વર્તમાનની સાથે સંકળાએલો રહે છે, એને સાવ ભૂંસી નાંખવાનો પ્રયત્ન કરનાર ગમે તેવી મહાન વ્યકિત કે પ્રજા હોય તોયે તે નિષ્ફળ નીવડવાની. કેટલાકની ફરિયાદ છે કે ભૂતકાળની અતિશયોકિતઓથી અને ભૂતકાળને જે ભવ્ય આકર્ષણીય રંગોથી રંગવામાં આવે છે, તેથી ઘણા વહેમો, પાખંડો, અનાચારો અને દંભો નભી રહ્યા છે, અને ભૂતકાળની ભવ્યતા ઘણીવાર માણસને આંજી નાંખે છે, અને યથાર્થ વસ્તુસ્થિતિ સમજવામાં અંતરાય રૂપ બને છે, રાજાઓ અને મોટા શ્રીમંતોની ખુશામત કરવામાં ઘણા સારા પંડિતો, કવિઓ અને તપસ્વીઓએ પણ પુરાતન સમયમાં મોટો ભાગ ભજવ્યો છે, અને એને લીધેજ ભૂતકાળ આટલો આકર્ષક બન્યો છે. ભૂતકાળના એ ઐશ્વર્યશાળી રાજાઓ અને ધનિકોની નબળાઈઓ નહોતી એમ બનેજ નહીં, તેમણે ગરીબોને ચૂસવામાં, નબળાને જીતવામાં, સામા થનાર પર જૂલમ કરવામાં પ્રજાને પીડવામાં જે કંઈ કર્યું હોય તેનો કંઈ પણ ઈસારો સરખો કરવામાં આવતો નથી, સમાજમાં રહેલા અનાચાર અત્યાચાર પણ લોકાચારને નામે ઓળખાતા હતા, અને જેમને એ જમાનાના એક મહાપુરૂષ ગણી શકાય તેમણે પણ એ અત્યાચાર સામે ઉંચી આંગળી કરવાની હિમ્મત નથી જણાવી, એટલે કે જુનું એટલું બધું સારૂં એમ ગણવું કે માનવું એ સત્યનો દ્રોહ છે, જે લોકાચાર કે રીતિનીતિ ઉપર 'પ્રાચીનતા'ની છાપ

પડી હોય તે પ્રત્યેક યુગમાં પવિત્ર અને ઉપકારકજ હોય એ પ્રમાણ છે.

એક વિદ્વાનના શબ્દોમાં ઇતિહાસ એટલે અવનવી પ્રેરણાનો પ્રેરક, પ્રજાઓનો આત્મદર્શક, પરમ વિશુદ્ધિકારક અનેક મંથનો જગાવનાર મહાપ્રાણ; એ મહાપ્રાણનું હાર્દ લેખકોની લેખનીઓના સ્પર્શથી ઉઘડે છે, અનેક કલમો એ મહાકાલના મનોમંદિરમાં પ્રવેશવા ચાલી છે, અને બંધ બારણાની ચીરાડો જોઈ પાછી વળી છે, ગર્ભદ્વારમાં દાખલ થનારી તો વિરલ છે. ઇતિહાસ એટલે હતું તેવું આલેખવું. પણ ખરેખર કેવું હતું એ કહેવું શકય નથી બન્યું. છતાં ઇતિહાસના કાલબલે પોતપોતાના યુગ-સંસ્કારના પડદા ઉપર ઝીલવા એ જ ઇતિહાસ લેખક કરી શકે તેમ છે. ઇતિહાસના બનાવોમાં ઉંડે ઉતરી અમૃતના અક્ષરો પાડવા એટલું તેની પાસેથી ઇચ્છીએ

જીવનચરિત્ર એ પણ ઇતિહાસનું એક અંગ છે, મહાન-પુરુષોના જીવન યુગને ઘડે છે, તેઓ યુગસર્જક છે, અને યુગને ઓળખતા મહાપુરુષો આપી રહે છે. તેમનાં જીવનમાંથી તેમનાં યુગનાં ઇતિહાસ આલેખે છે. વળી મહાપુરુષોના જીવન પ્રસંગો પ્રકાશ પાથરતી દીવાદાંડીઓ છે. તેનો અર્થ એ છે કે પુરુષો ચાલ્યા જાય છે, પણ એમનાં પુનીત સંસ્કારો રહી જાય છે, અને એ સંસ્કારો પ્રકાશની ગરજ સારે છે. સેંકડો ઉપદેશો કરતાં આવા જીવનપ્રસંગો શ્રોતાઓ અને વાચકોના દિલ ઉપર ઘણી અસર કરે છે. વળી એ પણ વિચારવાનું છે કે ધર્મના પ્રાણ પ્રસારક, પ્રવર્તકો અથવા પુનરુદ્ધારકો ધર્મની પ્રાણશક્તિના [illegible] છે. કે ધર્મપ્રચારને જરૂરને પ્રસંગે સંગઠન કે [illegible] નથી [illegible] ને પણ લાંબા કાળ સુધી ટકી [illegible] નદીઓનાં જલ [illegible] છે. [illegible] જરૂર

પડયે પ્રભાવકો, પ્રચારકો યુગપ્રધાનો અને ધર્મધુરંધરો એ વહેતા પ્રવાહને વિષે દેશ કાલને અનુસરી પુનર્ઘટનાના નવા સંસ્કારના પ્રાણ પૂરે છે, એ રીતે ધર્મ સંપ્રદાયો પોતાના અનુયાયીઓ અને અનુરાગીઓને આલોક તેમજ પરલોકના કલ્યાણમાં સાધનરૂપ બને છે.

ખરતર ગચ્છના એક મહાન આચાર્ય શ્રીજિનચન્દ્ર સૂરિનું જીવનવૃત્તાન્ત બહાર પાડી લેખક નાહટાજીએ એક સારી ઈતિહાસ સેવા કરી છે. ખરતરગચ્છીય સાધુઓએ જૈન શાસન અને સાહિત્યની ઘણી સેવા બજાવી છે. અને હજુ સુધી કાળના પ્રવાહમાં સદોદિત રહી તે ગચ્છ વિદ્યમાન છે. સામાન્ય રીતે એમ કહી શકાય કે પ્રાયઃ ગુજરાતમાં, પશ્ચિમ હિંદમાં તપાગચ્છના સાધુઓનો વિહાર અને પ્રભાવ જામી રહ્યો ત્યારે પ્રાય: મેવાડ, મારવાડ આદિ રાજપૂતાનામાં અને ઉત્તર હિંદમાં ખરતરગચ્છના સાધુઓનો વિહાર અને પ્રભાવ થતો રહ્યો. તપાગચ્છ વાળાનું સાહિત્ય ગુજરાતમાં તપાગચ્છીય શ્રાવકો અને સંસ્થાઓએ પ્રકટ કરવાનું સતત જારી રાખ્યું, જ્યારે દુર્ભાગ્યે ખરતરગચ્છીય સાહિત્યને વિશેષ પ્રમાણમાં સતત બહાર પાડવા અર્થે કોઈ જબરી સંસ્થા કે શ્રીમંત હજુ સુધી મળી શકેલ નથી. તેથી તેમનું સાહિત્ય બહુ અલ્પ પ્રકટ થયું છે. અને તે ગચ્છની શાસન સેવા પ્રકાશમાં પૂરતી રીતે આવી નથી.

લેખક શ્રી નાહટાજી ખરતરગચ્છ પ્રત્યેના અનુરાગથી પ્રેરાઈ તે ગચ્છની શાસન સેવા અને સાહિત્ય સંપત્તિ જનતા સમક્ષ મૂકવાના દૃઢ અભિલાષ સેવી રહ્યા છે. અને તેના પ્રથમ પ્રયાસરૂપે બે ત્રણ ગ્રન્થ બહાર પાડી આ જીવનચરિત્ર અનેક પ્રમાણો સહિત પરીશ્રમપૂર્વક લખી પ્રકટ કરે છે અને "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" નામનો સંગ્રહ પોતાની માહિતી ભરપૂર પ્રસ્તાવના સહિત થોડા સમય પછી પ્રકાશિત કરશે (કરી ચૂકયા છે), તે સ્તુત્ય છે. તેમની શુભેચ્છા પાર પડે એ સૌ કોઈ ઈચ્છશે.

મને આ પ્રસ્તાવના લખવા માટે ઉદ્યત કરી જે તક આપી છે તે માટે શ્રીયુત નાહટાજીનો હૃદયપૂર્વક આભાર માનું છું. ૨૨-૪-૩૫ ને દિને ટૂંકી પ્રસ્તાવના લખી મોકલ્યા પછી તેને જરા વિસ્તૃત કરવાની સૂચના થતાં તેમ મેં કરેલ છે. છતાં ય હું પૂરતો ન્યાય આપી ન શકયો હોઉં તો તે ક્ષંતવ્ય ગણી લેવાશે એટલી ખાત્રીભરી આશા સેવું છું.

સત્પુરુષ ચરણેચ્છુ,

મોહનલાલ દલીચંદ દેસાઈ,
બી. એ; એલએલ. બી; એડવોકેટ
B. A. LL. B. Advocate

તવાવાલા બિલ્ડીંગ
ત્રીજે માળે,
લોહાર ચાલ, મુંબઈ.
તા. ૨૪-૯-૩૫

સહાયક ગ્રન્થ સૂચી

ગ્રંથ નામ	લેખક, સંપાદક અથવા પ્રકાશક	રચનાકાળ

સંસ્કૃત-ગ્રંથ

×૧ કર્મચંદ્રવંશપ્રબંધ — ઉ. જયસોમ ગણિ (સં. ૧૬૫૦)
૨ કર્મચંદ્રવંશપ્રબંધવૃત્તિ — ઉ. ગુણવિનય (સં. ૧૬૫૬)
×૩ અષ્ટલક્ષી (પ્રશસ્તિ) — ઉ. સમયસુન્દર (સં. ૧૬૪૯)
(અનેકાર્થરત્નમંજૂષામાં પ્રકાશિત)
×૪ સામાચારી શતક — ઉ. સમયસુન્દર (સં. ૧૬૭૨)
×૫ કલ્પલતા (પ્રશસ્તિ) — ઉ. સમયસુન્દર (સં. ૧૬૮૫)
૬ મધ્યાહ્ન વ્યાખ્યાનપદ્ધતિ — વાદી હર્ષનન્દન (સં. ૧૬૭૩)
×૭ જૈન લેખ સંગ્રહ ભાગ-૧—લે. બાબૂ પૂરણચન્દ્રજી નાહર એમ. એ., બી. એલ.
×૮ ,, ભાગ-૨—જો ,, ,,
×૯ ,, ભાગ ૩—જો ,, ,,
×૧૦ ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ — સં. શ્રીજિનવિજયજી
×૧૧ પ્રાચીન જૈન લેખ સંગ્રહ ભાગ દ્વિતિય — સં. શ્રીજિનવિજયજી
×૧૨ જૈન ધાતુ પ્રતિમા લેખસંગ્રહ ભાગ-૧ — સં. શ્રીબુદ્ધિસાગર સૂરિજી
×૧૩ જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ-૨ — સં. શ્રીબુદ્ધિસાગર સૂરિજી

× આ નિશાની સૂચકવાળા પ્રકાશિત ગ્રંથો છે, જે ચિહ્નરહિત ગ્રંથો અપ્રકાશિત સમજવા.

૧૪ બીકાનેર જૈન લેખ સંગ્રહ સંગ્રાહક–અગરચન્દ, ભંવરલાલ
×૧૫ અપભ્રંશ કાવ્યત્રયી સં. પંડિત લાલચન્દ ભ૦ ગાંધી
×૧૬ ભાનુચન્દ્રચરિત્ર સિદ્ધિચન્દ્રજી
×૧૭ વિજય પ્રશસ્તિ કાવ્ય. મૂ. હેમવિજય ટી. ગુણવિજય (સં. ૧૬૮૮)
૧૮ પ્રશસ્તિ સંગ્રહ દ્વય P. C. હરિસાગરજી
૧૯ આચાર દિનકર પ્રશસ્તિ વાદી હર્ષનંદન (૧૬૬૯)
×૨૦ ષટ્સ્થાન પ્રકરણ પ્રસ્તાવના ખર. વિદ્વન્મુનિ મંગલસાગરજી
૨૧ પંચનદી સાધનવિધિ (અમારા સંગ્રહમાં)

પ્રાકૃત–ગ્રંથ—

૨૨ પાર્શ્વનાથ ચરિત્ર (પ્રશસ્તિ) દેવભદ્રાચાર્ય (સં ૧૧૬૮)

હિન્દી–ગ્રંથ—

×૨૩ ઓસવાલ જાતિકા ઈતિહાસ પ્ર. ઓસવાલ હિસ્ટ્રી પબ્લીશિંગ હાઉસ
×૨૪ રાજપુતાનેકે જૈન વીર લે૦ અયોધ્યાપ્રસાદ ગોયલીય
×૨૫ સૂરીશ્વર ઔર સમ્રાટ લે૦ મુનિ વિદ્યાવિજયજી
(મૂળ ગુજરાતી, અનુવાદ હિન્દી)
×૨૬ વિજય પ્રશસ્તિ સાર સં૦ મુનિ વિદ્યાવિજયજી
×૨૭ કૃપારસ કોપ સં૦ શ્રીજિનવિજયજી
×૨૮ ગણધર સાર્દ્ધશતક (ભાષાંતર) સં૦ શ્રીજયસાગરસૂરિજી
×૨૯ શ્રીજિનદત્તસૂરિ ચરિત્ર ભાગદ્વિ૦ સં૦ શ્રીજયસાગરસૂરિજી
×૩૦ મહાજનવંશ મુક્તાવલી લે૦ મહો૦ રામલાલજી
×૩૧ ઐતિહાસિક જૈનકાવ્ય સંગ્રહ, સં૦ અગરચંદ ભંવરલાલ નાહટા
×૩૨ યતીન્દ્ર વિહાર દિગ્દર્શન યતીન્દ્ર વિજયજી
×૩૩ વિજ્ઞપ્તિ ત્રિવેણી સં૦ જિનવિજયજી
×૩૪ અકબરી–દરબાર પ્ર. નાગરી પ્રચારિણી સભા, કાશી
×૩૫ જહાંગીરનામા મુન્શી દેવીપ્રસાદજી જોધપુર
×૩૬ ખાનખાનાનામા મુન્શી દેવીપ્રસાદજી ,,

×૩૭ બીકાનેર રાજ્યકા ઇતિહાસ પ્ર. વેંકટેશ્વર પ્રેસ, લે. કન્હૈયાલાલ
×૩૮ ભારતકે પ્રાચીન રાજવંશ સં૦ વિશ્વેશ્વરપ્રસાદ રેઉ.
×૩૯ સરસ્વતી (માસિક) સન ૧૯૧૨
×૪૦ નાગરી પ્રચારિણી પત્રિકા સં૦ ૧૯૮૧

ગુજરાતી–ગ્રંથ—

×૪૧ જૈનસાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ લે૦ મોહનલાલ દ. દેસાઇ બી. એ; એલ એલ બી.
×૪૨ જૈન ગુર્જર કવિઓ, ભાગ ૧લો ,,
×૪૩ જૈન ગુર્જર કવિઓ, ભાગ ૨જો ,,
×૪૪ જૈન ઐતિહાસિક ગૂર્જર કાવ્ય સંચય સં૦ શ્રીજિનવિજયજી
×૪૫ ઐતિહાસિક (જૈન) રાસ સંગ્રહ ભા. ૩જો સં૦ શ્રીવિજયધર્મસૂરિજી
×૪૬ ઐતિહાસિક (જૈન) રાસ સંગ્રહ ભા. ૪થો સં૦ શ્રીવિદ્યાવિજયજી
×૪૭ પ્રાચીન તીર્થમાલા સંગ્રહ સં૦ શ્રીવિજયધર્મસૂરિજી
×૪૮ શ્રીજિનચન્દ્રસૂરિજી સંક્ષિપ્ત જીવન ચરિત્ર પ્ર. શ્રીજિનદત્તસૂરિજ્ઞાનભંડાર, મુંબાઈ.
×૪૯ સવા–સોમા લે૦ ગોકુલદાસ દ્વારકાદાસ રાયચુરા
×૫૦ આનંદકાવ્ય મહોદધિ મૌ. ૭ પ્ર૦ દેવચંદલાલ પુ. ફંડ, સુરત.
×૫૧ ધર્મદેશના વિજયધર્મસૂરિજી
×૫૨ સમેતશિખર સ્પેશ્યલ ટ્રેન સ્મરણાંક પ્ર. વરવા જૈનમિત્રમંડળ
×૫૩ જૈનયુગ
×૫૪ આત્માનંદ પ્રકાશ, (માસિક)
×૫૫ "જૈન" (સાપ્તાહિક પત્ર) રૌપ્ય મહોત્સવ અંક
×૫૬ કોન્ફરન્સ હેરલ્ડ (ઇતિહાસ–સાહિત્ય અંક)
×૫૭ જૈન સાહિત્ય સંશોધક (ત્રૈમાસિક)

પ્રાચીન ભાષા-ગ્રંથ—

×૫૮ શ્રીજિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ, લબ્ધિ કલ્લોલ
○ પ્રઐ જૈ. કા. સં. સં. ૧૬૫૮
×૫૯ યુગપ્રધાન નિવાર્ણ રાસ સમય પ્રમોદ ,,
×૬૦ શ્રીપૂજ્ય વાહણ ગીત કુશલલાભ ,,
૬૧ શ્રીજિનચન્દ્રસૂરિ ગીત નં. ૧૦૮ } અનેકો સુકવિઓ
૬૨ શ્રીજિનસિંહસૂરિ ગીત નં. ૩૧ } (અમારા સંગ્રહમાં)
×૬૩ શ્રીજિનરાજસૂરિ રાસ શ્રીસાર (સં. ૧૬૮૧)
×૬૪ શ્રીજિનસાગરસૂરિ રાસ ધર્મકીર્તિ (સં. ૧૬૮૧)
×૬૫ શ્રીનિર્વાણ રાસ સુમતિ વલ્લભ (સં. ૧૭૨૦)
×૬૬ શ્રીહીરવિજયસૂરિ રાસ કવિ ઋષભદાસ (સં. ૧૬૮૫)
પ્ર. આ. કા. મહો. મૌ. ૫ મો
૬૭ પ્રશ્નોત્તર ગ્રન્થ (વિચારરત્ન સંગ્રહ) ઉ. જયસોમજી
૬૮ બેગડ (ખરતર) શાખા પટ્ટાવલી અમારા સંગ્રહમાં
૬૯ ખરતરગચ્છ પટ્ટાવલી શ્રીજિનકૃપાચંદ્રસૂરિ જ્ઞાનભંડાર
૭૦ ખરતરગચ્છ પટ્ટાવલિયો મોટો ઉપાસરો, બૃહત્ જ્ઞાનભંડાર
૭૧ જઇતિ પદવેલિ કનકસોમ (સં. ૧૬૨૫)
૭૨ શત્રુંજય યાત્રા પરિપાટી સ્તવન ગુણરંગ સં. ૧૬૧૬)
૭૩ શત્રુંજય યાત્રા પરિપાટી સ્તવન ગુણવિનય સં. ૧૬૪૪)
૭૪ શત્રુંજય યાત્રા પરિપાટી સ્તવન હર્ષનંદન સં. ૧૬૭૪)
૭૫ ,, ,, ,, ...
૭૬ વચ્છાવત (પદ્ય) વંશાવલી અમારા સંગ્રહમાં
૭૭ વચ્છાવત (ગદ્ય) વંશાવલી ,,
૭૮ ,, ,, વંશખ્યાત શ્રીજિનકૃપાચંદ્રસૂરિ જ્ઞાનભંડાર
૭૯ વાસુપૂજ્ય સ્તવન સમયરાજ
૮૦ ,, અપૂર્ણ
૮૧ પ્રશસ્તિ સંગ્રહ સંગ્રાહક—અગરચંદ, ભંવરલાલ નાહટા

૧૦૨ કુશલચંદ્ર સૂરિ પુસ્તકાલય કાશી
૧૦૩ હેમચન્દ્રસૂરિ પુસ્તકાલય પાટણ (ગુજરાત)
૧૦૪ ચુન્નીલાલજી યતિ સંગ્રહ અવલોકન નોટસ્
૧૦૫ પુનમચંદ્રજી યતિ સંગ્રહ સૂ. અગરચન્દ્રજી નાહટા
૧૦૬ જયપુર પંચાયતી ભંડાર (ખરતર) સૂ. ગણાધીશ હરિસાગરજી
૧૦૭ હરિસાગરજી પુસ્તકાલય, લોહાવટ
૧૦૮ કોટા ખરતર પંચાયતી ભંડાર સૂ. વીર પુત્ર આનંદ સાગરજી
૧૦૯ વીરપુત્ર આનંદ સાગરજી પુસ્તકાલય કોટા
૧૧૦ અંબાલા ભંડારસૂચિ સૂ. પ્રો. બનારસીદાસજી જૈન, એમ. એ
૧૧૧ ગુલાબ કુમારી લાયબ્રેરી (P. C) સૂચિ કલકત્તા
૧૧૨ નિત્યમણિ વિનય જૈન લાયબ્રેરી સૂચિ કલકત્તા
૧૧૩ રાયબદ્રિદાસજી મ્યુઝીયમ, અવલોકન નોટસ્
૧૧૪ પં. પ્ર. સૂર્યમલજી યતિ સંગ્રહ, કલકત્તા
૧૧૫ રોયલ એશિયાટીક સોસાયટી (જૈન ગ્રંથ સૂચિ) કલકત્તા
૧૧૬ નેમિચંદ્રાચાર્ય-ભંડાર સુચિ, કાશી
૧૧૭ નેમિનાથજી ભંડાર સુચિ, અજીમગંજ
૧૧૮ જ્ઞાનચંદ્રજી યતિ સંગ્રહ (અજીમગંજ) અવલોકન નોટસ્
૧૧૯ ફતેહસિંહજી કોઠારી સંગ્રહ (અજીમગંજ) અવલોકન નોટસ
૧૨૦ જિનદત્ત સૂરિ જ્ઞાન ભંડાર સૂચિ-સૂરત
૧૨૧ ભક્તિ વિજયજી ભંડાર-ભાવનગર (આત્માનંદ સભા)
૧૨૨ જૈનધર્મ પ્રસારક સભા પુસ્તકાલય ભાવનગર
૧૨૩ આણંદજી કલ્યાણજી ભંડાર, પાલીતાણા
૧૨૪ હેમચંદ્રસૂરિ પાઠશાળા પુસ્તકાલય, પાલીતાણા
૧૨૫ નરોત્તમદાસજી એમ એ સંગ્રહ અવલોકન નોટસ્


ઉપરાંત અનેક હસ્તલિખિત ગ્રન્થો, એની પ્રશસ્તિઓ, પટ્ટાવલિયો, વિજ્ઞપ્તિપત્રો; ડો. ભંડારકર, પીટર્સન, બુલ્હર આદિ કૃત રિપોર્ટો આદિ પ્રકાશિત, અપ્રકાશિત સેંકડો ગ્રન્થોનાં અવલોકન, અધ્યયન અને સહાયથી આ ગ્રન્થનું સંકલન થયું છે.

ॐ

જિનચન્દ્રસૂરિ

.કરણ

ઇતિહાસ અતિશય ઉજ્જવલ;
. ધાર્મિક શું કે સામાજિક
માત્ર ક્ષેત્રોમાં આ દેશનું
ભગવાન મહાવીર અને
રમ તત્ત્વવેત્તા મહાપુરુષો
થયા છે, કે જેમના ગહન
શિક્ષણમાં સર્વોપરિ ધુરં-
ને મુગ્ધ બની ગયા છે.
ને નિરંતર પરિશ્રમદ્વારા
રને ચમત્કૃત કરેલ છે,
સાહિત્યમાં હજારો વર્ષ
અધ્યાત્મતત્ત્વની ખોજ
કર્યા છે, તેની તુલના



ચરિત્રનાયક યુગપ્રધાનાચાર્ય

શ્રીજિનચંદ્રસૂરિજી મહારાજની મૂર્તિ

(બીકાનેર નાહટાનીગવાડ ઋષભજિનાલયમાં)

શ્રીમાન્ અગરચંદજી નાહટાના સૌજન્યથી.

કરવાનું સૌભાગ્ય પણ અન્ય કોઈ દેશને આજ સુધી પ્રાપ્ત થયું નથી. આજેય આ વિષયને લગતું ભારતીય સાહિત્ય એટલું તો વિપુલ અને ગહન છે કે એને પૂર્ણ પણે સમજવાને માટે તો પશ્ચિમના ધુરંધર વિદ્વાનો પણ અસમર્થ જેવા ભાસે છે.

આધ્યાત્મિક અને ધાર્મિક તત્ત્વના ચિંતનની આટલી સમુન્નતિની સાથોસાથ અહીંનું સામાજિક જીવન પણ કાંઈ ઓછું ઉત્કર્ષ મય નહોતું, બલ્કે સામાજિક ઉત્કર્ષ પણ એટલોજ નોંધપાત્ર હતો. શિશુપાલન, શિક્ષણ, ગૃહસ્થજીવન, કૌટુમ્બિક સંબંધ, પારસ્પરિક વ્યવહાર અને સામાજિક સંગઠન ખુબ ખુબ સુવ્યવસ્થિત હતાં. માનવ જીવનના સાફલ્યને આવશ્યક એવા તમામ અંગોનું સૌન્દર્ય પુર્ણ વિકાસને પામેલું હતું આચારવિચારોનું પાવિત્ર્ય આદિ ભારતની સામાજિક ઉન્નતિનું અતીવ ઉજ્જવલ ગૌરવ ઇતિહાસને પાને સુવર્ણાક્ષરે આલેખાએલ છે.

રાજનૈતિક ક્ષેત્રે ભારતભૂમિના ચમકતા સીતારા સમા સમ્રાટ ચન્દ્રગુપ્ત, અશોક, સંપ્રતિ, વિક્રમાદિત્ય, ભોજ, કુમારપાળ, આદિ પ્રજાવત્સલ નૃપતિઓનું સ્થાન ઘણું ઉંચું છે. કૌટિલીય અર્થ-શાસ્ત્ર આદિ ભારતના પ્રાચીન રાજનૈતિક ગ્રન્થોમાં રાજમર્યાદા, રાજનીતિ, રાજ્યવ્યવસ્થા, યુદ્ધનીતિ, અધિકારીઓનાં કર્ત્તવ્ય, જન-સમુદાયનાં સુખ પ્રતિ લક્ષ્ય આદિ રાજકીય તમામ અંગો સુવ્યવસ્થિત હોવાનાં ઉલ્લેખો મળી આવે છે.

પરંતુ "કોઈના બધાંજ દિવસો સરખાં નથી હોતાં" એ ઉક્તિ ભારત વર્ષને પણ બરાબર લાગુ પડી. કાળચક્રના પ્રબળ પ્રવાહોમાં, પારસ્પરિક ફાટફૂટ આદિ દુર્ગુણોએ આ દેશની ઉન્નતિને દિવસે દિવસે ઉચ્છેદવાનો પ્રારંભ કરી દીધો અને ક્રમશઃ દેશની શક્તિ એટલી તો ક્ષીણ બની ચૂકી કે એના પર ધીમે ધીમે વિદે-શીઓએ આક્રમણ કરી પોતાનું અધિપત્ય જમાવી દીધું.

જ્યારથી રત્નગર્ભા ભારત-વસુંધરાની રાજ્યસત્તા આર્યશાસકો

પાસેથી યવનોને હસ્તક ચાલી ગઈ, ત્યારથી ભારતની પ્રાચીન સંસ્કૃતિમાં વિકૃતિસૂચક ઊંડુ પરિવર્તન થવા લાગ્યું. મુસલમાન શાહોએ પોતાની કઠોર રાજનીતિ અને અસહિષ્ણુ વૃત્તિ વડે ભારતની અનુપમ સ્થાપત્યકલા તેમજ વિશિષ્ટ વિપુલ સાહિત્યપર કલ્પનાતીત વજ્રાઘાત કર્યો, ને સાથોસાથ ભારતવાસીઓ પર અસહ્ય યાતનાઓ નાંખવા માંડી.

કેવળ ઈસ્લામ ધર્મની વૃદ્ધિનાજ એકમાત્ર અભિલાષી અત્યાચારી મ્લેચ્છોએ પોતાની અન્યાયી પ્રવૃત્તિઓને સર્વોપરિ સીમા સુધી પહોંચાડી દીધી હતી. ઈસ્લામ ધર્મનો અસ્વીકાર કરનાર આર્યોપર નાના પ્રકારના કર લાદવામાં આવ્યા હતા, જેમાં 'જજિયા' નામનો કર તો ભારે ભયાનક તેમજ અત્યંત અન્યાયપૂર્ણ હતો. આ કર ન ભરનાર આર્યના પ્રાણ સુદ્ધાં લેવામાં આવતાં. અનેક સ્થળોએ મુસલમાનોએ આર્યોનાં મન્દિરો તોડી પાડી એ જગાએ × મસ્જીદો સ્થાપી આર્યપ્રજાના દિલમાં માર્મિક વેદના પેદા કરી દીધી હતી.

જે સાહિત્ય સમાજના પ્રાણ સમું હતું એવા તે સેંકડો વર્ષોથી સંચિત કરેલ પ્રાચીન સાહિત્ય અને ધર્મ-ગ્રંથોને એટલી મોટી સંખ્યામાં કે જેની સીમા નહિ, સળગાવી, કે કુવામાં ફેંકી નષ્ટ કરી દેવામાં આવ્યા કે જેથી એનું નામ નિશાન પણ ન રહ્યું. સાહિત્ય પ્રેમીઓ સારી રીતે જાણે છે કે એવા સેંકડો ગ્રંથોના અસ્તિત્વના પ્રમાણો મળતા હોવા છતાં, એ ગ્રન્થો આજે અપ્રાપ્યજ છે.

આદર્શ અને ઉન્નત શિલ્પકલાના નમુના રૂપ એવા હજારો દેવમન્દિરોને તોડી ફોડી છિન્નભિન્ન કરી નાંખ્યાં જેનો

× જેના પ્રમાણ રૂપે આજે પણ કેટલીએ મસ્જીદોમાં ખંડિત થાંભલાઓ અને ધ્વસ્ત શિલાલેખો ભીંતોમાં લાગેલ જોવાય છે.

એકાદ ધ્વંસાવશેષ પણ આજે કોઈ કોઈ વાર આપણી પ્રાચીન ગૌરવગાથાનો અચ્છો પરિચય આપી રહ્યા છે. આ બધાંના ધરાશાયી થવામાં કેવળ મુસલમાન અધિકારીઓજ કારણભૂત હતાં. આ અન્યાય પ્રવૃત્તિ પઠાણશાસકોના સમયમાં તો વળી ખૂબજ ઉગ્ર બની, જેનું વર્ણન શ્રીયુત બંકીમચન્દ્ર લાહિડી પોતાના 'સમ્રાટ અકબર' નામક પુસ્તકમાં આ પ્રમાણે કરે છે. "पाठानदिगेर अत्याचारे भारत स्मशान अवस्थाय प्राप्त होइल, जे साहित्यकानन नित्य नव नव कुसुमेर सौन्दर्य्य ओ सुगन्ध आमोदित थाकित ताहा ओ नि शुष्क होइल। स्वदेशहितैषिता, निःस्वार्थपरता, ज्ञान ओ धर्म्म सकलेई हईते अन्तर्हित होईल, समग्र देश विषाद ओ अनुत्साहेर कृष्ण छायाय आवृत होईल।"

અર્થાત્—"પઠાણોના અત્યાચારોથી ભારતવર્ષ સ્મશાન જેવું થઈ ગયું. જે સાહિત્યવાટિકા રોજેરોજ નવાં નવાં પુષ્પોનાં સૌન્દર્ય અને સુવાસથી પ્રફુલ્લિત રહેતી હતી તે સુકાઈ ગઈ. રાષ્ટ્રપ્રેમ દેશદાઝ, નિઃસ્વાર્થપરાયણતા, જ્ઞાન તેમજ ધર્મ આ બધું જાણે કે ભારતવર્ષથી વિમુખ બની રહ્યું. સારો દેશ વિષાદ અને અંધકારની, નિરૂત્સાહની કાળી ઘટાઓથી છવાઈ ગયો."

આમ, એક તો પઠાણોના ત્રાસથી આર્યલોકો 'ત્રાહિ-મામ્' પુકારી રહ્યા હતા, તો બીજી તરફથી તૈમુરલંગના ભયંકર આક્રમણથી તો ભારતવર્ષને એવી ક્ષતિ પહોંચી કે જેનું વર્ણન કરવામાં આવે તો એનોજ એક મહાગ્રન્થ રચાઈ જાય.

ટૂંકમાં એટલુંજ કહેવું બસ થઇ પડશે કે આ લોકોએ પોતાની લોભ અને કામની પાશવી વૃત્તિઓને પરિતૃપ્ત કરવા જનહત્યા, લૂંટફાટ અને સ્ત્રીઓનાં સતીત્વનો ભંગ આદિ અમાનુષી દુષ્કૃત્યોદ્વારા ભારતીય પ્રજાને અત્યંત કષ્ટ

પહોંચાડવામાં કશીજ કમીના ન રાખી. તૈમુરના આ ઉપદ્રવથી પઠાણોની રાજ્યસત્તાને ધક્કો અવશ્ય લાગ્યો, પરંતુ તેમ છતાંયે એમણે એનો જાતિસ્વભાવ તો નજ છોડયો.

સિકંદર લોદી આદિ બાદશાહોએ મંદિરો તોડવાનું કામ ચાલુજ રાખ્યું. કવિવર લાવણ્યસમયે ઐતિહાસિક છન્દોમાં કહ્યું છે—

"जिहां जिहां जाणइ हिन्दू नाम, तिहां तिहां देउ उजाडइ गाम।
हिन्दूनो अवतरियउ काल, जू चालि तू करि संभाल॥

(સં. ૧૫૬૮ માં રચેલ "વિમલ પ્રબંધ")

એ પછી મોગલ બાદશાહોના સમયમાં પણ આ અત્યાચાર જેવો ને તેવોજ ચાલુ રહ્યો. સન્ ૧૫૩૦ ઈ. માં બાબરનો દેહાંત થતાં એનો પુત્ર હુમાયૂ ૨૨ વર્ષની ઉમ્મરે દિલ્હીની રાજગાદી પર બેઠો કિન્તુ હુમાયુંના શાસનમાં તો અશાંતિજ રહી. બીજું તો ઠીક પણ સ્વયં હુમાયુ પણ કેટલાંક વર્ષો સુધી પદચ્યુત અવસ્થામાં દેશદેશમાં ભટકતો ફર્યો. એના આ પ્રવાસ દરમ્યાન એને ત્યાં એક તેજસ્વી પુત્ર ઉત્પન્ન થયો, જેનું નામ એણે "જલાલુદ્દીન અકબર" રાખ્યું. કેટલાક સમય પછી હુમાયુએ યુદ્ધ કરી દિલ્હીનું રાજ્ય પુનઃ પ્રાપ્ત કર્યું. એનાં મૃત્યુ પછી રાજગાદી પર અકબર આવ્યો, પરંતુ એની બાલ્યાવસ્થાને કારણે થોડાં વર્ષો સુધી તો રાજ્યમાં અશાંતિજ રહી; કેમકે સમસ્ત રાજ્યની વ્યવસ્થાનાં સૂત્રો એના વિશ્વાસુ પુરુષ બૈરામખાંના હાથમાં હતાં. એ ભારે ક્રૂર અને અન્યાયી હતો. એનાથી પ્રજાને સુખ મળવાનું તો દૂર રહ્યું, પણ એણે તો ખુદ અકબર સામે પણ ષડ્યંત્ર રચ્યું. પરંતુ અકબરને આ વાતની જાણ થઈ ગઈ, ને એણે પોતાના સેનાપતિ મુનીમખાંને યુદ્ધ કરવા પંજાબ મોકલ્યો ને સન્ ૧૫૬૦ ઈ. માં બૈરામખાંને કેદ કરાવ્યો.

હવે દિલ્હીનું નિષ્કંટક રાજ્ય અકબરને હસ્તક આવ્યું. અને તે બાર વર્ષો સુધી યુદ્ધો કરી ભારતના મોટા ભાગનો સ્વામી બની સુખપૂર્વક રાજ્ય કરવા લાગ્યો. શતાબ્દીઓથી અસહ્ય કષ્ટ વેઠતી ભારતની જનતાને આ સમયે કાંઇક શાંતિ સાંપડી.

ભારતની મધ્યકાલીન રાજનૈતિક પરિસ્થિતિ પર સંક્ષિપ્ત પ્રકાશ પાડવામાં આવ્યો છે. રાજનૈતિક અને સામાજિક વિષયને પરસ્પર ગાઢ સંબંધ હોવાને કારણે એ સમયની સામાજિક પરિસ્થિતિ પણ ભારે વિકટ બની ગઇ હતી. પોતાના પૂર્વજોના ગૌરવની રક્ષા કરવાનું તો એક બાજુ રહ્યું. પરંતુ પોતાનો જીવન-નિર્વાહ કરવાનું પણ આર્યોને માટે કપરૂં થઈ પડયું. સાહિત્ય રચનાનું કાર્ય તો મંદ ગતિએ ચાલુંજ રહ્યું, પરન્તુ આચાર-વિચારની એ પ્રાચીન પવિત્રતા તો ન રહી શકી. જ્યાં પોતપોતાના ધન, કુટુમ્બ કે ધર્મની રક્ષા કરવામાંય જે સમર્થ ન રહ્યા, ત્યાં પારસ્પરિક પ્રેમ, સંગઠન, શિક્ષણાદિ આવશ્યકીય વસ્તુઓનો હ્રાસ થાય, એ સહજ છે. બાળવિવાહ, પર્દા (ઘુંઘટ) આદિ કેટલીક ઘાતક કુરીતિઓ પણ આ સમયમાંજ પ્રચલિત થઈ, કે જેનો પ્રવાહ હજુય અપ્રતિહત ગતિએ ચાલુજ રહ્યો છે!

આ કપરા કાળમાં વાસ્તવિક ધાર્મિકતાનો લોપ થઈ ગયો હતો. કષ્ટોની ચાલુ પરંપરામાં અધ્યાત્મ-તત્ત્વ-ચિંતન માટે તો અવકાશજ કયાં હતો? ધર્મની ફિરકાબંધીઓએ *

* શ્રીયુત્ મોહનલાલજી દેસાઇ બી. એ; એલ એલ. બી; તેમના "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઈતિહાસ"માં આ પ્રકારે લખે છે.

"એકંદરે દરેક દર્શનમાં-સંપ્રદાયમાં ભાંગતોડ ભિન્નતા-વિચ્છિન્નતા થએલ છે. મુસલમાની કાળ હતો, લોકમાં અનેક જાતના ખળભળાટ વધુ વધુ થયા કરતા, રાજસ્થિતિ, વ્યાપાર, રહેણીકહેણી વિગેરે બદલાયાં!"

સારી એવી સત્તા જમાવી દીધી હતી. શુષ્ક ક્રિયાકાંડ અને અને ઉપલકીઆ આડંબરોમાં સાચી ધાર્મિકતા લેખવામાં આવતી. ખુદ સાધુઓના કઠણ આચાર–વિચારોમાં પણ ક્રમશઃ શિથિલતાએ પ્રવેશ કરી પોતાનો અડ્ડો જમાવી દીધો હતો.

પડતી પછી ચડતી થાય, એ એક સામાન્ય નિયમ છે; આ અટલ નિયમાનુસાર પ્રત્યેક કપરા કાળે વિકૃત પરિસ્થિતિને સુધારવા માટે અને ધર્મરક્ષાર્થે મહાપુરૂષોનાં [illegible] . આવશ્યકતા પ્રમાણે આ સમયે પણ [illegible] પ્રકટ થયા, જેમાં પ્રાતઃસ્મરણીય, [illegible] અસાધારણ પ્રતિભાસંપન્ન આપણા [illegible] શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજનું [illegible] ખાસ ઉલ્લેખનીય છે.

આર્ય પ્રજાના સુખ [illegible] થયો હતો. એમણે કેવળ નવ [illegible] થતાં ભાગવતી દીક્ષા ગ્રહણ કરી, [illegible] આચાર્યપદ પ્રાપ્ત કર્યું, ને [illegible] ચારિત્ર પાળનારાઓમાં [illegible] પોતાના અસીમ [illegible] શિથિલતા દૂર કરી, [illegible]

જૈનશાસનની [illegible] વિનીત–આમંત્રણને [illegible] પધાર્યા. ત્યાં પોતાના [illegible] અલૌકિક પ્રભાવ [illegible] રીતે ભારતીય [illegible] ફરમાન કઢાવી [illegible]

અવર્ણનીય પ્રચાર સાધી મૂકપ્રાણીઓનું હિત સાધન કર્યું. બિચારા જળચર તેમજ સ્થળચર પશુ પ્રાણીઓ પણ નિર્ભય બની રહ્યા, અને અંતરંગ ભાવોથી સૂરિમહારાજના યશોગાન કરવા લાગ્યા.

આવા વિણસેલા સમયમાં પણ પોતાના લોકોત્તર પ્રભાવથી સૂરિજીએ યુગપલટો આણ્યો. આથીજ એમના સદ્ગુણો પર મુગ્ધ બની સમ્રાટ અકબરે એમને "યુગ–પ્રધાન" પદ વડે અલંકૃત કર્યા. આચાર્યે જૈનતીર્થોની રક્ષાર્થે સમ્રાટ પાસે ફરમાનો પ્રકટાવી જૈનશાસનની અનુપમ સેવા બજાવી. એમના જીવનની ઉલ્લેખનીય ઘટના એક એ પણ છે કે સં. ૧૬૬૯માં સમ્રાટ જહાંગીરે જ્યારે સાધુવિહાર પ્રતિબંધક એક ફરમાન જારી કર્યું, ત્યારે તેમણેજ પાટણથી આગરા જઈ આ ઘાતક ફરમાનને રદ કરાવી જૈનશાસનની અભૂતપૂર્વ પ્રભાવના કરી હતી. વાચકોને આ સઘળી વાતોનો પરિચય એમની આ જીવનગાથામાં સારી રીતે મળી રહેશે.



પ્રકરણ ૨ જું

× સૂરિ-પરંપરા—

ભગવાન મહાવીરની અવિચ્છિન્ન પરંપરામાં મહાન્ પ્રભાવક આચાર્ય શ્રીઉદ્યોતન સૂરિજી થયા. કહેવાય છે કે એક વેળાએ ઉત્તમ મુહૂર્ત જોઈ એમણે

× આ પ્રકરણમાં સૂરિ-પરંપરા ખૂબજ સંક્ષિપ્તમાં લખાએલી છે. કેમકે એનો હેતુ કેવળ ચરિત્રનાયકની ગુરુપરંપરા બતાવવા માત્ર છે. એથી, આ પ્રકરણમાં દર્શાવેલ આચાર્યોનો વિશેષ પરિચય "ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ" માંથી પ્રાપ્ત થશે, શ્રીવર્દ્ધમાનસૂરિજીથી શ્રીજિનદત્તસૂરિજી સુધીનું સવિશેષ વર્ણન 'ગણધરસાર્દ્ધશતક બૃહદ્‌વૃત્તિ'માં છે આ ગ્રંથમાંથીજ ઉદ્ધૃત શ્રીજિનવલ્લભસૂરિજી તેમજ શ્રીજિનદત્તસૂરિજીનાં જીવનચરિત્ર, અપભ્રંશ કાવ્યત્રયીમાં વિશેષ જ્ઞાતવ્યસહિત પ્રકાશિત થએલ છે. શ્રીજિનદત્તસૂરિજી પછી મણિધારી શ્રીજિનચન્દ્રસૂરિજીથી જિનપદ્મસૂરિજી સુધીનો પ્રામાણિક 'વિસ્તૃત-જીવન અમને મળેલ ૮૬ પત્રની પટ્ટાવલીમાં છે. શ્રીજિનભદ્રસૂરિજીનો વિશેષ પરિચય 'વિજ્ઞપ્તિ ત્રિવેણી' તેમજ "જેસલમેર-ભાંડાગારીય-ગ્રન્થાનાં-સૂચિ'મ પ્રકાશિત થએલ છે. નવાંગીવૃત્તિકારક શ્રીઅભયદેવ સૂરિજીનું જીવનચરિત્ર પ્રભાવક ચરિત્રમાં પણ

પોતાની સાન્નિધ્યમાં રહેતા ચોર્યાશી (૮૪) શિષ્યોને એકી સાથે આચાર્યપદ અર્પ્યું. આ ચૌર્યાશી આચાર્યોથી ચોર્યાશી ગચ્છોની સ્થાપના થઈ. ઉદ્યોતન સૂરિજીના શ્રીવર્દ્ધમાનસૂરિજી નામે વિનયી શિષ્ય હતા. એમણે ઉપમિતિભવપ્રપંચાનામ-સમુચ્ચય §, વીરપારણકસ્તવ*, ઉપદેશમાળા બૃહદ્‌વૃત્તિ તથા સં. ૧૦૫૫ માં ઉપદેશપદ ટીકા બનાવી છે.+ અને ગિરિરાજ આબુ પર મંત્રીશ્વર વિમલશાહે કરાવેલ ભવ્ય મંદિરોની સં. ૧૦૮૮ માં પ્રતિષ્ઠા કરી. એમને જિનેશ્વરસૂરિજી અને


મનનીય છે. ભાષાગ્રંથોમાં શ્રીજિનદત્તસૂરિજી જીવનચરિત્રના બે ભાગો તેમ 'ગણધરસાર્દ્ધશતક ભાષાંતર' રત્નસાગર ભાગ બીજો, 'જૈન-ગૂર્જર કવિઓ' ભાગ બીજો આદિ ગ્રન્થો પણ ખરતરગચ્છના આચાર્યોના જીવન જાણવામાં સહાયક છે.

આ પ્રકરણમાં આચાર્યોના 'પદસ્થાપના' તેમજ સ્વર્ગવાસ સંવત્ આદિ કેટલીક બાબતોમાં પાઠાન્તર પ્રાપ્ત થાય છે. પરન્તુ અમોએ તો ઐતિહાસિક દષ્ટિએ જે હકીકત સત્ય લાગેલ છે, એજ લખેલ છે. એ બાબતમાં વધુ વિચાર વિનિમય અને ઉચિત સંશોધન-અવગાહન ભવિષ્યમાં ખરતરગચ્છના વિશાળ ઇતિહાસ સંપાદનની વેળાએ કરવાની શુભાકાંક્ષા સેવિએ છીએ.

ભગવાન મહાવીરથી શ્રીઉદ્યોતનસૂરિજી સુધીના આચાર્યોના વિષયમાં ગણધરસાર્દ્ધશતક બૃહદ્‌વૃત્તિ તેમજ પટ્ટાવલિયો જોવી જોઈએ, આ પરંપરાના આચાર્યોના નામ, ક્રમ, તેમજ સંખ્યામાં મતભેદ હોવાના કારણે અમોએ લખેલ નથી. વિદ્વાન લોકો આ બાબતમાં વિશેષ શોધખોળ કરી ઉદ્યોતનસૂરિજી સુધીની પરંપરામાં ઉચિત સંશોધન કરે !

§ પ્રકાશિત * ઉપાધ્યાયજી વિનયસાગરજીના સંગ્રહમાં છે.

+ આથી પહેલાં સંવત્ ૧૦૪૫ માં સૂરિજીના હાથે પ્રતિષ્ઠિત ધાતુ-પ્રતિમા ગુજરાતના કડી ગામમાં છે.



[illegible] મહારાજા દુર્લભરાજ તથા ભીમદેવની રાજસભામાં ચૈત્યવાસીઓ સાથે
[illegible] જિનેશ્વરસૂરિજી મ૦નો શાસ્ત્રાર્થ. વિ. સંવત ૧૦૮૦

બુદ્ધિસાગર સૂરિજી નામના બે [illegible]
તેઓ પોતાના શિષ્યમંડળ સહિત [illegible]
ત્યાં ચૈત્યવાસીઓનું* [illegible]
તો ઉતરવાનું સ્થાન [illegible]
સહિત રાજપુરોહિતને [illegible]
દેવા માટેની [illegible]
સૂરિજીનાં [illegible]
મુગ્ધ બની [illegible]
કઠોર [illegible]
આપ્યો. [illegible]
સીઓ સાથે [illegible]

સં. [illegible]
સાથે શાસ્ત્રાર્થ [illegible]
કેમ કે [illegible]
હતા, [illegible]
બાકી તો [illegible]
મહારાજ [illegible]
અર્થાત્ [illegible]
પક્ષ-સમુદાય [illegible]
જિનેશ્વરસૂરિ [illegible]

* જિનવલ્લભ [illegible]
આદિ સાધ્વાચારથી [illegible]
વિશેષ પરિચય માટે [illegible]

× ખરતરગચ્છની [illegible]
સં. ૧૧૧૮માં [illegible]

પાળવાવાળા હતા એટલુંજ નહીં પરંતુ સાથોસાથ પ્રકાંડ વિદ્વાન પણ હતા. શ્રીજિનેશ્વરસૂરિજીએ હરિભદ્રસૂરિકૃત અષ્ટકની વૃત્તિ (રચના સં. ૧૦૮૦ જાલોર), અને પ્રમાલક્ષ્મ સવૃત્તિક, કથાકોષ, લીલાવતીકથા, પંચલિંગી પ્રકરણ, ષટ્સ્થાન પ્રકરણ, ચૈત્યવંદનક, વીરચરિત્ર, સર્વતીર્થમહર્ષિકુલક આદિ ગ્રન્થો રચ્યા, અને બુદ્ધિસાગરસૂરિજીએ સં.૧૦૮૦માં 'પંચગ્રન્થી' નામક વ્યાકરણ અને છંદઃશાસ્ત્ર+ નામક છન્દનો ગ્રંથ આદિ ગ્રંથો બનાવ્યા. જિનેશ્વરસૂરિજીના પટ્ટધર શ્રીજિનચન્દ્રસૂરિજી થયા, જેમણે "સંવેગ રંગશાળા" "શ્રાવક-વિધિ" પંચ પરમેષ્ઠિ નમસ્કારફળકુલક* ક્ષપકશિક્ષા પ્રકરણ§ ધર્મોપદેશ કાવ્ય, જીવવિભક્તિ, ઋષિમંડળસ્તવ આદિ ગ્રન્થો બનાવ્યા. તેમના સ્વર્ગવાસ બાદ બીજા પટ્ટધર તેમના કનિષ્ઠ ગુરુભ્રાતા શ્રીઅભયદેવસૂરિજી થયા, જેમણે નવઅંગોની વૃત્તિ (રચનાસમય ૧૧૨૦-૨૮), ૧૦ પંચાશક વૃત્તિ, ૧૧ ઉવવાઈ (સૂત્ર) વૃત્તિ, ૧૨ પ્રજ્ઞાપના તૃતીયપદ સંગ્રહણી, ૧૩ પંચનિર્ગ્રંથી પ્રકરણ,


---

(જેસલમેર ભંડારમાં તાડપત્રીય ગ્રંથાંક ૨૯૬) અને સં. ૧૧૭૦માં લખાએલ પટ્ટાવલીમાં જિનેશ્વરસૂરિજીને ખરતર બિરુદ મળ્યાનો સ્પષ્ટ ઉલ્લેખ છે. આ વિષય પર વિશેષ વિચાર અમે એક સ્વતંત્ર નિબંધના રૂપમાં પ્રકટ કરીશું.

+ જુઓ ગુણચન્દ્ર ગણિ રચિત મહાવીર ચરિયંની પ્રશસ્તિ.

* આ કુલક બિકાનેરના યતિવર્ય ઉપાધ્યાય જયચન્દ્રજીના જ્ઞાનભંડારમાં સુરક્ષિત છે.

§ આ પ્રકરણ હિંદી અનુવાદ સહિત પૂજ્ય આચાર્ય શ્રીજિનરત્નસૂરિજી મહારાજના ઉપદેશથી જયપુરના સંઘદ્વારા પ્રકાશિત 'આરાધનાસૂત્ર સંગ્રહ'માં છપાએલ છે.



નવાંગ વૃત્તિકાર આચાર્ય મહારાજ શ્રી અભયદેવસૂરિજી અને
તે વૃત્તિઓના સંશોધક શ્રી દ્રોણાચાર્યજી મહારાજ

૧૪ ષટ્સ્થાન ભાષ્ય, ૧૫ નવતત્ત્વ પ્રકરણ ભાષ્ય, ૧૬ વન્દનક ભાષ્ય, ૧૭ સત્તરીભાષ્ય, (ગા. ૧૯૨), ૧૮ નિગોદષટ્ત્રિંશિકા, ૧૯ પુદ્ગળષટ્ત્રિંશિકા, ૨૦ આરાધના પ્રકરણ, ૨૧ આલોયણા વિધિ પ્રકરણ, ૨૨ આલોયણા વ(પ)યાણ× ૨૩ સ્વધર્મિં વાત્સલ્યકુલક (ગા. ૨૯) ૨૪ આગમ અષ્ટોત્તરી ૨૫ વિજ્ઞપ્તિકા, ૨૬ જય તિહુઅણ સ્તોત્ર, ૨૭ વસ્તુપાર્શ્વસ્તવ ૨૮ સ્તમ્ભન પાર્શ્વસ્તોત્ર, ૨૯ પાર્શ્વવિજ્ઞપ્તિ, ૩૦ વીર સ્તોત્ર, ૩૧ નેમિનાથ સ્તવ, ૩૨ ઋષભ સ્તોત્ર આદિ અનેક ગ્રન્થોની રચના કરી, તેમજ શ્રીસ્તંભનક પાર્શ્વનાથ પ્રભુની સાતિશય પ્રતિમા પ્રકટ કરી; એમના પટ્ટધર વિદ્વાન શિરોમણિ શ્રીજિનવલ્લભસૂરિજી થયા, જેઓને શ્રીઅભયદેવસૂરિજીની આજ્ઞાથી દેવભદ્રસૂરિજીએ* સં. ૧૧૬૭ આષાઢ સુદિ ૬ના રોજ ચિતોડમાં આચાર્યપદ આપ્યું. વાગડ દેશમાં વિહાર કરી તેમણે દસ હજાર અજૈનોને ઉપદેશ આપી જૈનધર્મના ઉપાસક બનાવ્યા એમણે પોતાના તેજોમય ચારિત્રબળથી ચિતોડમાં ચામુંડા દેવીને પ્રતિબોધ કર્યો. તેમજ પિંડવિશુદ્ધિ પ્રકરણ+, ષડશીતિ કર્મગ્રન્થ+, સંઘપટ્ટક+, સૂક્ષ્માર્થવિચારસારોદ્ધાર+, પૌષધવિધિ પ્રકરણ×, ધર્મશિક્ષા+, દ્વાદશકુલક+, પ્રશ્નોત્તરૈકષષ્ટિશતક+, પ્રતિક્રમણ સામાચારી+, અષ્ટસપ્તતિકા (ચિત્રકૂટ મહાવીર જિનાલય પ્રશસ્તિ) શૃંગારશતક અને સ્વપ્નાષ્ટકવિચાર આદિ

× ઉ૦ વિનયસાગરજીના સંગ્રહમાં છે.

* એમના બનાવેલા નિમ્નાંકિત ગ્રન્થો ઉપલબ્ધ છે :—

૧ મહાવીર ચ[illegible]ં (પ્ર.), ૨ કહારયણ કોસ (પ્ર.), ૩ પાસનાહ ચરિયં(પ્ર.), ૪ આરાધના શાસ્ત્ર, ૫ પ્રમાણ પ્રકાશ, પ્ર. ૬ અનંતનાથ સ્તોત્ર, ૭ પાર્શ્વનાથ દશભવગર્ભિત સ્તવ; એમણેજ આચાર્ય જિનચં[illegible] રચેલ 'સંવેગ રંગશાલા' નામક ગ્રન્થનો સંસ્કાર પણ કર્યો હતો. ([illegible]

અનેક ગ્રંથો અને સ્તોત્રોની રચના કરીને પોતાની પ્રખર વિદ્વત્તાનો સારો એવો પરિચય આપ્યો.‡ ધારા નગરીના રાજા નરવર્મને પોતાની લોકોત્તર પ્રતિભાથી એમણેજ રંજિત કરેલા. સં. ૧૧૬૭ના કાર્તિક વદી ૧૨ની રાત્રિના ચતુર્થ પ્રહરે એમનો દેહવિલય થયો.

એમના પટ્ટધર પ્રકટપ્રભાવી જં. યુ. પ્ર. દાદા શ્રીજિનદત્ત-સૂરિજી થયા, જેમણે અનેક અજૈનોને જૈન બનાવી જૈન શાસનની મહાન પ્રભાવના કરી. એમનું જીવન તો સુપ્રસિદ્ધજ છે, એથી એ વિષે અત્રે વધુ એટલા માટે નથી લખતા કે એમનું સ્વતંત્ર જીવનચરિત્ર આલેખવામાં આવશે.† એમણે ૧ સંદેહ-દોલાવલી, ૨ ગણધર સાર્ધશતક, ૩ ગણધર સપ્તતિકા, ૪ કાલ સ્વરૂપકુલક, ૫ ચૈત્યવન્દન કુલક ૬ અ(?વ્ય)વસ્થા કુલક§, ૭ ઉપદેશ રસાયન કુલક, ૮ વિંશિકા અને ૯ ચર્ચરી આદિ અનેક ગ્રન્થોની તેમ ૧ સુગુરૂપારતંત્ર્ય સ્તોત્ર, ૨ વિઘ્નવિનાશી સ્તોત્ર, ૩ સર્વાધિષ્ઠાતૃ સ્તોત્ર, ૪ શ્રુતસ્તવ, ૫ અધ્યાત્મ ગીત, ૬ મંત્ર

‡ એમના બનાવેલા નાના મોટા ૪૩ ગ્રન્થો છે. તે પૈકી આગમ સારોદ્ધાર, અષ્ટસપ્તતિકા, સ્વપ્નાષ્ટક વિચાર અને પ્રશ્નુરપ્રશસ્તિ, ચારે ગ્રન્થો અનુપલબ્ધ છે, ને બાકીનાં ૩૯ ગ્રન્થોનું સંપાદન 'વલ્લભ ભારતી'ને નામે ઉપાધ્યાય વિનયસાગરજી કરી રહ્યા છે, જે ટૂંક સમયમાંજ પ્રકાશિત થશે તેમ + આ નિશાનીવાળા ગ્રન્થો ભિન્ન ભિન્ન સંસ્થાઓ તરફથી પ્રગટ થઈ ચૂકયા છે. (ગુ સં.)

† જણાવતા આનંદ થાય છે કે નાહટાબંધુઓકૃત 'શ્રીજિનદત્ત સૂરિજી'નું જીવનચરિત્ર સ્વતંત્રરૂપે પ્રકટ થઈ ચૂકેલ છે. (ગુ. સં.)

§ સંભવતઃ આ વ્યવસ્થાકુલકજ હશે, કે જે શ્રીજિનચન્દ્રસૂરિજી છે, ને જેસલમેર તેમજ બિકાનેરના જ્ઞાનભંડારમાં ઉપલબ્ધ છે.

ગર્ભિત સ્તોત્ર આદિ અનેક સ્તોત્રો આદિની રચના કરી છે. એમનો સ્વર્ગવાસ સં. ૧૨૧૧ અષાઢ સુદ ૧૧ના રોજ અજમેર ખાતે થયો. એમના પટ્ટ પર નરમણિમંડિતભાલસ્થલ આચાર્ય શ્રીજિનચન્દ્રસૂરિજીને એમણે સ્વહસ્તે સ્થાપિત કર્યા. તેઓ 'મણિધારીજી' નામથી પ્રસિદ્ધ થયા. નાની વયમાંજ તેઓ ભારે પ્રતિભાસંપન્ન આચાર્ય થયા. એમનો સ્વર્ગવાસ દિલ્હીમાં સં. ૧૨૨૩ના ભાદ્રપદ (ગુ.શ્રા.) વદી ૧૪ના રોજ થયો. + શ્રીતીર્થ પાવાપુરીજીના શિલાલેખ અને કેટલીક પટ્ટાવલીઓથી પ્રતીત થાય છે કે એમણેજ મહતિયાણ જાતિની સ્થાપના કરી હતી. આ જાતિની બહુ ઉન્નતિ થઈ, પૂર્વદેશીય પાવાપુરીજી, રાજગૃહ આદિ તીર્થોના મંદિરો આ ભાગ્યશાળી મહતિયાણ સંઘદ્વારા બન્યા તેમજ જીર્ણોદ્ધાર કરાવાયા છે. વ્યવસ્થાકુલક (ચતુર્વિધસંઘશિક્ષા ગાથા ૬૯) નામક ગ્રન્થની અને પાર્શ્વસ્તોત્રની રચના પણ એમણે કરી છે.

એમનું પ્રભાવશાળી શુભ નામ ખરતરગચ્છમાં સદા અમર રાખવા માટે ચતુર્થ પાટ પર એજ નામ (આચાર્યોનું) રાખવાની પ્રથા પ્રચલિત કરવામાં આવી. એમના સ્વર્ગવાસ પછી શ્રીજયદેવાચાર્યે શ્રીજિનપતિસૂરિજીને પટ્ટધર આચાર્ય બનાવ્યા. વિદ્વત્તામાં એમની પ્રતિભા ખૂબ ખૂબ વૃદ્ધિ પામી હતી. છત્રીસ શાસ્ત્રાર્થોમાં એમણે વિજય પ્રાપ્ત કર્યો હતો. વાદીઓને યુક્તિ તેમજ પ્રમાણો દ્વારા નિરુત્તર કરી દેવામાં તેઓ સાક્ષાત્ "સરસ્વતી પુત્ર"જ હતા. એમનું જીવનચરિત્ર વિસ્તાર પૂર્વક

+ એમનું વિસ્તૃત જીવન ચરિત્ર 'મણિધારી જિન ચંદ્રસૂરિ'ના નામે હિંદીમાં નાહટા બંધુઓ તરફથી અને એનોજ ગુજરાતી અનુવાદ મુંબઇ પાયધુની મહાવીર સ્વામીના દેરાસર તરફથી પ્રકાશિત થઇ ચૂકેલ છે.

એમના શિષ્ય વિદ્વદ્રત્ન શ્રીજિનપાલોપાધ્યાયે+ સ્વરચિત ગુર્વાવલીમાં આપેલ છે. આ પુસ્તકને વાંચતા એમની અપૂર્વ મેધા અને પાંડિત્યનો સારો પરિચય મળે છે. સંઘપટ્ટકવૃત્તિ, વાદસ્થલ, સમાચારી, પંચલિંગીટીકા, તીર્થમાલા, ચતુર્વિંશતિજિનસ્તવ, વિરોધાલંકાર ઋષભસ્તુતિ, અજિત શાંતિસ્તોત્ર (કલ્લોલાનિવ), સ્તંભતીર્થ અજિતજિનસ્તવ (વિશદસમવિદ), નેમિસ્તોત્ર (નેમિં સમાહિતધિયા), ચિન્તામણિ પાર્શ્વસ્તોત્ર (જગદ્ગુરું જગદ્દેવં), ચિંતામણિ પાર્શ્વસ્તોત્ર બીજું (કિં કર્પૂરમયં), પાર્શ્વસ્તવ (અસી સ્વ.) મહાવીર દેવસ્તુતિ (સુચંડિમાડંબર-પંચબાણ), મહાવીર સ્તુતિ (પ્રણતસુરનિકાયં) આદિ ગ્રન્થો એમણેજ રચેલા છે.

સંવત્ ૧૨૭૭ અષાઢ સુદિ ૧૦ ના પાલણપુરમાં તેમનો સ્વર્ગવાસ થયો પછી મરોટ (મારવાડ) વાસ્તવ્ય ધર્મિષ્ઠ ભાંડાગારિક (ભંડારી ગોત્રના) નેમિચન્દ્ર (ષષ્ટિશતક અને જિનવલ્લભ ગીતના કર્તા) ના પુત્ર શ્રીજિનેશ્વરસૂરિજી પટ્ટાધિકારી થયા. એમણે અનેક શિષ્યોને દીક્ષા દીધી, અને જિનાલયોમાં જિનબિંબોની પ્રતિષ્ઠાઓ કરી. એમણે સં. ૧૩૧૩માં પાલણપુરમાં

+ એમણે રચેલ બીજા નિમ્નાંકિત ગ્રંથો આજે પણ ઉપલબ્ધ થાય છે. સનત્કુમારચરિત્ર મહાકાવ્ય,* ષટ્સ્થાન પ્રકરણ વૃત્તિ× (સં. ૧૨૬૨) ઉપદેશ રસાયન વૃત્તિ× (સં. ૧૨૯૨), દ્વાદશકુલકવૃત્તિ × (સં. ૧૨૯૩), ધર્મશિક્ષા પ્રકરણ વૃત્તિ* (સં. ૧૨૯૩), પંચલિંગી ટિપ્પણ×, ચર્ચરી ટિપ્પણ×, સ્વપ્નવિચારભાષ્ય વૃત્તિ, સ્વપ્ન ફલ વિવરણ, સંક્ષિપ્ત પોષધ-વિધિ, જિનપતિસૂરિપંચાસિકા, એમાંથી × નીશાનીવાળા ગ્રંથો મુદ્રિત થઈ ગએલા છે. અને * આ બે ગ્રન્થોનું સંપાદન ઉપાધ્યાય વિનય-સાગરજી કરી રહ્યા છે.

"શ્રાવક ધર્મવિધિ" નામક ગ્રંથ બનાવ્યો. તેમજ બીજા સ્તોત્રોની રચના પણ સારી સંખ્યામાં કરી હતી. સં. ૧૩૩૧ આશ્વિન વદી ૬ ને રોજે જાલોરમ એમનો સ્વર્ગવાસ થયો.

એમની પાટે શ્રીજિનપ્રબોધસૂરિજી આવ્યા એમણે સં. ૧૩૨૮નાં 'કાતંત્ર' વ્યાકરણ પર 'દુર્ગપદપ્રબોધ' નામક વૃત્તિ રચી. અને 'મહોપાધ્યાય વિવેકસમુદ્ર' કૃત 'પુણ્યસાર કથા'નો સંશોધન કર્યો હતો+, એમના પટ્ટધર શ્રીજિનચન્દ્રસૂરિ થયા જેમણે કેટલાંયે રાજાઓને પ્રતિબોધ કરવા સાથે "કલિકાલ કેવલી" બિરુદ પ્રાપ્ત કર્યું; અને યવન સમ્રાટ 'કુતુબુદ્દીન'ને પોતાના અપ્રતિમ ગુણો વડે રંજિત કર્યો. સં. ૧૩૭૬ અષાઢ શુકલ ૯ ને રોજે કોસાણા ગામમાં એમનો સ્વર્ગવાસ થયો, ત્યાર પછી સં. ૧૩૭૭માં જેઠ વદી ૧૧ ના રોજ શ્રીરાજેન્દ્રાચાર્યજીએ શ્રીજિનકુશલસૂરિજીને એમના પટ્ટધર બનાવ્યા. એમણે પણ સિંધ તેમજ મારવાડ આદિ દેશોમાં વિહાર કરી જૈન ધર્મની ભારે પ્રભાવના કરી. સં. ૧૩૮૯ના ફાગણ વદી અમાસના× રોજે દેરાઉરમાં એમનો સ્વર્ગવાસ થયો. તેઓ દાદાજીના

+ સં. ૧૩૨૪માં એમના હાથથી પ્રતિષ્ઠિત ગૌતમસ્વામીની મૂર્તિ ભાંડિયાજી તીર્થના ભોંયરામાં મૂળનાયકની સામે અને દાદરાની પાસે ઉતરતાં જમણી બાજુના ગોખલામાં બિરાજમાન છે. જેનો લેખ આ પ્રમાણે છે.

"संवत् १३२४ वैशाखवदि ५ बुधे श्रीगौतमस्वामिमूर्त्तिः श्रीजिनेश्वरसूरिशिष्यश्रीजिनप्रबोधसूरिभिः प्रतिष्ठिता कारिता च सा० दो(?बो)हित्थपु(त्र)सा० वइजलेन मूलदेवादि भ्रा सहि(त) स्वश्रेयोऽर्थं कुटुम्बश्रेयोऽर्थं च"

× જયસાગરોપાધ્યાયે રચેલ ગુર્વાવલીના આધારે સ્વર્ગવાસનો સમય ફાગણ વદ પંચમનો છે. છતાં આજે લાંબા ટાઇમથી સ્વર્ગ પાંચમ

નામથી સર્વત્ર સુપ્રસિદ્ધ છે. સં. ૧૩૮૩માં એમણે ચૈત્યવંદન કુલકવૃત્તિ પણ રચી અને કેટલાક સ્તુતિ–સ્તોત્રોની પણ રચના કરી હતી, એમની ચરણપાદુકાઓ હજારો સ્થળોએ ભારે ભક્તિભાવપૂર્વક આજે પણ પૂજાય છે. તેઓ ભારે ચમત્કારી હોવાના અંગે આ કલિકાળમાં ભક્તોની મનોવાંછા પૂરવા માટે સુરતરુ સમાન છે. એમના સમયે ખરતરગચ્છમાં ૭૦૦ સાધુઓ તેમજ ૨૪૦૦ સાધ્વીઓ એમના આજ્ઞાનુવર્તી હતા. એવો ઉલ્લેખ ધર્મકલશ કૃત "શ્રીજિનકુશલસૂરિરાસ" માં મળે છે. એમના પટ્ટપર ષડાવશ્યક બાલાવબોધ તેમજ અનેક સ્તોત્રોના કર્તા શ્રીતરુણપ્રભસૂરિએ લઘુવયસ્ક શ્રીજિનપદ્મસૂરિજીને સં. ૧૩૯૦ જ્યેષ્ઠ સુ. ૬ ના રોજ સ્થાપિત કર્યા.

બાલ્યાવસ્થામાંજ એમના પુણ્ય પ્રભાવથી સરસ્વતી દેવી પ્રસન્ન થઈ, જેથી તેઓ "બાલ–ધવલ કુર્ચાલ સરસ્વતી" બિરુદ×થી પ્રસિદ્ધિને પામ્યા. એમનો સ્વર્ગવાસ સં. ૧૪૦૦ના વૈશાખ શુદિ ૧૪ ના રોજ પાટણમાં થયો. એમની કૃતિઓમાં "સ્થુલિભદ્ર ફાગ" ઉપલબ્ધ છે.

લુપ્ત થઇને અમાસ કેમ પ્રવૃત્તિમાં આવી ગઈ? એની સત્ય શોધ ઇતિહાસ વેત્તાઓએ કરવી જરૂરની છે. અમારા ખ્યાલ મુજબ તો 'પંચદશ્યાં'ને 'પંચસ્યાં' લખાઇ ગયું હોય અને તે વાંચનારાઓના મોંઢે 'પંચમ્યાં' સહેજે વંચાઈ જવું કાંઇ અસંભવ નથી. એથી ગુર્વાવલીમાં લખનારની એ ભૂલ થઈ હોય એમ વિશેષ સંભવ લાગે છે. વસ્તુતઃ સ્વર્ગતિથિ ફાગણની અમાસજ ઠીક લાગે છે. એમનું પણ વિસ્તૃત જીવન ચરિત્ર હિંદીમાં નાહટાજીએ અને તેનો ગુજરાતી અનુવાદ મુંબઈ મહાવીર સ્વામી દેરાસરના ટ્રસ્ટીઓએ બાહાર પાડેલ છે. (ગુ. સં.)

×આ બિરુદનો ઉલ્લેખ ઉ૦ જિનપાલની ગુર્વાવલીમાં નથી મલતો (સં)

એમના પાટે આચાર્ય જિનલબ્ધિ સૂરિજી થયા, એમને પણ સૂરિપદાર્પણ ઉપરોક્ત તરુણપ્રભાચાર્યજીએજ સં. ૧૪૦૦ આષાઢ શુદ ૧ ને રોજ કર્યું અને સં. ૧૪૦૬માં એમનો સ્વર્ગવાસ થયો.*

એમના પછી ગચ્છનાયક શ્રીજિનચન્દ્રસૂરિજી થયા સં. ૧૪૧૫ માં સ્તંભનક (ખંભાત) તીર્થમાં એમનો સ્વર્ગવાસ થયો. એમની પાટ પર શ્રીતરુણપ્રભાચાર્યે જિનોદયસૂરિજીને સ્થાપિત કર્યા. એમણે અનેક જિનાલયોમાં જિનબિમ્બોની પ્રતિષ્ઠાઓ કરી, અને કેટલાંયે સ્થળોએ અમારિ ઉદ્ઘોષણા કરાવીને જૈન શાસનની મહાન પ્રભાવના કરી.

એમની પાટ પર શ્રીજિનરાજસૂરિજી × થયા, જે ન્યાયશાસ્ત્રના પ્રકાંડ વિદ્વાન હતા. શ્રીસ્વર્ણપ્રભાચાર્ય, ભુવનરત્નાચાર્ય, અને સાગરચન્દ્રાચાર્યને એમણેજ આચાર્ય પદ પ્રદાન કરેલ. સં. ૧૪૬૧ માં દેવલવાડામાં + એમનો સ્વર્ગવાસ થયો. એમના પટ્ટ પર નારચન્દ્રટિપ્પનના કર્તા સાગરચન્દ્રાચાર્યજીએ શ્રીજિનવર્દ્ધન સૂરિજીને§ સ્થાપન કર્યા. જેના પર દૈવી પ્રકોપ થઈજવાને કારણે સંઘઆજ્ઞાથી ગચ્છસ્થિતિ રક્ષણાર્થે સં. ૧૪૭૫ માં શ્રીજિનભદ્રસૂરિજીને ગચ્છનાયક બનાવ્યા.

શ્રીજિનભદ્રસૂરિજી એક પ્રતિભાશાળી વિદ્વાન અને જૈન સાહિત્યની રક્ષા તેમજ અભિવૃદ્ધિ કરનાર અગ્રગણ્ય આચાર્ય થયા

*એમની રચેલ શાન્તિ સ્તવ અને શત્રુંજય વિજ્ઞપ્તિ એ બે કૃતિઓ પ્રાપ્ત થાય છે. (સં.)

× એમની પરંપરામાં હજુસુધી યતિવર્ય સુમેરમલજી અને ઋધ્ધિકરણજીના શિષ્યો છે.

+ જે મેવાડમાં આવેલ જૈનેતર તીર્થ 'એકલિંગજી' ની પાસે છે.

§ ખરતરગચ્છની પિપ્પલક શાખાના સ્થાપક તેઓજ છે. એમની સં. ૧૪૭૪ માં રચેલ સપ્તપદાર્થી વૃત્તિ અને બીજો ગ્રન્થ વાગ્ભટાલંકાર વૃત્તિ અને પૂર્વદેશચૈત્યપરિપાટી પણ મળે છે.

છે. એમણે જેસલમેર, જાલોર, દેવગિરિ, નાગૌર, પાટણ, માંડવગઢ, આશાપલ્લી, કર્ણાવતી, ખંભાત આદિ અનેક સ્થાનો પર હજારો પ્રાચીન ગ્રન્થોનો સંગ્રહ કરવા સાથે હજારો નવીન ગ્રન્થો લખાવી કરીને ભંડારોમાં સુરક્ષિત કર્યા કે જેને માટે કેવળ જૈન સમાજજ નહીં, કિન્તુ સમગ્ર સાહિત્યસંસાર એમના પ્રતિ ચિર કૃતજ્ઞ રહેશે. જિનબિમ્બોની પ્રતિષ્ઠા પણ એમણે વિપુલ પ્રમાણમાં કરી હતી, જેમાંની સેંકડો તો આજેય વિદ્યમાન છે.

એમણે બનાવેલ "જિન સત્તરી પ્રકરણ" (ગા-૨૨૦) પ્રાકૃત ભાષામાં ઉપલબ્ધ છે. એમની હસ્તલિખિત "યોગ–વિધિ" ની સુંદર પ્રતિ શ્રીપૂજ્યજી (બિકાનેર) ના સંગ્રહમાં છે. સં. ૧૪૯૫માં ઉપાધ્યાય જયસાગર પ્રણીત સંદેહદોલાવલી ટીકાનું અને સં. ૧૫૦૧ માં તપો(ગુણ)રત્નકૃત 'ષષ્ટિશતક વૃત્તિ' નું સંશોધન એમણેજ કરેલ.+

શ્રીભાવપ્રભાચાર્ય અને કીર્તિરત્નાચાર્યને એમણેજ આચાર્યપદથી વિભૂષિત કરેલ. સં. ૧૫૧૪ના માગસર વદી ૯ના રોજ કુંભલમેર (મેવાડ)માં એમનો સ્વર્ગવાસ થયો.

એમના પટ્ટ પર શ્રીકીર્તિરત્નાચાર્યે* શ્રીજિનચન્દ્રસૂરિજીને સ્થાપિત કર્યા. શ્રીધર્મરત્નસૂરિ, ગુણરત્નસૂરિ આદિને એમણેજ આચાર્યપદ આપ્યાં. સં. ૧૫૩૦ માં જેસલમેર ખાતે એમનો

+ એમની બનાવેલ નિમ્નાંકિત ફુટકર કૃતિઓ પણ ઉપલબ્ધ છે:– દ્વાદશાંગી પ્રમાણકુલક (ગા. ૨૧), શત્રુંજય લઘુ મહાત્મ્ય (ગા. ૧૩૫), સૂરિમંત્રકલ્પ (શ્રીપૂજ્ય જિનધરણેન્દ્રસૂરિના સંગ્રહમાં, છપાઈ પણ ગયેલ છે), સાચોર મહાવીરસ્તવ, સપ્તદશભેદ જિનસ્તવ, અને કુમારસંભવવૃત્તિ. (સં.)

*આચાર્યપદ પ્રાપ્તિપૂર્વે એમનું નામ કીર્તિરાજ ઉપાધ્યાય હતું. સં. ૧૪૯૫ (?)માં એમણે "નેમિનાથ મહાકાવ્ય" બનાવ્યું. એમના જીવનચરિત્ર બાબતમાં અમારા તરફથી પ્રગટ થએલ "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" જૂઓ. એમની પરંપરામાં પરમગીતાર્થ વયોવૃદ્ધ આચાર્ય શ્રીજિનકૃપાચન્દ્રસૂરિજી આદિ થયા.

સ્વર્ગવાસ થયો. એમણે પોતાના પટ્ટ પર સ્વહસ્તેજ શ્રીજિન-સમુદ્રસૂરિજીને સ્થાપિત કર્યા. એમણે પંચનદી સાધન આદિ કરી ખરતરગચ્છની ખૂબ ઉન્નતિ કરી. સં. ૧૫૩૬ માં જેસલમેરના શ્રીઅષ્ટાપદપ્રાસાદમાં પ્રતિષ્ઠા કરી. સં. ૧૫૫૫ માં અમદાવાદ મુકામે એમનો સ્વર્ગવાસ થયો. એમના પછી ગચ્છનાયક શ્રીજિન-હંસસૂરિજી થયા, જેમણે ૧૫૭૩ માં બિકાનેરમાં "આચારાંગ દીપિકા" બનાવી† બાદશાહ સિકંદર લોદીને પોતાની અપ્રતિમ પ્રતિભાદિ અસાધારણ ગુણો વડે ચમત્કૃત કરી પાંચસો (૫૦૦) બંદીવાનો(કેદીયો)ને કારાવાસ(જેલ)માંથી મુક્તિ અપાવી. એમનો સ્વર્ગવાસ સં. ૧૫૮૨ માં પાટણમાં થયો પોતાના પટ્ટ પર એમણે શ્રીજિનમાણિક્યસૂરિજીને સ્થાપિત કર્યા જેમનો સંક્ષિપ્ત પરિચય આ પ્રમાણે છે:—

એમનો જન્મ સં. ૧૫૪૯ માં કૂકડચોપડા ગોત્રીય સંઘપતિ રાઉલદેવની ધર્મપત્નિ રયણાદેવીની કૂખે થયો. સં. ૧૫૬૦ માં દીક્ષા ગ્રહણ કરી શાસ્ત્રાભ્યાસ કર્યો. એમની વિદ્વત્તા અને યોગ્યતા જોઈને ગચ્છનાયક શ્રીજિનહંસસૂરિજીએ સં. ૧૫૮૨ ના માહ શુદી ૫ ના રોજ બાલાહિક ગોત્રીય શાહ દેવરાજકૃત નન્દી મહોત્સવપૂર્વક આચાર્યપદ અર્પી પોતાની પાટ પર સ્થાપિત કર્યા. એમણે ગુજરાત, પૂર્વ, સિંધ દેશ તેમજ મારવાડમાં વિહાર કર્યો. સં. ૧૫૯૩ ના માહ શુદિ ૧ ગુરુવારે બિકાનેરના મંત્રીશ્વર કર્મસિંહે બનાવરાવેલ શ્રીનમિનાથ સ્વામીના મંદીરની પ્રતિષ્ઠા કરી. સિંધુદેશમાં શાહ ધનપતિકૃત મહોત્સવથી પંચનદીના પાંચ પીરો આદિને સાધ્યા,

એમના સમયે ગચ્છના સાધુઓમાં શિથિલાચાર વધી ગયો હતો એમને આ અસહ્ય લાગ્યું. એટલે પરિગ્રહમાત્રનો ત્યાગ કરી ક્રિયોદ્ધાર કરવાની તીવ્ર ઉત્કંઠા એમના હૃદયમાં જાગી. બિકાનેરના મન્ત્રીશ્વર

---

†એમનો રચેલ કલ્પાન્તર્વાચ્ય પણ પ્રાપ્ત છે.

સંગ્રામસિંહ વચ્છાવતને પણ ગચ્છની આ પરિસ્થિતિથી ભારે અસંતોષ હતો; આથી એમણે પણ સૂરિ મહારાજને બિકાનેર પધારી ગચ્છની સુવ્યવસ્થા કરવા વિનંતીપત્ર પાઠવ્યો.* મન્ત્રીશ્વરની આ નમ્ર પ્રેરણાએ સુવર્ણમાં સુગંધના જેવું કામ કર્યું, શ્રીજિનમાણિક્યસૂરિજીએ ભાવથી ક્રિયોદ્ધાર કરી એમ વિચાર્યું કે પહેલાં દેરાઉર જઈ દાદા શ્રીજિનકુશલસૂરિજીની યાત્રા કર્યા પછી સમસ્ત પરિગ્રહ ત્યાગ કરીશ અને મારા આજ્ઞાનુયાયી સાધુવર્ગને પણ શુદ્ધ સાધ્વાચાર પાલન કરાવીશ. પ્રગટ-પ્રભાવી દાદા કુશલસૂરિજી મને આ કાર્યમાં સફળતા આપે આ હેતુથી દેરાઉર પધાર્યા.

ત્યાં ગુરુદેવનાં દર્શન કરી જેસલમેર તરફ પાછા ફરતાં માર્ગમાં

---

*જો કે એમના આજ્ઞાનુવર્તી ઉપાધ્યાય કનકતિલકજી આદિએ સં. ૧૬૦૬માં ક્રિયાઉદ્ધાર કર્યો હતો, પણ એથી ગચ્છના અન્ય સાધુઓ પર પ્રભાવ ન પડ્યો. આથી સંગ્રામસિંહ મંત્રીએ સમગ્ર ગચ્છની સ્થિતિ સુધારવા માટેજ સૂરિજીને વિનંતીપત્ર પાઠવ્યો હતો.

શ્રીકનકતિલકોપાધ્યાયજીનો ક્રિયોદ્ધાર-નિયમ-પત્ર અમને મળેલ છે. એમાંનો આવશ્યક ભાગ આ પ્રમાણે છે.

'संवत् १६०६ वर्षे दिवालीदिने श्रीविक्रमनगरे ए सुविहितगच्छ साधुमार्गनी स्थिति सूत्र उपरि किधी, ते समस्त ऋषीश्वरे प्रमाण करवी ॥'

'उपा० कनकतिलक, वा० भावहर्ष गणि, वा० श्रीशुभवर्द्धन गणि० बइसी साधआचार कीधो छै।'

એ પછી બાવન બોલોનું વર્ણન છે, જેમાં સાધ્વાચારની કડક વ્યવસ્થા લખી છે. આ બોલોને 'અમાન્ય' ગણે, તેને 'પાસત્થા' નામથી સંબોધેલ છે. આ પત્ર જર્જરિત તેમજ કેટલાયે સ્થળે ફાટી તૂટી ગએલ છે, એથી એની સંપૂર્ણ નકલ નથી થઈ શકાઈ. આ જીર્ણ પત્ર માલ્હુ સાખના શાહ ગોપા પરમ સુશ્રાવકના પઠન અર્થે લખાએલ હતો અને અમારા સંગ્રહમાં છે.

પિપાસા પરિસહનો અતિશયપણે ઉદય થયો. એટલે અત્યંત તીવ્ર તૃષા લાગી. આ દિવસે એમને પંચમીનો ઉપવાસ હતો, પરન્તુ આ પ્રાંતમાં પાણીની અતિશય તંગી હોવાને કારણે ક્યાંય પણ પાણી ન મળી શક્યું. સંધ્યા સમય થઇ ગયો, ત્યારબાદ થોડુંક પાણી મળ્યું. લોકોએ કહ્યું, મહારાજ! આ પાણી ગ્રહણ કરી આપની પિપાસા છિપાવો પરન્તુ દૃઢતાપૂર્વકનો ઉત્તર મળ્યો કે વર્ષો સુધી ચઉવિહાર વ્રત કર્યું છે, તે શું એક દિવસ સારૂ ભંગ કરૂં? એ તો કદાપિ નજ બની શકે. આયુષ્ય વધારવા ઘટાડવાની શક્તિ તો કોઇમાં છેજ નહિ. જે ભાવિ સર્વજ્ઞ પ્રભુએ પેખ્યું છે, એજ પ્રમાણે બનશે.

આમ શુભ અધ્યવસાયની ધારામાં આરૂઢ થઈને કોઇ પ્રકારે વ્રત ભંગ ન કરતાં, સ્વયં અનશન સ્વીકારી લીધું. સં. ૧૬૧૨ મિતી આષાઢ શુદિ ૫ ના રોજ ગુરુ મહારાજ સ્વર્ગે પધાર્યા. જે સ્થળે એમનો અગ્નિ સંસ્કાર થયો, ત્યાં જૈન સંઘે એક સુંદર સ્તૂપ× બનાવરાવ્યો હતો, જેનો આજે કાંઇજ પત્તો નથી લાગતો.

આપણા ચરિત્રનાયક શ્રીજિનચન્દ્રસૂરિજી એમનાજ શિષ્ય-રત્ન હતા; જેમનું યથાજ્ઞાત જીવન ચરિત્ર હવે પછીના પ્રકરણોમાં આલેખવામાં આવશે.

×આ સ્તૂપનો ઉલ્લેખ પદ્મરાજકૃત "પંચનદી સાધક જિનચન્દ્રસૂરિ ગીત' માં છે જે આગળના પ્રકરણમાં આવશે. એક પટ્ટાવલીમાં એમનો સ્વર્ગવાસ દેરાઉરથી ૨૫ કોશ લખેલ છે. અતઃ આ સ્થાનની શોધખોળ કરવી આવશ્યક છે.

પ્રકરણ ૩ જું

સૂરિ પરિચય :—

મારવાડ પ્રાંતના જોધપુર રાજ્યમાં ખેતસર* નામે એક રમણીય ગામ છે. ત્યાં ઓસવાલ જાતીય રીહડ ગોત્રવાળા શ્રીવંતશાહ નામના શ્રેષ્ઠિ રહેતા હતા. એમની સુશીલા

---

*ખરતરગચ્છની ઘણી ખરી પટ્ટાવલીઓમાં શ્રીવંતશાહનું નિવાસ-સ્થાન તિમરીની પાસે વડલી ગામ લખેલ છે, પરંતુ એથીયે અધિક પ્રાચીન, કવિ કનકસોમકૃત "શ્રીજિનચંદ્રસૂરિ ગીત, કે જે સં. ૧૬૨૮માં કવિએ (સ્વહસ્તે) લખેલ ઉપલબ્ધ છે; એમાં આ પ્રકારે લખેલું છે :—

मारवाडि देश उदार, जिहां धरमको विस्तार,
तिहां खेतसर मंझारि ।
ओशवंशकउ सिणगार, सिरिवंतशाह उदार,
तसु सिरियदेवी नार ॥२॥
सुख विलसतां दिनदिन्न, पुण्यवंत गरभ उतपन्न,
नवमास जिहां पडिपुन्न;
जनमियां पुत्ररतन्न, तिहां खरचिया बहु धन्न,
सब लोक कहइ धनधन्न ॥३॥

એમાં ખેતસરનું નામ સ્પષ્ટ લખ્યું છે. પ્રાચીન હોવાથી અમોએ પણ ખેતસરનુંજ નામ આલેખેલ છે.

ધર્મપત્નીનું નામ સિરિયાદેવી હતું. આનંદપૂર્વક શ્રાવકધર્મ પાળતાં આ સિરિયાદેવીની રત્નગર્ભા કુક્ષિમાં એક પુણ્યવાન જીવે ઉત્તમ ગતિથી ચ્યવીને અવતાર ધારણ કર્યો. ગર્ભકાળ વ્યતીત થતાં સં. ૧૫૯૫ના ચૈત્ર વદિ[*] ૧૨ ના શુભ દિવસે કામદેવ સમા રૂપલાવણ્યવાળા, સૂર્યસમાન તેજસ્વી, શુભ લક્ષણયુક્ત એક પુત્ર-રત્નનો જન્મ થયો. આ શુભ અવસર નિમિત્તે શ્રેષ્ઠિએ પુષ્કળ દ્રવ્ય વ્યય કરી ખૂબ આનંદ ઉત્સવ મનાવ્યો. દસમે દિવસે આ બાળકનું નામ "સુલતાન કુમાર"[†] રાખવામાં આવ્યું. આ "સુલતાન કુમાર" શુદ પક્ષના ચંદ્રમાની જેમ દિનપ્રતિદિન વૃદ્ધિ પામવા લાગ્યા. માતાપિતાએ એને બાલ્યકાળમાં જ સઘળી કળાઓનો અભ્યાસ કરાવી નિપુણ બનાવ્યા.

વિ. સં. ૧૬૦૪ માં ખરતરગચ્છનાયક શ્રીજિનમાણિક્ય-સૂરિજી મહારાજ પોતાના શિષ્યસમુદાય સહિત અત્રે પધાર્યા. એમની પધરામણીથી બીકાનેરમાં સારી રીતે ધર્મભાવના જાગૃત થઈ. ત્યાંના શ્રાવકો ચિત્ત લગાવીને ધર્મકાર્યમાં પ્રવૃત્ત થયા. એમના ઉપદેશ-વચનામૃત સાંભળી 'સુલતાન કુમાર'ના નિર્મળ ચિત્તમાં વૈરાગ્ય ભાવના ઉત્પન્ન થઈ. તેમ સાંસારિક સુખોની અસારતા એમને સમજાતાં [illegible] અને સાચું સુખ દેનારા ચારિત્રનું

---

[*] [illegible] આદિમાં [illegible] થયું હોય [illegible]

[†] નામધારકના [illegible]
([illegible])

[illegible] ગીત, [illegible] આમાં [illegible] એમ લાગે છે.

પાલન કરવા દીક્ષા અંગીકાર કરવાનો દૃઢ નિશ્ચય કરી લીધો.

હવે સુલતાનકુમાર પોતાના માતાજી પાસે આવી દીક્ષા લેવા માટેની આજ્ઞા માંગવા લાગ્યા. એમણે કહ્યું, "માતાજી! આ સંસાર અસાર છે. પુદ્‌ગલ માત્રનું સુખ ક્ષણભંગુર છે, એટલે આત્માના સાચા સુખની પ્રાપ્તિ માટે હું શ્રીજિનમાણિક્ય સૂરિજી મહારાજ પાસે દીક્ષા લઈ સાધુ બનીશ. એટલે આપ કૃપા કરીને મને રજા આપો." માતાએ કહ્યું, "બેટા! તું તો હજુ બાળક છે, હજુ તો યૌવનાવસ્થામાં પ્રવેશ કરવાનું બાકી છે; ચારિત્રનું પાલન કરવું અત્યંત કઠિન છે; મોટો થા, પછી ચારિત્ર લેજે," વગેરે વાતોદ્વારા સાધુમાર્ગની મુશ્કેલીઓ બતાવી અને દીક્ષા લેવાની ના પાડી; પરન્તુ જેના હૃદયમાં સાચા વૈરાગ્યે વસવાટ કર્યો છે એવા સુલતાન-કુમાર કયાં માનવાના હતા? એમણે યુકિતપૂર્વક માતાજીના કથનનો ઉત્તર દઈ, છેવટે અનુમતિ મેળવીજ લીધી.

સુલતાનકુમારે સં. ૧૬૦૪ માં શ્રીજિનમાણિક્યસૂરિજી પાસે દીક્ષા લીધી; એમનું દીક્ષા–નામ ગુરુમહારાજે સુમતિધીર રાખ્યું. આ સમયે એમનું વય કેવળ ૯ વર્ષનુંજ હતું, પરન્તુ વિલક્ષણ બુદ્ધિ અને ગુરુભકિતના પ્રભાવે અલ્પ કાળમાંજ ૧૧ અંગાદિનો અભ્યાસ કરી સકલ શાસ્ત્રોમાં પારંગત થયા. શાસ્ત્રવાદ, વ્યાખ્યાન કલાદિમાં નિપુણ બની ગુરુમહારાજ શ્રીજિનમાણિક્યસૂરિજી સાથે દેશ વિદેશમાં વિચરવા લાગ્યા.

દેરાઉરથી જેસલમેર આવતાં સં. ૧૬૧૨ ના અષાઢ શુદિ પંચમીના રોજ શ્રીજિનમાણિક્યસૂરિજીનો દેહાન્ત થતાં, અન્ય સાધુઓની સાથે વિહાર કરીને શ્રીસુમતિધીરજી જેસલમેર પધાર્યા. અંત સમયે શ્રીજિનમાણિક્યસૂરિજી સાથે ૨૪ શિષ્યો હતા, પરન્તુ સંયોગવશ તેઓ કોઈને પોતાની પટ્ટ પર સ્થાપિત ન કરી શકયા. જેસલમેર આવ્યા પછી આ બાબતમાં પરસ્પર મતભેદ પડયો. અંતે સમસ્ત સંઘ અને ત્યાંના નરેશ રાઉલ શ્રીમાલદેવજી (રાજકાળ

ચરિત્રનાયકના હસ્તાક્ષર

વિજયદેવસૂરિરચિત **નેમિનાથરાસનું** અંતિમ પત્ર, જે સૂરિપદથી ૧ વર્ષ પહેલાં ૧૭ વર્ષની વયે **સુમતિધીર** ગણિ અવસ્થામાં ચરિત્રનાયકે સં. ૧૬૧૧ પોષ સુદ બીજે લખેલ છે.

કરાવી* શ્રીસુમતિધીરજીને સં. ૧૬૧૨ ના ભાદરવા શુદિ ૯ ગુરુવારે આચાર્યપદ અપાવ્યું. બેગડગચ્છના આચાર્ય શ્રીગુણપ્રભસૂરિજીએ એમને સૂરિમંત્ર આપ્યો. શ્રીજિનહંસસૂરિજીના વિદ્વાન શિષ્ય મહોપાધ્યાય શ્રીપુણ્યસાગરજીએ સૂરિપદના યોગ, તપ આદિ

तिवारइ वडौ चेलौ धन्नउ नीसर्यो, जाइ पातिस्याहनई मिली जेसलमेर ओळखी देखाडी, तदा जेसलमेर कागल आयौ. तिवारई रावल संघ सर्व आवी गुरोंनई कह्यौ। गुरों कह्यौ, आंबिल तप घरघरि करउ अनइ ए जाप जपउ "आंबिल अमृतवाणी, धन्नो हुओ घूलधाणी" ते तिमज धूलधाणी हुओ, ए बीजो अवदात। हिवे एकदा श्रीजेसलमेरई तीन वरसी दुकाल पड्यौ, तिवारै राउल भीमई गुरु वीनव्या, तिवारई गुरे तीन उपवास करी वाम पादांगुष्ट धारइ करी कायोत्सर्ग करी २२००) रुपइयारो दीपधूप होम जाग करायौ, तीजे दिन धरणेन्द्र प्रत्यक्ष थयौ, वर मांगी! कह्यौ. मेह कीजइ, तिवारइ धरणेन्द्र कहै—सवा पुहर दिन चढतै मेह आविस्यई वांई निश्चौ राखिजो पारणौ करीजो, गुरु कह्यौ 'काछली भरियै गडिसर भरियै' ए संकेत छै, इम कही देवता विसरज्यौ, हिवइ प्रभाते पारणौ कीधौ, सवा पुहर दिन चढते बादला उपड्या, गाज बीज घटा करि मूसलधार वरसवा लागौ, गुरे चेलो १ अने श्रावक १ हाथे काछली देई बैसाड्या, इम आधी काछली थई, काछली नांखी पाछा उतर्या हैवति खमी न सकै, 'गडिसर' दौढ वरसरौ पाणी आयौ, तिवारई रावल भीम गुरोंनै तेडी पटोली पंच शब्दौ पचोल दीधौ कह्यो—जे बेगडां विना पटोली करणी बीजो कोई करण न पावै पंच शब्दौ वजावण न पावई, ईम मान महत्व दीधउ एहवा प्रभाविक सं. १५८५(में) पाटपति थया सं. १६५५ स्वर्ग हूयां।"

* સં. ૧૬૨૮ લિખિત "કનકસોમ" કૃત ગીતમાં લખ્યું છે:—

"सोलहसई संवत बार, जिनमाणिक्य सूरि पदधार, सूरिमन्त्र उच्चार।

હીરકલશ કૃત ગહૂંલીમાં પણ—

"भादवा सुदि नवमी दिनंई, जेसलमेर मझारु हे।
संघ सयल गुरु आंईसंई, थापंई नाम अपारु हे॥" ३॥

કરાવ્યાં, એનો ઉલ્લેખ એક પ્રાચીન પત્રમાં આ પ્રમાણે છે :—

स्वस्ति श्री :॥ श्रीपूज्यजीनउ कागल १ हिवणांइज आव्यउ, कागल १ श्रीसंघ भणी आव्यउ। वाच्यां समाचार जाण्या। तत्र लिख्या ने पदस्थापना विधि लिखो मूकीज्यो। तप विगरि॥ श्रीपूज्य श्रीजिनचन्द्रसूरि भणी भाद्रवामांहे जेसलमेरुरई घणी सूरिमंत्र दिवराव्यउ। पछइ तप उपाध्याय श्रीपुण्यसागरजी पासे वह्या, ए वात वडां पासे सांभळी छइ॥ पर हिवणां तत्र देशमांहे रहतां भला नही छइ। हिवणांईज राजनगरथी राजा पासइ ब्राह्मण १ सांवलदासरउ मूंकिउ लहणा लेवा भणी आयो छइ, तियई कहिउ- 'सांवलदासई अहम्मदाबादरा भट्टारकिया श्रावक तेडिनई कह्यौ- गच्छ भेलो करउ' सु गच्छ भेलउ करिस्यइ। आ वात थे पग सांभलि हुस्यई. अत्र लिखी नहीं सु किम? ईस्या वातां भल्यां नहीं तुरत विनति करिस्यई। चउमास उतरी पछई जोरावरी करी तुह्मांनई राख्या तउ कुण आडो आवस्यई?। ते भइया पिण तत्र आवी विरूप कीधउ तउ किम थास्यई। विचार पहिलउ कीजइ तउ भला छई। मारवाडी मांहें कोई एक श्रावक पदठवणा करावियावालउ मिलाईज करिस्यई। चउमासमांहें नहीं बोलई। चउमास उतरी तुरत विरूप करिस्यई। थांरा भाग्य छई भला थास्यई. परं अम्हानई घणा मामला पड्या छई। म्हे बीहां छां। तथा सूरिमंत्र कियइ पासि तत्र लेस्यउ? अस्वकीय भट्टारक आचार्य, इणां पासइ आपांनइ लेतां भलउ नहीं, बीजउ कुण देस्यइ? ते पिण समाचार देज्यो। विधि लिखतां वेला कांइ नहीं लागती।

विधिप्रपामांहे विधि वातरूप लिखी छइ, डोढ पत्र छइ, पं. हर्षसोम योग्यम्। पण्डित होज्यो। जउ जोरावरि मांडइ तउ टाणा २२ श्रीपूज्यां भणी चलाइ देज्यो। पछइ थे चालिज्यो। रखे ढीला थाउं। इतरां सीम आवज्यो। तथा थे

लिख्या जे फागुण चौमासा पछी आदेश देस्यां। तत्रार्थं अत्र आयां पछी जोग्याजोग्य विचारी आदेशरी वात करज्यो। पं. भावप्रमोद कनी तेडाविज्यो। ते सर्व रूडीपरइ जाणइ छइ। मइ पिण कागळ दीधउ छइ। जाणां छां पारगइ तुहां पासि आवस्यइ। सदा वंदना जाणिज्यो॥ सावचेत रहिज्यो॥ तथा तुहांनई गच्छमांहि जिवई यतिरउ कागल नथी आव्यउ, जिवइ संघरउ पिण नहीं आयो। ते लिखिज्यो। मारवाडि वेगा पधारिज्यो। कागलरा समाचार उत्तर सहु लिखिज्यो। सर्वोऽपि साधुवर्गोऽनुस्य:॥ गुजरातरा जती गुजरातमांहिज राखिज्यो। साथि प्रत आणउ॥ लंघाडा ७ छै॥

આચાર્ય પદ પ્રાપ્તિ પછી આપણા ચરિત્રનાયક સુમતિધીરજી શ્રીજિનચન્દ્રસૂરિજી નામથી પ્રસિદ્ધ થયા. જે દિવસે એમને આચાર્ય પદ પ્રદાન થયું એ રાત્રિએ એમના ગુરુ શ્રીજિનમાણિક્યસૂરિજીએ સ્વપ્નમાં પ્રત્યક્ષ દર્શન દીધાં, ને સમવસરણ પ્રકરણના પુસ્તકમાં × રહેલ સામ્નાયસૂરિમંત્ર પત્ર તરફ સંકેત કરી અદૃશ્ય થઈ ગયા. સં. ૧૬૧૨ નો ચાતુર્માસ જેસલમેર થયો. બિકાનેરના મંત્રી શ્રીસંગ્રામસિંહ વચ્છાવતે સૂરિજીને બિકાનેર પધારવા વિનંતી પાઠવી.

ચાતુર્માસ પૂરો થતાં સૂરિજી જેસલમેરથી વિહાર કરી બિકાનેર પધાર્યા. સં. ૧૬૧૩ નો ચાતુર્માસ ત્યાંજ કર્યો. બિકાનેરનો પ્રાચીન ઉપાશ્રય + શિથિલાચારી યતિઓએ રોકેલો દેખી મંત્રીશ્વરે પોતાની અશ્વશાળામાંજ સૂરિજીનો ચાતુર્માસ કરાવ્યો. તે સ્થળ આજે રાંઘડી ચોકમાં મોટા ઉપાશ્રયના નામથી પ્રસિદ્ધ છે.

× જુઓ ક્ષમાકલ્યાણજી કૃત ખરતરગચ્છ પટ્ટાવલિ આદિ.

+ આ ઉપાશ્રય, બજારમાં શ્રીચિન્તામણિજીના મંદિરની બાજુમાં હતો, જ્યાં આજકાલ મથેરણ લોકો નિવાસ કરે છે. કહેવાય છે કે (૧) ચિંતામણિજીનું મંદિર (૨) આ ઉપાશ્રય અને (૩) બિકાનેરના પ્રાચીન કિલ્લાની નીવ એકી સાથે નાંખવામાં આવી હતી.

સૂરિજી ગચ્છમાં ફેલાયેલા શિથિલાચારને જોઈ ભારે ઉદ્વેગ પામ્યા. જે આત્મસિદ્ધિના ઉદ્દેશથી ચારિત્ર ધર્મનો વેષ ધાર્યો એ આદર્શને ન પાળવો એ લોક-વંચનાની સાથોસાથ આત્મ-વંચના પણ છે. ગચ્છની સુધારણાર્થે ગચ્છનાયક માટે ક્રિયાઉદ્ધાર કરવો અનિવાર્ય છે, ઇત્યાદિ વિચાર કરતાં એમનામાં આત્મબળ તેમજ ચારિત્રની અમોઘ શકિતનો ઉલ્લાસ થવા લાગ્યો, અને અંતે એમના હૃદયમાં ક્રિયોદ્ધાર કરવાની પ્રબળ ભાવના જાગૃત થઈ એમને લાગ્યું કે ત્યાગ વિના સફળતા નથી. શુદ્ધ ચારિત્ર પાળવાથીજ ઇષ્ટધ્યેયની સિદ્ધિ થાય છે. પરિગ્રહધારી વ્યકિતઓ સ્વતંત્ર સત્ય ઉપદેશ કદી આપી શકતા નથી. તેમ જનતા પર પ્રભાવ પણ નથી પાડી શકતા, ને તેઓ સ્વાર્થ નિમિત્તે હંમેશાં દબાએલાજ રહે છે. આથી ચારે સમસ્ત પ્રકારના સુખ અને કલ્યાણને દેનાર ક્રિયોધ્ધાર કરવો એજ પરમ શ્રેય છે. આમ વિચારી સં. ૧૬૧૪ × ચૈત્ર વદી ૭ના રોજ ક્રિયોધ્ધાર કર્યો. આ શુભ અવસર પર મંત્રીશ્વર શ્રીસંગ્રામસિંહ વચ્છાવતે પુષ્કળ દ્રવ્ય ખર્ચી ઉત્સવ કર્યો. એ સમયે બિકાનેરમાં ૩૦૦ ગૃહી-યતિઓ+ હતા, જેમાંથી ૧૬ શિષ્યોએ પરિગ્રહનો સર્વથા ત્યાગ કરી સૂરિજી પાસે પાંચ મહાવ્રત ધારણ કર્યાં, બાકી બધાં મથેરણ * મથે (એટલે મસ્તક પર), અને રણ-ઋણ (એટલે કરજની માફક બોઝારૂપ પાઘડી ધારણ કરી) અર્થાત્ ચારિત્ર પાળવામાં અસમર્થ નીવડ્યા. એ લોકો આજ

× ખરતરગચ્છ પટ્ટાવલી નં. ૧માં ક્રિયોધ્ધારનો સં. ૧૬૧૩ લખેલ છે. સંભવ છે કે કર્તાએ ગુજરાતી પધ્ધતિનું અનુસરણ કર્યું હોય, વિહાર પત્રમાં તો બંન્નેમાં સં. ૧૬૧૪ જ લખેલ છે.

+ આવું કથન સ્વ. આચાર્ય શ્રીજિનકૃપાચન્દ્રસૂરિજી મહારાજનું છે.

* આ લોકો પોતાને મથેન અથવા મહાત્મા લખે છે.

સુધી લેખક અને ચિત્રકારનું કામ કરે છે, પરન્તુ ખેદ તો એ છે કે એમાંના કેટલાંક તો જૈનધર્મ છોડી વિધર્મી પણ બની ગયા છે. સં. ૧૬૧૪નો પણ ચતુર્માસ સૂરિજીએ બિકાનેરમાંજ કર્યો; આ સમયે ગચ્છની સુવ્યવસ્થા અને સાધુઓના ઉત્તમ ચારિત્રપાલન અર્થે કેટલાંય કઠોર નિયમો ઘડ્યા જેનો અભ્યાસ કરવાથી તે કાળના સાધુઓનાં ચારિત્ર કેવાં ઉત્કૃષ્ટ પ્રકારનાં હતાં, એ સ્પષ્ટ સમજાય છે.×

ચતુર્માસ પૂર્ણ થતાં, ત્યાંથી વિહાર કરી સૂરિજી મહેવા ખાતે પધાર્યા સં. ૧૬૧૫નો ચતુર્માસ ત્યાં કર્યો. વિહાર પત્ર નં. ૨ માં "તિહાં છમ્માસી તપ" લખેલ છે. સંભવ છે કે સૂરિ મહારાજે કે અન્ય કોઇએ છમાસી તપ કર્યું હોય. સં. ૧૬૧૬ નો ચાતુર્માસ જેસલમેરમાં થયો. વિહાર પત્ર નં. ૨ માં "વીદા૦" લખેલ છે, એનો આશય અમારી સમજમાં નથી આવતો. ચતુર્માસ પૂરો થતાં ત્યાંથી વિહાર કરી સૂરિજી ગુજરાત દેશમાં પધાર્યા.

સં. ૧૬૧૬ માં મહા શુદિ ૧૧ ના બિકાનેરથી નીકળેલ યાત્રી સંઘે મહાતીર્થ શ્રીશત્રુંજયની યાત્રા કરી પાછા વળતાં પાટણમાં શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજના પુનીત દર્શન કર્યાં હતાં. જેનો ઉલ્લેખ કવિ ગુણરંગ કૃત "ચૈત્ય-પરિપાટી સ્તવન" માં આ પ્રમાણે છે:—

"वडली नयर मझारि, दुई चेई नम्या पेख्यउ पाटण सिर तिलउ ए ॥ २३ ॥ तिहि जिणिवरना वृन्द, देहरासर पुनि, चरच्या चित्त चोखई करी ए। तिहां श्रीजिनचन्द्रसूरि, विहरन्ता गुरु वंद्या मनह उच्छव धरी ए ॥"

સં. ૧૬૧૭ નો ચાતુર્માસ સૂરિ-મહારાજે પાટણમાં કર્યો. આ ચાતુર્માસ દરમ્યાન એક મહત્ત્વની ઘટના બની, જેનું વર્ણન હવે પછીના પ્રકરણમાં આવશે.

× જૂઓ. વ્યવસ્થા પત્ર માટે "પરિશિષ્ટ (ખ)"

પ્રકરણ ૪ થું

પાટણમાં ચર્ચાજય :—

પાટણનગર ગુજરાતપ્રાંતની પ્રાચીન રાજધાની છે. આ નગર વનરાજ ચાવડાએ વસાવેલ. ગુજરાતના ઇતિહાસમાં આ શહેરનું સ્થાન ઘણું ઉંચું છે. ધર્મિષ્ઠ મહારાજા દુર્લભરાજની સમક્ષ આચાર્ય શ્રીજિનેશ્વરસૂરિજીએ ચૈત્યવાસીઓને શાસ્ત્રાર્થમાં પરાસ્ત કરી "ખરતર" બિરુદ આજ નગરમાં પ્રાપ્ત કરેલ, જેનું વર્ણન બીજા પ્રકરણમાં આવી ગયું છે. સંવત્ ૧૬૧૭ માં આપણા ચરિત્રનાયક શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજે પાટણમાં ચોમાસું કર્યું. એ સમયે તપગચ્છીય કદાગ્રહી-શિરોમણિ તેમજ ઉગ્રસ્વભાવી ઉ. ધર્મસાગરજીએ × લોકોની સમક્ષ કહ્યું કે નવાંગી વૃત્તિના કર્તા શ્રીઅભયદેવસૂરિજી ખરતરગચ્છમાં નથી થયા, આ

× શ્રીમોહનલાલ દ. દેસાઈ બી. એ, એલ્. એલ્. બી, પોતાના પુસ્તક "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ"ના પૃ. ૫૬૨ માં આ પ્રમાણે લખે છે. "તેઓ ઘણા વિદ્વાન પણ અતિઉગ્રસ્વભાવી અને દઢ આગ્રહી (પ્રખર સ્વસંપ્રદાયી) હતા. ધર્મસાગરે તપાગચ્છ સાચો ને બીજા ગચ્છો ખોટા જણાવી તેમના પર ઘણા પ્રહારો ઉગ્ર ભાષામાં મથી નામે તત્ત્વતરંગિણી, પ્રવચન-પરીક્ષા કુમતિ-મતકુદ્દાલ (આદિ) રચી ક્યાં ખરતરો

ગચ્છની તો ઉત્પત્તિય સં. ૧૨૦૪માં થઇ છે. એમણે આમ કહ્યું એટલુંજ નહીં, પરન્તુ ખરતરગચ્છવાળાઓને ઉત્સૂત્રભાષી સાબિત કરવા "ઔષ્ટ્રિક-મતોત્સૂત્ર દીપિકા" અને "તત્ત્વ-તરંગિણી વૃત્તિ" (કુમતિ-કંદ-કુદ્દાલ) આદિ ખંડનાત્મક વિષમય સાહિત્ય રચી જૈન શાસનમાં કલહનાં વિષબીજ વાવ્યાં.

આ અગાઉ* કોઇએ એવી વાત નહોતી સાંભળી કે અભય-દેવસૂરિ ખરતરગચ્છમાં નથી થયા. ધર્મસાગરજીના આ કુચેષ્ટાપૂર્ણ એવા અભૂતપૂર્વ (નિંદ્ય) પ્રતિપાદનથી સમગ્ર જૈનશાસનમાં ખળભળાટ મચી ગયો. ચારે તરફથી આનો વિરોધ થવા લાગ્યો, સૌના હૃદયમાં આ વિષવૃક્ષનો વિચ્છેદ કરી નાંખવાની તમન્ના જાગી કે જેથી ભવિષ્યમાં ભગવાન વીરના સંતાનોમાં પરસ્પર દ્વેષ, કલહ કે અસંતોષ ન ફેલાય.

સાથે પાટણમાં સં. ૧૬૧૭ માં 'અભયદેવસૂરિ ખરતરગચ્છના ન હતા'. એવો પ્રબળ વાદ કર્યો, તે વર્ષે તેમને શ્વેતાંબર સંપ્રદાયના જૂદા જૂદા ગચ્છના આચાર્યોએ ઉત્સુત્ર પ્રરૂપણાના કારણે જિનશાસનથી બહિષ્કૃત કર્યા તપા-ગચ્છના નાયક વિજયદાનસૂરિએ "કુમતિ-મત-કુદ્દાલ" ને જળશરણ કરાવ્યો અને જાહેરનામું કાઢી સાત બોલની આજ્ઞા કાઢી. એક બીજા મતવાળાને વાદ વિવાદની અથડામણ કરતા અટકાવ્યા ધર્મસાગરે સૂરિશ્રીને ચતુર્વિધ સંઘ સમક્ષ મિચ્છામિ દુક્કડં આપ્યો, તેમની માફી માંગી"

* તે સમય સુધી શ્રીઅભયદેવસૂરિજીને સૌ કોઇ "ખરતરગચ્છીય" જ માનતા હતા: બીજાની તો વાતજ ક્યાં કરવી, જ્યાં ખુદ તપાગચ્છીય આચાર્યોએ પોતાના ગ્રન્થોમાં શ્રીઅભયદેવસૂરિજીને સ્પષ્ટ ખરતરગચ્છીય સંબોધિત કરી ગુણવર્ણન કરેલ છે જેમકે:—

સંવત્ ૧૫૦૩ તપાગચ્છીય આચાર્ય શ્રીસોમસુંદર સૂરિ શિષ્ય પંડિત સોમધર્મ ગણિ વિરચિત ઉપદેસ સત્તરીમાં—

पुरा श्रीपत्तने राज्यं, कुर्वाणे भीमभूपतौ ।
अभूवन् भूतले ख्याताः, श्रीजिनेश्वरसूरयः ॥ २ ॥

આપણા ચરિત્ર-નાયક શ્રીજિનચન્દ્રસૂરિજી ખરતરગચ્છની જવાબદાર વ્યક્તિ હતા; એટલે ખરતરગચ્છ સામે ધર્મસાગરે કરેલ અનુચિત આક્ષેપોનું નિરાકરણ કરવું એમને પરમ

सूरयोऽभयदेवाख्यास्तेषां पट्टे दिदीपिरे ।
एभ्यः प्रतिष्ठामापन्नो, गच्छः खरतराभिधः ॥३॥

તપાગચ્છીય ઉપાધ્યાય શ્રીહેમહંસગણિ કૃત કલ્પાન્તરવાચ્યમાં :—

"नवांगी वृत्तिकारक श्रीअभयदेवसूरिजीये स्थम्भणइ सेढी नदीनइ उपकण्ठि श्रीपार्श्वनाथ तणी स्तुति करी धरणेन्द्र प्रत्यक्ष कीधउ । शरीर तणउ उत्कृष्ट रोग उपशमाव्यउ । तत्शिष्य श्रीजिनवल्लभसूरि हुवा । चारित्र निर्म[illegible] तणउ निर्माण कीधउ । इणि अनुक्रमि खरतर पक्षइ सूरिवर अनेक हूआ सातिशय ।"

તપગચ્છીય આચાર્યો શ્રીવિજયદાનસૂરિજી અને શ્રીહીરવિજય સૂરિજી પણ શ્રીઅભયદેવસૂરિજીને ખરતરગચ્છના માનતા હતા, અને એ બાબતમાં લિખિત સમ્મતિ દેવાને પણ તૈયાર થયા, પરન્તુ પાછળથી ધર્મસાગરના કપટ પ્રપંચમાં આવી જવાથી એમણે ખરતરગચ્છવાળાઓને લિખિત સંમતિ આપવાનું નકાર્યું. આ આશયને ધર્મસાગરના કોઈ શિષ્યે આ પ્રમાણે વ્યક્ત કર્યું છે :—

"હે પૂજ્ય! શ્રીઅભયદેવસૂરિ કુણ ગચ્છ મધ્યે હુઆ? તિવારઈ શ્રીપૂજ્યજી આમ કીધું જે પ્રશ્નોપઈ તો ખરતર કહવરાવઈ છઈ, તે સાંભળી ખરતર બોલ્યા જે પૂજ્ય! એતલું લિખિ આપઉ! જેમ દંદ નાસઈ ઈમ કહી કાગલ આણ્યઉ તિવારઈ આચાર્ય શ્રીહીરવિજયસૂરિ નઈ શ્રીપૂજ્યજીઈ આજ્ઞા દીધી જે લિખિ આપો, તિવારઇ શ્રીઆચાર્યજીએ કહ્યું જે હિવણાં તઉ ધ્યાન ભણસઉં છું મધ્યાહ્ન પછી લિખિ આપસ્યું ઈમ કહી પાછા વાલ્યા; પછઈ મધ્યાહ્ન પછી વલિ સર્વ ખરતર મિલિ આવ્યા શ્રીપૂજ્ય! શ્રીઆચાર્યજી પાસે જે સમ્મતિ લિખિ આપઉ, એહવઈ સમઈ સં. ઉદયકરણ વ. પામદત્ત પ્રમુખ શ્રાવક [illegible]

આવશ્યક લાગ્યું. કેમ કે આવા પ્રસંગે મૌન રહેવું ભવિષ્યમાં વધુ અહિતકર નીવડે એ સુનિશ્ચિત છે. આથી, કાર્તિક સુદિ ૪ના રોજ એમણે પાટણ ખાતેના તમામ ગચ્છના આચાર્યો

ભગવન્‌જી! સ્યું લિખિ આપો છો? તિવારઈ શ્રીપૂજ્યજી કહિવા લાગ્યા જે પાટણમાંહિ ખરતર અનઈ શ્રીઉપાધ્યાય ધર્મસાગર ગણિ નઈ માંહોમાંહે ચરચા અભયદેવ સૂરિ સંબંધી થાઈ છઈ અનઈ ઇહાંનાં ખરતર લિખ્યું માંગઈ છઈ અનઈ પ્રદ્યોષઈ શ્રીઅભયદેવ સૂરિ ખરતર કહવરાવઈ છઈ તે લિખ્યું માંગઇ છઇ!"

× × × શ્રીઉપાધ્યાયજી (ધર્મસાગર) નૌ નફરઇ લેખ આપ્યો (તે લેખ મધ્યે પૂર્વાચાર્યના ગ્રંથના ૨૧ નામ પૂર્વક લિખ્યાં હતાં જે એતલાં ગ્રંથની મેલઈ) શ્રીઅભયદેવસૂરિ ખરતર નથી કહ્યા × × તે શ્રીપૂજ્ય શ્રીવિજયદાનસૂરિ આચાર્ય શ્રીહીરવિજયસૂરિઇં વાંચ્યા પછઇં વિચાર કીધો જે × × × × ખરતરનઇં લિખિ ન આપવું × ×

[આત્માનંદ પ્રકાશ વર્ષ ૧૫ અંક ૩. ૪. પૃ. ૮૭–૮૮]

ધર્મસાગરની નવીન પ્રરૂપણાને કારણે હજુય કેટલાએક લોકો શ્રીઅભયદેવસૂરિજી ખરતરગચ્છમાં નથી થયા એમ માને છે, તેઓની નિસ્સાર દલીલ એ છે કે "શ્રીઅભયદેવસૂરિજીએ પોતાના ગ્રંથોમાં પોતાનો ગચ્છ ખરતર છે એમ લખ્યું નથી," પરંતુ આ યુક્તિથી તેઓ ખરતરગચ્છમાં નથી થયા એમ સાબીત થઇ શકતું નથી; કેમકે તપાગચ્છના દેવેન્દ્રસૂરિજી આદિએ પણ પોતાના ગ્રંથોમાં પોતાના ગચ્છનું નામ તપગચ્છ ન લખતાં ચિત્રવાલ–ગચ્છ લખ્યું છે. એથી શું તપાગચ્છવાળા એમને તપાગચ્છીય નથી માનતા? સં. ૧૧૬૮ માં અભયદેવસૂરિજીના પ્રશિષ્ય દેવભદ્રસૂરિજીએ જિનેશ્વરસૂરિજીને ખરતર બિરુદ મળ્યાનું લખેલ છે. આમ અનેક પ્રમાણોથી શ્રીજિનેશ્વરસૂરિજીના શિષ્ય શ્રીઅભયદેવસૂરિજી ખરતરગચ્છમાં થયાનું સ્વયમેવ સિદ્ધ બને છે.

અને સાધુઓને એકત્ર કર્યા, ને શાસ્ત્રાર્થ × માટે ત્યાં ધર્મસાગરજીને બોલાવવામાં આવ્યા. પરન્તુ તેઓ આવ્યાજ નહિ, ઉપાશ્રયના દરવાજા બંધ + કરીને છૂપાઈ રહ્યા.

કાર્તિક શુદિ ૭ શુક્રવારે ફરીથી સભા એકઠી થઈ, ધર્મસાગરજીને બોલાવવામાં આવ્યા, પરન્તુ 'ચોરનો પગ

× संवत सोल सतो(सतरो)तरई, पाटण नगर मझार।
श्री गुरु पहुंता विहरता, सहु भवियण मन हर्ष अपार ॥ ७ ॥
केई कुमति कलंकिया, बोलई सूत्र अरथ विपरीत ।
निज गुरु भाषित ओलवई, तिहां कणि श्रीगुरु पाम्यो जीत ॥ ८ ॥
कंकाली मही मूलगो, पण्डित तणो वहै अभिमाण ।
सागर छीलर सम थयो, जिहि उदयो खरतर गुरु भाण ॥ ९ ॥
[વિધિ સ્થાનક ચોપાઈ]

संवत सोल सतो (सतरो) तरई, पाटण नगर मझार(रे)।
मेलि दरशन सहु सम्मत, ग्रन्थनी साखि साधार(रे) ॥ ५ ॥
पूरव विरुद उजवालियउ, साखि दाखई सहु लोकरे ।
तेज खरतर सहगुरु तणउ, ऋषिमति ते थयउ फोकरे ॥ ६ ॥
ऋषिमति जे हुंतो कंकाली, बोलतउ आल पंपालरे।
खण्ड कीधउ खरतर गुरे, जाणई बाल गोपाल रे ॥ ७ ॥
(જિનચન્દ્રસૂરિ ગીત ગા૦ ૯ માંથી)

पाटण सोल सतरोतरई, च्यार असी गच्छ साखिरे ।
खरतर विरुद दीपावियउ, आगम अक्षर दाखिरे ॥ ७ ॥

+ पाटणमांहि पंचासरउ, पाडा पाछलि जे पोसाल।
पोल देइ पैसी रह्यउ, जे मुंहि लावत आऌ पंपाल ॥१०॥
गच्छ चौरासी मेलवी, पंचशास्त्रनी साखि उदार।
जीत्यउ खरतर राजियउ, ए सहु को जाणइ संसार ॥११॥
(વિધિસ્થાનક ચોપાઈ ગા. ૧૭)

કાચો' એ કથનાનુસાર એ આગ્રવાનાજ કર્યાં હતા? આખરે એકત્ર થએલ મહાનુભાવોને શ્રીજિનચન્દ્રસૂરિજીએ સવાલ કર્યો: "શ્રીઅભયદેવસૂરિજી કયા ગચ્છમાં થયા? આપ લોકો એ વાતનો નિર્ણય કરો. ઉપસ્થિત વિદ્વદ્વરોએ ૪૧ પ્રાચીન ગ્રંથોના પ્રમાણથી એ નિશ્ચય કર્યો કે જે મહાપ્રભાવક આચાર્યને ચોર્યાસી ગચ્છવાળાઓ પૂજ્યભાવથી જૂએ છે તે નવાંગીવૃત્તિના કર્તા અને સ્તંભનક પાર્શ્વનાથપ્રતિમા પ્રકટ કરનાર શ્રીઅભયદેવસૂરિજી ખરતર ગચ્છમાંજ થયા છે.

આ નિર્ણયનો એક મતપત્ર લખાયો, જેમાં તમામ આચાર્યો અને મુનિઓના હસ્તાક્ષરો લેવાયા. કાર્તિક શુદિ ૧૩ ના રોજ તમામ ગચ્છવાળાઓએ મળીને ધર્મસાગરજીને જૂઠ તેમજ શાસ્ત્રવિરુદ્ધ વાત કરનાર તરીકે અને શાસ્ત્રોક્ત સત્યને છૂપાવનાર ગણી એમને જૈન સંઘમાંથી બહિષ્કૃત કર્યા.

ઉપરોક્ત આશયના મતપત્રની નકલ અહીં આપવામાં આવે છે; જેથી આ વાત વિષેની પૂરી જાણ થશે.

મત-પત્રમિદમ્ ×

સ્વસ્તિ શ્રી સંવત ૧૬૧૭ વર્ષે કાર્તિક સુદી ૭ સપ્તમી દિને શુક્રવારે શ્રીપાટણ મહાનગરે શ્રીખરતર ગચ્છનાયક વાદિ-કંદ કુદ્દાલ ભટ્ટારક શ્રીજિનચન્દ્રસૂરિજી ચઉમાસી (રહ્યા હુંતા) કીધી. તિવારઈ ઋષિમતિ ધર્મસાગરે કૂડી ચરચા

×એજ પ્રમાણે ખંભાતમાં પણ આજ આશયનું એક મતપત્ર લખાયું હતું. જેની નકલ આ પ્રમાણે છે.

સ્વસ્તિ શ્રીશ્રમ્મનાભીશં નત્વા શ્રીસ્તંભતીર્થ મધ્યે સમસ્ત દર્શન લિખિતં શ્રીઅભયદેવસૂરિ નવાંગી વૃત્તિકારક શ્રીસ્થંભણઉ પાર્શ્વ પ્રગટકારક ખરતરગચ્છ હુવા । કેઈએક એમ નથી સદ્દહતા, રાગ

માંડી જઉ શ્રીઅભયદેવસૂરિ નવાંગી-વૃત્તિકારક શ્રીસ્થંભનો પાર્શ્વનાથ પ્રકટકર્તા, તે ખરતરગચ્છિ ન હુવા। એહવી વાત સાંભલી, તિવારઈ ખરતર શ્રીજિનચન્દ્રસૂરિ, (એ વાત વિચારી) સમસ્ત દર્શન એકઠા કીધા, પછી સમસ્ત દર્શનનઈ પૂંછયો જે શ્રીઅભયદેવસૂરિ, નવાંગી-વૃત્તિ કર્તા સ્થમ્ભણઈ પાર્શ્વનાથ પ્રકટ કર્તા કિયઈ (કિસઈ) ગચ્છઈ હુવા? તિવારઈ સમસ્ત

દ્વેષના વાહ્યા કુબુદ્ધિ લાગા (વાહ્યા) તે બાપડા ગાઢા દુખિયા થાસ્યૈ (હુસ્યૈ) સહી સહી ૧૦૮

સિદ્ધાંતનઈ મેલિ નવાંગી વૃત્તિનઈ મેલિ વૃદ્ધ સંપ્રદાય (નઇ મેલિ) અનુસાર છે. જેઉ ન માનઈ તે ઘણા કૂડા પડઈ છઈ।

સમસ્ત દર્શન (જૈન) બઇસી નવાંગી વૃત્તિ પ્રશસ્તિ જોઇ વૃદ્ધ સંપ્રદાય જોઇનઇ બીજા પણિ વિચારકર સહી કીધી. જે શ્રીઅભયદેવસૂરિ ખરતર ગચ્છિ હુવા સહી સહી।

અત્ર સાખ-ઓસવાલગચ્છે પં. સીંહા મતમ્ ૧
,, ,, અંચલગચ્છે પં. લક્ષ્મીનિધાન મતમ્ ૨
,, ,, વૃદ્ધશાલીય તપાગચ્છનાયક શ્રીસૌભાગ્ય રત્નસૂરિ મતમ્ ૩
,, ,, વડાગચ્છે ઉ. વિનયકુશલે મતમ્ ૪
,, ,, કોરંટવાલગચ્છે પં. પદ્મશેખર મતમ્ ૫
,, ,, પૂર્ણિમાગચ્છે પં. રત્નધીર મતમ્ ૬
,, ,, ભાઇઅચ્છા (તપાગચ્છે) પં. રત્નસાગર મતમ્ ૭
,, ,, મલધારગચ્છે ક્ષમાસુન્દર મતમ્ ૮
,, ,, અંચલિયા પૂર્ણચન્દ્ર મતમ્ ૯
,, ,, સંડેરા સમયરત્ન મતમ્ ૧૦
,, ,, આગમિયા ગચ્છે ઋષિ રામા મતમ્ ૧૧
,, ,, સુધર્મઘોષ ગચ્છે ઋષિ રત્નસાગર મતમ્ ૧૨
,, ,, કડુઆમતી પોમસી મતમ્ ૧૩

દર્શન મિલી અનઈ ઘણા ગ્રન્થ જોઈ પછઈ (એ વાત વિચારી નઈ) ઇમ કહ્યા જે શ્રીઅભયદેવસૂરિ (નવાંગી-વૃત્તિકારક, સ્થમ્ભણઈ પાર્શ્વનાથ પ્રકટ-કારક) ખરતરગચ્છે હુવા। સહી। સત્યં, સમસ્ત દર્શન ઘણા ગ્રન્થ જોઈ નઈ સહી કીધી। સહી ૨ વાર ૧૦૮

અત્ર સાખિ-ભટ્ટારક કમ્મર્સુન્દરસૂરિ મતં ૧
,, ,, સિદ્ધાન્તિયા વડગચ્છા શ્રીથિરચંદ્રસૂરિ મતં ૨
,, ,, જાવડિયા ગચ્છે શ્રીહર્ષ વિનય મતં ૩
,, ,, નિગમીયા તપાગચ્છે શ્રી ભ. કલ્યાણરત્નસૂરિ મતં ૪

શ્રીખરતરગચ્છ અભયદેવસૂરિ સં. ૧૧૧૧ શ્રીસ્થંભણઉ પાર્શ્વનાથ પ્રગટ કીધઉ। સં. ૧૧૨૦ વર્ષે નવાંગીવૃત્તિ કીધી। સં. ૧૨૦૪ રૂદ્રપલ્લીય અભયદેવસૂરિજી બીજા હુવા। ન માનઇ તે અભાગીયા (ઉત્સૂત્ર-ભાષી કૂડા થકા ધર્મનિગમી સંસાર મધ્યે રુલસ્યૈ સહી સહી) ખોટું બોલીનઈ ચારિત્ર ગમાડઇ છઇ। તથા કેઇ કદાગ્રહી ઇમ કહે જે શ્રીઅભયદેવસૂરિ નવાંગીવૃત્તિ કર્તા શ્રીસ્થંભણઉ પાર્શ્વ પ્રકટકારક ખરતરગચ્છે ન હુવા તે મહા ઉત્સૂત્રવાદી જાણિવા। જિણે કારણે તપાગચ્છનાયક શ્રીસોમસુંદરસૂરિ (શિષ્ય પં. સોમધર્મ ગણિ)ની કીધી ઉપદેશ સત્તરી તે માંહે બારમઈ ઉપદેશિ, તે કાલના ગીતાર્થ સંવેગી હુવા તિણઇ ખરતરગચ્છી કહ્યા છઈ તે હુંડી લખીજઈ છઈ (ત્યારબાદ અહીં ઉપરોક્ત ગ્રંથમાંથી સંસ્કૃતનાં ૨૧ શ્લોક મૂક્યાં છે, જે અનાવશ્યક લાગવાથી **અમે** અહીં નથી લખ્યા)

ઇત્યાદિ વૃત્તાન્ત જાણી કરી જે સંવેગી ગીતાર્થ છઈ તે સમસ્ત સૂધા કહિયઈ.। ઉત્સૂત્રથી બીહતા થકા બીજાઇ પૂર્વાચાર્ય અનેરઈ ગચ્છે હુવા તેહી ઈમ કહ્યા જે શ્રીઅભયદેવસૂરિ નવાંગીવૃત્તિ કર્તા સ્થંભના પાર્શ્વનાથ પ્રકટ કરણહાર જય તિહુઅણ બત્તીસી કારક શ્રીખરતરગચ્છિ હુવા સહી સહી॥ સંદેહ નહીં॥

" " બૃહત્ તપાગચ્છે શ્રીસિદ્ધિસૂરિ મતં ૫
" " બિવંદણીક બારેજિયા ખડખડતા તપાગચ્છે
શ્રીપરમાણંદસૂરિ મતં ૬
" " (સિદ્ધાન્તિયા) વડગચ્છા શ્રીમહીસાગરસૂરિ મતં ૭
" " કાછેલા પુનમિયા ગચ્છે શ્રીઉદયરત્નસૂરિ મતં ૮
" " પીપલિયા ગચ્છે વિમલચન્દ્રસૂરિ મતં ૯
" " ત્રાંગડિયા પુનમિયાગચ્છે શ્રીવિદ્યાપ્રભસૂરિ મતં ૧૦
" " ઢંઢેરિયા પુનમિયા ગચ્છે શ્રીસંયમ સાગરસૂરિ મતં ૧૧
" " કુતબપુરા તપાગચ્છે શ્રીવિનય તિલકસૂરિ મતં ૧૨
" " બોકડિયા ગચ્છે શ્રીદેવાનન્દસૂરિ મતં ૧૩
" " સિદ્ધાન્તિયા ગચ્છે પંન્યાસ પ્રમોદહંસ મતં ૧૪
" " પાલ્હણપુરા ગચ્છે વા. વિનયકીર્તિ મતં ૧૫
" " પાલ્હણપુરી શાખા તપાગચ્છે વા. રંગનિધાન મતં ૧૬
" " અંચલગચ્છે પંડિત ભાવરત્ન મતં ૧૭
" " છાપરિયા પુનમિયા ગચ્છે પંડિત ઉદયરાજ મતં ૧૮
" " સાધુપુનમિયા ગચ્છે વા. નગા મતં ૧૯
" " મલધારા ગચ્છે પંડિત ગુણતિલક મતં ૨૦
" " ઓસવાલ ગચ્છે પંડિત રત્નહર્ષ મતં ૨૧
" " ધવલ પર્વીયા આંચલિયા (આગમિયા)
પંડિત રંગા મતં ૨૨
" " ચિત્રવાલ ગચ્છે વા. ક્ષેમા મતં ૨૩
" " ચિંતામણિયા પાડા વા. ગુણમાણિક્ય મતં ૨૪
" " આગમિયા ઉ. સુમતિશેખર મતં ૨૫
" " બેગડા ખરતર પંડિત પદ્મમાણિક્ય મતં
(ઉ. ધર્મમેરુ મતં) ૨૬

દર્શન મિલી અનઈ ઘણા ગ્રન્થ જોઈ પછઈ (એ વાત વિચારી નઈ) ઇમ કહ્યા જે શ્રીઅભયદેવસૂરિ (નવાંગી-વૃત્તિકારક, સ્થમ્ભણઈ પાર્શ્વનાથ પ્રકટ-કારક) ખરતરગચ્છે હુવા। સહી। સત્યં, સમસ્ત દર્શન ઘણા ગ્રન્થ જોઈ નઈ સહી કીધી। સહી ૨ વાર ૧૦૮

અત્ર સાખિ-ભટ્ટારક કર્મ્મસુન્દરસૂરિ મતં ૧
,, ,, સિદ્ધાન્તિયા વડગચ્છા શ્રીથિરચંદ્રસૂરિ મતં ૨
,, ,, જાવડિયા ગચ્છે શ્રીહર્ષવિનય મતં ૩
,, ,, નિગમીયા તપાગચ્છે શ્રી ભ. કલ્યાણરત્નસૂરિ મતં ૪

શ્રીખરતરગચ્છ અભયદેવસૂરિ સં. ૧૧૧૧ શ્રીસ્થંભણઉ પાર્શ્વનાથ પ્રગટ કીધઉ। સં. ૧૧૨૦ વર્ષે નવાંગીવૃત્તિ કીધી। સં. ૧૨૦૪ રૂદ્રપલ્લીય અભયદેવસૂરિજી બીજા હુવા। ન માનઇ તે અભાગીયા (ઉત્સૂત્ર-ભાષી કૂડા થકા ધર્મનિગમી સંસાર મધ્યે રુલસ્યૈ સહી સહી) ખોટું બોલીનઈ ચારિત્ર ગમાડઇ છઇ। તથા કેઇ કદાગ્રહી ઇમ કહે જે શ્રીઅભયદેવસૂરિ નવાંગીવૃત્તિ કર્તા શ્રીસ્થંભણઉ પાર્શ્વ પ્રકટકારક ખરતરગચ્છે ન હુવા તે મહા ઉત્સૂત્રવાદી જાણિવા। જિણે કારણે તપાગચ્છનાયક શ્રીસોમસુંદરસૂરિ (શિષ્ય પં. સોમધર્મ ગણિ)ની કીધી ઉપદેશ સત્તરી તે માંહે બારમઈ ઉપદેશિ, તે કાલના ગીતાર્થ સંવેગી હુવા તિણઇ ખરતર ગચ્છી કહ્યા છઈ તે હુંડી લખીજઈ છઈ (ત્યારબાદ અહીં ઉપરોક્ત ગ્રંથમાંથી સંસ્કૃતનાં ૨૧ શ્લોક મૂક્યાં છે, જે અનાવશ્યક લાગવાથી અમે અહીં નથી લખ્યા)

ઇત્યાદિ વૃત્તાન્ત જાણી કરી જે સંવેગી ગીતાર્થ છઈ તે સમસ્ત સૂધા કહિયઈ। ઉત્સૂત્રથી બીહતા થકા બીજાઇ પૂર્વાચાર્ય અનેરઈ ગચ્છે હુવા તેહી ઇમ કહ્યા જે શ્રીઅભયદેવસૂરિ નવાંગીવૃત્તિ કર્તા સ્થંભના પાર્શ્વનાથ પ્રકટ કરણહાર જય તિહુઅણ બત્તીસી કારક શ્રીખરતરગચ્છિ હુવા સહી સહી॥ સંદેહ નહીં॥

,, ,, બૃહત્ તપાગચ્છે શ્રીસિદ્ધિસૂરિ મતં ૫
,, ,, બિવંદણીક બારેજિયા ખડખડતા તપાગચ્છે
શ્રીપરમાણંદસૂરિ મતં ૬
,, ,, (સિદ્ધાન્તિયા) વડગચ્છા શ્રીમહીસાગરસૂરિ મતં ૭
,, ,, કાછેલા પુનમિયા ગચ્છે શ્રીઉદયરત્નસૂરિ મતં ૮
,, ,, પીપલિયા ગચ્છે વિમલચન્દ્રસૂરિ મતં ૯
,, ,, ત્રાંગડિયા પુનમિયાગચ્છે શ્રીવિદ્યાપ્રભસૂરિ મતં ૧૦
,, ,, ઢંઢેરિયા પુનમિયા ગચ્છે શ્રીસંયમ સાગરસૂરિ મતં ૧૧
,, ,, કુતબપુરા તપાગચ્છે શ્રીવિનય તિલકસૂરિ મતં ૧૨
,, ,, બોકડિયા ગચ્છે શ્રીદેવાનન્દસૂરિ મતં ૧૩
,, ,, સિદ્ધાન્તિયા ગચ્છે પંન્યાસ પ્રમોદહંસ મતં ૧૪
,, ,, પાલ્હણપુરા ગચ્છે વા. વિનયકીર્તિ મતં ૧૫
,, ,, પાલ્હણપુરી શાખા તપાગચ્છે વા. રંગનિધાન મતં ૧૬
,, ,, અંચલગચ્છે પંડિત ભાવરત્ન મતં ૧૭
,, ,, છાપરિયા પુનમિયા ગચ્છે પંડિત ઉદયરાજ મતં ૧૮
,, ,, સાધુપુનમિયા ગચ્છે વા. નગા મત ૧૯
,, ,, મલધારા ગચ્છે પંડિત ગુણતિલક મતં ૨૦
,, ,, ઓસવાલગચ્છે પંડિત રત્નહર્ષ મતં ૨૧
,, ,, ધવલ પર્વીયા આંચલિયા (આગમિયા)
પંડિત રંગા મતં ૨૨
,, ,, ચિત્રવાલ ગચ્છે વા. ક્ષેમા મતં ૨૩
,, ,, ચિંતામણિયા પાડા વા. ગુણમાણિક્ય મતં ૨૪
,, ,, આગમિયા ઉ. સુમતિશેખર મતં ૨૫
,, ,, બેગડા ખરતર પંડિત પદ્મમાણિક્ય મતં
(ઉ. ધર્મમેરુ મતં) ૨૬

„ „ બૃહત્ખરતર વા. મુનિરત્ન મતં ૨૭

„ „ ચિત્રવાલ જોગીવાડઈ પં. રાજા મતં
(મુનિ જયરાજ મતં) ૨૮

„ „ કોરંટવાલ ગચ્છે ચેલા હાંસા મતં ૨૯

„ „ બિવંદણીક ખિરાલુઆ (ચેલા સોકલ) મતં ૩૦

„ „ આગમિયા સોકલ મતં ૩૧

„ „ ખરતર ઉપાધ્યાય જયલાભ મતં ૩૨

એવં કાતી સુદિ ૪ દિને (કાતી સુદિ ૭ શુક્રવારે) સર્વદર્શન મિલિ (સર્વ સંઘ સમુદાયે) મજલસ કીધી ધર્મસાગર ઋષિમતી તેડાવ્યઉ પુણિ ધર્મસાગર દર્શન માંહિ ન આવ્યઉ, વાર તીન મજલસ કરી તેડાવ્યઉ, પછઈ (તે શ્યામ મુખ કરિનઇ) છિપિ રહ્યઉ, પણ નાવઈ, તિવારઈ કાતી સુદિ ૧૩ ને દિને સર્વ-દર્શન મિલિનઈ ચર્ચાયિઈ ખોટો (કૂડઉ, જુઠઉ) જાણીનઈ (સર્વથા) નિન્હવ થાપ્યઉ. જિન દર્શનિ બાહિર કીધઉ સહી સહી ૧૦૮ સર્વ દર્શન સંમત શ્રીઅભયદેવસૂરિ નવાંગી વૃત્તિ કર્તા સ્થંભણા પાર્શ્વ પ્રકટ કર્તા તે ખરતર ગચ્છઈ હુવા। પત્તનીય સમસ્ત દર્શન વિચારી મતં લિખતં ×॥

અથ ગ્રન્થ + સાક્ષિ લિખ્યતે—

૧ શ્રીતપાગચ્છીય શ્રીહેમહંસસૂરિ કૃત કલ્પાન્તરવાચ્યે।

×મહોપાધ્યાય શ્રીજયસોમજી કૃત "પ્રશ્નોત્તર વિચાર સાર" તથા મહોપાધ્યાય શ્રીસમયસુન્દરજી કૃત "સમાચારી શતક"માંથી અત્રે આ મતપત્ર પ્રકાશિત કરેલ છે. આ મતપત્રથી એ સમયના ગચ્છ અને આચાર્યોના વિષયમાં ઠીક ઠીક જાણવાનું મળે છે.

+આમાંના કેટલાંક ગ્રન્થો આજે મળતાં નથી. એની શોધખોળ જરૂરી છે.

૨ ભાવડહરા કૃત ગુરુપર્વ પ્રભાવક ગ્રન્થે ।
૩ તપાગચ્છીય (રત્નશેખરસૂરિ) કૃત આચાર પ્રદીપે ।
૪ તપાગચ્છીયકૃત લઘુશાલીય પટ્ટાવલ્યામ્ ।
૫ સંદેહ દોલાવલી ખરતર ગ્રંથ પ્રામાણ્ય સાધકત્વેન ।
૬ કુમારગિરિ સ્થિત તપા સામગ્રી સાધુ પટ્ટાવલ્યામ્ ।
૭ શ્રીજિનવલ્લભ સૂરિકૃત (સૂક્ષ્માર્થવિચાર) સાર્દ્ધશતક (દોઢસયા) કર્મગ્રન્થ મધ્યે
૮ ચિત્રવાલ ગચ્છીય ધનેશ્વરસૂરિ કૃતાવૃત્તિ પરંપરા સાધકત્વેન
૯ તપા કલ્યાણરત્નસૂરિ કૃત ચરિત્ર ટિપ્પનકદ્વયે ।
(કલ્યાણરત્નસૂરિ પ્રબંધ ગ્રંથ)
૧૦ છાપરિયા પુનમિયા પટ્ટાવલ્યામ્ ।
૧૧ સાધુપુનમિયા પટ્ટાવલ્યામ્ ।
૧૨ ગુરુપર્વાવલી ગ્રન્થે ।
૧૩ પ્રભાવક ચરિત્ર ૧૫ (૧૩) સર્ગે શ્લોક ૫૫ થી ૯૫ પર્યંત શ્રીઅભયદેવસૂરિ ચરિત્રે ।
૧૪ પલ્લીવાલ ગચ્છીય ભ૦ આમદેવસૂરિકૃત પ્રભાવક ચરિત્રે (ગદ્યમયે)
૧૫ પીપલિયા ઉદયરત્નસૂરિ પ્રારંભેણ જીવાનુશાસન વૃત્તિ ।
૧૬ તથા શ્રીસોમસુન્દરસૂરિ રાજ્યે કૃતોપદેશ–સત્તરી ગ્રન્થે ।

ઇત્યાદિના ૪૧ ગ્રન્થ મધ્યે હુંડી, ખરતર ગચ્છીય શ્રીઅભયદેવસૂરિ નવાંગીવૃત્તિકારક સ્થંભના પાર્શ્વનાથ પ્રકટકર્તા થયા (બભૂવ) મૂલગા (લિ)ખત સર્વ દર્શનિ (જૈન)રા મતા પાટણરા ભંડાર માંહિ મૂક્યા છઈ। તે ઉપરિ એ ખરત લિખિ છઈ, જે ન માનઇ તે નિન્હવ જાણવા.

એ સમયના તપગચ્છના આચાર્ય શ્રીવિજયદાનસૂરિજીએ પણ પરસ્પર ગચ્છોમાં અગાઉની માફક પ્રેમ જળવાઈ રહે, અને ઉત્સૂત્ર પ્રરુપણાની વૃદ્ધિ ન થાય એટલા માટે ધર્મ-સાગરજીએ બનાવેલ ઉત્સૂત્ર-કંદ-કુદ્દાલ તેમજ તત્વતરંગિણી આદિ ગ્રન્થોને જલશરણ કરાવ્યા, અને ધર્મસાગરજીને પોતાના ગચ્છથી બહિષ્કૃત કર્યા. અને તે ગ્રન્થોને અસ્વીકાર્ય-અમાન્ય ઠરાવવા માટે સાત બોલ સર્વત્ર પ્રસિદ્ધ કરી દીધા, કે જેથી ભવિષ્યમાંય કોઈ પણ એ ગ્રંથોને પ્રમાણિક ન માને.

(ધર્મસાગરના) ગ્રંથોને જલશરણ કરવાનાં ઉલ્લેખો તપગચ્છના પુસ્તકોમાં પણ આ પ્રમાણે ઉપલબ્ધ થાય છે.

"સંવત સોલ સતો (સતરો) તરઈ નિસુણૌ અવદાત રે।"

× × ×

"ધર્મસાગર તે પંડિત લગઈ, કર્યો નવો એક ગ્રન્થ રે।
નામથી કુમતિ કુદ્દાલડૌ, માંડી અભિનવઉ પન્થ રે ॥૧૫૫॥
આપ વખાણ કરઈ ઘણો, નિન્દઈ પર તણઉ ધર્મ રે।
એમ અનેક વિપરીત પણું, ગ્રન્થ માંહિ ઘણા મર્મ રે ॥૧૫૬॥
માંડી તેણઈ તેહ પરૂપણા, સુણી ગચ્છપતિરાય રે।
બીસલ નયરિ વિજયદાનસૂરિ, આવી કરઈ ઉપાય રે ॥૧૫૭॥
પાણી આણિ કહઈ શ્રી ગુરુ, ગ્રન્થ બોળાવઉ (ડુબાઓ) એહ રે।
નયર બહુ સંઘની સાખિસું, ગ્રંથ બોળિયઉ તેહ રે ॥૧૫૮॥
શ્રી ગુરૂ આણ લહી સહી, સૂરચન્દ્ર પંન્યાસ રે।
હાથિસ્યું ગ્રન્થ જલિ બોળીયઉ, રાખિ પરંપરા અંશ રે ॥૧૫૯॥
ગ્રન્થ બોળિ સાગર કહનઈ (કન્હઈ?) લીધું લિખિત તસ એક રે।
નવિ એહ ગ્રંથ પ્રરૂપણા, નવિ ધરવી ધરિ ટેક રે ॥૧૬૦॥
(દર્શનવિજય કૃત વિજય તિલકસૂરિ રાસ)

સુણ્યો સરઇ ન પોતઈ સાગર, શંકતણી પરિ રોલ્યા ।
કુમતિ-કુદ્દાલ નઈ તત્વતરંગિણી, સંઘી પાણી માંહે બોળ્યા ॥૨૪॥

(સિંહવિજય કૃત સાગર-બાવની સં. ૧૬૭૪)

ઉપાધ્યાય ધર્મસાગરે પોતે પણ આ સાત બોલનો સ્વીકાર કરી પોતાની કરેલી ઉત્સૂત્ર પ્રરૂપણાના "મિચ્છામિ દુક્કડમ્" દઇ પોતાના ગ્રન્થ કુમતિ (ઉત્સૂત્ર) કંદ કુદ્દાલને અશ્રદ્ધેય, અમાન્ય, અપ્રમાણિક સ્વરૂપની પ્રસિદ્ધિ કરી હતી. માસિક "જૈનયુગ" વર્ષ ૫, પૃ. ૪૮૩ પરથી એ પત્રની નકલનો ઉતારો અત્રે રજૂ કરીએ છીએ.

"સ્વસ્તિ શ્રીશાન્તિજિનં પ્રણમ્ય ॥ તિરવાડા નગરતઃ પરમગુરુ શ્રીવિજયદાનસૂરિ સેવી ઉ શ્રીધર્મસાગર ગણિ લિખતિ સમસ્ત નગર સાધુ-સાધ્વી શ્રાવક શ્રાવિકા યોગ્યમ્ ॥ આજ પછી અમે પાંચ * નિન્હવ ન કહઉં, પાંચ નિન્હવ કહ્યા હુઈ તે 'મિચ્છામિ દુક્કડમ્' ૧॥ ઉત્સૂત્ર-કંદ-કુદ્દાલ ગ્રન્થ ન સદ્દહઉં, પૂર્વઇ સદ્દહ્યઉ હુઈ તે "મિચ્છામિ દુક્કડમ્" ૨॥ પટ્-પર્વી। ચતુઃપર્વી આશ્રી જિમ શ્રીપૂજ્ય આસિ (આદેશ) દ્યઈ છઈ તે પ્રમાણ॥ છઃ। ૩॥ સાત બોલ જિમ ભગવન આસિ દ્યઈ છઈ તે પ્રમાણ॥ ચતુર્વિધ સંઘની આશાતના કીધી હુઇ તે "મિચ્છામિ-દુક્કડમ્" ૪। આજ પછી પાંચના ચૈત્ય વાંદવા॥ ૫। તિરવાડા માંહિ શ્રીપૂજ્ય પરમ ગુરુ શ્રીવિજયદાનસૂરિ નઈ "મિચ્છામિ દુક્કડમ્" દીધઉ છઈ સંઘ સમક્ષ। એ બોલ આશ્રી જિણઇ ખોટા

---

* પુનમિયા, ખરતર, આંચલિયા, સાઢપુનમિયા, અને આગમિયા એ પાંચ (જુઓ ઐતિહાસિક રાસ સંગ્રહ ભા. ૪ પૃ. ૭.)

સદ્દહ્યઉ હુવઇ તે "મિચ્છામિ દુક્કમ્" દેજ્યો ॥ છ: ॥" ×

વિજયદાનસૂરિજીના પટ્ટધર શ્રીહીરવિજય સૂરિજીએ પણ ધર્મસાગરના ઉત્સૂત્રોનો નિરાકરણ કરવા માટે ૧૨ બોલ કાઢયા હતા, જેમાંનો દસમો બોલ આ પ્રમાણે છે:—

"તથા શ્રીવિજયદાનસૂરિ બહુજન સમક્ષ જલશરણ જે કીધું ઉત્સૂત્ર-કંદ-કુદ્દાલ ગ્રંથ તેહ માંહિલું જે અસંમત અર્થ બીજા કોઈ ગ્રંથ માંહિ આણ્યઉ હુવઈ, તઉ તે તિહાં અર્થ અપ્રમાણ જાણિવઉ।"

અને શ્રીવિજયસેનસૂરિએ પણ ૧૦ બોલ પ્રકટ કર્યા હતા, જે "જૈન યુગ"માં છપાઈ ગયા છે.

આમ પાટણમાં ઉ. ધર્મસાગરને પરાસ્ત કરી શ્રી જિનચન્દ્રસૂરિજીએ ખરતરગચ્છની મહાન સેવા કરી. આજ ચાતુર્માસમાં એમણે "પૌષધ-વિધિ પ્રકરણ" પર એક વિશિષ્ટવૃત્તિ રચી, જે વડે એમની પ્રકાંડ-વિદ્વત્તાનો ઠીક ઠીક પરિચય મળી રહે છે। ઉક્ત ગ્રંથનો આદિ મંગલ પદ્ય અને પ્રશસ્તિનો આવશ્યક અંશ આ પ્રમાણે છે:—

આદિ:—**गोलक्ष्मलक्ष्यमुपलक्षितभावलक्षं,**
जाग्रत् प्रभावविदितं कनकावदातम्।

× ધર્મસાગરના અપ્રમાણિક ગ્રંથોનો આશ્રય લઇ આજે પણ કેટલાક કદાગ્રહીઓ ગચ્છોમાં પરસ્પર વૈમનસ્યની વૃદ્ધિ કરી રહ્યાં છે, એ એક ભારે દુ:ખની વાત છે. એ સમયના પ્રભાવક તપાગચ્છીય આચાર્ય શ્રીવિજયદાનસૂરિ, શ્રીહીરવિજયસૂરિ અને શ્રીવિજયસેનસૂરિ આદિએ જે ગ્રંથોને સર્વથા અસદ્દહનીય, અમાન્ય, અપ્રમાણિક સાબિત કર્યા હતા, અને જેને સ્વયં ધર્મસાગરે સ્વીકૃત કરી "મિચ્છામિ દુક્કડમ્" દીધેલ, આજે એમનીજ પરંપરા વાલાઓ એ ગ્રન્થોને ઉપાદેય સમજી પ્રકટ કરી ક્લેશ ફેલાવવાનું કલંક કેમ વહોરતા હશે!!!

दान्तेन्द्रियद्विरदवृन्दममन्दवाचं,
घाचंयमेनमनिशं स्मरतादिदेवम् ॥ १ ॥

અંત્ય પ્રશસ્તિ :—

तेषां गुरूणां शिष्येण, श्रीजिनचन्द्रसूरिणा ।
श्रीपौषधविधेर्वृत्ति-श्चक्रे स्वेष्टप्रसादतः ॥ २४ ॥
संयोज्य वृत्तिचूर्णी, समाचारीं विलोक्य सद्दृष्ट्या
पुनरपि तच्छास्त्रभावं, मत्वा सत्सम्प्रदायमपि ॥ २५ ॥
श्रीपुण्यसागरमहोपा-ध्यायैः पाठकोद्धर्धनराजैः ।
अपि साधुकीर्तिगणिना, सुशोधिता दीर्घदृष्ट्येयम् ॥ २६ ॥
मुनिशशिविद्यादेवी(१६१७)-प्रमिते वर्षेऽणहिल्लपुरनगरे
आश्विनविजयदशम्यां, सुमुहूर्त्ते पुण्यसंयोगेन (?) ॥ २७ ॥
प्रत्यक्षरगणनेन, त्रिसहस्त्री पंचशतकसंयुक्ता ।
चतुरधिकैः पंचाशत्-श्लोकैरस्याः प्रमाणमिदम् ॥ २८ ॥
इति पौषधविधिप्रकरणवृत्तिः समाप्ता । ग्रं. ३५५४ पत्र ६७
[तत्कालीन प्रति; बीकानेर बृहत्ज्ञानभंडारान्तर्गत श्रीजिनहर्षसूरि भंडारे]



પ્રકરણ ૫ મું

વિહાર અને ધર્મપ્રભાવના :—

ખંભાતસંઘના અગ્રગણ્ય શ્રાવક વચ્છરાજના પુત્ર કમ્માશાહ આદિ સૂરિજીને ખંભાતમાં ચોમાસું કરવાનું આમંત્રણ કરવા આવ્યા. એમના વિશેષ આગ્રહથી સૂરિજી મહરાજ ખંભાત પધાર્યા, સ્તંભતીર્થની યાત્રા કરી, અને સંઘના આગ્રહથી સં. ૧૬૧૮ નું ચોમાસું ખંભાત ખાતે કર્યું ત્યાંની ધર્મપ્રભાવનાનું વર્ણન કવિ "કુશલલાભ" પોતાના "શ્રીપૂજ્ય વાહણ ગીત"માં આ પ્રમાણે કરે છેઃ–"ધર્મ માર્ગ ઉપદેશતાં, કરતાં વિધઈ વિહાર રે ।
આવ્યાજી નગર ત્રંબાવતી, શ્રી સંઘ હર્ષ અપાર રે ॥ ૩૫ ॥
પૂજ્ય આવ્યા તે આશા ફળી, શ્રી ખરતરગચ્છ ગણધાર રે ।
શ્રીજિનચન્દ્રસૂરિ વાંદિયઈ, સાથઈ સાધુ પરિવાર રે ॥ ૩૬ ॥

× × ×

પ્રભુ+પાટિ એ ચઉવીસમઈ, શ્રીપૂજ્ય જિનચન્દ્રસૂરરે ।

× 'પ્રભુ' એટલે પૂજ્ય આચાર્ય શ્રીઉદ્યોતનસૂરિજી, કે જેમણે ૮૪ શિષ્યોને શુભ મુહૂર્તમાં આચાર્ય પદવી પ્રદાન કરીને ૮૪ ગચ્છોની સ્થાપના કરી હતી. તેમની ચોવીસમી પાટે (સંપાદક.)

ઉદ્યોતકારી અભિનવઉ, ઉદયઉ પુણ્ય અંકૂર રે ॥ ૫૫ ॥
શાહ (શ્રાવક) ભંડારી વીરજી, શાહ રાંકા નઈ ગુરુ રાગ ।
વર્ધમાનશાહ વિનયઈ ઘણુઉ, શાહ નાગજી અધિક સોભાગ રે॥૫૬॥
શાહ વચ્છા શાહ પદમસી, દેવજી નઈ જૈત શાહ ।
શ્રાવક હરખા હીરજી, ભાણજી અધિક ઉચ્છાહ ॥ ૫૭ ॥
ભંડારી માંડણ નઈ ભગતિ ઘણી, શાહ જાવડ નઈ ઘણુઉ ભાવ ।
શાહ મનુવા નઈ શાહ સહજિયા, ભંડારી અમિયઉ
અધિક ઉચ્છાહ ॥ ૫૮ ॥
નિત મિલઇ શ્રાવક શ્રાવિકા, સાંભલઇ પૂજ્ય વખાણ ।
હિયડઉ ઉલ્લટઇ ઉલ્લસઇ, એમ જીયઉ જનમ પ્રમાણ ॥ ૫૯ ॥
આગ્રહ દેખી શ્રી સંઘ નઉ, પૂજ્યજી રહ્યા ચઉમાસ ।
ધર્મનઉ મારગ ઉપદિસઈ, ઈમ પહુંતી મનની આસ ॥ ૬૦ ॥
પ્રતિમા પ્રતિષ્ઠા થાપના, દીક્ષા દિયઇ ગુરૂ રાજ ।
ઈમ સફલ નર ભવ તેહનઉ, જે કરઇ સુકૃતના કાજ ॥ ૬૧ ॥

આમ તીર્થભૂત ખંભાતમાં જિન બિંબ પ્રતિષ્ઠા, શિષ્ય-દીક્ષા આદિ ઘણાં ધર્મકાર્યો થયા. ત્યાંથી ગામો ગામ વિહાર કરતા કરતા સંવત્ ૧૬૧૯માં શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજ "રાજનગર" પધાર્યા. ત્યાં એક મહાવિદ્વાન ભટ્ટ પોતાની વિદ્વત્તાના અભિમાનમાં ચકચૂર બની ફરતો હતો. એને મંત્રીશ્વર "સારંગધર સત્યવાદી" * ઉપાશ્રયમાં સૂરિ મહારાજની પાસે લાવ્યા. સૂરિજીએ એની સમસ્યા પૂર્ણ કરી એને પરાજિત કર્યો. એનું વર્ણન બિકાનેર જ્ઞાન ભંડારની

* એમનું નામ મહોપાધ્યાય શ્રીજયસોમજી કૃત પ્રશ્નોત્તર ગ્રંથમાં આવે છે. ખરતરગચ્છના એ પરમ ભક્ત અને પ્રતિભાશાળી પુરુષ હતા. એમને સંઘપતિની પદવી હતી.

૧૮મી શતાબ્દીમાં લખાયેલ એક પટ્ટાવલીમાં આ પ્રમાણે છે:-

"વલી સં. ૧૬૧૯ રાજનગરઈં એક ભટ્ટ મહાવિદ્યાવન્ત નગરમઈં ફિરઈં, માથે અંકુશ પેટઈં પટો બાંધ્યઉ, એક ચાકરરૈ માથે ઘડો પાણીરૌ વીજારૈ માથિ ખડરૌ પૂલો એહવઉ અહંકાર ધરીનઈં ફિરઈં। તરઈં સત્યવાદી સારંગધર મંત્રી ઉપાસરઈં લેઈ આયઉ, પહિલી જતિયાંસુ વાદ(કિયાં)કા(?) બોલ્યાં થાગ ન લાભઈ, તરઈં સમસ્યા કહી:—

× "મક્ષિકાપાદઘાતેન, કમ્પિતં જગતસ્ત્રયમ્"

એહ સમસ્યાનઉ અર્થ (પૂર્ત્તિ કરતાં) ભાગ્યનઈં જોગઈં યુગપ્રધાનજીએ કહ્યો:—

+ "સમ(? સ)ભિત્તૌ લિખિતં ચિત્રં, વારિણા કુંડપૂરિતમ્।
મક્ષિકાપાદઘાતેન, કમ્પિતં જગતસ્ત્રયમ્ ॥૧॥"

એમ કહી ભટ્ટનઈં હરાયઉ, (ભટ્ટ) પગે લાગ્યઉ।"

ત્યાંથી વિહાર કરી સૂરિ મહારાજ પાટણ પધાર્યા, સં. ૧૬૧૯ માં ચાતુર્માસ ત્યાં કર્યો. સં. ૧૬૨૦નો એમનો ચાતુર્માસ વીસલનગર * થયો. ત્યાંથી બિકાનેરના મંત્રીશ્વર શ્રીસંગ્રામસિંહ

× "મક્ષિકા (માખી)ના પગના આઘાતથી ત્રણે લોક કંપવા લાગ્યા."

+ "સમાન ભીંત (દિવાલ) પર ત્રણે જગતનું ચિત્ર દોરી એની નીચે પાણીથી ભરેલું એક જલપાત્ર રાખ્યું. એમાં ત્રણલોકના ચિત્રની છાંયા પડવા લાગી; એ પાણીની ઉપર માખીના બેસવાથી પાણી હાલવા લાગ્યું. પાણીના હલનચલનની સાથોસાથ ત્રણે જગતની પ્રતિચ્છાયા પણ ડોલવા લાગી, આમ મક્ષિકાના પગના આઘાત વડે ત્રણે લોક કંપવા લાગ્યા."

*વિહાર પત્ર નં. ૨ માં વિસલનગરના સ્થાન પર બિકાનેર લખેલ છે; પરન્તુ અમને વિસલનગર જ ઠીક લાગે છે.

વચ્છાવતના આગ્રહથી બિકાનેર પધાર્યા. સં. ૧૬૨૧ નું ચોમાસું બિકાનેરમાં કર્યું.

બિકાનેરના શ્રીવાસુપૂજ્યજીના મંદિરમાં શ્રીસુપાર્શ્વનાથજીની પંચતીર્થી ધાતુપ્રતિમા સં. ૧૬૨૨ વૈશાખ શુદિ ૩ ના રોજ સૂરિજીના વરદ હસ્તે પ્રતિષ્ઠિત થઈ, તેના લેખની નકલ આ પ્રમાણે છે :—

"संवत् १६२२ वर्षे वैशाख सुदि ३ सोमवारे उपकेशवंशे। राखेचागोत्रे शाह आपू, तत्पुत्र साह भाडकेन पुत्र सा. नींवा माहू मेघा हेमराज धनु [युतेन] श्रीसुपार्श्वबिम्बं कारापितम्। खरतरगच्छे श्रीजिनमाणिक्यसूरिपट्टाधिपश्रीजिनचन्द्रसूरिभिः प्रतिष्ठितम्॥ शुभं भवतु॥"

હવે જો સૂરિજીએ ઉપરોક્ત પ્રતિમાજીની પ્રતિષ્ઠા બિકાનેરમાં કરી હોય. તો એટલું તો નિઃસંદેહ સમજી શકાય કે સૂરિજી અક્ષયતૃતિયા પછીજ બિકાનેરથી વિહાર કરી જેસલમેર પધાર્યા. સં. ૧૬૨૨ નો ચાતુર્માસ જેસલમેર ખાતે કર્યો. વિહાર પત્ર નં. ૨ માં લખેલ છે કે "द्वित्रि नागोर हसनकुलीखान जयलाभ पद्दसारउ" એનો આશય અમારી સમજમાં તો કે બરાબર નથી આવ્યો, પરન્તુ અનુમાન કરી શકાય છે કે બિકાનેરથી જેસલમેર જતાં કે આવતાં વચ્ચે નાગોર પધાર્યા હોય; ને ત્યાં "હસનકુલીખાને" × કોઈ યુદ્ધમાં જયલાભ પ્રાપ્ત કરવાને કારણે સૂરિ મહારાજનો સન્માનપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો હોય.

× "હસનકુલીખાન"નું નામ કર્મચંદ્રમંત્રી વંશ પ્રબંધમાં આવે છે. મંત્રીશ્વર સંગ્રામસિંહજીને તેની સાથે મૈત્રી હતી, ઉપરોક્ત વિજ્ઞપ્તિ પત્રમાં આવેલ "જયલાભ" શબ્દનો આશય સંભવ છે કે, આ લડાઈને લાગુ હોય.

સં. ૧૬૨૨ નું ચોમાસું જેસલમેર કરી સૂરિજી બિકાનેર પધાર્યા. સંવત્ ૧૬૨૩ નું ચોમાસું અહીં કર્યું; ખેતાસર ગામના રહીશ ચોપડા ગોત્રીય સા. ચાંપસીની પત્નિ ચાંપલ* દેવીના પુત્રરત્ન માનસિંહને માગસર વદી ૫ ના રોજ દીક્ષા આપી, એમનું દીક્ષાનામ "મહિમરાજ" + રાખ્યું.

ત્યાંથી વિહાર કરી "નાડોલાઈ" પધાર્યા; સં. ૧૬૨૪નો ચાતુર્માસ ત્યાંજ થયો. વિહાર પત્ર નં. ૨ માં લખ્યું છે કે "लश्करनउ भय काती सुदी १० निवर्त्यंउ" એનું સ્પષ્ટીકરણ એક બિકાનેર જ્ઞાનભંડારની પટ્ટાવલીમાં કરેલ છે—મોગલ સેના આ શહેરથી તદ્દન સમીપ આવી પહોંચી હતી. લૂંટફાટ અને મારફૂટના ભયથી આકુળ વ્યાકુળ બનેલી પ્રજા ચારે તરફ નાસવા લાગી. સંઘે મળી સૂરિ મહારજને પણ વાત કરી; પરંતુ મહાપુરૂષો સ્વયં નિર્ભય તેમજ બીજાને માટે પણ અભયકારક હોય છે. આખું શહેર ખાલી થઈ ગયું, પરન્તુ સૂરિ મહારાજ સામાન્ય જનતાની માફક વ્યાકુળ ન બનતાં ઉપાશ્રયમાંજ નિશ્ચલ ધ્યાન લગાવી બેઠા. એમના ધ્યાન

* ઉપાધ્યાય શ્રીક્ષમાકલ્યાણજી ગણિ કૃત ખરતરગચ્છ પટ્ટાવલીમાં માનસિંહજીની માતાનું નામ "ચતુરંગ દે" લખેલ છે, પરન્તુ ઉપાધ્યાય શ્રીશિવનિધાન અને લબ્ધિકલ્લોલ આદિ કૃત પ્રાચીન ગહૂંલિયો તેમજ શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાનભંડારની તત્કાલીન લખેલ "ખરતરગચ્છ પટ્ટાવલી"માં માતાનું નામ ચાંપલદેવી લખેલ છે. પ્રાચીન હોવાને કારણે એજ વધુ ઠીક લાગે છે.

+ આ મહિમ રાજજી (શ્રીજિનસિંહસૂરિજી) ભારે પ્રભાવક તેમજ નિર્મળ ચારિત્ર્યવાન્ પ્રકાંડ પંડિત થયા, સમ્રાટ્ અકબરે એમના ગુણોથી મુગ્ધ બની સૂરિજી પાસે એમને "આચાર્યપદ" અપાવેલું એમના વિષેની વિશેષ માહિતી યથાસ્થાન આગળના પ્રકરણોમાં લખવામાં આવશે.

બંબથીજ મોગલ સેના માર્ગ ભૂલી અન્યત્ર ચાલી ગઈ. બધા લોકો ખુશ થતાં થતાં પોતપોતાને ઘેર આવ્યા, ને સૂરિજીના યોગ પ્રાબલ્યથી ચમત્કૃત થઈ તેમની ભારોભાર પ્રશંસા કરવા લાગ્યા. ઉપરોક્ત પટ્ટાવલીમાં આનું વર્ણન આ પ્રમાણે કરેલ છે.

"વલિ જિયઈ મહલાઈ નગરમાંહિ શ્રીપૂજ્યજી હતા, સંઘ મિલી ગુરુ વિનવ્યા ગુરુજી! મુગલનઉ ભય સાંભલિયઈ છઈ। ગુરે કહ્યો મહાનુભાવ! કાંઈ વિશેષ નહીં। ઇમ કરતાં મુગલ ઢૂકડા આવ્યા, તિવારઇ સર્વલોક જીવ લેઈ દિસોદિસ નાઠા (ગયા) પરં શ્રીપૂજ્યજી ઉપાસરામાંહિથી હાલ્યા નહીં, ધ્યાન વઈઠા, ગુણનાનઈ પ્રભાવિ મુગલાંનઉ કટક મારગ થકી ચૂકઉ, બીજી ઠામિ ગયઉ। સર્વલોક આપ આપણા ઘરે આવ્યા, સંઘ મિલી ઉપાસરઈ આવિ દેખઇ તઉ ગુરુજી ધ્યાન કરઇ છઇ। સંઘ વાંદી, પૂજા સ્તવના કરવા માંડી, સર્વલોક હર્ષિત થયઉ, ઠામ ઠામ શોભા થઈ।"

ત્યાંથી વિહાર કરી સૂરિજી બાપડાઉ (? બાપેઉ, જે બિકાનેરથી ૪૪ માઈલ છે) પધાર્યા. સં. ૧૬૨૫નું ચોમાસું સંઘના વિનીત આગ્રહથી ત્યાંજ કર્યું. ચાતુર્માસ પૂરો કરી, ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં બિકાનેર પધાર્યા. સં. ૧૬૨૬નું ચોમાસું બિકાનેર થયું. સં. ૧૬૨૭નું ચોમાસું મહિમ કર્યું. ત્યાંથી સાધુ-વિહાર કરતા મેવાત પ્રદેશમાંથઈ આગરા પધાર્યા. વિહાર પત્રોમાં લખ્યું છે:-"સં. ૧૬૨૭ મહિમ, શાં. કું. અ. મ. ધુંભ। ચન્દ્ર૦ મ૦ સું૦ નેમિચૈત્ય, વિ૦વિ સૌરિપુર યાત્રા, ચન્દ્રવાડિ હથિણાઉર પઠઈ આવ્યા॥" આથી હસ્તિનાપુરમાં શાન્તિનાથ, કુન્થુનાથ, અરનાથ તથા મલ્લિનાથજીની સ્તૂપો તેમજ ચન્દ્રવાડમાં શ્રીચન્દ્રપ્રભુ ભગવાનની યાત્રા કરી હોવાનું નક્કી છે.

આગરામાં ધર્મકાર્યો બહુ કર્યાં, ત્યાં એક માસની માસ-

કલ્પ સ્થિતિ કરી સૂરિજી સૌરિપુર પધાર્યા. ત્યાં શ્રીનેમિનાથ સ્વામીની યાત્રા કરી, અને ચન્દ્રવાડિ હસ્તિનાપુરની યાત્રા કરી પાછા આગરા પધાર્યા. ત્યાંથી ચોમાસું કરવા ગવાલિયર જતા હતા, પરન્તુ આગરા સંઘના વિશેષ આગ્રહને લીધે સં. ૧૬૨૮નું ચોમાસું આગરામાંજ કર્યું. વિવિધ ધર્મધ્યાન કરતાં સુખપૂર્વક પર્યુષણપર્વ વ્યતીત થયા બાદ સૂરિજીએ એક પત્ર "સાંમલિ-નગર"ના સંઘને પાઠવ્યો. આ અસલી મૂળપત્ર અમારા સંગ્રહમાં છે, એમાં ઉપરોક્ત તીર્થ પર્યટન, વિહાર અને ધર્મકાર્યોનું પણ થોડું વર્ણન છે. આ પત્રની નકલ આ પ્રમાણે છે:—

॥ ६० ॥ स्वस्ति श्रीशान्तिजिनं प्रणम्य श्रीआगरा-नगरात्‌:...श्रीजिनचन्द्रसूरयःपं. आणंदोदय गणि, पं. वीरोदय मुनि, पं. भक्तिरंग गणि, पं. सकलचंद्र गणि, पं. नयविलास मुनि, पं. हर्षविमल, पं. कल्याणकमल, पं. महिमराज, पं. समयराज पं. धर्मनिधान, पं. रत्ननिधान, श्रीपाल, प्रमुख साधु १९ विहितोपास्तयः श्रीसांमलिस्थाने श्रीदेव गुरुभक्ति-कारकं श्रीजिनाज्ञाप्रतिपालकं सा. मूला. सा. सासीदास सा. पूह सा. पदू सा. वस्तू सा. गांगू नाथू धम्मू पूरू लक्खू श्रीसंघ समुदायकं सादरं धर्मलाभपूर्वकं समादिशन्ति श्रेयोऽत्र श्रीदेवगुरुप्रसादात्। उपदेशो यथा॥ "धम्मो मंगलमुक्किट्ठं, अहिंसा संजमो तवो। देवा वि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥" इत्यादि धर्मोपदेश जाणी धर्मोद्यम करतां लाभ छइ, तथा महिम हुंती विहार करी साधुविहार करतां मेवात देश मांहि थइनइ अत्र आव्या, घणा धर्मना लाभ थया। पछइ मास कल्प क......(री नइ?) सोरीपुर श्रीनेमिनाथनी यात्रा करीनइ अत्र आ......(व्या) पछइ चौमासि उपरि ग्वालेर नइ चालता हुंता प...(र श्रीस)घनइ आग्रहइ अत्रेज रह्या। धर्मध्यान

करतां करावतां श्रीपर्युषणा पर्व आव्यइ सा. श्रीवच्छ सा. लक्ष्मीदासादि सपरिवारइ विधिपूर्वक पुस्तक वंचाव्यां, धावना प्रभावनादि धर्मकरणी घणी हुइ पोसाहता १५१ हुवां, बीजाइ दान शील तप भावनादि धर्मकरणी एवं जाणी तुहे अनुमोदिवा। आ सामग्री साधू साध्वी विशेषइ चिंता करवी। तथा तुम्हारां कागल आव्या समाचार परीछ्या। तुहे उत्तम सुश्रावक छउ, सघली सामग्री आवइ तउ राखेज्यो ज्युं धर्म निर्वहइ, एवं समस्त संघमांहि धर्मलाभ कहेज्यो. एवं परीछे(ज्यो)... पारणइ पूर्व दिशइ तीर्थयात्रा भणी विहार...(करवाना भा ?) व छइ. पछी वर्तमान जोगि जाणिस्यइ ॥ समस्त श्रावक श्राविकानइ धर्मलाभ कहेजो ॥

આ પત્ર અનુસાર ચતુર્માસ પૂર્ણ કરી સૂરિજી જો પૂર્વદેશીય તીર્થોની યાત્રા કરવા ગયા હોય તો યથાસંભવ સમેતશિખરજી, પાવાપુરીજી, ચંપાપુરીજી, રાજગૃહ આદિ તીર્થોના દર્શન કરી આવ્યા હશે. ત્યાર પછી સં. ૧૬૨૯ નો ચાતુર્માસ રુસ્તક (દિલ્હી નજીકનું રોહતક) કર્યો, ચાતુર્માસ પૂર્ણ કરી સૂરિ મહારાજ ગ્રામાનુગ્રામ વિહરતા વિહરતા બિકાનેર ખાતે પધાર્યા, અહીંના શ્રીઋષભદેવ ભગવાનના મંદિરમાં સૂરિજીના કરકમલ વડે પ્રતિષ્ઠિત થએલ શ્રીઅજિતનાથ સ્વામીની ધાતુ પ્રતિમા વિદ્યમાન છે; જેના પર નીચે મુજબનો લેખ છે :—

"संवत् १६३० वर्षे माहसुदि १० दिने श्रीउपकेशवंशे छाजहडगोत्रे सा. [illegible] तत्पुत्र सा. अमरसीकेन कारितं श्रीअजितनाथबिम्बं प्रतिष्ठितं खरतरगच्छे श्रीजिनचन्द्रसूरिभिः"

ફાગણ માસમાં "નયણા" નામક શ્રાવિકાએ સૂરિજી પાસે બાર વ્રત ગ્રહણ કરેલ, ત્યારે સાધુવર્ધનના શિષ્યે બાર વ્રતનો રાસ બનાવ્યો, જેમાં લખ્યું છે કે :—

"खरतर गच्छरउ राजियउ, जिनचन्द्रसूरि मुनिराय।
तासु पासइ ए विरति लेइ, श्राविका नयणा आय॥ ४॥
संवत सोल ज्ञीसोत्तरइ, फागुण मासि विसाल।
साधुवर्धन पसाउलइ, रची विरत[सं]बंध रसाल ॥ ५॥
जिम शशि रवि ध्रू अछइ, धरणिधर सुप्रसिद्ध।
तिम अविचल होज्यो सही, एह विरत सम्बन्ध॥ ६॥
(અન્તિમપત્ર, શ્રીપૂજ્યજીના સંગ્રહમાં)

સૂરિજીની પધરામણીથી બિકાનેરમાં બિંબપ્રતિષ્ઠા, વ્રતગ્રહણ આદિ ખૂબ ધર્મકાર્યો થવા લાગ્યા. લાભ જાણી સૂરિજી મહારાજે સં. ૧૬૩૧ તેમજ ૧૬૩૨ નાં ચોમાસાં બિકાનેરજ કર્યાં. ત્યાંથી વિહાર કરી ફલોધી પધાર્યા. ત્યાંના શ્રીપાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન ભવ્ય મંદિર પર દ્વેષવશ તપગચ્છવાળાઓએ તાળાં લગાવી દીધાં. સૂરિ મહારાજ પ્રભુદર્શનાર્થે પધાર્યા, કિન્તુ મંદિર પર તાળાં લાગેલ જોઈ એમણે હાથનો સ્પર્શ કર્યો ત્યારે તેમના પ્રભાવબળ વડે વગર ચાવીએ તાળાં ખુલી જઈ નીચે પડયાં*

તીર્થદર્શન કરી સૂરિજી ત્યાંથી વિહાર કરતા કરતા જેસલમેર પધાર્યા. સં. ૧૬૩૩ નો ચાતુર્માસ ત્યાં કર્યો. માહ શુદિ ૫ ના રોજ શ્રાવિકા વિંઝૂએ સૂરિજી પાસે બાર વ્રત લીધાં, જેનું વર્ણન બિકાનેર જ્ઞાન ભંડાર (મહિમા ભકિત વિભાગ પોથી નં. ૬૩) માં ગા. ૫૫ ના રાસમાં છે :—

* જુઓ ક્ષમાકલ્યાણજી કૃત ખરતરગચ્છ પટ્ટાવલી અને વિહારપત્ર આદિ, એક પ્રાચીન પટ્ટાવલીમાં લખ્યું છે કે 'फलोधी वीतराग देहरानउ तालउ विणकूंची हाथ उपरि मूंकी उखेलयउ'
(બિકાનેર જ્ઞાનભંડાર, પટ્ટાવલી પત્ર, ૭)

"शुभस्थान जेसलमेरु नयरइ, सुकृति करी हित कारणइ।
संवत सोल तेतीस वरसइ, माह सुदि पंचम दिणइ॥
गच्छराय श्रीजिणचन्दसूरि गुरु, सइ मुखइ संभासु ए।
श्राविका चीक्षू सुव्रत पालइ, धरि मनि उल्हासु ए ॥ ४५॥"

એજ વર્ષમાં ફાગણ વદી ૫ના રોજ શ્રાવિકા ગેલીએ સૂરીજી પાસે બાર વ્રત ગ્રહણ કર્યાં હતાં. જેનું વર્ણન એક બારવ્રત રાસની પ્રશસ્તિમાં× આ મુજબ છે:—

"संवत सोलसय तेतीसइ, फागन वदि पंचमि उल्लासि।
खरतरगच्छि गरूयउ गुरुराजइ, श्रीजिनचन्दसूरि गुरु पासइ ॥९२॥
श्राविका गेलीए व्रत लीधा, कीधा नरभव सफल आज।
पाप पलायइ ए विधि करतां पामिस शिवनगरीनो राज ॥ ९३ ॥
बारह व्रत सूधा पालेवा, एम कहइ परिग्रह परिमाण।
लीलविलास सदा सुख पामइ, वाधइ दिन दिन कलाविनाण ॥९४॥

इति श्रीइच्छापरिमाणटिप्पनके सं० १६३३ वर्षे फाल्गुन वदि ५ दिने श्रीमद्बृहत्खरतरगच्छाधिराज श्रीजिनमाणिक्यसूरि-पट्टालङ्कार श्रीजिनचन्द्रसूरिराजानां स्वहस्तेन गेली सुश्राविकया गृहीतम् ॥

(આની પ્રતિ આમોદ ગુજરાતના યતિ ચન્દ્રવિજયજી પાસે છે.)

× આ પ્રશસ્તિ અમોએ "જૈન ગુર્જર કવિઓ ભાગ ૧" માંથી ઉદ્ધૃત કરેલ છે. આ ગ્રંથમાં આ રાસને શ્રીજિનચન્દ્રસૂરિજીની કૃતિઓમાંનો ગણ્યો છે, પરન્તુ આ પ્રશસ્તિમાં સૂરિજીની કૃતિ હોવાનું કોઈ પ્રમાણ નથી મળતું. એટલે સંભવ છે કે બીજા બાર વ્રતરાસની માફક આ રાસ પણ કોઈ અન્ય કવિએ રચેલ હોય.

એ ઉપરાંત "જૈન-ગૂર્જર-કવિઓ" માં (૧) દ્રૌપદી રાસ, (૨) બાર ભાવનાધિકાર (૩) શીલવતી રાસ (૪) શામ્બ પ્રદ્યુમ્ન ચોપાઈ (૫) જિન પ્રતિમાસ્થાપન સ્તવન પણ સૂરિજીની કૃતિઓ તરીકે જણાવેલ છે. અમને તો આ કૃતિઓ માટે પણ શંકા થાય છે. કૃતિઓને જોઈને એનો નિર્ણય કરવો આવશ્યક છે.

ત્યાંથી વિહાર કરી સૂરિજી દેરાઉર પધાર્યા. ત્યાં શ્રી જિનકુશલ સૂરિજીના "સ્વર્ગસ્થાન"નાં દર્શન કરી, સં. ૧૬૩૪ નો ચાતુર્માસ ત્યાં કર્યો. એ પછી સં. ૧૬૩૫ માં જેસલમેર, ૧૬૩૬ માં બિકાનેર, સં. ૧૬૩૭ માં સેરૂણા (બિકાનેરથી ૨૮ માઇલ પૂર્વ) સં. ૧૬૩૮ માં બિકાનેર, સં. ૧૬૩૯ માં જેસલમેર અને સં. ૧૬૪૦ માં આસનીકોટ ખાતે ક્રમશ: ચાતુર્માસ કર્યાં "આસનીકોટ" ચાતુર્માસ કરી સૂરિજી જેસલમેર પધાર્યા, ત્યાં માહ સુદિ ૫ ના રોજ પોતાના વિદ્વાન શિષ્ય મહિમરાજજીને "વાચક" પદથી અલંકૃત કર્યા.

જેસલમેરથી વિહાર કરી સૂરિ મહારાજ જાલોર પધાર્યા. સં. ૧૬૪૧ નો ચાતુર્માસ ત્યાં થયો. આ ચાતુર્માસ દરમ્યાન ઋષિમતી તપાગચ્છવાલાઓ સાથે શાસ્ત્રાર્થ થયો, જેમાં સૂરિજીનો વિજય + થયો. ત્યાંથી વિહાર કરી પાટણ ગયા, ને ૧૬૪૨ નું ચોમાસું પાટણ કર્યું. ત્યાં પણ તપગચ્છવાળાઓ સાથે શાસ્ત્રાર્થમાં સૂરિજીએ વિજય પ્રાપ્ત × કર્યો.

ત્યાંથી વિહાર કરી અમદાવાદ પધાર્યા. સં. ૧૬૪૩ નું ચોમાસું ત્યાં થયું. ત્યાં ધર્મસાગરકૃત ઉત્સૂત્ર–મય પુસ્તકરૂપી વિષવૃક્ષનો ઉચ્છેદ કર્યો. જેમકે × ખરતરગચ્છ પટ્ટાવલી નં ૧ અને નં. ૩ માં લખ્યું છે.

"पुनः सं. १६४३ वर्षे ताद्य धर्मसागर कृत ग्रन्थोच्छेदः कृतः"

સં. ૧૬૪૪ નું ચોમાસું સૂરિજીએ ખંભાત કર્યું. ત્યાં શ્રીસ્તંભનતીર્થ તેમજ શ્રીજિનકુશલસૂરિ સ્તૂપનાં દર્શન

+ જુઓ વિહાર પત્ર નં. ૧–૨. × જુઓ વિહાર પત્ર નં. ૨.
× જુઓ પુરણચંદજી નાહર પ્રકાશિત ખરતરગચ્છ પટ્ટાવલી સંગ્રહ.

કર્યા. ચાતુર્માસ પૂરા થતાં અમદાવાદ પધાર્યા. શ્રીગુણવિનયે રચેલ, બિકાનેરથી શત્રુંજયયાત્રાર્થે નીકળેલ સંઘના "ચૈત્ય-પરિપાટી-સ્તવન"થી જાણવા મળે છે કે "બિકાનેરથી સં. ૧૬૪૪ના માહ માસમાં તીર્થાધિરાજ શ્રીસિદ્ધાચલજીની યાત્રાએ સંઘ નીકળ્યો, આ વિશાળ યાત્રીસંઘ રસ્તામાં આવતા તમામ તીર્થોની યાત્રા કરતો કરતો ક્રમશઃ સેરિસે, લોદણ-પાર્શ્વનાથના તીર્થે આવ્યો."

આ તરફ અમદાવાદથી સંઘપતિ યોગીનાથ અને સોમજીના સંઘસહિત સૂરિજી પણ આવ્યા અને આ સંઘમાં સામેલ થયા. ચારે કોરથી લોકો આ સંઘમાં આવ્યા હતા; જેમાં બિકાનેર, મંડોવર, સિંધ દેશ જેસલમેર, સીરોહી, જાલોર, સોરઠ અને ચાંપાનેરનાં નામો ઉલ્લેખનીય છે. આ વિશાળ યાત્રીસંઘની સાથે ચૈત્ર વદી ૪ના રોજ સૂરિમહારાજે મહાતીર્થ, સિદ્ધક્ષેત્ર શ્રીસિદ્ધાચલજીની યાત્રા કરી. *

---

* "संवत सोलह सइ चिंमालइ, वरसि सवि सुखकार। चैत्रवदी चउथी दिनइ, बुधवल्लभ बुधवार ॥ १० ॥ मेरी० ॥ संघपति योगी सोमजी, मनधरि हरख तरंग। गच्छपति श्रीजिनचन्द्रनइ, यात्रा करावी रंग ॥ ११ ॥ मेरी० ॥ सुविहित खरतर संघनइ, श्रीशत्रुंजय [illegible] पापमलालिइ इम मनइ, [illegible] ॥ १२ ॥ मेरी० ॥"

[illegible]

"इम अहमदाबाद [illegible] [illegible]"

ત્યાંથી ગામેગામ વિહાર કરતા કરતાં સૂરિ મહારાજ સુરત પધાર્યા. એમના આગમનથી સંઘમાં ભારે ખુશાલી થઈ. ધર્મધ્યાન વિપુલ પ્રમાણમાં થવા લાગ્યાં. વર્ષાકાલ નિકટ હોવાથી સં. ૧૬૪૫નું ચોમાસું સૂરિજીએ સુરતમાં કર્યું.

સં. ૧૬૪૬નું અમદાવાદ, અને સં. ૧૬૪૭નું ચોમાસું પાટણ કર્યું. સં. ૧૬૪૭માં શ્રાવિકા કોડાંએ સૂરિજી પાસે બારવ્રત ગ્રહણ કરેલ, જેનો રાસ મહો૦ શ્રીજયસોમજી કૃત (કપડા પર લખેલી પ્રતિ) અમારા સંગ્રહમાં છે. તેનો આવશ્યક ભાગ આ પ્રમાણે છે:—

"श्रीजिनचन्द्रसूरि श्रीमुखइ, श्राविका कौडां एह।
आदरइ बारह व्रत इसा, शुभ दिवस रे मन हर्ष धरेह ॥ १८ ॥
सोलहसइ सैंताल समइ, वैशाख सुदि दिन तीज।
इम ढाल बंधइ गुंथिया, श्रावक व्रतरे जिह समकित बीज ॥१९॥
जिनदत्तसूरि गुरु सांनिधइ, जिनकुशलसूरि सुपसाइ।
जयसोम गणि इणिपर कहइ, शुभ भावइरे दिन दिन सुख थाइ॥२०॥

પાટણથી વિહાર કરી અમદાવાદ થઈ સૂરિજી ખંભાત પધાર્યા, ત્યાં શ્રીસ્તંભન પાર્શ્વનાથ પ્રભુના તીર્થના દર્શન કર્યા. ખંભાતના સંઘે સૂરિજીને અત્રેજ ચોમાસું કરવા વિશેષ આગ્રહ કર્યો. સંઘનો આવો આગ્રહ જોઈ સૂરિજીએ અહીંજ સ્થિરતા કરી.

દોહા— पूरव पश्चिम उत्तरइ, दक्षिण चिहुं जाण।
संघ चालयउ शत्रुंजय भणी, प्रगटी महियल वाण ॥ २१ ॥
विक्रमपुर मंडोवरउ, सिन्धु जेसलमेर।
सीरोही जालोरनउ, सोरठ चांपानेर ॥ २२ ॥
संघ अनेक तिहां आविया, भेटण विमल गिरिन्द।
लोकतणी संख्या नहीं, साथि गुरू जिनचन्द ॥ २३ ॥
[યુગપ્રધાન શ્રી જિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ, સં. ૧૬૫૮]

આચાર્યપદ પ્રાપ્તિ પછી પોતે નિરંતર સર્વત્ર વિહાર કરતા કરતા અનેક જીવોને પ્રતિબોધ કર્યો, અને હજારો શ્રાવકોને જૈનદર્શનનો સદ્બોધ આપી ધર્મમાં દૃઢીભૂત કર્યા. આથી અનેક સ્થળોમાં જિનાલય અને જિનબિંબોની પ્રતિષ્ઠાઓ ઉપધાન, વ્રતગ્રહણ, ઇત્યાદિ પ્રશંસનીય ધર્મ-કૃત્યો થયા. અનેક સંઘ કાઢવામાં આવ્યા, જેની સાથે સૂરિ-મહારાજે મારવાડ, ગુજરાત અને પૂર્વપ્રાન્તીય તીર્થોની યાત્રા કરી. પર પક્ષિઓએ કરેલા આક્ષેપોનો રદીઓ આપવામાં અને વિદ્યાભિમાની પંડિતોને નિરુત્તર કરી મૂકવામાં સૂરિજીની પ્રતિભા ખૂબખૂબ ખ્યાતિપ્રાપ્ત થઈ ચૂકી હતી. જૈનદર્શનનો પ્રચાર જેમણે ખૂબ જોરથી કર્યો તેમનાં સદ્ગુણ અને વિદ્વત્તાની સૌરભ સર્વત્ર પ્રસરતી પ્રસરતી સમ્રાટ અકબરના દરબાર સુધી પહોંચી ચૂકી હતી.



પ્રકરણ છઠ્ઠું

અકબરનું આમન્ત્રણ :—


સમ્રાટ્ અકબરમાં સર્વધર્મ પ્રત્યેની સહિષ્ણુતા અને ધર્મજિજ્ઞાસા, આ બે ગુણો અસાધારણ હતાં. તે પોતાના દરબારમાં પ્રત્યેક ધર્મના વિદ્વાનોને બોલાવી તે તે ધર્મના ઉપાદેય તત્ત્વોને ગ્રહણ કરતો, મુસલમાન કુળમાં જન્મ્યા છતાં તેનામાં દયાનો ભાવ અધિકાધિક હતો. મુસલમાન બાદશાહોમાં એના જેવો ન્યાયપ્રિય અને અહિંસાનો અનુરાગી બીજો કોઈ બાદશાહ નથી થયો. દીન દુઃખિયાનો ઉદ્ધાર કરવો એને સમ્રાટ અકબર પોતાનું પરમ કર્તવ્ય સમજતો હતો, ને એના અનેક દૃષ્ટાન્તો એના જીવનમાંથી મળી રહેતા, એના રાજ્યમાં હિન્દુ અને મુસલમાન પ્રજા જે પ્રકારે સુખ શાંતિમાં રહી એવી રીતે સુખી અન્ય કોઈ પણ મુસલમાન શાસકના રાજ્યમાં નથી રહી. *

---

* "बादशाह अपने दिलमें यही चाहताथा कि किसी प्रकार मुझे धार्मिक तत्त्वकी बातें मालूम हो; बल्कि वह उनकी छोटी–छोटी बातों काभी पूरा पता लगाना चाहता था, इस लिये वह प्रत्येक धर्म के विद्वानोंको

શાસ્ત્રાર્થ, ઉપદેશ, વિદ્વદ્ગોષ્ઠી આદિનો એ ભારે શોખીન હતો, ને એ કારણે એના દરબારમાં ચુનંદા વિદ્વાનો હરહંમેશ રહેતા, એમાં કેટલાક જૈનવિદ્વાનો પણ હતા, નાગપુરીય તપાગચ્છના યતિ પદ્મસુંદરજી પણ સમ્રાટની સભામાં કંઈક વર્ષો સુધી રહ્યા હતા. સંવત્ ૧૬૨૫ માં જ્યારે સમ્રાટ આગરામાં નિવાસ કરતા હતા ત્યારે ય એમને વિદ્વાનોની ચર્ચાઓમાં ખૂબ મઝા પડતી હતી. ખરતરગચ્છના વાચક દયાકલશજીએ પોતાના વિદ્વાન પ્રશિષ્ય સાધુકીર્તિજી આદિની સાથે સં. ૧૬૨૫ નો ચાતુર્માસ આગરા ખાતે કરેલ, એ સમયે શાહી દરબારમાં તપાગચ્છીય બુદ્ધિસાગરજીનો પૌષધ બાબતમાં સાધુકીર્તિજી સાથે શાસ્ત્રાર્થ થયો હતો. અને પંડિત માનિકચંદજી [illegible] પંડિત મહાદેવ મિશ્ર આદિ હતા. વિદ્વાનો સમક્ષ ખરતરગચ્છવાળાઓની જીત થયેલી. સાધુકીર્તિજી સંબંધી વિશેષ માહિતી હવે પછી લખવામાં આવશે.

સંવત્ ૧૬૩૯ માં તપાગચ્છના આચાર્ય શ્રીહીરવિજયસૂરિજી

[illegible]

પણ સમ્રાટને મળેલા, એ પછી તો જૈનોનો સમાગમ એને કાયમી રહેલો–ને ખાસ, જૈન દર્શન પરત્વેનો એનો અનુરાગ દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો રહેલો.*

એક દિવસ લાહોરની રાજસભામાં બેઠાબેઠા સમ્રાટ અકબરે ઉપસ્થિત વિદ્વાનો દ્વારા આપણા ચરિત્રનાયક શ્રીજિનચન્દ્રસૂરિજીની ભારે પ્રશંસા સાંભળી. એ વિદ્વજ્જનો એમની અત્યધિક શ્લાઘા કરતા હતા, તેથી સમ્રાટને એમના દર્શનની અને જૈનધર્મના વિશેષ બોધપ્રાપ્તિની ઉત્કટ ઇચ્છા થઈ. એણે પૂછ્યું, "અહીં એમનું કોઈ ભક્ત શિષ્ય છે? કે જેના દ્વારા એમનો પત્તો લગાવાય" એના ઉત્તરમાં પંડિતોએ "મંત્રીશ્વર કર્મચન્દ્ર"નું નામ આપ્યું. ત્યારે સમ્રાટે મંત્રીશ્વરને બોલાવી માનભરી રીતે પૂછ્યું કે "હે મંત્રીશ્વર! તમારા ગુરુ શ્રીજિનચંદ્રસૂરિજી હાલમાં કયાં બિરાજે છે? કોઈ એવો ઉપાય યોજો કે જેથી તેઓ શ્રી જેમ બને તેમ જલ્દી અહીં પધારે" ત્યારે મંત્રીશ્વરે વિનયપૂર્વક જણાવ્યું કે "તેઓ તો અત્યારે ખંભાતમાં બિરાજે છે, પરંતુ ગ્રીષ્મ ઋતુમાં દૂર દેશથી અત્રે આવવું ખૂબ કઠણ છે, કેમ કે તેઓ કોઈ સવારી તો કરતા નથી, અને આવા આકરા તાપમાં વૃદ્ધાવસ્થામાં આવવું પણ વધારે કષ્ટદાયી નીવડે." ત્યારે સમ્રાટે કહ્યું, કે "જો તેઓ ખુદ જલ્દી ન આવી શકે તો એમના શિષ્યોને બોલાવવા માટે તો બે શાહી પુરુષોને અવશ્ય મોકલી આપો." ત્યારે મંત્રીશ્વરે વાચક માનસિંહજી (મહિમરાજજી)ને બોલાવવા શાહી દૂતને વિનંતિ પત્ર સહિત સૂરિજી પાસે મોકલી આપ્યો.

---

*તપગચ્છના પ્રભાવક આચાર્ય શ્રીમાન્ હીરવિજયસૂરિજીના સમાગમથી અકબર પર સારો પ્રભાવ પડયો હતો; જેના પરિણામે એણે જજિયાકર વિગેરે છોડી દીધેલ, કેટલાંય દિવસો સુધી 'અમારિ' ઉદ્‌ઘોષણાના ફરમાન પત્ર દ્વારા અનેક જીવોને અભયદાન પ્રાપ્ત થએલ.

વિનંતીપત્ર વાંચતાંજ સૂરિજીએ વાચક શ્રીમહિમરાજજીને શ્રીજયસુંદરજી અને અન્ય છ સાધુઓ સાથે લાહોર મોકલ્યા. નિરંતર વિહાર કરતા કરતા થોડાં દિવસોમાં તેઓ લાહોર પહોંચી ગયા, વાચકજીના દર્શનથી સમ્રાટ ખૂબ ખુશ થયા, ને ઉત્સુકતાપૂર્વક એમણે મંત્રીશ્વરને પૂછ્યું કે એ જગદ્ગુરુ શ્રીજિનચન્દ્રસૂરિજી ક્યારે

તેમના પછી શાંતિચંદ્રજી, જિનચંદ્રસૂરિજી, ભાનુચન્દ્રજી આદિએ જૈન ધર્મનો ઉપદેશ આપેલો, આ બધી વાતો જાણવા માટે "સૂરીશ્વર ઔર સમ્રાટ" આદિ ગ્રન્થો જોવા.

ખરતરગચ્છના ઉપાધ્યાય શ્રીશિવનિધાનજીના ગુરુ શ્રીહર્ષસારજી પણ સમ્રાટને મળેલ. તેનો ઉલ્લેખ શિવનિધાનજી વિરચિત "સંગ્રહણી બાલાવબોધ"ની પ્રશસ્તિમાં આ પ્રમાણે છે :—

"श्रीमत्खरतरगच्छे–[illegible] ।
[illegible] " ॥ १ ॥

[શ્રીઅકબર [illegible]]

મહોપાધ્યાય શ્રીજયસોમજી પણ સમ્રાટ અકબરને મળેલ. અને તેમણે ત્યાંની સભામાં કોઈ વિદ્વાનને પરાસ્ત કરી વિજય પ્રાપ્ત કરેલ, તેનું વર્ણન "જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ" પૃ. નં. ૫૮૮ માં આ પ્રમાણે છે :—

"જયસોમે અકબરશાહની સભામાં જય મેળવ્યો હતો તેમ તેમના શિષ્ય ગુણવિનય, પોતાના ખંડપ્રશસ્તિ ટીકાની પ્રશસ્તિમાં જણાવે છે"

આમ તે ખંડપ્રશસ્તિ ટીકાની પ્રશસ્તિમાં આપેલ ઉલ્લેખ [illegible] સં. ૧૬૪૯ [illegible] અકબરની સભામાં [illegible] સં. ૧૬૫૫ માં [illegible] સં. ૧૬૫૦ માં [illegible] ઉપાધ્યાય ગુણવિનયજીએ રચી છે, તેમાં પણ આ પ્રમાણે છે :—

"अकबरसाहिसभायां, [illegible]"

આવશે, કે જેના દર્શનથી ચિત્ત પ્રસન્ન થાય ને જેમના ચરણની અનેક લોકો સેવા કરે છે? ત્યારે મંત્રીશ્વરે જણાવ્યું કે "હવે ચોમાસું નજીક આવે છે, એટલે એમનાથી વિહાર થઈ ન શકે" ત્યારે સમ્રાટે કહ્યું કે "જલ્દી પધારે તો એમના દર્શન અને ઉપદેશથી મારૂં જીવન સફળ થાય, અને અનેક જીવોને અભયદાન આપી એમને પણ સંતુષ્ટ કરી શકાય, એટલે એવો કોઈ ઉપાય કરો કે જેમ તેઓ અત્રે જલ્દીથી અવશ્ય પધારે." અને તેજ વખતે એક વિનંતિપત્ર પણ લખાવીને સમ્રાટે મંત્રીશ્વરને આપ્યો. મંત્રીશ્વરે પણ સૂરિજીને ખૂબખૂબ આગ્રહપૂર્વક લાહોર આવવાનો વિનંતિપત્ર લખી શીઘ્રગામી મેવડા દૂતોની સાથે ખંભાત પાઠવી આપ્યો.

એક વેળા સમ્રાટ અકબરના પુત્ર સલીમ સુરતાણને ત્યાં મૂળ નક્ષત્રના પ્રથમ પાદમાં કન્યાનો જન્મ થયો. જ્યોતિષી લોકોએ કહ્યું કે આનો જન્મ યોગ એના પિતાને માટે અનિષ્ટકારક છે. એનું મોઢુંય જોયા વિના એનો પરિત્યાગ કરવો જોઈએ. સમ્રાટે શેખ અબુલફઝલ આદિ વિદ્વાનોને બોલાવી મૂલનક્ષત્રના જન્મદોષનો પ્રતિકાર પૂછ્યો. એમની સાથે મંત્રણા કરી મંત્રીશ્વર કર્મચન્દ્રને પૂછી, સમ્રાટે આજ્ઞા કરી કે જૈનધર્મ પ્રમાણે આ દોષની ઉપશાંતિ કરવા અર્થે શાંતિ-વિધિ આદિનો ઉચિત પ્રબંધ કરો.

સમ્રાટની આજ્ઞા મળતાં મંત્રીશ્વર કર્મચન્દ્રે વિશેષવિધિથી સોનાચાંદીના ઘડાઓ દ્વારા મહાન ઉત્સવથી ચૈત્ર શુદિ ૧૫ ના રોજ* (શ્રીસુપાર્શ્વનાથજીની) અષ્ટોત્તરી સ્નાત્ર કરાવી, જેમાં લગભગ

---

* इम चैत्री पूनम दिवस शान्तिक, शाहि हुकम सुंहते कीयउ।
जिनराज जिनचंन्द्रसूरि वन्दी, दान याचकनई दीयउ ॥ १२ ॥
[યુ. પ્ર. જિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ]

पछी शेखजी गुणनी पेटी, तेहनई आवी मूलमां बेटी ॥
तेडया पंडित जोशी जेहो, बोल्या जलमां मूको एहो ॥ ३८ ॥

* * *

એક લાખ રૂપિયાનો ખર્ચ થયો. જે વિધિવિધાન વા. શ્રીમાનસિંહજી (મહિમરાજજી)એ સંપૂર્ણ શાસ્ત્રોકત વિધિથી કરાવેલ, આના ઉપલક્ષમાં શ્રીજિનચન્દ્રસૂરિજીના આદેશથી ઉપાધ્યાય શ્રીજયસોમજીએ અષ્ટોત્તરી સ્નાત્રની વિધિ ગદ્ય ભાષામાં બનાવી. ×

પૂજન પરિસમાપ્ત થતાં મંગલ દીપક અને આરતીને સમયે સમ્રાટ અને એમના પુત્ર શેખુજી (સલીમ શાહજાદા) અનેક મુસાહિબો સાથે ત્યાં આવ્યા, અને રૂપિયા દસહજાર જિનેન્દ્ર ભગવાન સન્મુખ ભેટ ધરી પ્રભુભકિત તેમજ જૈનશાસનનું ગૌરવ વધાર્યું.

મંત્રીશ્વરના કથનાનુસાર શાંતિનિમિત્તે પ્રભુના સ્નાત્રજલને

मुनि कहे हत्या नवि लीजै, स्नात्र अष्टोत्तरी कीजै।
पातस्यां हरख्यो तेणिवार, कुट्टण वामण बडे गंवार ॥ ४० ॥

* * *

झूठे वामण ऋषि भली वात, करो अष्टोत्तरी सनात।
हुकुम करमचन्दनई दीधो, मानसिंहे अष्टोत्तरी कीधो ॥ ४२ ॥
थानसिंह मानु कल्याणकरि, स्नात्र उपासरइ जाण।
पातस्यां शेखजी आवई, लाख रुपइया खरचावइ ॥ ४३ ॥
स्नात्र सुपासनु करतां, श्राद्ध श्राविका आंबिल धरता।
जिनशासननी उन्नति थाय, विघ्न पातशाह केरू जाय ॥ ४४ ॥

[કવિ ઋષભદાસકૃત હીરવિજયસૂરિ રાસ]

આ વિષયમાં વધુ જાણવા "સૂરીશ્વર અને સમ્રાટ" પૃ. ૧૫૪, કર્મચન્દ્રમંત્રિ-વંશ પ્રબંધવૃત્તિ અને ભાનુચંદ્ર ચરિત્ર જુઓ.

× "श्रीजिनचन्द्रगुरूणा-मादेशाल्लाभपुरे लिखिता।
जयसोमोपाध्यायैः,स्नात्रविधिपुण्यवृद्धिकृता ॥ १ ॥

આની હસ્તલિખિત પ્રતિ બીકાનેરના જ્ઞાનભંડાર અને યતિવય ઉ. જયચન્દ્રજીના ભંડારમાં છે.

સમ્રાટે મંગાવ્યું અને પોતાનાં ઉભયનેત્રો પર લગાવ્યું, અને પછી એને અંતઃપુરમાં ભક્તિપૂર્વક લગાવવા માટે મોકલી આપ્યું. આ અષ્ટોત્તરી સ્નાત્રના પવિત્ર દિવસે તમામ શ્રાવક શ્રાવિકાઓએ આંબિલની તપશ્ચર્યા કરી. આ અષ્ટોત્તરી સ્નાત્રના અનુષ્ઠાનથી સર્વ દોષ ઉપશમી ગયા, ને આથી સમ્રાટને અત્યંત આનંદ થયો.

મુસલમાન હોવા છતાં સમ્રાટ અકબરે જૈનવિધિથી શાન્તિસ્નાત્ર કરાવ્યું, એ જૈનધર્મ પ્રત્યેની એની વિશેષ શ્રદ્ધાભક્તિ અને અનુપમ આદરના પ્રતીકરૂપે છે.

થોડાંજ દિવસોમાં એ દૂતો ખંભાત પહોંચ્યા. અને પ્રસન્ન ચિત્તે સૂરિજીના દર્શન કરી એમણે વિનંતિપત્ર રજૂ કર્યો, ને લાહોર પધારવા વિનયપૂર્વક પ્રાર્થના કરી.

વિનંતિપત્ર વાંચી સૂરિજીને લાગ્યું કે મારે પોતાને લાહોર અવશ્ય જવું જોઈએ, કેમકે સમ્રાટ અકબર ધર્મજિજ્ઞાસુ છે, અને જો એ જૈનધર્મનું અનુકરણ કરવા લાગી જાય તો "**यथा राजा तथा प्रजा**" ના નિયમાનુસાર જૈનધર્મની ભારે ઉન્નતિ થાય, જ્યારે ભારત વર્ષના રાજાઓ જૈનધર્માવલંબી હતા ત્યારે જૈનોની સંખ્યા પણ બહુ વધારે હતી, અને સર્વત્ર શાંતિનું સામ્રાજ્ય હતું. હજીય જો ગુરુદેવની કૃપાથી અકબરના હૃદયમાં જૈનધર્મના ઉંચા સિદ્ધાન્તો ઉતરી જાય, તો વર્તમાન સમયમાં આર્યપ્રજા પર થનારા અત્યાચારોનો સર્વથા નાશ થઇ જાય, આથી ત્યાં જઈ સમ્રાટને જૈનધર્મના સૂક્ષ્મ તત્ત્વોનું દિગ્દર્શન કરાવવું અતિ ઉપયોગી નીવડવાનું.

ખંભાતથી વિહાર કરવાનો સૂરિજીનો દૃઢ નિશ્ચય જોઇ સમસ્ત સંઘે એકત્ર થઇ એમને પ્રાર્થના કરી કે "હે ગુરુદેવ! ચાતુર્માસ તો નજીક છે, આપ દૂર દેશ કેવી રીતે પહોંચશો, માટે અહીંજ બિરાજો." ત્યારે સૂરિજીએ સંઘને સમજ આપી, અને મહાન લાભને ખાતર અષાઢ સુદિ ૮ ને રોજ ત્યાંથી

પ્રસ્થાન કરી નવમીના રોજ વિહાર કર્યો. માર્ગમાં મળેલા શુભ શકુનથી સમસ્ત સંઘને ભારે આનંદ થયો. સૂરિજી અષાઢ સુદિ ૧૩ ના રોજ અમદાવાદ પધાર્યા. શ્રીસંઘે ઉત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો, ઉપાશ્રયમાં આવ્યા બાદ સૂરિજીમહારાજ શ્રીસંઘ સાથે પરામર્શ કરવા લાગ્યા કે ચતુર્માસમાં સાધુ વિહાર કેમ થશે? એ સમયે વળી બે શાહી ફરમાન આવ્યા, જેમાં મંત્રીશ્વરે આગ્રહપૂર્વક લખેલું કે "આપ વર્ષાકાળ * કે લોકાપવાદની તરફ નજર ન રાખતાં સત્વર લાહોર પધારો, આપની પધરામણીથી અત્રે ધર્મની બહુ મોટી પ્રભાવના થશે" ત્યારે સૂરિજીએ સંઘની સંમતિ થતાં ત્યાંથી લાહોર જવા વિહાર કર્યો. મેસાણા થઈ સિદ્ધપુર પધાર્યા, ત્યાં વન્નાશાહે નગરપ્રવેશ કરાવ્યો. અને ખૂબ દ્રવ્ય ખરચી પૂજા પ્રભાવનાદિ કાર્યો કર્યાં. પાટણનો સંઘ પણ ત્યાં સૂરિજીના દર્શને આવ્યો. ત્યાંથી વિહાર કરી પાલણપુર પધાર્યા. પાટણનો સંઘ લ્હાણિ આદિ કરી ત્યાંથી પાછો ફર્યો. ત્યાંથી વિહાર કરી સૂરિજી શિવપુરી ગયા. એમના આગમનથી મંહુર તેમજ શિવપુરીના સંઘને ઘણો હર્ષ થયો. સૂરિજીની પાલણપુરમાં પધરામણી થયાના સમાચાર જ્યારે સીરોહીના રાવ સુરતાને × સાંભળ્યા, ત્યારે

* ચાતુર્માસમાં સાધુઓને નિષ્પ્રયોજન વિહાર ન કરતાં એકજ સ્થળે રહેવાની જિનાજ્ઞા છે, કિન્તુ વિશેષ ધર્મપ્રભાવના કે અનિષ્ટકારક સંયોગોમાં આચાર્ય, ગીતાર્થાદિ મહાનુભાવોને માટે દેશ, કાળ, ભાવનો વિચાર કરી વિહાર કરવાનો અપવાદ માર્ગ પણ જિનાજ્ઞામાં છે. પૂર્વકાળમાં પણ આવા સંયોગોમાં વિહાર થયાના કેટલાક પ્રમાણો ઉપલબ્ધ થાય છે.

× એ રાવ સં. ૧૬૨૮ માં ફક્ત બાર વર્ષની અવસ્થામાં સીરોહીની રાજગાદી પર બેઠો હતો. એ મોટો વીર, ઉદાર અને મહારાણા પ્રતાપની

તેણે જૈન સંઘને એકત્રિત કરી આજ્ઞા દીધી કે "સૂરિજીને પાલણપુરથી અત્રે આવવાના આમંત્રણ આપવા હું મારા પ્રધાન પુરુષોને તમારી સાથે મોકલું છું; તમે સહુ જલ્દી જઈ એમને અહીં પધારવા વિનંતી કરો." ત્યારે શ્રીસંઘ અને સીરોહીપતિના પ્રેષિતપુરુષો પાલણપુર જઈ સૂરિજીને આમંત્રણ દઈ આવ્યા. સૂરિજી પણ ગ્રામાનુગ્રામ વિહરતા સીરોહી પધાર્યા. એમનું સ્વાગત કરવા મોટી સંખ્યામાં લોકો એકઠા થયા; પંચશબ્દ નિશાન, નેજા, માદલ, શંખ, ઝાલર, ભેરી આદિ નાના પ્રકારના વાજિંત્રો વાગતા હતા; સધવા સ્ત્રીઓ ગુરૂગુણ ગાતી ગાતી પાછળ પાછળ ચાલતી હતી. ભક્તિમાન કુલવંતી સ્ત્રીઓ મુક્તાફળથી વધાવી રહી હતી. જય જય શબ્દના જયનાદો વડે મેઘગર્જના જેવી પ્રતીતિ થઈ રહી હતી, આ પ્રમાણે ઠાઠથી સૂરિજી સીરોહી નગરના રાજમાર્ગ પર થઈ શ્રી ઋષભદેવ સ્વામીના મંદિરમાં પધાર્યા, ત્યાં પ્રભુના દર્શન સ્તુતિ આદિ કરી ઉપાશ્રયમાં પધાર્યા, જ્યાં સ્વર્ણગિરિ (જાલોર) નો સંઘ સૂરિજીના દર્શને આવ્યો. રાવ સુરતાને ઠાઠમાઠથી આવી સૂરિજીને વંદના નમસ્કારપૂર્વક પર્યુષણપર્વ સીરોહીમાં કરવાની વિનંતિ કરી. સૂરિજીએ સંઘ તેમજ નૃપતિના આગ્રહથી પર્યુષણપર્વના આઠ દિવસો સીરોહીમાંજ વીતાવ્યા. સૂરિજીના બિરાજવાથી સીરોહીમાં ધર્મધ્યાન ખૂબ થયાં. જિનપૂજન, તપશ્ચર્યા આદિ અનેક ધર્મકાર્યો થયા. આઠ દિવસ સુધી અમારિ ઉદ્‌ઘોષણા કરી અનેક જીવોને અભયદાન અપાયું.


માફક સ્વતંત્રતાનો ઉપાસક હતો. એણે એના જીવનમાં ૫૧ યુધ્ધો કર્યાં હતાં. એની વીરતાની સામે મોટી મોટી સેનાઓ પણ ભય પામતી. વિશેષ જાણવાને સિરોહી રાજ્યનો ઇતિહાસ પૃ. ૨૧૭ થી ૨૪૪ જૂઓ.


સમસ્ત સીરોહી રાજ્યમાં જીવહિંસા બંધ કરવા માટે સૂરિજીએ રાજાને ઉપદેશ દીધો, ત્યારે રાજાએ દરેક પૂર્ણિમાને રોજ જીવહિંસા દૂર કરવા માટે ઉદ્ઘોષણા કરી, અને બીજી રીતે પણ રાજાએ સૂરિજીની ખૂબ ભક્તિ કરી. પર્યુષણ પછી ત્યાંથી વિહાર કરી સૂરિજી જાવાલિપુર (જાલોર) પધાર્યા. વજ્ઞાશાહે ઉત્સવપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો.

એ સમયે લાહોરથી સમ્રાટે બે વ્યક્તિઓ સાથે સૂરિજીને ફરમાન પત્ર મોકલ્યો, જેમાં લખ્યું હતું કે "હમણાં ચાતુર્માસમાં વિહાર કરતાં આપને ભારે કષ્ટ થતું હશે, માટે અત્યંત ઉતાવળ ન કરતાં ચાતુર્માસ પૂરો કરી તરતજ પધારશો, કિન્તુ પાછળથી વિલંબ ન કરશો." તેથી સૂરિજી કાર્તિક ચૌમાસી સુધી જાલોરમાંજ બિરાજ્યા. ચાતુર્માસ પૂર્ણ થતાં માગસર માસમાં પુષ્ય નક્ષત્રના શુભ મુહૂર્તમાં અનેક સાધુઓના પરિવાર સહિત વિહાર કર્યો; એમની સાથે ચતુર્વિધ સંઘ તેમજ શાહી પુરૂષો પણ હતા. વિમલ યશોગાન કરવાવાળા ભોજક, ભાટ, ચારણ અને દક્ષ એવા ગાંધર્વ લોકો સૂરિજીના પ્રસ્તાવોચિત ગુણગાન કરી શ્રીમંત શ્રાવકો પાસેથી સમુચિત પુરસ્કાર પામતા. ગ્રામાનુગ્રામ વિહરતા સૂરિજી દેછર, સરાણઉ, ભમરાણી, ખાંડપ અને રંગી વગેરે ગામોમાં આવ્યાં. વિક્રમપુરના સંઘે દર્શને આવી લ્હાણી કરી. ત્યાંથી દ્રુણાડા (સંભવતઃ વર્તમાનમાં ધુનાડા) નગર પધાર્યા, ત્યાં જેસલમેરનો સંઘ દર્શનાર્થે આવ્યો. ત્યાંથી વિહાર કરી રોહીઠ નગર પધાર્યા. ત્યાંના શાહ થિરા અને મેરાએ ભારે ઉત્સાહપૂર્વક નગરપ્રવેશ કરાવ્યો, અને ઇચ્છિતદાન દઈ યાચકોને સંતુષ્ટ કર્યા. અહીં જોધપુરનો વિશાલ સંઘ દર્શનાર્થે આવ્યો. સૂરિજીના દર્શન કરીને લ્હાણી

આદિ દ્વારા સ્વધર્મીભક્તિ પ્રદર્શિત કરી પાછો ફર્યો. ચાર વ્યક્તિઓએ નન્દીમહોત્સવ આદિ રચના કરી સૂરિજી પાસે ચોથું વ્રત અર્થાત્ બ્રહ્મચર્ય વ્રત સ્વીકાર કર્યું. બીજા પણ અનેક શ્રાવકોએ યથાશક્તિ વ્રત પચ્ચક્ખાણ આદિ લીધા. ત્યાંના ઠાકુરે પોતાના રાજ્યમાં સૂરિજીનાં ઉપદેશથી બારસ તિથિને રોજ બધા જીવોને અભયદાન આપ્યું. ત્યાંથી વિહાર કરી પાલી નગર પધાર્યા; નંદી મંડાવી અનેકો શ્રાવક શ્રાવિકાઓને વ્રતાદિ આપ્યાં. ત્યાંના સંઘે ભારે હર્ષસહ ચારે પ્રકારના ધર્મની વિશેષ રૂપે આરાધના કરી. ત્યાંથી લાંબિયા ગામ થઈ સોજત પધાર્યા, પ્રભુમંદિરમાં દર્શન કર્યા. ત્યાંથી બીલાડા પધાર્યા, જ્યાંના સુપ્રસિદ્ધ કટારિયા જાતિના (સંભવતઃ જૂઠા શાહ) શ્રાવકે નગર પ્રવેશોત્સવ કરાવ્યો. ત્યાંથી જયતારણ નગર થઇ મેડતા નગર પધાર્યા.

આ સમયે મેડતા નગર અનેક સમૃદ્ધિશાલી શ્રાવકોનું લીલાસ્થાન હતું. અનેક સૌધશિખરી ગગનચુંબી જૈનમંદિરો નગરની શોભામાં અભિવૃદ્ધિ કરતા હતા. મંત્રીશ્વર કર્મચન્દ્રના પરાક્રમી અને બુદ્ધિશાલી પુત્ર ભાગ્યચન્દ્ર, લક્ષ્મીચન્દ્રનો વસવાટ અહીં હતો; એમણે હાથી, ઘોડા, રથ અને પાયદળ પુરુષોની સાથે પંચ શબ્દ, ઢોલ, નગારા, નિશાનની મધુરધ્વનિ વડે મોટા સમારોહથી સૂરિજીને નગરમાં પ્રવેશાવ્યા. મંત્રીશ્વરપુત્રોએ મહાજનોને એકત્ર કરી શ્રીફળની પ્રભાવના કરી. સમગ્ર શહેરમાં લ્હાણી કરી, યાચકોને ઇચ્છિત દાન આપ્યાં. જિનમંદિરોની મોટી પૂજાઓ અને નંદીમહોત્સવાદિ કરાવ્યાં. અનેક ભવ્ય શ્રાવકોએ વ્રત પચક્ખાણ લીધાં, ત્યાં ફરી શાહી ફરમાન આવ્યાં. ત્યાંથી





ખંભાતથી લાહોર સુધી સૂરિજી મ૦નો વિહારમાર્ગ

સમસ્ત સંઘ સહિત ફલોધી પધાર્યા. ત્યાં શ્રીપાર્શ્વનાથ પ્રભુના પ્રાચીન મંદિરમાં પ્રભુદર્શન કર્યા.

ત્યાંથી વિહાર કરી સૂરિજી નાગોર પધાર્યા, મંત્રીશ્વર મેહાએ પ્રસન્નચિત્તે વિપુલ ધન ખરચી સ્વાગતપૂર્વક નગર પ્રવેશોત્સવ કર્યો ત્યાં બિકાનેરનો સંઘ સૂરિજીને વાંદવા આવ્યો. આ સંઘની સાથે ૩૦૦ સિજવાલા (પાલખી) અને ૪૦૦ વાહનો હતાં. તેઓ સ્વધર્મી–વાત્સલ્યાદિ કરી પાછા ફર્યા. ત્યાંથી વિહાર કરી સૂરિજી બાપેઉ, પડિહારા, માલાસર આદિ ગામોમાં થઇ રિણી × (બિકાનેરથી ૧૪૪ માઇલ) પધાર્યા; ત્યાંના લોકો ઉત્સાહપૂર્વક સૂરિજીનું સ્વાગત કરવા આવ્યા. સમસ્ત સંઘની સાથે મંત્રીશ્વર શ્રીઠાકુરસિંહના પુત્ર મંત્રી શ્રીરાયસિંહે પ્રવેશોત્સવ આદિ કરી ગુરુભક્તિ દર્શાવી. ત્યાં મહિમનો સંઘ ગુરુવંદનાર્થે આવ્યો, ને શ્રીશિતલનાથ પ્રભુના પ્રાચીન ભવ્ય જિનાલયનાં દર્શન પૂજન કરી, સૂરિજીને વાંદી, સંઘ પાછો ફર્યો. સૂરિજીએ ત્યાંથી વિહાર કર્યો. લાહોર સુધી ભકિત કરવા શાહ શાંકર સુત વીરદાસ સાથે થઈ ગયા. ક્રમશઃ સૂરિજી સરસ્વતી પત્તન (સરસા) અને કસૂર થઇ હાપાણઇ પધાર્યા. ત્યાંથી લાહોર માત્ર ચાલીસ કોસ રહ્યું. સૂરિજીના શુભાગમનનો સંદેશ લઈ જે માણસ લાહોર ગયો તેનું મંત્રીશ્વરે ખૂબ સન્માન કર્યું અને એને સોનાની જિહ્વા તેમજ કરકંકણાદિ ભારે મૂલ્યવાન વસ્તુઓની ભેટ આપીને સંતુષ્ટ કર્યો.

×આ રિણી શહેર ખૂબ પ્રાચીન છે. અહીં અગાઉ ડહાલિયા રાજાનું રાજ્ય હતું. અહીં સં. ૯૪૬ આસપાસ બનાવેલું શ્રીશિતળનાથ સ્વામીનું મંદિર હજુય વિદ્યમાન છે; કે જે એટલું સંગીન અને મજબૂત છે કે જાણે આજેજ બન્યું હોય એવું લાગે છે. કેટલીક જગ્યાએ એનો નિર્માણકાળ સંવત્ ૯૯૯ લખાએલ છે.

પ્રકરણ સાતમું

અકબર પ્રતિબોધ :—



રિજી હાપાણુઈ પધાર્યાના શુભ સમાચાર સાંભળી લાહોરના સંઘને અપાર હર્ષ થયો. અને સૌ લોકો મંત્રીશ્વરની સાથે એમના દર્શન કરવા ત્યાં ગયા. ત્યાંથી સૂરિમહારાજને વિનંતિ કરી ભક્તિપૂર્વક અને સમારોહ સહિત લાહોર લઈ આવ્યા. નગરની સમીપ પહોંચતાં મંત્રીશ્વરે સમ્રાટને નિવેદન કર્યું કે "આપે આમંત્રેલ સૂરિ–મહારાજ પધાર્યા છે". જે સાંભળી બાદશાહ અકબર ખૂબ ખુશ થયા અને ઉત્સુક્તાપૂર્વક એમને બોલાવવાનું કહ્યું. આ આશયને મુનિ લબ્ધિકલ્લોલ કવિએ આ પ્રમાણે વ્યક્ત કરેલ છે :—

पूज्य पधार्या जाणि करि, मेली सब सं(घसाथ)घात।
पहुंता श्रीगुरु वांदवा, सफल करइ निज आथ॥ ८३॥
तेडी डेरइ आणि करि, कहइ शाहनइ मंत्रीश।
जे तुम सुगुरु बोलाविया, ते आव्या सूरीश॥ ८४॥
अकबर वलतो इम भणइ, तेडउ ते गणधार।
दर्शन तसु कउ चाहियइ, जिम हुइ हर्ष अपार॥ ८५॥

સૂરિજીની સાથે વા૦જયસોમ, કનકસોમ, વા૦મહિમરાજ, વા૦રત્નનિધાન, વિદ્વદ્વર ગુણવિનય અને સમયસુંદર આદિ મોટા મોટા પ્રકાંડ વિદ્વાન યશસ્વી અને નિર્મળ ચારિત્રનું પાલન કરવાવાળા ૩૧ સાધુઓ હતા. સં. ૧૬૪૮ના ફાગણ શુદિ ૧૨ ને રોજ પુણ્યયોગમાં સૂરિજીએ લાહોરમાં પ્રવેશ કર્યો. એ દિવસે મુસલમાનોને ઈદનું પર્વ હતું.

મંત્રીશ્વરે સૂરિજીના સ્વાગતોપલક્ષમાં ખૂબ ખર્ચ કરી મહોત્સવ કર્યો, જેનું વર્ણન કોઈ કવિએ આ પ્રમાણે કર્યું છે.

घडी पन्नो मद गयन शीश सिन्दूर संवारै।
चंवर अमोलख चार चाचरा चांचरा सुधारै॥
घणीनाद वीर-घंट इणि उपरि अंबारि।
गूघर पाखर पेखतां जु थरहराए भारी।
परतिख धजा फरनिजा इम सामेले संचरे।
जिनचन्द्रसूरि आयां जुगति इम कर्मचंद उच्छव करे ॥२॥
श्रीमहाराज पधारे लाहोर, अकबरशाह मतंगज जूथ समेला।
चढे है नवाब वडे उमराव, नगारांकी धूंससुं होत समेला॥
वजे हें आरब्बि थटे हें झिंडा,
फराट निशान घुरे हैं नौबत अराबा सचे(जे)ला।
पातिशाह अकबर देख प्रताप, कहे जिनचंद्रका सूर्य उजेला ॥१॥

સૂરિજીનું સ્વાગત કરવા રાજા, મહારાજા, મલ્લિક, ખાન, શેખ, સુબેદાર, અમીર, ઉમરાવ આદિ તમામ પ્રતિષ્ઠિત શાહી પુરુષો અને અગણિત નાગરિકો હાજર હતાં. સમ્રાટ અકબર પોતે રાજમહેલના ગોખમાં બેસી સૂરિમહારાજની રાહ જોતા હતા. દૂરથીજ સૂરિજીને આવતા જોઈ અત્યંત પ્રસન્નતાપૂર્વક નીચે ઉતરી આવી ખૂબ ભક્તિ અને વિનયપૂર્વક સૂરિજીને વંદન કરી સમ્રાટ એમના વિહારની સુખસાતા પૂછી કહેવા લાગ્યા.

"હે ભગવન્! ખંભાતથી અહીં આવતાં માર્ગમાં આપને શ્રમ તો પડયોજ હશે, કિન્તુ મેં તો ભવિષ્યમાં જીવદયાના પ્રચારના હેતુથીજ આપને બોલાવ્યા છે. આપે અત્રે પધારી મારા પર મોટી કૃપા કરી છે. હું આપ પાસેથી જૈનધર્મના વિશેષ બોધ પ્રાપ્ત કરી જીવોને અભયદાન અર્પી આપનો ખેદ (માર્ગ-શ્રમ) દૂર કરીશ."

સમ્રાટના આ વિનીત વચનો સાંભળી સૂરિમહારાજે મૃદુ વચનો વડે કહ્યું, "સમ્રાટ્! સદ્ધર્મનો પ્રચાર કરવો એજ અમારૂં ધ્યેયમાત્ર છે, અને સર્વત્ર વિચરતાજ રહેવું, એ અમારો ખાસ આચાર છે. એટલે માર્ગશ્રમનો અમને જરાય ખેદ નથી. કર્તવ્યપાલન કરવાજ અમે અહીં આવ્યા છીએ. આપની ધર્મજિજ્ઞાસુતા દેખી અમને પરમ આનંદ થયો છે." આ વાર્તાલાપથી સમ્રાટને ખૂબ હર્ષ થયો. સૂરિજીને હાથ મિલાવી ભારે સન્માન સહિત એ સૂરિજીને ડયૌઢી-મહેલમાં લઈ ગયા. આનું વર્ણન એક કવિએ આ પ્રમાણે કર્યું છે.

पहुंता गुरुदीवाण देखी अकवर, आवइ साम्हा उमहीए।
वंदी गुरुना पाय मांहि पधारिया, सइ हत्थि गुरुनौ कर गहीए॥
पहुंता ड्योढी मांहि सहगुरु शाहजी, धर्मबात रंगे करईए।
चिन्ते श्रीजी देखी(ए) गुरु होय सेवतां पापताप दूरई हरइए॥८९॥

(યુ. શ્રીજિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ)

મહેલમાં યથા-સ્થાન બેઠક લગાવ્યા બાદ પરસ્પર ધર્મગોષ્ઠી ચાલી. સૂરિજીએ પોતાની ઓજસ્વી વાણી વડે પ્રભાવશાળી શબ્દો દ્વારા આ પ્રમાણે ઉપદેશ દેવો આરંભ કર્યો :-

સમ્રાટ ! આત્મા એ એક સનાતન સત્ય પદાર્થ છે, જેનું અસ્તિત્વ અનુભવ આદિથી સિદ્ધ છે. એ જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ સદ્ગુણોનો સમૂહ છે, અને ચૈતન્ય એનું લક્ષણ છે.

જ્યારે એ પોતાના સદ્ગુણોમાં સ્થિર બની જ્યાં સુધી એમાં લીન રહે છે ત્યાં સુધી એમાં ભારે શુદ્ધિ રહે છે. કામ, ક્રોધ, મોહ, અજ્ઞાન આદિ દુર્ગુણો સાથે સંબંધ થતાં સાથોસાથ કર્મોનું બંધન થઈ જાય છે. આ કર્મોને કારણેજ વિવિધ જીવાયોનિમાં નાના પ્રકારના રૂપ ધારણ કરી જીવ ક્યારેક મનુષ્ય ક્યારેક પશુ પક્ષી તો ક્યારેક દેવરૂપમાં અવતરે છે. પોતાના પુણ્ય પાપને કારણે કોઈવાર રંક, કોઈવાર સબળ, કોઈવાર દુર્બળ, તો કોઇવાર સત્તાધીશ કે કોઇવાર ભિક્ષુક આદિ સ્થિતિથી જગતમાં પોતાનો પરિચય આપી પોતે અનેક જાતના સુખદુઃખો અનુભવે છે.

પ્રત્યેક આત્માએ આવા અનેક પર્યાયો ધારણ કર્યા છે, અને જ્યાં સુધી એની સાથે કર્મોનો સંબંધ છે, ત્યાં સુધી એ પર્યાયો ધારણ કર્યાજ કરશે. કર્મોનો સર્વથા વિનાશ થતાં, આત્માનો શુદ્ધ સ્વભાવ પ્રકટ થાય છે. આત્માની આ અવસ્થાને જ જૈન–દર્શનમાં પરમાત્મા કે ઇશ્વર કહે છે. આ પરથી એ સ્પષ્ટ થાય છે કે પ્રત્યેક જીવ પરમાત્મા બની શકે છે. આથી પ્રત્યેક પ્રાણીનું એ કર્તવ્ય છે કે એ પરમાત્મા બનવાના કારણોને સમજે, અને એને અનુકૂળ પોતાનું વર્તન રાખે.

જે માર્ગનો આશ્રય લઈ આત્મા પરમાત્મા બને છે, એ માર્ગને ધર્મ અથવા સાધક અવસ્થાને નામે ઓળખવામાં આવે છે; અને દુર્ભાવોને પેદા કરી કર્મ બાંધનાર જેટલાં કારણો છે, એને પાપ કે બાધક અવસ્થા કહે છે. પ્રત્યેક પ્રાણીને સાધક અને બાધક માર્ગનું જ્ઞાન હોતું નથી. આથી જેઓ તત્ત્વજ્ઞાનના ઉંડા અધ્યયન દ્વારા એને યથાવત્ જાણી સાધક માર્ગનો આશ્રય લે છે, અને બીજાઓને સન્માર્ગ

બતાવે છે, એમને જૈનદર્શનમાં ગુરુ નામથી સંબોધવામાં આવે છે. વસ્તુતઃ આત્મા નથી પુરુષ કે નથી સ્ત્રી, નથી નિર્બલ કે નથી સબળ, નથી ધનિક કે નથી રંક, કેમ કે આ સઘળી અવસ્થાઓ તો કર્મજનિત છે, જ્યારે આત્મા તો શુદ્ધ સચ્ચિદાનંદ છે, તમામ આત્માઓ, સત્તા, દ્રવ્ય, ગુણ અને શકિતની અપેક્ષાથી સમાન છે, એથી સર્વ જીવો મિત્રવત્ હોવાથી પરસ્પર પ્રેમને પાત્ર છે. જેમ આપણને આપણો જીવ વહાલો છે, તેમજ તમામ જીવોને પોતપોતાનું જીવન પ્યારૂં છે, ને મૃત્યુ ભયાવહ છે. એટલે એ તમામ જીવોને સુખપૂર્વક જીવવા દેવા એ આત્માનું પ્રથમ કર્તવ્ય છે. પરમાત્મ અવસ્થા પ્રાપ્તિના સાધનોમાં સમસ્ત જીવોની સાથે મૈત્રિ અને પ્રેમ-ભાવનો વ્યવહાર રાખવો એ સર્વોત્તમ અને પ્રધાન સાધન કે ધર્મ છે. આ ધર્મ "અહિંસા"ના નામથી પણ ઓળખાય છે.

જ્યારે એક સત્તાપ્રાપ્ત પ્રાણી એક નિર્બળ કે શુદ્ધ જીવને સતાવે છે, ત્યારે તે પોતેજ ખુદ પોતાને સતાવવાનું આહવાન બીજા કોઇને કરે છે, અને એના મનની કઠોર વૃત્તિઓ એને પાપમય વ્યાપાર પ્રતિ ઝુકાવે છે. જ્યાં સમસ્ત આત્માઓને મૈત્રિભાવરૂપ સમાન સ્થાન અર્પવામાં આવે છે, ત્યાં વિશ્વપ્રેમ, સહિષ્ણુતા, ઉદારતા આદિ સદ્ગુણોનો સ્રોત વહેવા લાગે છે. પોતાનું આધિપત્ય જમાવવા મનુષ્યે વિશ્વપ્રેમ દ્વારા સર્વ જંતુઓના કલ્યાણનું ધ્યાન ધરવું જોઈએ, કેમ કે અન્યને સતાવીને કોઈ પોતે સુખી રહી શકતું નથી. મનમાંયે કોઈ પણ પ્રાણીનું અહિત ચિંતવવું, એને જૈનદર્શનમાં "હિંસા" કહેલ છે, જ્યાં "હિંસા"નું આટલું સૂક્ષ્મ વિવેચન છે, ત્યાં એ બતાવવું આવશ્યક નથી કે કોઈપણ જીવને મારવામાં અધર્મ કે પાપ છે,

મતલબ કે કોઇપણ જીવને દુઃખ પંહોંચાડવામાં પાપજ છે.

જે દેશ કે ગ્રામનો શાસક પોતાની પ્રજાને સુખી નથી રાખતો, એના પ્રત્યે પ્રેમ નથી રાખતો, અને રાજ્યમાં અનેક પ્રકારના કર લગાવે છે, એ રાજ્યમાં શાંતિ અને સુખ–સામ્રાજયની આશાજ ન રાખી શકાય, એ દીવા જેવું સ્પષ્ટ છે.

આથી પોતાના આધિપત્ય નીચેના પ્રાણીઓ જે રીતે શાંતિપૂર્વક જીવનનિર્વાહ કરી શકે એ વાતનું નિરંતર ધ્યાન રાખવું જોઈએ. જગત આખાનું કલ્યાણ હો, સૌ સુખી થાઓ, કોઈ દુઃખી ન રહે, આ પ્રકારની હિતેચ્છુ વૃત્તિને અહિંસા કહેવાય છે. જ્યાં અહિંસા છે, અર્થાત્ કોઈ પ્રાણીને દુઃખ ન પહોંચાડવું એ જ્યાંનું પ્રધાન લક્ષ્ય છે, ત્યાં અન્ય કેટલાંય ગુણો સ્વતઃ આવી નિવાસ કરે છે. દયાળુ આત્માની સમીપ છળ, પ્રપંચ, ચિંતા આદિ વાસનાઓ અને અસદ્ વ્યવહાર કદી ફરકી શકતો નથી. એ તો સારા સંસારને અપનાવી લે છે, એ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં અન્ય જીવોને અભયકારક બની પોતે દરેક પ્રાણીને પૂજ્ય રૂપે દેખાય છે. અહિંસા તત્ત્વમાં રમણ કરવાવાળા યોગિયોની પાસે સિંહ અને બકરી વૈર ભાવ ત્યજી દેઈ એક સાથે બેસે છે. એવાઓના દર્શન માત્રથી પ્રાણીઓ પર અદ્ભુત પ્રભાવ પડે છે, ને નહીં કહેવા છતાંય હજારો નર નારીઓ એમની સેવામાં હાજર રહે છે. પોતાના હૃદયની પવિત્રતા અન્યના પાપ ભાવોને ભૂલાવી હિત ચિંતન તરફ ઝુકાવે છે. જે બીજાઓને અભયકારક હોય છે, તે સ્વયં હંમેશને માટે અભય બની જાય છે. સંસારમાં જ્યાં જ્યાં બીજાઓને કષ્ટ પહોંચાડવાની નીતિ છે, ત્યાં બધે અશાન્તિ અને કલહ સદાને માટે નિવાસ કરે છે, એટલા માટે પ્રજા પર

બતાવે છે, એમને જૈનદર્શનમાં ગુરુ નામથી સંબોધવામાં આવે છે. વસ્તુતઃ આત્મા નથી પુરુષ કે નથી સ્ત્રી, નથી નિર્બલ કે નથી સબળ, નથી ધનિક કે નથી રંક, કેમ કે આ સઘળી અવસ્થાઓ તો કર્મજનિત છે, જ્યારે આત્મા તો શુદ્ધ સચ્ચિદાનંદ છે, તમામ આત્માઓ, સત્તા, દ્રવ્ય, ગુણ અને શકિતની અપેક્ષાથી સમાન છે, એથી સર્વ જીવો મિત્રવત્ હોવાથી પરસ્પર પ્રેમને પાત્ર છે. જેમ આપણને આપણો જીવ વહાલો છે, તેમજ તમામ જીવોને પોતપોતાનું જીવન પ્યારૂં છે, ને મૃત્યુ ભયાવહ છે. એટલે એ તમામ જીવોને સુખપૂર્વક જીવવા દેવા એ આત્માનું પ્રથમ કર્તવ્ય છે. પરમાત્મ અવસ્થા પ્રાપ્તિના સાધનોમાં સમસ્ત જીવોની સાથે મૈત્રિ અને પ્રેમ-ભાવનો વ્યવહાર રાખવો એ સર્વોત્તમ અને પ્રધાન સાધન કે ધર્મ છે. આ ધર્મ "અહિંસા"ના નામથી પણ ઓળખાય છે.

જ્યારે એક સત્તાપ્રાપ્ત પ્રાણી એક નિર્બળ કે શુદ્ધ જીવને સતાવે છે, ત્યારે તે પોતેજ ખુદ પોતાને સતાવવાનું આહ્વાન બીજા કોઇને કરે છે, અને એના મનની કઠોર વૃત્તિઓ એને પાપમય વ્યાપાર પ્રતિ ઝુકાવે છે. જ્યાં સમસ્ત આત્માઓને મૈત્રિભાવરૂપ સમાન સ્થાન અર્પવામાં આવે છે, ત્યાં વિશ્વપ્રેમ, સહિષ્ણુતા, ઉદારતા આદિ સદ્‌ગુણોનો સ્રોત વહેવા લાગે છે. પોતાનું આધિપત્ય જમાવવા મનુષ્યે વિશ્વપ્રેમ દ્વારા સર્વ જંતુઓના કલ્યાણનું ધ્યાન ધરવું જોઈએ, કેમ કે અન્યને સતાવીને કોઈ પોતે સુખી રહી શકતું નથી. મનમાંયે કોઈ પણ પ્રાણીનું અહિત ચિંતવવું, એને જૈનદર્શનમાં "હિંસા" કહેલ છે, જ્યાં "હિંસા"નું આટલું સૂક્ષ્મ વિવેચન છે, ત્યાં એ બતાવવું આવશ્યક નથી કે કોઈપણ જીવને મારવામાં અધર્મ કે પાપ છે,

મતલબ કે કોઈપણ જીવને દુઃખ પહોંચાડવામાં પાપજ છે.

જે દેશ કે ગ્રામનો શાસક પોતાની પ્રજાને સુખી નથી રાખતો, એના પ્રત્યે પ્રેમ નથી રાખતો, અને રાજ્યમાં અનેક પ્રકારના કર લગાવે છે, એ રાજ્યમાં શાંતિ અને સુખ–સામ્રાજ્યની આશાજ ન રાખી શકાય, એ દીવા જેવું સ્પષ્ટ છે.

આથી પોતાના આધિપત્ય નીચેના પ્રાણીઓ જે રીતે શાંતિપૂર્વક જીવનનિર્વાહ કરી શકે એ વાતનું નિરંતર ધ્યાન રાખવું જોઈએ. જગત આખાનું કલ્યાણ હો, સૌ સુખી થાઓ, કોઈ દુઃખી ન રહે, આ પ્રકારની હિતેચ્છુ વૃત્તિને અહિંસા કહેવાય છે. જ્યાં અહિંસા છે, અર્થાત્ કોઈ પ્રાણીને દુઃખ ન પહોંચાડવું એ જ્યાંનું પ્રધાન લક્ષ્ય છે, ત્યાં અન્ય કેટલાંય ગુણો સ્વતઃ આવી નિવાસ કરે છે. દયાળુ આત્માની સમીપ છળ, પ્રપંચ, ચિંતા આદિ વાસનાઓ અને અસદ્ વ્યવહાર કદી ફરકી શકતો નથી. એ તો સારા સંસારને અપનાવી લે છે, એ જ્યાં જ્યાં જાય છે ત્યાં ત્યાં અન્ય જીવોને અભયકારક બની પોતે દરેક પ્રાણીને પૂજ્ય રૂપે દેખાય છે. અહિંસા તત્ત્વમાં રમણ કરવાવાળા યોગિયોની પાસે સિંહ અને બકરી વૈર ભાવ ત્યજી દઈ એક સાથે બેસે છે. એવાઓના દર્શન માત્રથી પ્રાણીઓ પર અદ્ભુત પ્રભાવ પડે છે, ને નહીં કહેવા છતાંય હજારો નર નારીઓ એમની સેવામાં હાજર રહે છે. પોતાના હૃદયની પવિત્રતા અન્યના પાપ ભાવોને ભૂલાવી હિત ચિંતન તરફ ઝુકાવે છે. જે બીજાઓને અભયકારક હોય છે, તે સ્વયં હંમેશને માટે અભય બની જાય છે. સંસારમાં જ્યાં જ્યાં બીજાઓને કષ્ટ પહોંચાડવાની નીતિ છે, ત્યાં બધે અશાન્તિ અને કલહ સદાને માટે નિવાસ કરે છે, એટલા માટે પ્રજા પર

પોતાનો પ્રભાવ પાડવાના હેતુથી પ્રજાના કલ્યાણમાર્ગ અને સુખ શાંતિના ઉપાયો તરફજ લક્ષ્ય રાખવું જોઈએ. જ્યાં સ્વાર્થ માત્રના સાધન માટે માનવી અંધ બની બેસે છે, ત્યાં અસત્ય ભાષણ, ચોરી, પરસ્ત્રી સંસર્ગ આદિ વિકૃત ભાવોની લહેરીઓ લહેરાયા કરે છે. કિન્તુ જ્યાં અહિંસા રૂપી સદ્‌ગુણનો વાસ છે, ત્યાં એ દુર્ગુણ નથી આવી શકતો; કેમકે કોઈની ચોરી કરવી, પરસ્ત્રી પ્રત્યે અનુચિત ભાવ રાખવો એ બધું હિંસાભાવ વિના બની શકતું નથી. આમ જો સર્વ મનુષ્યો પર હિંસાભાવની અશુભ ભાવના આરૂઢ થઈ જાય તો જગતના વ્યવહારમાં અનેક અડચણો ઉભી થઈ જાય, એટલે સ્વકલ્યાણના ચાહક મનુષ્યોએ હિંસા ભાવનો સર્વદા ત્યાગ કરવો જોઇએ. રાજ-નીતિમાં પ્રજાપર વાત્સલ્ય ભાવ રાખવું, અને એને સુખશાંતિમાં રાખવી એ પ્રજાપાલકનો ધર્મ ગણાયો છે. માણસ તો શું? પણ જે પશુ પક્ષીયો પણ પોતાના રાજ્યમાં રહેતાં હોય એ પણ સ્વપ્રજાજ છે, માટે તેને પ્રાણરહિત કરવા એને રાજનીતિ કદાપિ નહીં કહેવાય; એટલે એને પણ નિર્ભય રાખવાં જોઇએ. ધર્મની સાથે આત્માનો પૂરેપૂરો સંબંધ છે. કોઈને પણ એના પોતાના ધર્મથી જૂદો કરવો, કે ધર્મપાલનમાં વિઘ્ન નાંખી ધાર્મિક આઘાત પહોંચાડવો એ પણ એક વિદ્રોહ છે, માટે શાસ્ત્રકે મતસહિષ્ણુતાનો ગુણ અવશ્ય ધારણ કરવો જોઇએ. એક માત્ર પ્રજાવાત્સલ્યજ શાસકને પ્રજાના હૃદયનો સમ્રાટ બનાવે છે. હંમેશા આવી ઉદાર વૃત્તિ અને નિર્મલ પવિત્ર હૃદય રાખવાની પૂરેપૂરી જરૂરત છે. હૃદયની નિર્મલતા માટે સાત વ્યસનોનો ત્યાગ કરવો પરમાવશ્યક છે: જુગાર ખેલવો ૧, માંસ ભક્ષણ ૨, મદિરા પાન ૩, શિકાર ૪, પ્રાણી હિંસા ૫, ચોરી કરવી ૬, અને

પરસ્ત્રીગમન ૭. આ બધાનો ત્યાગ કરનારનો સદા જય થાય છે, અને એની કીર્તિ ચોતરફ પ્રસરી જાય છે. અહિંસારૂપી સદ્‌ગુણની ધારણા વડે લક્ષ્મીની સતત વૃદ્ધિ થાય છે, અને લાખો પ્રાણીઓનાં આશીર્વાદ મળે છે. પ્રાચીન ઇતિહાસથી એ સ્પષ્ટ થાય છે કે જ્યારે જૈન અને બૌદ્ધોનો અહિંસા પ્રચાર અતિ પ્રબળ હતો, ત્યારે રાજ્યોમાં કલહ, વિગ્રહ ને અશાંતિ લાંબા સમય માટે અલોપ થઈ ગયાં હતાં.

સૂરિજીની આ અમૃતમય વાણી સાંભળી સમ્રાટના ચિત્ત પર ભારે પ્રભાવ પડ્યો, અને એના દિલમાં કરુણાનાં બીજ પ્રકટયાં. એમનાં પ્રત્યે પૂજ્યભાવ અને ભક્તિ પ્રાદુર્ભવ્યા. તેમણે વસ્ત્રો તેમજ સુવર્ણમુદ્રાઓ લાવી સૂરિજી સન્મુખ ભક્તિપૂર્વક ધર્યા, અને કહ્યું, "હે ગુરુવર્ય ! આમાંથી આપની જરૂરિયાત પૂરતું કાંઈપણ સ્વીકારી મને આભારી કરો." ઉત્તરમાં સૂરિજીએ કહ્યું, "નરાધીશ! જ્યાં સાધુઓથી કોડી માત્રનો પણ પરિગ્રહ ધારણ કરાયજ નહીં, ત્યાં આ બધાંને અમે શું કરીએ ? સૂરિજીની આ નિર્લોભતા જોઈ સમ્રાટ મનમાં ને મનમાં ખૂબ પ્રસન્ન થયો, અને પોતાના હૃદય મંદિરમાં સૂરિજીને આરાધ્ય ગુરુના સ્થાને સ્થાપિત કર્યા. ત્યારબાદ સમ્રાટ સૂરિજીની સાથે મહેલથી બહાર આવ્યા, અને સમસ્ત સભાજન, દિવાનો અને કાજીઓને સંબોધી કહેવા લાગ્યા કે "આ જૈનાચાર્ય ધૈર્યવાન, ધર્મધુરંધર અને વિશિષ્ટ ગુણોના સમુદ્ર છે. આજે અમારાં અહોભાગ્ય છે, અમારી ઋધિ, ધન, અને રાજ્યસંપદા આજે સફલ થઈ છે, કે એમનાં દર્શન થયાં."

સમ્રાટે સૂરિજીને નિવેદન કર્યું કે "પૂજ્યવર્ય ! આ

અહીં પધારી અમારા પર ભારે કૃપા કરી છે, અને હવે હંમેશ એકવાર ધર્મોપદેશ સંભળાવવા અને દર્શન દેવા મહેલમાં અવશ્ય પધારજો.× દયા ધર્મ પર જેમ મારી મતિ સ્થિર છે, એમ મારા અન્તઃપુર અને સંતાનની પણ થાય, એવી મારી અભિલાષા છે. હવે આપ ખુશીથી ઉપાશ્રય પધારો, અને સંઘની આશાઓ પૂર્ણ કરો."

સમ્રાટે મંત્રીશ્વર કર્મચન્દ્રને આજ્ઞા કરી કે હાથી, ઘોડા અને વાજિંત્ર પરિવાર લઈ ઉત્સવ સહિત ગુરુમહારજને ઉપાશ્રયે પહોંચાડો. ત્યારે સૂરિમહારાજે કહ્યું કે ના ના રાજન્! અમારે માટે ઉત્સવ આડંબરની કોઈ જરૂરત નથી, કેમ કે દયામય જૈનધર્મનો પ્રચારજ અમારે મન પરમ ઉત્સવરૂપ છે. તો પણ સમ્રાટ અકબરે અત્યંત આગ્રહ કરી મહાન ઉત્સવપૂર્વક સૂરિમહારાજને પહોંચાડવાની મંત્રીશ્વરને ફરીથી આજ્ઞા કરી.

લાહોરના પરમ ધર્મિષ્ઠ ઝવેરી "પરબત શાહે" મંત્રીશ્વર કર્મચન્દ્રને વિનંતી કરી કે "અહીંથી ઉપાશ્રય સુધીના પ્રવેશોત્સવનો લાભ મને લેવા દો" મંત્રીશ્વરની આજ્ઞા મેળવી એમણે હાથી, ઘોડા, પાયદળ સિપાહી અને શાહી વાજિંત્રો સહિત સૂરિજીને ઉપાશ્રયમાં પહોંચાડયા. અન્ય શ્રાવકોએ પણ ચિત્ત અને વિત્ત બન્ને થકી શાસન પ્રભાવના કરી. સધવા સ્ત્રીઓએ મુક્તાફળોથી વધાવ્યા, અને ભક્તિભાવપૂર્વક ગુરુ-ગુણ ગર્ભિત ગીત ગાયાં. ભાટ, ભોજક આદિ યાચકોએ સૂરિજીની પ્રશસ્ત કીર્તિના ગુણાનુવાદ કરી શ્રાવકો પાસેથી

×"एकशो दर्शनं देयं, युष्माभिः प્रतिवासरम्।
अस्माकं धर्मवृद्ध्यर्थ-मनिवारितगतागतैः ॥ ९० ॥
(ઉ. જયસોમકૃત કર્મચંદ્ર મંત્રિવંશ પ્રબંધ)


વજીર બીરબલ.
મંત્રી કર્મચંદ્ર બચ્છાવત
કાજી ખાનખાં.
બાદશાહ અકબરસા.
અકબર પ્રતિબોધક યુગપ્રધાન આચાર્ય
શ્રી જીનચંદ્રસૂરીશ્વરજી મહારાજ.
આચાર્ય
વાચનાચાર્ય



મનોવાંછિત દ્રવ્ય મેળવ્યા.

સૂરિ મહારાજે ઉપાશ્રયે પધારી મધુર ધ્વનિ વડે મંગલમય ધર્મ દેશના આપી, સંઘપર એનો અનુપમ પ્રભાવ પડ્યો. સર્વત્ર "ધન્ય, ધન્ય" અને "જય-જય" નો શબ્દ ઘોષ થવા લાગ્યો, ને સૌ અતિપ્રસન્ન ચિત્તે પોતપોતાને ઘેર ગયા.

સૂરીજીની પધરામણી લાહોરમાં થતાં પ્રતિદિન અધિકાધિક ધર્મધ્યાન થવા લાગ્યા. આ બધાંનું શ્રેય સમ્રાટ અકબર અને મંત્રીશ્વર કર્મચન્દ્રજીનેજ હતું, કેમકે તેઓએજ સૂરિજીને આમંત્રણ કરી દૂર દેશથી અત્રે બોલાવેલા.

સમ્રાટના વિનીત આગ્રહથી સૂરિજી મહારાજ દર રોજ શાહી મહેલમાં જઈ ધર્મોપદેશ દેવા લાગ્યા. જૈન ધર્મની સર્વોત્તમ વિશેષતાઓ અને અહિંસાનું સ્વરૂપ સમ્રાટને બરાબર બતાવી આપ્યું, કે જેથી તેઓ અત્યંત ધર્મપરાયણ અને દયાળુ બની રહ્યા.

સમ્રાટ પોતાના દરબારમાં સૂરિજીની હરહંમેશ પ્રશંસા*

---

* दिनप्रति श्रीजीसुं वलि मिलतां, वधिउ अधिक सनेह ।
गुरुनी सूरति देखी अकबर, कहइ जगि धन धन एह ॥ ७ ॥
केई क्रोधी केई लोभ बूडे, केई मनि धरइ गुमान ।
षड्दर्शन मइं नयण निहाले, नहीं कोइ एह समान ॥ ८ ॥
(યુ. પ્ર. જિનચંદ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ)

जिनचन्द्र सूरि सम को नहीं रे, गच्छ चौरासी मांहि ।
ज्ञान प्रधान सवइ सुणो रे, कहइ अकबर पातिशाहि ॥ ३ ॥
× × ×
श्वेतांवर हम बहु मिले रे, इन सम और न कोइ ।
अंबर तारागण घणा रे, दिनकर सम कुण होइ ? ॥ ५ ॥
(વિમલ વિનય કૃત ગીત ગા. ७)

કર્યા કરતા હતા કે–શ્વેતામ્બરાદિ યતિ સાધુ મેં ઘણા જોયા છે, અનેક ધર્મના ગુરુઓનો સત્સંગ મેં સેવ્યો છે, પરન્તુ આસના જેવો શાંત, ત્યાગી, વિદ્વાન અને નિરભિમાની મેં બીજો કોઈજ નહીં જોયો. એમના દર્શન અને સમાગમથી મારૂં જીવન સફલ થયું છે.

સૂરિજીને સમ્રાટ હંમેશાં "બડે ગુરૂ"ના નામથી સંબોધતા.× એથી આપણા ચરિત્ર નાયક શ્રીજિનચન્દ્રસૂરિજી 'બડે ગુરૂ'ના નામથી સર્વત્ર પ્રસિદ્ધ થયા. રાજા મહારાજા, સૂબેદાર, મુસાહિબ અને સમ્રાટનો સારો પરિવાર એમનાં પરમ ભક્ત બની ગયા.

એક દિવસ સમ્રાટે સૂરિજી સાથે ધર્મચર્ચાઓ કરતાં કરતાં ભક્તિના ઉલ્લાસમાં આવી જઈ એક સો સુવર્ણ મુદ્રાઓ સૂરિજી સન્મુખ રાખી. તે સમયે સમ્રાટને સાધ્વાચારનું સ્વરૂપ દર્શાવતા સૂરિજી કહેવા લાગ્યા કે "સમ્રાટ! આ દ્રવ્યને ગ્રહણ કરવું તો શું પણ એને સ્પર્શવું પણ સાધ્વાચારથી વિપરીત છે, કેમકે, દ્રવ્યથી મમત્વ આદિ અનેક દુર્ગુણોની ઉત્પત્તિ થાય છે; જૈન સાધુઓને તો એમના વસ્ત્ર, પાત્ર, અરે પોતાના શરીર પરનીય મૂર્છા–આસક્તિ–મોહ કરવો નિષિદ્ધ છે, ત્યાજ્ય છે, વર્જ્ય છે. માતા, પિતા, કુટુંબ, પરિવાર અને ધન–દોલતનો ત્યાગ કરવાથીજ જૈન દીક્ષા લઈ શકાય છે, અને એને આજીવનને માટે પાંચ કઠણ વ્રતો લેવાં પડે છે, જેનું સંક્ષિપ્ત સ્વરૂપ આ પ્રમાણે છે–

(૧) તમામ પ્રકારની હિંસા, મન વચન કે કાયાથી કરવા,

× वृहद्गुरुतया पूज्या, ख्यातिमाप्ता: पुरेऽखिले ।
शाहिसम्मानतो यस्मा-ज्जना वृध्धानुगामिन: ॥ ९४ ॥
(કર્મચંદ્ર મંત્રિ વંશ પ્રબંધ)

કરાવવા કે અનુમોદવાનો સર્વથા ત્યાગ.

(૨) તમામ પ્રકારના મિથ્યા ભાષણનો ઉપરોક્ત ત્રણ કરણ અને ત્રણ યોગથી ત્યાગ.

(૩) કોઈએ ન દીધી હોય એવી નાનાથી નાની પણ વસ્તુના ગ્રહણનો ત્રિકરણ ત્રિયોગથી ત્યાગ.

(૪) સમસ્ત પ્રકારની કામવાસનાઓનો ઉપરોક્ત ત્રિકરણ, ત્રિયોગથી ત્યાગ.

(૫) સમસ્ત પ્રકારના દ્રવ્યોના મોહનો ત્રિકરણ, ત્રિયોગથી ત્યાગ.

આ કારણે જૈન સાધુ નિર્ગ્રન્થ કહેવાય છે. તેથી અમારા માટે આ દ્રવ્ય સર્વથા અગ્રાહ્ય છે.

સૂરિજીના આ નિર્લોભી વચનો સાંભળી સમ્રાટને અત્યંત હર્ષ અને આશ્ચર્ય થયાં. એ દ્રવ્યને ધર્મકાર્યમાં ખર્ચવા માટે સમ્રાટે મંત્રીશ્વર કર્મચન્દ્રને સોંપી દીધો. એમણે એનો ઉપયોગ ધર્મસ્થાનમાં કર્યો.

ધર્મગોષ્ઠી પરાયણ સમ્રાટ અકબરના આગ્રહથી સૂરિજીએ ભવિષ્યમાં જૈન ધર્મની વિશેષ પ્રભાવનાના હેતુથી સં. ૧૬૪૯નો ચાતુર્માસ લાહોરમાં કરવાનો નિશ્ચય કર્યો.



પ્રકરણ ૮ મુ

યુગપ્રધાન પદ પ્રાપ્તિ—

આર્ય લોકોના દેવમંદિરોનો નાશ કરવો એ મુસલમાનોનો સ્વાભાવિક દોષ હતો. જો કે સમ્રાટ અકબરના સુખ સામ્રાજ્યમાં આવું દુષ્કૃત્ય સર્વથા વર્જ્ય અને નિષિદ્ધ હતું, છતાંય "જાતિ સ્વભાવ જતો નથી" એ ઉક્તિ અનુસાર સમયે સમયે એવી ઘટનાઓ બહુધા બન્યાજ કરતી, એ હકીકત તે કાળના ઇતિહાસ પરથી સિદ્ધ થાય છે.× સં. ૧૬૩૩ માં તુરસમખાને સીરોહી પર ચઢાઈ કરી હતી, ત્યારે

× સમ્રાટના સમયમાં જિનપ્રતિમાની આશાતના થવાનો ઉલ્લેખ "હીરવિજયસૂરિ રાસ" માં કવિ ઋષભદાસે પણ આ પ્રમાણે કર્યો છે.

"पाटणथी पछइ करइ विहार, त्रम्बावतीमां आवणहार।
सोजितरे रह्या कारणवती, आशातना हुइ प्रतिमा अती ॥ १८ ॥
अहम्मदाबाद अकबरशाह जिसै, पासे आजमखान सही तिसै।
खंडी प्रतिमा पासनी त्यांहि, लव्यु आव्यु त्रम्बावती मांहि ॥ १९ ॥
हाकिम हसनखान कर करी, आसातना प्रतिमाकी करी।
सुणी हीर सोजितरे रह्या, बोरसदे पछे गुरुजी गया ॥ २० ॥

(આનન્દ કાવ્ય મહોદધિ મૌ. ૫, પૃ. ૪૮)

૧૦૫૦ ધાતુની જૈન પ્રતિમાઓ ત્યાંથી લૂંટી ફતેહપુર સિક્રીમાં સમ્રાટ પાસે લાવ્યો. આ પ્રતિમાઓને ગાળી સોનું કરવાનો એનો ઈરાદો હતો, પરન્તુ નીતિ પરાયણ સમ્રાટ અકબરે એમ ન થવા દેતાં પ્રતિમાઓને સુરક્ષિત રાખી. એ પછી સં. ૧૬૩૯ માં અષાઢ શુદિ ૧૧ ને દિન બીકાનેરના મંત્રીશ્વર કર્મચન્દ્રે સમ્રાટને પ્રસન્ન કરી પ્રતિમાઓને બિકાનેરમાં બિરાજમાન કરી, જે આજ સુધી ત્યાંના શ્રીચિંતામણિજીના મંદિરમાં વિદ્યમાન છે, આ બાબતમાં વધુ આગળના પ્રકરણમાં લખવામાં આવશે.

જ્યારે આપણા ચરિત્ર નાયક શ્રીજિનચંદ્રસૂરિજી લાહોરમાં બિરાજતા હતા, ત્યારે પણ આવી એક દુઃખદ ઘટનાના સમાચાર મંત્રીશ્વર કર્મચન્દ્રને મળ્યા કે નૌરંગખાન નામના કોઈ મુસલમાન અધિકારીએ દ્વારિકાના જૈનમંદિરનો નાશ કર્યો છે. આ સમાચાર મળતાં મંત્રીશ્વરે સૂરિમહારાજને નિવેદન કર્યું કે જો સમ્રાટને ઉપદેશ આપી તીર્થરક્ષાને માટે કાંઈ ઉપાય નહીં લેવામાં આવે તો દ્વારિકાની માફક અન્ય તીર્થોનો પણ નાશ કરવામાં યવન લોકો પાછું વાળીને નહીં જૂએ."

સૂરિમહારાજને આ કાર્યની આવશ્યકતા જણાઈ, ને તેથી સમ્રાટને શત્રુંજય પ્રભૃતિ તીર્થોનું મહાત્મ્ય સમજાવ્યું, અને સાથોસાથ એમની રક્ષાનો ઉચિત પ્રબંધ કરવાની સૂચના પણ કરી. સૂરિજીની આ પવિત્ર આજ્ઞાઓ સમ્રાટે શિરોધાર્ય કરી અને પ્રસન્નતાપૂર્વક તમામ જૈનતીર્થોની રક્ષા માટેનું એક ફરમાનપત્ર લખાવી એના પર પોતાની મુદ્રિકા-મહોર લગાવી મંત્રીશ્વરને સોંપી દીધું. એમાં લખ્યું હતું કે આજથી તમામ

જૈન તીર્થો મંત્રીશ્વરને આધીન× કરી દેવામાં આવ્યા છે.

સમ્રાટે અમદાવાદના તત્કાલીન સૂબેદાર આજમખાનને× શત્રુંજય, ગિરનાર આદિ તીર્થોની રક્ષાનો સખ્ત હુકમ દઈ ફરમાન મોકલ્યું, જેથી મહાતીર્થ શ્રીશત્રુંજય પરથી મ્લેચ્છોના ઉપદ્રવનું નિવારણ થયું.

આ ફરમાનપત્ર ઈલાહી સન્ ૩૬ ના સહરયુર મહીનામાં લખાયું હતું. જેનો ઉલ્લેખ આવાજ આશયના એક ફરમાનના ભાષાનુવાદમાં છે, જેની એ જાતની નકલ બીકાનેર "જ્ઞાન ભંડાર" માંથી લઈ આ પુસ્તકના પરિશિષ્ટ (ગ) માં પ્રકટ કરેલ છે.

એકવાર સમ્રાટ અકબરને કાશ્મીર પર વિજય પ્રાપ્ત કરવા જવાની ઈચ્છા થઈ, ને તદનુસાર પ્રસ્થાન કરી નાવમાં આરૂઢ થયા, ત્યારે એણે મંત્રીશ્વર કર્મચન્દ્રને કહ્યું "બડે ગુરૂ" શ્રીજિનચન્દ્ર સૂરિજીને બોલાવો. એમના દર્શન કરી ધર્મ-

---

× अन्यदा द्वारिकासक्त-चैत्यध्वंसेऽमुना श्रुते ।
श्रीजैनचैत्यरक्षायै, विज्ञप्तः श्रीजलालदीः ॥ ३९६ ॥
नाथेनाथ प्रसन्नेन, जैनास्तीर्था समेऽपि हि ।
मंत्रिसा(त्चक्रिरे)द्विहिता नूनं, पुण्डरीकाचलादयः ॥ ३९७ ॥
आजमखानमुद्दिश्य, मुद्रितं निजमुद्रया ।
फुरमाणमदात् साहि-र्यस्मै प्रीणितमानसः ॥ ३९८ ॥
उद्धारान् सप्त चैत्यानां, कारणाद्विदधुः पुरा ।
महान्तः पुण्डरीकाद्रौ, रक्षणात्सः कृतोऽमुना ॥ ३९९ ॥
(કર્મચન્દ્ર મંત્રિ વંશપ્રબંધ)

× આ આજમખાન સન્ ૧૫૮૭ થી ૧૫૯૨ સુધી અમદાવાદનો સૂબો હતો. 'ખાને આજમ' અથવા 'મિર્ઝા અઝીઝ કોકા' ના નામથી પણ એ ઓળખાય છે વિશેષ જાણવાને 'મીરાતે સિકંદરી'નો ગુજરાતી અનુવાદ જૂઓ.

લાભરૂપી આશીર્વાદ પ્રાપ્ત કરવાની મારી અભિલાષા છે, કે જેથી મારી મનોકામના પૂર્ણ થાય." સમ્રાટની આજ્ઞાથી મંત્રીશ્વરે સૂરિમહારાજને બોલાવ્યા.× સૂરિજીના દર્શનથી સમ્રાટને અત્યંત હર્ષ થયો. એના હૃદયમાં નિશ્ચય થઈ ગયો કે હવે મારો વિજય ચોક્કસ છે, કેમકે સૂરિજી પર સમ્રાટની અસીમ શ્રદ્ધા અને ભક્તિ હતાં.

સૂરિજીની અમૃતમય વાણી અને અહિંસાત્મક ઉપદેશ સાંભળી સમ્રાટનું હૃદય દયાથી ઓતપ્રોત થઈ ગયું, અને દરવર્ષે અષાઢ શુદિ ૯ થી પૂર્ણિમા પર્યંત સમસ્ત જીવોને અભયદાન દેવ પોતાના બાર × સૂબાઓ પર ૧૨ શાહી ફરમાનો (અમારી ઘોષણાના) લખી મોકલ્યા.

× काश्मीरान् गन्तुकामेना-न्यदा नौमध्यवर्त्तिना ।
शाहिना मुदितेनैव-मुदितो मंत्रिनायकः ॥ ४०० ॥
जिनचन्द्रास्त्वया तूर्ण-माह्वेया वचसा मम ।
धर्मलाभो महाँस्तेषां, ममादेयोऽस्ति वांछितः ॥ ४०१ ॥
पूज्या अपि तथाऽऽहूता, नायकश्रीशाहिसन्निधौ ।
श्रीगुरोर्दर्शनादेवा-नन्दितोऽभून्नराधिपः ॥ ४०२ ॥
शुचिमासे शुचौ पक्षे, प्रसन्नो दिनसप्तकम् ।
नवमीतो ददौ शाहि-रमारिगुणपावनम् ॥ ४०३ ॥
(મહોપા૦ જયસોમજી કૃત કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ)

× કોઈ જગ્યાએ ૧૧ સૂબાઓનોજ ઉલ્લેખ છે, કિન્તુ વાચનાચાર્ય શ્રીસમયસુન્દરજી પોતાની 'કલ્પલતાવૃત્તિ'ની પ્રશસ્તિમાં આ પ્રમાણે લખે છે.

अकबररञ्जनपूर्वं, द्वादशसूबेषु सर्वदेशेषु ।
स्फुटतरममारिपटहः, प्रवादितो यैश्च सूरिवरैः ॥ ७ ॥

\+ \+ \+

આ ફરમાનોમાંના મુલ્તાનના સૂબાનું ફરમાન ખોવાઈ જવાથી સં. ૧૬૬૦-૬૧ (તા. ૩૧ ખુરદાદ ઈલાહી સન્ ૪૯)માં એની પુનરાવૃત્તિ કરી ફરીથી એક ફરમાન સમ્રાટે શ્રીજિનસિંહસૂરિજીને આપેલ, જેની નકલ પરિશિષ્ટ(ગ)માં આપેલ, છે.

સમ્રાટે અમારિ ફરમાન પ્રકટ કર્યાં. એથી અન્ય રાજાઓ પર ઘણો સારો પ્રભાવ પડ્યો. એટલે તેઓએ પણ સમ્રાટનું અનુકરણ કર્યું અને પોતપોતાના રાજ્યમાં કોઈએ ૧૦ દિવસ, તો કોઇએ ૧૫ દિવસ, કોઇએ ૨૦ દિવસ, કોઇએ ૨૫ દિવસ અને કોઈએ માસ–તો કોઇએ બે માસ સુધી તમામ જીવોને

सद्‌गुरु वाणी सुणी साहि, अकबर परमानंद मनि पाए ।
हफ्तह रोज अमारि पालणकुं, तिणि फुरमाण पठाए ॥ २ ॥
(સમયસુન્દરજી કૃત જિનચન્દ્રસૂરિગીત)

सात दिवस जिणि सब जीवनकी, हिंसा दूर निवारी ।
देश देशि फुरमाण पठाए, सब जनकुं उपगारी ॥ ३ ॥
(ગુણવિનય કૃત જિન ચં. સૂ. ગીત)

आठ दिवस आषाढके, अट्ठाहि निरधारि ।
सब दुनियामांहि शाश्वती, पलावी अमारि ॥ ८ ॥
(શ્રીસુન્દર કૃત શ્રીજિન ચં. સૂ ગીત)

गुर्जर मंडल ते बोलाए, संतन मुख सुणी जसु गुणगान ।
बहुत पडूर सुगुरु पउधारइ, वखत योग लाहोर सुथान ॥ २ ॥
अर्थ विचार पूछि सहु विधविध, रीझे अकबर शाहि सुजान ।
बहुत बहुत दर्शन मइं देखे, को न कहुं या सुगुरु समान ॥ ३ ॥
भाग सोभाग अधिक या गुरुकौ, सूरति पाक अमृत समवान ।
पेश करइ अकबर अणमांग्ये, सब दुनियामांहि अभयदान ॥ ४ ॥
(ગુણવિનય કૃત જિ. ચં. સૂ. ગીત બીજો)

અભયદાન દીધાની ઉદ્ઘોષણા કરી. ×સમ્રાટ પણ આથી ખૂબ ખુશ થયા, અને જૈન ધર્મની પ્રભાવના પણ વધી. આ રીતે સૂરિજીના આ ઉપદેશથી અસંખ્ય જીવોને સુખશાન્તિ મલી.

પોતાના કાશ્મીરના પ્રવાસ દરમ્યાન પણ ધર્મગોષ્ઠી અને ધર્મચર્ચા ચાલુ રહે અને ત્યાં પણ દયા ધર્મનો પ્રચાર થાય એ હેતુથી સામ્રાટે મંત્રીશ્વરને નિર્દેશ કરી સૂરિજીને નિવેદન કર્યું કે "સૂરિમહારાજ લાહોરમાંજ સુખ શાંતિએ બીરાજે અને અમારી સાથે ધર્મચર્ચા કરવા અને દયાનો ઉપદેશ દઈ અનાર્ય દેશને પણ આર્યરૂપ બક્ષવા વાચક માનસિંહને અવશ્ય મોકલે" ત્યારે મંત્રીશ્વરે સમ્રાટના કથનનું સમર્થન કરી વાચકજીને મોકલવામાં જે એક મુશ્કેલી (આહારાદિ પ્રાપ્તિની) હતી પણ તેનો પ્રતિકાર કરતાં સૂરિમહારાજને વિનય પૂર્વક કહ્યું કે "એ અનાર્ય દેશ હોવાથી મુનિયોના આહાર-પાણીમાં અસુવિધા થવી સંભવ છે, તો પણ અમે અનેક શ્રાવક લોકો પ્રવાસમાં સમ્રાટની સાથે રહેવાના છીએ; એટલે સાધુધર્મના પાલનમાં કોઈજ પ્રકારની હરકત રહેશે નહિ. અને એ દેશમાં વિહાર કરવાથી દયાધર્મના પ્રચાર સાથે જૈનધર્મની પ્રભાવના થવાની, માટે એમને અવશ્ય મોકલો." સૂરિજીએ લાભ જોઇ એ વાતનો સ્વીકાર કર્યો.

કાશ્મીરની યાત્રાની તૈયારીઓ થવા લાગી. સમ્રાટે સારૂંય

× पातिशाहिमनोल्हाद-हेतवे निखिलैरपि ।
देशाधीशैः स्वदेशेषु, दशपंचाधिकान्दिनान् ॥ ४०५ ॥
दिनानां विंशतिं कैश्चि-दन्यैस्तु पञ्चविंशतिम् ।
मासं मासद्वयं याव-दपरैरभयं ददे ॥ ४०६ ॥
(કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ)

સૈન્ય સુસજ્જિત કરી સં. ૧૬૪૯ ના શ્રાવણ શુદિ ૧૩ (તા. ૨૨ જુલાઇ ૧૫૯૨+) ના રોજ પ્રથમ પ્રયાણ રાજા શ્રી રામદાસની × વાટિકામાં કર્યું એ દિવસે સંધ્યાકાળે ત્યાં એક સભા * એકત્ર થઈ, જેમાં સમ્રાટ અકબર, શાહજાદા સલીમ, મોટા મોટા સામંતો, મંડળિક રાજાઓ, મહારાજાઓ અને અનેક વૈય્યાકરણ તાર્કિકાદિ ઉદ્ભટ વિદ્વાનો પણ સામેલ થયા. આ સભામાં આ૦ શ્રીજિનચન્દ્રસૂરિજીને એમના શિષ્ય મંડળ સહિત અતિશય સન્માન તેમજ બહુમાનપૂર્વક નિમન્ત્રવામાં આવ્યા.

આ પ્રયાણથી થોડા સમય પહેલાં સમ્રાટની સભામાં વિદ્વદ્-ગોષ્ઠી દરમ્યાન કોઈ વિદ્વાને જૈનધર્મના "एगस्स सुत्तस्स अणंतो अत्थो" આ વાક્ય પર ઉપહાસ કર્યો હતો ×, આ વાત સૂરિજીના પ્રશિષ્ય વિદ્વત્શિરોમણિ શ્રીસમયસુંદરજીને બહુ ખટકી. એટલે એમણે જૈન દર્શનના આ આગમ વાક્યની સાર્થકતા દર્શાવવા નિમિત્તે "राजानो ददते सौख्यं" આ વાક્ય

+ જૂઓ અકબર નામા.

× તેઓ ૫૦૦ સેનાના સ્વામી હતા, "સૂરીશ્વર અને સમ્રાટ" માં એમનું પ્રસિધ્ધ નામ કરણરાજ કછવાહા પણ લખેલ છે, એમને 'રાજા'નું બિરૂદ હતું. વિશેષ જાણવા આઇનિ. ઈ. અકબરીનો અંગ્રેજી અનુવાદ જુઓ.

* શ્રીયુત મોહનલાલ દ. દેસાઈ, બી. એ; એલ એલ. બી. મહોદયે આ સભા યદ્યપિ કાશ્મીર દેશ પર વિજય કર્યો તે નિમિત્તે લખેલ છે, કિન્તુ (કવિચક્રશક્ર વાચનાચાર્ય શ્રીમાન્ સમયસુંદરજીએ સ્વરચિત) અષ્ટલક્ષીની પ્રશસ્તિમાં "**काश्मीरदेशविजयमुद्दिश्य श्रीराजा-श्रीरामदासवाटिकायां कृतप्रथमप्रयाणेन**" લખેલ છે, આ વાકયથી કાશ્મીર પર વિજય કરવાના ઉદ્દેશથી પ્રથમ પ્રયાણ કર્યું ત્યારે સભા મળ્યાની વાત સિદ્ધ થાય છે.

× શ્રીવિજય ધર્મ સૂરિજી કૃત "ધર્મ દેશના" પૃ. ૨ જુઓ.

પર વ્યાકરણ સિદ્ધ દશ લાખ બાવીસ હજાર ચારસો સાત (૧૦૨૨૪૦૭) અર્થ કર્યા. એમાં ક્યાંય કોઈ અર્થ સંબંધપરક ન રહે કે અર્થ યોજનામાં કદાચિત્ યુક્તિ યુક્ત ન રહે એ માટે ૨૨૨૪૦૭ અર્થોને એમની પૂર્તિને માટે છોડી દઈને એ ગ્રંથનું નામ "અષ્ટલક્ષી" રાખ્યું. સમ્રાટને આ ગ્રંથ-નિર્માણની સૂચના મળતાં-અત્યંત હર્ષ થયો, અને એ ગ્રન્થ જોવા અને શ્રવણ કરવાની ઉત્કટ ઈચ્છા પ્રદર્શિત કરી.

આ સભામાં એ ગ્રંથને શ્રવણ કરવાનો સુઅવસર પ્રાપ્ત થતાં સમ્રાટે કવિવર સમયસુંદરજીને એ ગ્રંથ વાંચી સંભળાવવાને ખાસ આગ્રહ કર્યો. સૂરિમહારાજની આજ્ઞા મેળવી સમયસુંદરજીએ વિદ્વાનોની આ સભામાં સાહિત્ય સૃષ્ટિમાં અપૂર્વ અને અનુપમ ગ્રંથરત્ન "અષ્ટ લક્ષી" વાંચી સંભળાવ્યો. આ ચમત્કારી અદ્ભુત ગ્રંથને એકાગ્ર મનોયોગથી સાંભળી સમ્રાટ તેમજ હાજર રહેલા વિદ્વાનોના દિલમાં ભારે આશ્ચર્ય અને કુતુહલ ઉત્પન્ન થયાં. ઉપ-સ્થિત વિદ્વત્સમાજમાં સમયસુન્દરજીની વિદ્વત્તાની ખૂબ ખૂબ પ્રશંસા થવા લાગી. સમ્રાટે આ ગ્રન્થરત્નની ભારે તારીફ કરી, અને એને પોતાના હાથમાં લઇ સૌભાગ્યશાળી નિર્માતા શ્રી સમયસુંદરજીના કરકમલોમાં સમર્પણ કર્યો તથા એ ગ્રંથને પ્રમાણિક જાહેર કર્યો. ઉપરાંત સમ્રાટે એ ઇચ્છા પણ દર્શાવી કે આ અલૌ-કિક ગ્રંથનો અભ્યાસ થાય, અને એની અનેક નકલો બનાવી સર્વત્ર પ્રચાર કરાવાય *

---

* જુઓ "અષ્ટ લક્ષી" ગ્રંથની પ્રશસ્તિ—આ ગ્રંથનું બીજું નામ "અર્થ રત્નાવલી" પણ છે. આ ગ્રંથ અન્ય અનેકાર્થ સાહિત્યની સાથે "અનેકાર્થ રત્નમંજૂષા" ના નામથી "દેવચંદ લાલભાઈ જૈન પુસ્તકોદ્ધાર ફંડ" ગોપીપુરા, સુરતથી પ્રગટ થયેલ છે. "અષ્ટ લક્ષી" જૈન સાહિત્યનો એક મહાન ગૌરવપૂર્ણ ગ્રંથ છે. એની બરોબરી કરે એવો સમસ્ત વિશ્વના અનેકાર્થ સાહિત્યમાં અન્ય કોઈ ગ્રંથ [illegible]

કરી એમણે પોતાના આચારનું જે દૃઢતાથી પાલન કર્યું છે, તેનું વર્ણન થઈ શકે તેમ નથી. અનેક કષ્ટો સહન કરવાના હોવા છતાં અને અમોએ ઘણું ઘણું કહ્યું હોવા છતાંય તેઓ પોતાની પ્રતિજ્ઞાઓથી ચલિત નજ થયા. એમની કર્તવ્યનિષ્ઠા તેમજ નિરીહતા હંમેશાં મારા હૃદયમાં આનંદ અને આશ્ચર્ય પેદા કરે છે. એમના ઉપદેશથી મેં કાશ્મીરમાં તળાવોના માછલી આદિ જળચર પ્રાણીઓને અભયદાન બક્ષ્યું હતું. તો હવે આપ કૃપા કરી એમને (માનસિંહજીને) આપની પાટ પર સ્થાપિત કરી જૈન શાસનનું સર્વોત્કૃષ્ટ આચાર્ય પદ આપો, કેમકે એઓ તે પદને સર્વથા યોગ્ય છે અને અત્યંત કઠોર સંયમ પાળવામાં નિશ્ચલ છે.

અકબરના આ આગ્રહ અને વાચકજીની યોગ્યતાનો વિચાર કરી સૂરિજીએ એમને આચાર્ય પદ અર્પવાનું સ્વીકાર્યું. ત્યારબાદ સમ્રાટે મંત્રીશ્વર કર્મચન્દ્રને પૂછયું કે જૈન શાસનમાં એવું વિશિષ્ટ મહત્ત્વનું પદ કયું છે? કે જે વડે સૂરિજીને અલંકૃત કરી શકાય ત્યારે મંત્રીશ્વરે કહ્યું કે જૈન શાસનમાં સુપ્રસિદ્ધ અને અમારા ખરતરગચ્છમાં જે પહેલાંય શ્રીજિનદત્તસૂરિજીને દેવતાઓએ આપેલ હતું તે "યુગ-પ્રધાન" પદ છે. આ સાંભળી સમ્રાટે ઉત્સુકતા પૂર્વક પૂછયું કે એ પદ દેવતાઓએ કેમ અને કઈ રીતે આપ્યું? એ અમને સમજાવો. મંત્રીશ્વરે શ્રીજિનદત્તસૂરિજીનું જીવન આદ્યોપાન્ત કહી સંભળાવ્યું, અને "યુગપ્રધાન" પદ બાબતમાં વિષેશ સ્પષ્ટીકરણ કરતાં આ પ્રમાણે કહ્યું:-

"એક વાર નાગદેવ નામના શ્રાવકે એ વર્તમાન કાળના યુગપ્રધાન સદ્ગુરુની શોધ કરવા શ્રીગિરનારજી પર અષ્ટમ (ત્રણ ઉપવાસ) નું તપ કરીને અંબિકા દેવીની આરાધના કરી. દેવીએ પ્રકટ થઈ એના હાથ પર સ્વર્ણાક્ષરો વડે એક શ્લોક અંકિત × કર્યો ને

× એ શ્લોક આ હતો.

दासानुदासा इव सर्वदेवा, यदीयपादाब्जतले लुठन्ति ।

કહ્યું કે જે આ અક્ષરો વાંચી શકશે, તેને 'યુગ–પ્રધાન, જાણજો. એ શ્રાવકે ચારે બાજુ પરિભ્રમણ કર્યું પરન્તુ એ શ્લોક વાંચી બતાવનાર કોઈ ન મળ્યું, છેવટે એણે શ્રીજિનદત્તસૂરિજીની પાસે આવી હાથ બતાવ્યો શ્રીજિનદત્તસૂરિજીએ એના હાથ પર વાસક્ષેપ નાંખ્યો, અને આદેશ મળવાથી શિષ્યોએ તે વાંચી સંભળાવ્યું ત્યારે નાગદેવને જણાયું કે એમાં તો શ્રીસૂરિમહારાજનીજ સ્તુતિ છે, અને દેવતાઓએ એમને "યુગ પ્રધાન" પદ વડે અલંકૃત કર્યા છે."

મંત્રીશ્વર કર્મચંદ્રના મોંઢેથી દાદા શ્રીજિનદત્ત સૂરિજીનું આ પ્રકારનું પ્રશસ્ય જીવન ચરિત્ર સાંભળી સમ્રાટ અકબર આશ્ચર્ય-ચકિત થઈ ગયા. અને એ 'યુગ પ્રધાન' પદને માટે અત્યારે આપણા ચરિત્રનાયક શ્રીજિનચન્દ્રસૂરિ જ સર્વથા યોગ્ય છે એ વાતની એને બરાબર ખાતરી થઈ ચૂકી. એટલે સમ્રાટે સૂરિજીને "યુગ–પ્રધાન' પદ પ્રદાન કર્યું × અને વાચક માનસિંહજી (મહિ મરાજજી)

मरुस्थलीकल्पतरुः स जीयात्, युगप्रधानो जिनदत्तसूरिः ॥१॥

આનો અર્થ છે કે "જેના ચરણ કમળમાં બધા દેવો દાસના દાસની પેઠે આળોટી રહ્યા છે, એવા તે મરૂસ્થલીમાં કલ્પવૃક્ષ જેવા યુગપ્રધાનાચાર્ય શ્રીજિનદત્તસૂરિજી જયવંતા રહો."

× अकबर शाहि हरखभरि कीनो, युगप्रधान पदधारी।
खंभातमें शाहि हुकुमतइं, जलचर जीव उवारी ॥ २ ॥
(ગુણવિનય કૃત જિનચંદ્રસૂરિ ગીત)

उत्तम काम अवलि ए कीधो, युगप्रधान पद दीधो।
तिणि अवसर सोगासुत भावइ, सवाकोडि वित्त वावइ ॥
[રત્ન નિધાન કૃત ગહૂંલી]

युगप्रधान पदवी भली, आपइ अकबरराज।
सहमुख हरखे इम कहइए, ए गुरु सब सिरताज ॥
[સં. ૧૬૪૯ ચૈ. કૃ. ૯ દિન સમય પ્રમોદ કૃત જિનચન્દ્ર સૂ. ગીત]

ને આચાર્ય પદ અર્પણ કર્યું, સાથોસાથ સુવિહિત સાધ્વાચારના પાલનમાં સિંહ જેવા સાહસિક હોવાને કારણે સમ્રાટે "શ્રીજિનસિંહસૂરિ" નામ આપવાનો પણ નિર્દેશ કર્યો. અને મંત્રીશ્વરને આજ્ઞા આપી કે જૈન-દર્શનની વિધિ અનુસાર સંઘની સાક્ષીએ ઉત્સવ-મહોત્સવ-પૂર્વક શુભ દિવસે અદ્વિતીય સમારોહ સાથે હર્ષ ઉત્કર્ષથી આ ઉત્સવ યોજવાની તૈયારી કરો.

સમ્રાટની આજ્ઞા મળતાં મંત્રીશ્વર કર્મચન્દ્રે બિકાનેર નરેશ રાયસિંહજીને આખો વૃત્તાન્ત કહી બતાવ્યો. એમણે પણ આ શુભ કાર્યમાં પોતાની સમ્મતિ આપી. તે પછી પૌષધશાળામાં જૈનસંઘને એકત્ર કરી વિનીત વચનો વડે મંત્રીશ્વરે નિવેદન કર્યું કે "જો કે સંઘ તમામ કાર્ય કરવાને સમર્થ છે, તો પણ આ મહાન ઉત્સવનો લાભ કૃપા કરી મનેજ લેવા દો" શ્રીસંઘે મંત્રીશ્વરના આ પ્રસ્તાવને સહર્ષ સ્વીકારી આજ્ઞા આપી.

સંઘની આજ્ઞા મળ્યે મંત્રીશ્વરે મહોત્સવની તૈયારીઓ આરંભી દીધી. સારો દિવસ જોઈ ફાગણ વદી ૧૦ થી × "અષ્ટાન્હિકા મહોત્સવ" મનાવા લાગ્યો. સંઘમાં સર્વત્ર આનંદ પ્રસરી રહ્યો રાત્રિ જાગરણમાં શ્રાવિકાઓ ભક્તિપૂર્વ એકત્ર થઈ દેવ, ગુરુ અને ધર્મના માંગલિક ગીતો ગાવા લાગી. મંત્રીશ્વરે પ્રત્યેક સાધર્મીના ઘરે શ્રીફળ સોપારીઓ અને એકેક સેર પ્રમાણ સાકર અને સુરંગી ચુંનડીઓની લ્હાણી કરી.

× આને લગતું એક કવિનું કથન છે કે :—

संवन्नं दसमुद्रषट्शशिमिते (१६४९) श्रीफाल्गुने मासि ये
न(?च) प्राक् श्रीदशमीतिथौ (हि विल)सत्पुण्याः सतां नन्दिनः।
शाहिदत्तयुगप्रधानविरुदा आनन्दकन्दान्विते, ।
श्रीमच्छ्रीजिनचन्द्रसूरिगुरवो जीवन्तु विश्वे चिरम् ॥ ४ ॥

આ શ્લોક અમને અશુદ્ધજ મળ્યો છે. તેનો યથાશક્ય સુધારો કર્યો છે.

'અષ્ટાન્હિકા' મહોત્સવ ખૂબ આનંદથી ઉજવાયો. ફાગણ શુદિ ૨ ભદ્રા-તિથિના મધ્યાહ્ન સમયે શુભ મુહુર્તમાં આગમોક્ત વિધિથી શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજે વાચક શ્રીમહિમરાજજીને "સૂરિમંત્ર" આપી આચાર્ય પદથી અલંકૃત કર્યા અને સમ્રાટના કહેવા મુજબ એમનું નામ "શ્રીજિનસિંહસૂરિજી" રાખવામાં આવ્યું. આજ સમયે વા૦ જયસોમજી અને રત્નનિધાનજીને× "ઉપાધ્યાય પદ" પં. ગુણવિનયજી અને સમયસુંદરજીને "વાચનાચાર્ય" પદ પ્રદાન કરવામાં આવ્યા.

એ સમયનું દૃશ્ય અત્યંત મનોહર અને દર્શનીય હતું. જે સંખવાલ ગોત્રીય શ્રાવક સાધુદેવે બનાવેલા ઉપાશ્રયમાં એમને આચાર્ય પદ આપવામાં આવેલ, એને ધજાપતાકાથી ખૂબ સજાવવામાં આવેલ. કિંમતી મોતી જડેલા ચંદરવા પૂઠીયા ચારે તરફ લગાવવામાં આવ્યા, ભગવાનના ચતુર્મુખ બિંબો સમવસરણ (નાંદ)માં બિરાજમાન કરી એની સન્મુખ સર્વ વિધિ સંપન્ન થઈ. આ મહોત્સવમાં

×एवं सूरिपरम्परागत इह श्रेष्ठे गणे दीपिते,
स श्रीमज्जिनचन्द्रसूरिसुगुरुश्चारित्रपाविड्यभृत् ।
तेजःश्रीमदकब्बराधिनृपतिः श्रीपातिसाहिर्मुदा-
ऽदादीयत्सुयुगप्रधान इति सन्नाम्ना यथार्थेन वै ॥ ४ ॥
श्रीमन्त्रीश्वरकर्मचन्द्रविहितोद्यत्कोटिटङ्कव्ययं,
श्रीनन्द्युत्सवपूर्वकं युगवरा यस्मै ददौ स्वं पदम् ।
श्रीमल्लाभपुरे दयादृढमतिश्रीपातिसाहाग्रहा-
न्न्याच्छ्रीजिनचन्द्रसूरिसुगुरुः सस्फीततेजोयशाः ॥ ५ ॥
[શ્રીવલ્લભોપાધ્યાય રચિત અભિધાન ચિન્તામણિ નામ માલા ટીકા પ્રશસ્તિ]
श्रीसाहिर्गुणयोगतो युगवरेत्याख्यं पदं दत्तवान्,
येभ्यः श्रीजिनचन्द्रसूरय इलाविख्यातसत्कीर्त्तयः ।
[ઉપાધ્યાય સહજ કીર્ત્તિ રચિત શતદલકમળ પાર્શ્વનાથ જિનસ્તવઃ]

સ્વગચ્છ, પર ગચ્છ, સ્વધર્મ કે પારકો ધર્મ એવા બધાં ભેદભાવોને ત્યાગી અગણિત નાગરિકો અને રાજ્યના મોટામોટા લગભગ બધાંજ અધિકારીઓ હાજર રહ્યા હતા. શાહી વાજિંત્રોના ધ્વનિથી સારૂંય નગર ખરેખર એક આનંદનિકેતન બની રહ્યું હતું.

સમ્રાટ અકબરે આ આનંદોત્સવના ઉપલક્ષમાં સૂરિજીના ઉપદેશથી સ્તંભતીર્થીય સમુદ્રના અસંખ્ય જલચરજીવોને વર્ષાવધિ અભયદાન દેતું એક ફરમાન પત્ર પ્રકટ કર્યું× અને લાહોરમાં પણ એ દિવસે શાહી નોબત ગજાવી અમારિ ઉદ્ઘોષણા કરી.

આ ધાર્મિક હર્ષોત્સવમાં મંત્રીશ્વર કર્મચન્દ્ર વચ્છાવતે પોતાના દ્રવ્યનો સદુપયોગ કરવામાં કશીજ ક્યાશ ન રાખી જેણે જે માંગ્યુ, તે તેને આપી પોતાની પ્રશસ્ત કીર્તિને ચિરસ્થાયી અને દિગંતવ્યાપી કરી, "યુગપ્રધાન" નામ સ્થાપનાપર યાચકોને નવ હાથી, પાંચસો ઘોડા, નવ ગામ અને સવા કરોડ રૂપિયાનું અભૂતપૂર્વ દાન દીધું, જેનો ઉલ્લેખ તત્કાલીન ગ્રંથ કર્મચન્દ્ર મંત્રિવંશ પ્રબંધ વૃત્તિ (સં. ૧૬૫૦) +, જયસોમજી કૃત પ્રશ્નોત્તર ગ્રંથ * (પ્રશ્ન નં. ૧૩૪ નો ઉત્તર) આદિમાં મળે છે.

× जग सगले जस पामीयउ, प्रतिबोधी पातशाह
खंभायत दधि माछली, राखी अधिक उच्छाह ॥ १ ॥

× × ×

खंभायत दरियावके जीरे जी, पूजजी छोडाया सहु जाल ।

(કવિ શ્રીસુંદર કૃત ગીતદ્વયે)

+ આ ગ્રંથમાં આ પ્રકરણમાં ઉલ્લેખિત તમામ વાતોનું વિસ્તૃત વર્ણન છે. પરંતુ ગ્રંથ વિસ્તારના ભયને કારણે એનાં શ્લોકો અહીં નથી આપ્યા.

* આ ગ્રંથમાં કેટલીક જાણવા જેવી વાતોની સાથે આ પ્રમાણે વર્ણન છે.

"હિવણા । શ્રીલાહોરમાંહિ । શ્રીઅકબર । જલાલુદી । પાતસ્યા । શ્રી બૃહત ખરતર ગચ્છનાયક । શ્રીજિનમાણિક્યસૂરિ પટ્ટાલંકાર શ્રીજિનચન્દ્ર-

આ વિષયમાં એક પ્રાચીન કવિત્ત હીરકલશશિષ્ય હેમાણંદ-કૃત "ભોજ ચરિત્ર ચૌપાઈ" કે જે સં. ૧૬૫૪ ના દિવાળીના દિવસે 'ભદ્દાણુઈ' ગામમાં બનાવેલ, એની પ્રશસ્તિમાં આ પ્રમાણે લખેલું છે:–

"नव हाथी दिन्हे नरेश, मदस्यों मतवालइ ॥
पे राखो पचसइ लोकत, पावइ नित हालइ ॥
नवइ गांव वगसीस, सइ तु सहू को जाणइ ॥
सवा कोडिका दान, "मल्लवि" साच वखाणइ ॥
को राइ न राणा करि सकइ, संग्राम नंदन जो कियां ।
युगप्रधानके नामकुं, कर्मचन्द इतना दिया । "

આ દાન ખરેખર અભૂતપૂર્વ હતું. પદસ્થાપનાને સમયે આટલું વિશાળ દાન અગાઉ કોઇએ દીધું નહોતું. આવા દાની મહાનુભાવોથીજ જૈનશાસન ગૌરવાન્વિત છે

લાહોરના સંઘે એકત્ર થઇ મંત્રીશ્વરને ઘેર જઈ તેમને યશતિલક કરી સન્માન્યા.

સમ્રાટ અકબરને પણ આ મહોત્સવના ઉપલક્ષમાં મંત્રીશ્વરે શેખ અબુલફજલને સાથે લઈ ૧૦૦૦૦) રૂપિયા, ૧૦ હાથી, ૧૨ ઘોડા અને ૨૭ તુકસ ભેટ ધર્યાં. સમ્રાટે મંગલ નિમિત્તે રૂ. ૧) રાખી બાકી બધું મંત્રીશ્વરને પાછું

સૂરિજીને બોલાવતા ભારી ખુશી થઈને યુગપ્રધાન નામે બોલાવ્યા, શ્રીકર્મ-ચન્દ્ર મંત્રીશ્વરે યાચકોને ૯ હાથી, ૫૦૦ ઘોડા, ૯ ગામ અને સવા ક્રોડીનું દાન આપ્યું, મહામહોત્સવ કીધા ! લાહોરમાંહિ અમારિ ઘોષણા પાતિસાહિ નીમાનિ બળમાં વલી મુંહતે પાતિસાહજીને ૧૨૦૦૦ રૂપૈયા ૧૨ હાથી ૧૨ ઘોડા ૨૭ તુકસ પેસ કીધા ત્રીજે ૧૨ (૧) રૂપૈયા રાખ્યા બીજા સર્વ મુંહતાનેજ બક્ષ્યા. એવં મહામહોત્સવ પૂર્વક સર્વલોક સમક્ષ યુગપ્રધાન સ્થાપ્યા તઈ તેહના શિષ્ય તથા શ્રાવક યુગપ્રધાન કર્મ તિહાં સ્યાં [illegible]

આપ્યું. આ પ્રમાણે શાહજાદા સલીમ તેમજ શેખ અબુલફજલ આદિ સમ્રાટના આત્મીયજનોનો પણ ભેટપૂર્વક સત્કાર કર્યો. મંત્રીશ્વર સમ્રાટના સામાજિકાધ્યક્ષ પદ પર નિયુક્ત હતા. આથી એ વિભાગના તમામ કર્મચારીઓ અને અન્ય અધિકારિઓનું પણ ઉચિત સન્માન કરવામાં આવ્યું.

આમ આ મહાન મહોત્સવ અવર્ણનીય આનંદ, અનુપમ ઉત્સાહ અને અસાધારણ ભક્તિથી સંપૂર્ણ થયો. એ સમયના ભાવુક લોકોના ઉલ્લાસ, શુભભાવ અને હર્ષનો અનુભવ તો જેઓ એ ઉત્સવમાં હાજર હતા. તેઓજ કરી શકે. આ જડ લેખિનીદ્વારા એ આનંદનું વર્ણન કરવું શકય નથી. તો પણ સંક્ષિપ્તમાં એટલું તો અવશ્ય કહેવું પડશે કે એ ઉત્સવ અદૃષ્ટપૂર્વ, પરમગૌરવસંપન્ન અને જૈનશાસનની ભારે ઉન્નતિ અને ઉત્કર્ષ સાધવામાં અદ્વિતીય હતો.

સૂરિમહારાજે પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પર્વોને દિવસે "જય તિહુઅણ" પઢ(બોલ)વાનો શાશ્વતો (હંમેશાંને માટે કાયમ) આદેશ બોહિત્થ (બોથરા) વંશની સંતતિને આપ્યો અને આજ ત્રણે પર્વોના પ્રતિક્રમણમાં સ્તુતિ બોલવાનો આદેશ શ્રીમાલોને (સદાને માટે) આપ્યો.×

× बोहित्थ संतति नइ दियइ, युगप्रधान गणधारो रे।
पक्ष चउमास पजूसणइ, श्रीजयतिहुअण सारो रे॥ ७८॥
तिम चौमासइ, पाखीयई संवत्सरियइ थुइ रे।
पडिक्कमणइ संध्यातणै, श्रीमालांनइ हुइ रे॥ ७९॥

[કર્મચન્દ્ર વંશાવલી પ્રબંધ ચૌ.]

બીકાનેરમાં હજીયે ખરતરગચ્છમાં વચ્છાવતોનું ધાર્મિક કાર્યોમાં સારૂં સન્માન છે.

બીકાનેરના મહારાજા રાયસિંહજી × સૂરિજી મહારાજના પરમ ભક્ત હતા. અમો પહેલાં લખી ચૂક્યા છીએ કે તેઓ પણ આ મહોત્સવમાં સામેલ હતા, એમણે દશ દિવસ બાદ એટલે કે ફાગણ શુદિ ૧૨ ના રોજ કેટલાંક ગ્રંથો સૂરિજી-મહારાજને આગ્રહપૂર્વક સમર્પણ કર્યા હતાં. સૂરિજીએ આ બધા ગ્રંથો બીકાનેરમાં સ્થપાએલ જ્ઞાનભંડારમાં રાખ્યા હતા +, એમાંથી બે ગ્રંથો અમને મળી શક્યા છે, જેનો 'પુષ્પિકા' લેખ આ પ્રમાણે છે:–

"सं. १६४९ वर्षे फाल्गुनशुक्लद्वादश्यां श्रीलाभपुरनगरे पातशाहश्रीअकबरप्रदत्तयुगप्रधानपदसमलंकृत खर(तर)-गच्छेश भट्टारक युगप्रधान श्रीजिनचन्द्रसूरिराजानां। श्रीजिनसिंहसूरियुतानां भूशक्रचक्रचर्चितचरणारविन्द महाराजाधिराज श्रीरायसिंघैः कुंवरश्रीदलपतिप्रभृतिपरिवारयुतैः पुस्तकमिदं विहारितं। तैश्च ज्ञानवृद्धयर्थं श्रीविक्रमनगरे चित्कोषे स्थापितम्। शिष्यादिभिर्वाच्यमानं चन्द्रार्कं चिरनंद्यात्।

[બન્ધસ્વામિત્વ ષડશીતિવૃત્તિ પત્ર ૫૦ શ્રીપૂજ્યજીના સંગ્રહમાંથી]

× એમનો જન્મ સં. ૧૫૯૮ ના શ્રા. વ. ૧૨ ના થએલ. સં. ૧૬૨૮ વૈશાખ સુદિ ૧ ના દિને બીકાનેરની રાજગાદીએ બેઠા. તેઓ શૂર, વીર, અને દાની હતા. બાદશાહે ખુશ થઈ એમને "રાજા" ની પદવી, પાંચ હજારીનું મનસબ અને બાવન પરગણા જાગીરમાં દીધા, સં. ૧૬૬૮ માં એમનો સ્વર્ગવાસ થયો. વધુ જાણવા માટે "બીકાનેર રાજ્યકા ઇતિહાસ", "ભારતકે પ્રાચીન રાજવંશ" અને "કર્મચન્દ્રવંશ પ્રબંધ" આદિ જુઓ.

+ સાહિત્યની રક્ષા અને અભિવૃદ્ધિ કરવા સારૂ સૂરિમહારાજે કેટલીય જગ્યાએ જ્ઞાનભંડાર સ્થાપ્યાં હતાં. આ પુસ્તકો બીકાનેર જ્ઞાનભંડારમાં રખાવ્યા હોવાનું બીજાંય કેટલાંય પુસ્તકોની પ્રશસ્તિમાંથી જાણવા મળે છે, જેમાં અનેક ભક્ત શ્રાવકોએ ગ્રન્થો લખાવી રખાવ્યાં હતાં. કેટલાંય પુસ્તકોની પ્રશસ્તિમાંથી જાણવા મળે છે કે એમણે ખંભાતના જ્ઞાનભંડારમાં પણ કેટલાંય ગ્રન્થો સ્થાપિત કર્યાં હતાં.

सं. १६४९ वर्षे फाल्गुनशुक्लद्वादश्यां गुरौ पुण्ययोगे श्रीलाभपुरे ·जंतुजाता...............हि शाहि श्रीअकबरप्रदत्त युगप्रधानपदसमलंकृत—श्रीमत्खरतरगच्छाधिप—भट्टारक........ श्रीजिनसिंहसूरिसंयुतानां। सदा सुप्रसन्नवदनारविन्द महाराजाधिराज श्री.........विहारितं पुस्तकमिदं ज्ञानवृद्ध्यर्थं च श्रीविक्रमपुरवरे तैश्च भांडागारे स्थापितम्। शिष्य......

[અમારા સંગ્રહમાં, મૂષકોએ કાપી નાંખેલ પન્નવણા સૂત્રમાંથી]

કહેવાય છે કે કોઇક સમયે સૂરિજી મહારાજે જ્યારે શાહી દરબારમાં પ્રવેશ કર્યો. અને બાદશાહ સ્વાગત કરવા સામે આવ્યા, ત્યારે માર્ગના કોઈ નાળામાં એક બકરી રાખેલ હતી. જ્યારે સમ્રાટે સૂરિજીને આગળ પધારવા વિજ્ઞપ્તિ કરી, ત્યારે સૂરિજીએ પોતાના યોગબળ વડે ભૂગર્ભમાં રહેલ બકરીનું સ્વરૂપ જાણી લીધું, એટલે ત્યાંજ અટકી જઈ કહ્યું કે "નાળામાં જીવ છે, એને ઉલ્લંઘીને ન આવી શકાય" સમ્રાટે પૂછ્યું કે "કેટલા જીવ છે?" સૂરિજીએ કહ્યું "ત્રણ જીવ છે" સમ્રાટ ચકિત થઈ વિચારવા લાગ્યા કે નાળામાં તો એકજ બકરી રાખી છે. ને સૂરિજી ત્રણ જીવ હોવાની વાત કરે છે, એ કેમ બની શકે? પણ જ્યારે નાળું ખોલી જોયું તો બરાબર ત્રણ જીવ નીકળ્યાં, કેમકે બકરી સગર્ભા હતી અને એણે ભૂગર્ભમાંજ બે બચ્ચાંને જન્મ આપ્યો હતો. આ આશ્ચર્યજનક ઘટનાથી સમ્રાટના દિલમાં સૂરિજી પરત્વે અત્યંત શ્રદ્ધાભક્તિ ઉત્પન્ન થયાં ×

× સં. ૧૭૧૨ આસપાસની લખાયેલ બીકાનેર જ્ઞાનભંડારની એક પટ્ટાવલીમાં આ ઘટનાનો ઉલ્લેખ આ પ્રમાણે છે:-

"જિ.ચાંદઉ અતિશય દેખીનઈ પાતિશાહઈ યુગપ્રધાન પદવી દીધી તે અતિશય કહઈ છઈ. એકદા દિવસઈ એક શાહી નઈ કહઉ એક ગુરૂ જ્ઞાની

એજ પ્રમાણે એક વખતે સમ્રાટને સૂરિમહારાજના ભકત બની ગયેલા જોઈ ઈર્ષાવશ કાજીએ સમ્રાટની નજરે સૂરિજીને નીચા દેખાડવાના હેતુથી મંત્રબળ વડે પોતાની ટોપી ઉડાડી આકાશમાં અધર રાખી. સૂરિજી પોતાના બુદ્ધિ-વૈભવથી કાજીનો ઉદ્દેશ સમજી ગયા, અને જૈનશાસનની અવહેલના ન થતાં પ્રભાવના થાય એ હેતુથી કાજીએ ઉડાવેલ ટોપીને પાછી લાવવા મંત્રશક્તિ દ્વારા રજોહરણને એની પાછળ મોકલ્યું. સૂરિમહારાજે મોકલેલ રજોહરણે કાજીની ટોપીને દાંડીથી મારતાં મારતાં પાછી લાવી કાજીના મસ્તક પર ગોઠવી દીધી. આમ નિષ્ફળ થતાં, કાજીએ પોતાના ઈર્ષા-અભિમાનનો ત્યાગ કર્યો.+

એક ત્રીજી ચમત્કારિક ઘટના પણ આ પ્રમાણે કહેવાય છે. કે-આહાર માટે પરિભ્રમણ કરતા સૂરિજીના એક શિષ્યને રસ્તામાં સામે મળેલ મૌલવીએ જ્યારે તિથિ પૂછી ત્યારે તેણે ભૂલથી અમાવાસ્યાને બદલે પૂર્ણિમા કહી દીધી. આ વાતનો ઉપહાસ કરી મૌલવીએ કહ્યું કે 'વાહ મહારાજ ! મેં સાંભળ્યું છે કે જૈન સાધુઓ

છઇ' કાં એક જ્ઞાન (?) પૂછઉ ? તરઈ પાતશાહઈ પોતારઈ સિંઘાસણ નીચે પરવર્તી ગર્ભવતી એક છાલી ઘાલિનઇ આપ ઉપરિ બઈઠા, તરઈ ગુરાંનઇ પૂછ્યઉ "મેરે નીચે ક્યા હૈ ?" ગુરે જ્ઞાન લેઈનઇ કહ્યો એક નર બિ માદી છઈ, શાહિ કાઢી જોયઉ છાલી બ્યાઈ, જ્ઞાન મિલ્યા તરઈ યુગપ્રધાન પદવી દીધી" આ ઉપરાંત અન્ય કેટલાંયે ગ્રંથોમાં પણ બકરીઓના ભેદનો ઉલ્લેખ છે.

+બીકાનેર સ્ટેટ લાયબ્રેરીમાં જિનસાગરસૂરિ શાખાની એક ૧૮ મા શતાબ્દીમાં લખેલ પટ્ટાવલીમાં લખ્યું છે કે જિનસિંહ સૂરિજીને બાદશાહે કરામાત બતાવવાનું કહ્યું ત્યારે એમણે કહ્યું કે અમે ભિક્ષુઓ કરામાત શું જાણીએ ? એટલામાં કાજીએ મંત્રશક્તિથી પોતાની ટોપી આસમાનમાં ઉડાડી, ત્યારે જિનસિંહસૂરિજીએ ઓઘા વડે એ ટોપીને ... આકર્ષિત કરી. ઈત્યાદિ

જૂઠું નથી બોલતા, પરન્તુ આ તો સરાસર જૂઠું જ છે, હવે જોઈએ કે આજે પૂર્ણિમાનો ચંદ્ર કઈ રીતે પ્રકાશમાન થાય છે. તે સાધુજીને પણ પોતાની ભૂલ સમજાઈ ગઈ, પરન્તુ મોંઢામાંથી નીકળી ગએલું વચન હવે પાછું લઈ શકાય તેમ હતું નહીં, આથી એમણે ઉપાશ્રયમાં આવી સૂરિમહારાજને તમામ હકીકતથી વાકેફ કર્યા.

આ તરફ મૌલવી સાહેબે ચારે બાજુ, ને ઠેઠ સમ્રાટના દરબાર સુધી એ વાત ફેલાવી દીધી કે જૈન સાધુઓનાં કહેવા પ્રમાણે આજે ચાંદ ઉગવાનો! જૈન શાસનની અવહેલના ન થાય એટલા માટે સૂરિજીએ કોઈ શ્રાવકને ત્યાંથી સુવર્ણથાળ મંગાવ્યો, ને એને મંત્રબળે આકાશમાં ઉડાડી મૂક્યો, આ થાળ સૂરિજીના પ્રતાપથી પૂર્ણિમાના ચન્દ્રની માફક સર્વત્ર પ્રકાશવા લાગ્યો આ વસ્તુની ખોજ કરવા સમ્રાટે ઘોડેસ્વારોને બાર બાર કોશ સુધી મોકલી આપ્યા, પરન્તુ જ્યાં જુઓ ત્યાં પ્રકાશ હતો. એમ જાણી સમ્રાટ ભારે વિસ્મય પામી રહ્યા.*

---

* આ ઘટનાનું કોઈ પ્રાચીન પ્રમાણ અમને નથી મળ્યું. આધુનિક વીસમી સદીમાં પ્રકટ થએલ ગ્રંથોમાં મહો. રામલાલજી ગણિકૃત "દાદાજીની પૂજા" અને આચાર્ય શ્રીજયસાગરસૂરિજી સંપાદિત "ગણધર સાર્ધ શતક ભાષાંતર" શ્રીજિનદત્તસૂરિ જ્ઞાન-ભંડાર, મુંબઈથી પ્રકટ થએલ "શ્રી જિનચન્દ્રસૂરિ ચરિત્ર" વિગેરેમાં એવો ઉલ્લેખ મળી આવે છે. અને ચિત્રોમાંય આ ચમત્કારિક ઘટનાનો ભાવ ચિત્રિત જોવા મળે છે. ખરતર ગચ્છની એક પટ્ટાવલીમાં શ્રીજિનપ્રભસૂરિજીના સંબંધમાં "**अमावास्या पूर्णिमा कृता येन, द्वादशयोजनं यावच्चन्द्रोद्‌द्योतो जातः।**" લખેલ છે.

ઉપરોક્ત ત્રણે ઘટનાઓ સહિત સૂરિજીના અકબર મિલનનું પ્રાચીન ચિત્ર, બીકાનેર જ્ઞાનભંડાર, શ્રીપૂજ્યજીનો સંગ્રહ, ઉ. જયચન્દજીનો જ્ઞાન ભંડાર, અને યતિ મુકુન્દચન્દજી પાસે, એવં બાબૂ પૂરણચન્દ્રજી નાહરના સંગ્રહમાં, અને બીકાનેર દુર્ગાન્તર્ગત 'ગજ મન્દિર' માં મળે છે. આ ચિત્રો "શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાન ભંડાર" ઇંદોર તરફથી છપાઈ ચૂકેલ પણ છે.

સૂરિજી લાહોરમાં બિરાજ્યા એથી ત્યાંના સંઘમાં શાસનોન્નતિનાં અનેક ધર્મકૃત્યો થયાં. લોકોનાં હૃદયમાં સદ્‌ભાવનાના શ્રોત વહેવા લાગ્યા. જૈન ધર્મની અતિશય પ્રભાવના થવા લાગી.

ત્યાંથી વિહાર કરી સૂરિ મહારાજ હાપાણાઈ પધાર્યા, સંવત ૧૬ ૦નો ચાતુર્માસ ત્યાં કર્યો, એક દિવસે રાત્રિના સમયે ઉપાશ્રયમાં ચોર આવી પહોંચ્યા. પરન્તુ એને માટે અહીં ક્યાં ધનમાલ સંચિત હતાં? અને જે કાંઈ હતું તે તો સાધુઓનાં ભણવા ગણવાના ગ્રંથો કે ભિક્ષા માટેના કાષ્ઠપાત્રો. પણ ચોરોએ તો એ પણ ન છોડયા, પુસ્તકો ઉપાડી રવાના થવા લાગ્યા. પરન્તુ સૂરિજીના યોગબળથી ચોર લોકો આંધળાભીંત બની ગયા, અને પુસ્તકો પાછા મળ્યા. ×

આ ચમત્કારપૂર્ણ ઘટનાથી સૂરિમહારાજના તપોબળની સર્વત્ર ખૂબ ખૂબ પ્રશંસા થવા લાગી, સૂરિજી "હાપાણાઈ" ચોમાસું બિરાજ્યા, એથી ત્યાં અધિકાધિક ધર્મ-ધ્યાન થવા લાગ્યાં

બાબૂ પૂરણચન્દ્રજી નાહર એમ. એ; બી. એલ, ને ત્યાં અકબર મિલન સમયનું પ્રાચીન ચિત્ર છે, એમાં ઉપરોક્ત ત્રીજી ચમત્કારિક ઘટના નો ભાવ નથી, ને એને બદલે એ ચિત્રમાં એક પાડો ચિત્રેલ છે, કે જે શ્રી જિનપ્રભસૂરિજીના વિષયમાં "कियो महिप मुखि वाद नयर पिक्खई नरनारी" આ ચમત્કારનો સ્મૃતિસૂચક ભાવ જણાય છે. અમારી સમજ પ્રમાણે "અમાસનો ચન્દ્ર" અને "મહિષ મુખવાણી"નો ચમત્કાર જિનપ્રભસૂરિજી સાથેજ સંબંધ ધરાવે છે. આ ચમત્કારો વધુ પડતા પ્રસિદ્ધ થઈ ગયાને કારણે સંભવતઃ સૂરિજીના ચિત્રની સાથે લગાવી દેવાયા છે. ઉપા૦ જયચન્દ્રજી ગણિની પાસે જે ચિત્ર છે એમાં તો ચારેય ચમત્કારો સૂરિજીના ચિત્રમાં ચિતરેલાં છે.

× વિજ્ઞાપ્તિ પત્ર નં. ૧ માં લખ્યું છે કે "रातइ चोर पइठा पुस्तक सर्व लेइ गया परं अंधा थया. पुस्तक आया पाछा."

શ્રી બીકાનેરના જ્ઞાન ભંડારની એક પટ્ટાવલીમાં લખ્યું છે કે:—

"हापाणि ग्रामे ध्यान बलइ जियई चोर निस्तेज कीधा."

પ્રકરણ ૯ મું

સમ્રાટ પર પ્રભાવ

સમ્રાટ અકબર સૂરિમહારાજના પરમ ભક્ત બની ચૂકયા હતા. સૂરિમહારાજ હાપાણાઈમાં ચાતુર્માસ રહ્યા. તે સમયે પણ સમ્રાટ એમનું હંમેશાં સ્મરણ કર્યા કરતા. સૂરિજીના આદેશથી પરમગીતાર્થ ઉપાધ્યાય શ્રીજયસોમજી આદિએ સં. ૧૬૫૦ નો ચાતુર્માસ પણ લાહોરમાંજ કર્યો + તેઓ ઘણીવાર શાહી દરબારમાં જાયા કરતા. એમની સાથે ધર્મચર્ચા કરી સમ્રાટ અનેક પ્રકારનું જ્ઞાન મેળવતા. અવારનવાર સમ્રાટ તેમને સૂરિમહારાજની સુખ-શાંતિના (સંવાદ–ખબર) પૂછી સંતોષ મેળવતા.

ચાતુર્માસ પૂરો થતાંજ સમ્રાટે સૂરિમહારાજને લાહોર પધારવાનું વિનીત આમંત્રણ પાઠવ્યું. સમ્રાટના આગ્રહથી સૂરિમહારાજ લાહોર પધાર્યા સં. ૧૬૫૧ નો ચાતુર્માસ પણ એમણે ત્યાં કર્યો. આ સમાગમથી સમ્રાટ પર અલૌકિક પ્રભાવ

+ જયસોમજીએ આજ ચાતુર્માસમાં વિજયાદશમીને દિવસે "કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ" નામક સંસ્કૃત પદ્ય ગ્રંથ રચી પૂર્ણ કરેલ.

[illegible] ના શિલાલેખ[illegible] માલૂમ પડે છે કે સૂરિજીના ઉપદેશથી સમ્રાટે ઘણા [illegible] પ્રતિવર્ષ આષાઢીય અષ્ટાહ્નિકામાં અમારિ. ખંભાતના દરિયાના જલચર જીવોની રક્ષા અને યુગપ્રધાન પદ [illegible] પણ કેટલાંક મહત્ત્વનાં કાર્યો કર્યાં હતાં કે જે આ પ્રમાણે છે:—

(૧) દરવર્ષે અષાઢ ચોમાસીની અઠ્ઠાઈ ઉપરાંત બીજું પણ [illegible] છ માસ સુધી પોતાના સમસ્ત રાજ્યમાં જીવહિંસાનો નિષેધ.

(૨) શત્રુંજયાદિ તીર્થોની કરમુક્તિ.

(૩) ગોરક્ષાનો સર્વત્ર પ્રચાર.

જૈન દર્શનના અહિંસા તત્ત્વનું સૂક્ષ્મમાં સૂક્ષ્મ સ્વરૂપ સૂરિમહારાજે સમ્રાટને બહુજ સારી રીતે સમજાવી દીધું જેના પ્રભાવથી સમ્રાટનું હૃદય એટલું દયાર્દ્ર અને કોમળ બની ગયું ÷ કે 'જીવહિંસા' એ શબ્દ સાંભળવો પણ તેમને માટે અસહ્ય

× श्रीअकब्बरसाहिप्रदत्तयुगप्रधानपदप्रवरैः प्रतिवर्षाषाढीयाष्टाह्निकादिषाण्मासिकामारिप्रवर्त्तकैः । श्रीस्तंभ (? स्तम्भ)-तीर्थोदधिमीनादिजीवरक्षकैः । श्रीशत्रुंजयादितीर्थकरमोचकैः । सर्वत्र गोरक्षाकारकैः पंचनदीपीरसाधकैः । युगप्रधानश्री-जिनचन्द्रसूरिभिः । आचार्यश्रीजिनसिंहसूरि श्रीसमयराजो-पाध्याय वा. हंसप्रमोद वा. समयसुन्दर वा. पुण्यप्रधानादिसाधुयुतैः । [श्रीजिनविजयजी संपादित 'प्राचीन जैन लेख संग्रह' [illegible]]

÷ સૂરિજીની [illegible] ફરમાન [illegible] નામાં [illegible] સમ્રાટ પોતાના [illegible]

થઈ પડયો; અને માંસભક્ષણ પરત્વે તો ઘૃણા પેદા થઈ ગઈ હતી.આ વાતને વિષે સમ્રાટ જહાંગીર તેમની ‘આત્મજીવની’ માં પોતાના રાજ્યારોહણ પછી પ્રકટ કરેલ ૧૨ આજ્ઞાઓમાંની ૧૧ મી આજ્ઞામાં આ પ્રમાણે લખે છે:–

आमार जन्म मासे समग्र राज्ये मांसाहार निषिद्ध एवं वत्सरेर मध्ये एमन एक एक दिन निर्दिष्टे थाकिते, जे दिन सर्व प्रकार पशुहत्या निषिद्ध। आमार, राज्यारोहण दिन, बृहस्पतिवार से दिन एवं रविवार केह मांसाहार करिते पारिवे ना। केनना से दिन जगत श्रृष्टि सम्पूर्ण होईयाछिल, से दिन कोन जीवेर प्रान हरन करा अन्याय। ११ वत्सरेर अधिक काल आमार पिता एई नियम पालन करियाछेन, एवं एई समयेर मध्ये रविवार दिन तिनि करवनऊ मांसाहार करेन नाई। सुकरां आमार राज्ये आमिऊ एई दिन मांसाहार निषिद्ध वलिया घोपण करितेछि”।

[जहांगीरेर आत्मजीवनी]

“મારા જન્મ માસમાં સમસ્ત રાજ્યમાં માંસાહાર નિષિદ્ધ રહેશે. વર્ષમાં એક એક દિવસ એવા રહેશે જેમાં સર્વ પ્રકારની પશુહત્યાનો નિષેધ રહેશે. મારો રાજ્યાભિષેકદિન અર્થાત્ બૃહસ્પતિવાર અને રવિવારે પણ કોઈ માંસાહાર નહીં કરી શકશે. કેમકે તે દિવસે સંસારનું સૃષ્ટિસર્જન સંપૂર્ણ થયું હતું, એ દિવસે કોઈપણ પ્રાણીની હત્યા કરવી અન્યાય છે. મારા પિતાએ અગિયારથીયે વધુ વર્ષો સુધી આ નિયમોને પાળ્યા છે, અને તે દરમ્યાન રવિવારના દિવસે એમણે કદીયે માંસાહાર નહીં કરેલ, આથી મારા રાજ્યમાં પણ તે તે દિવસોમાં જીવહિંસા નિષેધ કરવાની હું ઉદ્‌ઘોષણા કરૂં છું”

સમ્રાટે કરેલ જીવહિંસાનિષેધનું સારૂંય શ્રેય જૈનસાધુઓ-

ના સમાગમના ફળ સ્વરૂપેજ છે, એ વાત સુપ્રસિધ્ધ અંગ્રેજ ઇતિહાસકાર ડૉ. શ્રીવિસેન્ટ એ. સ્મિથ તેમના પુસ્તક "Akbar The Great Mogal" "મહાન મોગલ અકબર" ના સન ૧૯૧૭ના સંસ્કરણમાં પૃ. ૧૬૭ પર લખે છે કે :-

"Akbar's action in abstaining almost wholly from eating meat and in issuing stringent prohibitions, resembling those of Ashoka, restricting to the narrowest possible limits the destruction of animal life, certainly was taken in obedience to the doctrines of his Jain Teachers. The infliction of capital penalty on a human being for causing the death of an animal, was in accordance with the practice of several famous ancient and Buddhist and Jain Kings. The regulations must have inflicted much hardship on many of Akbar's subjects and especially on the Mahammadans."

અર્થાત્—અકબરે માંસનો લગભગ સંપૂર્ણ ત્યાગ કર્યો હતો, અને સમ્રાટ અશોકની માફક ક્ષુદ્રમાં ક્ષુદ્ર (ન્હાનામાં ન્હાની પણ) જીવહિંસાનો નિષેધ કરવા જે સખ્ત ફરમાનો કાઢયાં, એ બધાં એના જૈન ગુરુઓના સિદ્ધાંતો અનુસારના આચરણનાંજ પરિણામ છે. હિંસા કરનાર માનવીને સખ્ત સજા કરવી, એ પણ પ્રાચીન પ્રસિદ્ધ બૌદ્ધ અને જૈન સમ્રાટોના રિવાજ અનુસારનુંજ કાર્ય હતું. આ આજ્ઞાઓ-ફરમાનોથી અકબરની પ્રજામાંનાં ઘણા લોકોને, ખાસ કરીને મુસલમાનોને ઘણી મુશ્કેલી પડી હશે.

વળી પણ પોતાના પુસ્તક "અકબર"ના પૃષ્ઠ નં. ૩૩૫ માં ડૉ વિસેન્ટ સ્મિથ એજ બાબત સ્પષ્ટતાપૂર્વક લખે છે કે:—

He cared little for flesh food, and gave up

the use of it almost entirely in later year's, of his life, when he came under Jain influence".

અર્થાત્—માંસાહાર પરત્વે સમ્રાટને બિલ્કુલ રુચિ નહોતી, અને જીવનના અંતિમ ભાગમાં તો જ્યારથી પોતે જૈનોના સમાગમમાં આવ્યા ત્યારથી તો એનો સર્વથા જ ત્યાગ કરી દીધો

બાબૂ પૂરણચન્દ્રજી નાહર એમ. એ. બી. એલ એમ. આર. એ. એસ. મહોદયનાં સંગ્રહસ્થ એક ગુટકામાં પ્રાચીન કવિત્ત આ પ્રમાણે લખેલ છેઃ—

आदरियो चडोजती ताई अकबर, लोक हुवा सहु लबै लबै।
गढ जिणी जबे कीजती गायां, जीवनके को तठे जबै ॥ १ ॥
पति असुरां लागौ आई, पाए कबे चरणा दिसि करि।
मंडलि तियांले सुरहे मारता, मुरगा हीटला तेथ मरि ॥२॥
एहवो धरम आदरे अकबर, जिण धर्म देखी बांवडो जत्त।
भोजन किवला तिके भखता, पर मंस खावा लियां परत्त ॥३॥

ભાવાર્થ—સૂરિજીની વંદનાર્થે સમ્રાટ સામા ગયા, એમની સાથે પ્રજા અને અનુગામી અમીર ઉમરાવ પણ હતા. ગુરુના ચરણમાં સમ્રાટે બન્ને હાથ જોડી પ્રણામ કર્યા, એમના ઉપદેશથી સમ્રાટ જૈન ધર્મનો એટલો આદર કરવા લાગ્યા કે જેના પરિણામે જે કિલ્લામાં ગાયોની કતલ થતી હતી, મરઘાં અને હિટલા આદિ જાનવરો મર્યા જતાં હતાં, એ બધી કતલ બંધ થઈ ગઈ, એટલુંજ નહીં પરંતુ સમ્રાટ કે જે પહેલાં માંસ ભક્ષણ કરતા હતા એમણે એનો ત્યાગ કરી દીધો.

સમ્રાટ જહાંગીરના કથનાનુસાર છેવટના અગિઆરથી વધુ વર્ષો, અને ડો. વિન્સેન્ટ સ્મિથના 'જીવનના અંતિમ ભાગ' ના કથનથી સ્પષ્ટ થાય છે કે સમ્રાટના હૃદયમાં આટલો ઉંડો દયાભાવ જાગવાનું ખાસ કારણ જિનચન્દ્રસૂરિજી અને એમના શિષ્ય શ્રીજિનસિંહસૂરિજીનો ધર્મોપદેશજ છે. જેમકે સં.

૧૬૬૨ માં અકબરનો દેહાંત થયો, અને સં. ૧૬૪૯ થી અકબરને સૂરિજીના સત્સમાગમનો લાભ મળ્યો. સૂરિજી સં ૧૬૫૧ માં અકબરની પાસેજ હતા. એથી ઉપરના બન્ને કથનોને પરિપુષ્ટિ મળે છે.

આ કથનને ટેકો આપતા બીજાંય કેટલાંય પ્રમાણો મળે છે. ડૉ. સ્મિથે આગળ જતાં આ પ્રમાણે લખ્યું છે :–

But the Jain holy men undoubtedly gave Akbar prolonged instruction for years, which largely influenced his actions and they secured his assent to their doctrines so for that he was reputed to have been converted to Jainism."

– "Jain Teachers of Akbar"

"પણ, જૈન સાધુઓએ વર્ષો સુધી અકબરને ઉપદેશ આપ્યો હતો કે જેનો અકબરના કાર્યો પર મોટો પ્રભાવ પડ્યો હતો. તેઓએ પોતાના સિધ્ધાન્તોનો સ્વીકાર એટલે સુધી કરાવ્યો હતો કે લોકો સમ્રાટને જૈન સમજતા થઈ ગયા હતા"

–"અકબરના જૈન ગુરુઓમાંથી"

લોકોની આ સમજ કેવળ અનુમાન પ્રેરિત નહોતી, કિન્તુ વાસ્તવિક પણ હતી. કેટલાંય વિદેશી મુસાફરોને પણ અકબરનો વ્યવહાર નિહાળી એમ નિશ્ચય થઈ ગયો હતો કે અકબર જૈન સિધ્ધાન્તોનો અનુયાયી હતો.

આ સંબંધમાં ડૉ. સ્મિથ પોતાના "અકબર" નામક ગ્રન્થમાં એક મહત્વની વાત પ્રકટ કરે છે. તેમણે ઉક્ત પુસ્તકના ૨૬૨મા પૃષ્ઠમાં 'પિન્હેરો' નામના એક પોર્ટુગીઝ પાદરીના પત્રના એક ભાગને ઉદ્ધૃત કર્યો છે કે જે ઉપર્યુક્ત કથનને સિદ્ધ કરે છે. આ પત્ર એમણે લાહોરથી સન ૧૫૯

ના ડિસેમ્બરની ૩ જી તારીખે લખ્યો હતો; જે આ પ્રમાણે છે.

He follows the sect of the jains (Vertei).

અર્થાત્–"અકબર જૈન સિદ્ધાન્તોનો અનુયાયી છે" (જૈનોના કેટલાંક સિદ્ધાન્તો પણ એણે આ પત્રમાં લખ્યા છે.)

આ પત્ર લખાયાનો સમય સં. ૧૬૫૨ (સન ૧૫૯૫) છે. બરાબર આ સમયે શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજ, શ્રીજિનસિંહ સૂરિજી આદિ લાહોરમાં અકબરની પાસે હતા. આથી અકબરને જૈનધર્માનુરાગી કહેવડાવાનો શ્રેય સૂરિજીનેજ છે. કેમકે આ પ્રભાવ સૂરિજીના સતત ધર્મોપદેશનોજ છે.

પ્રોફેસર ઈશ્વરીપ્રસાદ પોતાના પુસ્તક A short history of Muslim Rule in India "ભારતના મોગલ શાસનનો સંક્ષિપ્ત ઈતિહાસ" નાં પ્રથમ સંસ્કરણમાં પૃષ્ઠ નં. ૪૦૬ પર લખે છે.

"The Jain teachers who are said to have greatly influenced the emperor's religions out look were Hiravijaya suri, Vijayasena suri, Bhanuchandra Upadhyaya and Jinchandra. From 1578 on wards one or two jain teachers always remained at the court of the Emperor. From the first he received instructions in the jain doctrine at Fatehpur and received him with great courtesy and respect. The last (i. e. jinchandra) is reported to have converted the emperor to jainism..............

Yet the jains exercised a far greater influence on his habits and made of life than the jesuits......

The tax on pilgrims to the Satrunjaya hills was abolished and the holy places of the jains were placed under his control. In short, Akbar's giving

up of meat, the prohibition of injury to Animal life were due to the influence of jain teacher's."

અર્થાત્--સમ્રાટના ધાર્મિક વિચારો પર મહાન પ્રભાવ પાડવાનું જે જૈન ગુરુઓ વિષે કહેવાય છે, તેઓ હીરવિજયસૂરિ, વિજયસેન-સૂરિ, ભાનુચન્દ્ર ઉપાધ્યાય અને જિનચન્દ્રસૂરિ હતા. સન્ ૧૫૬૮ પછી એક કે બે જૈનગુરુઓ સમ્રાટની રાજસભામાં સદા કાયમ રહ્યા કરતા. સરૂઆતથી તે સમ્રાટ અકબરે જૈન સિધ્ધાંતોની શિક્ષા ફતેપુરમાં પ્રાપ્ત કરી હતી. અને તેઓ જૈનગુરૂઓનો અત્યંત શ્રધ્ધા એવં આદરની સાથે સ્વાગત કરતા હતા. કહેવાય છે કે જિનચંદ્રસૂરિજીએ સમ્રાટને જૈન ધર્મમાં દીક્ષિત કરી દીધા હતા............ તેમ છતાંએ સમ્રાટના આચરણ અને ચાલચલન પર જેસુએટ (અન્યધર્મી) લોકો કરતાં જૈન લોકોનો પ્રભાવ બહુ અધિક હતો......., શત્રુંજય પર્વતના યાત્રિકો પરનો કરવેરો હટાવી દીધો હતો. અને જૈનોના તીર્થસ્થાનો સમ્રાટની સંરક્ષતામાં રાખ્યા હતા. સંક્ષેપમાં (એટલું કહેવું બસ છે કે સમ્રાટના ચિત્તમાં) માંસા-હારનો પરિત્યાગ અને જીવહિંસાનો વિરોધ (જે થયું તે) જૈન ગુરૂઓના પ્રભાવદ્વારાજ થયું હતું.

સાહિત્યમહારથી શ્રીમાન્ મોહનલાલ દલીચંદ દેસાઈ B. A. L. L. B. (VAKIL HIGH-COURT BOMAY) પોતાની પુસ્તક 'જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ' પૃ. ૫૫૬ માં આ પ્રમાણે લખે છે.

"તેમજ ખરતરગચ્છના જિનચંદ્રસૂરિ આદિએ સમ્રાટ અકબર પર ધીમે ધીમે ઉત્તરોત્તર વિશેષ પ્રમાણમાં પ્રભાવ પાડી તેને દયાદ્યાના પૂરા રંગવાળો કર્યો હતો તેમાં કિંચિત માત્ર શક નથી, એ વાતની સાક્ષી તે બાદશાહે બહાર પાડેલા ફરમાનો

પરથી, તેમજ અબુલ-ફજલની ‘ આઈન-ઈ-અકબરી, ’ બદાઉનીના ‘ અલ-બદાઉની, ’ ‘ અકબર-નામા ’ વગેરે મુસલમાન લેખકોએ લખેલા ગ્રંથો પરથી સ્પષ્ટ જણાય છે. ”

કેવળ અકબર પરજ નહીં, કિન્તુ એના પુત્ર સલીમ આદિ પર પણ સૂરિજીનો પ્રભાવ યથેષ્ટ હતો. એમનો આખો પરિવાર સૂરિજી મહારાજનો પરમ ભક્ત બની ગયો હતો. સમ્રાટના સભાસદ આદિ પર પણ સૂરિજીનો ખાસો પ્રભાવ હતો. જેમાં શેખ અબુલ-ફજલ,* આજમખાન, ખાનખાના અબ્દુર્રહીમ× અને નવાબ મુકુરબખાન આદિ વિશેષ ઉલ્લેખનીય છે. આ બાબતનો ઉલ્લેખ તત્કાલીન સૂરિજીની ગહૂંલીયોમાં મળી આવે છે. ÷

---

* અબુલફજલનો જન્મ સન્ ૧૫૫૧ ઇ. (હિ. સ. ૯૫૮ ના મોહરમની ૬ ઠ્ઠી તારીખે) થયો હતો. સન ૧૫૭૪ માં તેઓ અકબરના દરબારમાં દાખલ થયા. ધીરે ધીરે ઉંચી પદવી પ્રાપ્ત કરતાં કરતાં ઈ. સન્ ૧૬૦૨ માં એમને પાંચ હજારીનું મનસબ (સેનાધ્યક્ષપણું) મલ્યું. સમ્રાટ એમના શાંત સ્વભાવ, નિષ્કપટ વૃત્તિ અને સ્વામીભકિત પર વિશેષ સ્નેહ અને વિશ્વાસ રાખતા હતા. અબુલફઝલ અકબરના સર્વસ્વ હતા, એમ કહીએ તોય જરાય અતિશયોકિત નહીં થાય.

× ખાનખાનાનો જન્મ સં૦ ૧૬૧૩ના માગસર શુ. ૧૪ ના રોજ થયો હતો. એનું પૂરૂં નામ ‘ ખાનખાનાન મિર્ઝા અબ્દુર્રહીમ’ હતું. એના પિતાનું નામ ‘ બૈરામખાન ’ હતું. એણે ગુજરાત પર વિજય કર્યો એથી પ્રસન્ન થઇ સમ્રાટે એને “ખાનખાના” નો ખિતાબ આપ્યો. અને પાંચ હજાર ફોજનો સેનાપતિ બનાવ્યો આ બાબતમાં વિશેષ જાણવાને “ખાનખાના-નામા” અને ‘આઈન-ઈ-અકબરી’ જૂઓ.

÷ अवलियउ अकबर, तासु अंगज, सबल साहि सलेम।
शेख अबुल, आजम खानखाना, मानसिंहसुं प्रेम ॥ १ ॥
गच्छपति गाईयइ, जिनचंद्रसूरि, मुनिमहिराण।

(સમયસુંદર કૃત જિનચન્દ્રસૂરિ ગીત)

સં. ૧૬૧૭ માં પાટણમાં ધર્મસાગર નામના તપગચ્છીય ઉપાધ્યાયને ૮૪ ગચ્છે એકત્ર થઈ સંઘથી બહિષ્કૃત કરેલ, અને એના તત્ત્વતરંગિણી વૃત્તિ÷ આદિ ગ્રંથોને અપ્રમાણિક ઠરાવી અસભ્ય ગ્રંથોને એના પોતાના ગુરૂઓ તરફથીજ જલ-શરણ કરવામાં આવેલ. અને ધર્મસાગરે એ દુષ્કૃત્યનાં સંઘ સમક્ષ "મિચ્છામિ દુક્કડં" દીધાં. આ બધું વર્ણન અમે ચોથા પ્રકરણમાં કરી ચૂક્યા છીએ. આટઆટલું છતાંય સાગરજીએ પોતાની કુટેવ ન છોડી તે નજ છોડી. કેમકે એક માણસનો જ્યારે સ્વભાવ કે અભ્યાસ થઈ જાય છે, ત્યારે એને છોડવાનું કામ અસાધ્ય નહીં તો દુસ્સાધ્ય તો જરૂર થઈજ જાય છે.

÷ "આ તત્વતરંગીણી વૃત્તિની સં. ૧૬૧૭ ની લિખિત પ્રત પાટણના વાડીપાર્શ્વનાથ ભંડાર ડા. ૧૫ માં છે, તેમાં જણાવ્યું છે કે આ ગ્રંથનો કર્તા સર્વગચ્છ સૂરિઓથી જિનશાસનબાહ્ય ઉત્સૂત્ર પ્રરૂપણા કરવા માટે બહિષ્કૃત કરેલ ધર્મસાગર છે."

એક રાજસ્થાની કવિએ શું સુંદર વાક્ય કહ્યું છે કે-

"ज्यांरा पड्या स्वभाव के, जासी जीयसुं ।
नीम न मीठा होय जो, सींचो गुड़ घीयसुं"॥

આ કહેવત સાગરજીને બરાબર લાગુ પડી હતી. સં. ૧૬૨૯માં એમણે ફરીથી "પ્રવચન પરીક્ષા" નામક વિષમય અને સાહિત્યમાં કલંક સમો એક ગ્રંથ-નિર્માણ કર્યો. આમાં એમણે અનેક જૈન સંપ્રદાયોનું ખંડન કરી કેવળ પોતાની આચરણવાળાઓને સાચા બતાવવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. આ ગ્રંથ ઉપરાંત એમણે આજ વર્ષમાં ઈર્યાપથિકી ષટ્ત્રિંશિકા" અને અને સં. ૧૬૨૮માં "કલ્પકિરણાવલી" નામની વૃત્તિ બનાવી.

રજીના સ્વભાવનો મનન કરતાં આ વસ્તુ વધારે સંભવિત લાગે છે.

ધર્મસાગરજી વિષે વધુ જાણવા માટે (૧) ધર્મસાગર ગણિ રાસ અને શ્રીજિનવિજયજીનો "મહોપાધ્યાય ધર્મસાગર" નામક લેખ (આત્માનંદ પ્રકાશ પુ. ૧૫) અને એમના ઉત્સૂત્ર-પ્રરૂપણાને માટે તપાગચ્છીય વિદ્વાનો કૃત નીચેના ગ્રન્થો જૂઓ.

(૧) કુમુતાહિ વિષ જાંગુલી (૨) ષટ્ત્રિંશજ્જલ્પ વિચાર (૩) રત્નહિતોપદેશ (૪) બારબોલ રાસ (૫) સોહમકુલ રત્ન પટ્ટાવલી (૬) કલ્પ સુબોધિકાવૃત્તિ (૭) વિજય તિલક સૂરિ રાસ (૮) ષટ્ત્રિંશન્મધ્યસ્થ જલ્પ વિચાર (૯) લઘુષટ્ત્રિંશજ્જલ્પ વિચાર (૧૦) ૧૦૮ બોલ સજ્ઝાય (૧૧) છત્રીસ બોલ બાર બોલ સંગ્રહ (૧૨) કેવલી સ્વરૂપ સજ્ઝાય (૧૩) વિજયદાન, વિજયહીર અને વિજયસેન સૂરિના ૭-૧૨અને ૧૦ બોલ ઈત્યાદિ.

ખરતરગચ્છ વાળાઓએ પોતાના ગચ્છની આચરણાઓને સિદ્ધાંતસમ્મત પ્રમાણિત સિદ્ધ કરતાં ધર્મસાગરજીના ઉત્સૂત્રોના ખંડન રૂપે. (૧-૨) જય સોમજી કૃત પ્રશ્નોત્તરદ્વય (૨૬-૧૪૧ પ્રશ્ન), (૩) ગુણવિનયજી કૃત કુમતિ મત ખંડન (સં.૧૬૬૫), (૪) એમનીજ ૫૧ બોલ ચૌપાઈ સવૃત્તિ તથા (૫) લઘુ તપોટ વિચાર સાર (૬) ધર્મસાગર ખંડન આદિ ગ્રંથો બનાવ્યા.

કહેવાની જરૂર નથી કે આ ગ્રંથોમાંય સાગરજીએ પોતાના સહજ સ્વભાવાનુસાર વિકૃત અને ખંડનાત્મક શૈલિનેજ અપનાવેલ. એટલે આ બધા ગ્રંથોમાં પોતાની વિદ્યાના અભિમાનમાં ઉન્મત્ત બની ભયંકર અસત્ય આક્ષેપો અને સાથોસાથ અસભ્ય અને અતિ કટુ વચનોથી શ્રીજિનદત્તસૂરિજી આદિ યુગપ્રધાન શાસન પ્રભાવક મહાપુરુષોની નિંદાજ કરી.

સાગરજીના "મિથ્યા દુષ્કૃતો" પણ કલ્પસૂત્ર વૃત્તિ નિર્દિષ્ટ કુંભારના "મિચ્છામિ દુક્કડં"ની વાત જેવાજ રહ્યા, અને આવી એમની પ્રવૃત્તિથી જૈનશાસનમાં દ્વેષાગ્નિની વિષમજ્વાળાઓ અતિતીવ્રપણે પ્રકટી ઉઠી, જેના દુષ્ફળ આજે પણ બધા ગચ્છોમાં અરસપરસ વૈમનસ્ય રૂપે ભોગવાતું નજરે પડે છે. અન્ય ગચ્છવાળાઓને તો આથી વિશેષ હાનિ ન થઈ, પરંતુ તપગચ્છવાળાઓના કેટલાંય વિદ્વાનોએ એમનો પક્ષ લીધો, જેને પરિણામે એ ગચ્છની સંગઠન શક્તિ અત્યંત ક્ષીણ થઈ ગઈ, અને અંદરઅંદરના વેરઝેર એટલા બધા વધી ગયા કે જેથી "આણંદસૂર" અને "દેવસૂર" નામના બે ભેદ સદાને માટે થઈ ગયા. *

આપણા ચરિત્રનાયક શ્રીજિનચંદ્રસૂરિજીએ સમ્રાટની આગે અનેક વિદ્વાનોની મંડળીમાં ઉપર્યુક્ત પ્રવચન પરીક્ષાદિ ગ્રંથોની નિસ્સારતા અને અસત્યતા સિદ્ધ કરી બતાવી [illegible]

* [illegible]

વિદ્વાનોએ પણ એ ગ્રંથોને અપ્રમાણિત અને અમાન્ય કબૂલ્યા.×

ચાતુર્માસ પૂર્ણ થયા બાદ જે સમયે સૂરિજીએ લાહોરથી વિહાર કર્યો. એ સમયે એમની સાથે બહુ મોટા પ્રમાણનો સંઘ હતો. એની સાથે સૂરિજી મહારાજે ગુરુ મુકુટ+ સ્થાનમાં મંત્રીશ્વર કર્મચન્દ્રે બનાવેલ શ્રીજિનકુશલસૂરિજીના સ્થાનની યાત્રા કરી, જેનો ઉલ્લેખ રત્નનિધાનજી કૃત 'જિનકુશલસૂરિ સ્તવન" માં આ પ્રમાણે છે:—

मतिसागर कर्मचन्द्र मंत्रीश्वर मग्गिण जन दुख काटई ।
थिरथानक गुरुपगला थापी महिमंडलि जस खाटई ॥ १ ॥
युगप्रधान जिनचंद्र महामुनि जिनमाणिकसूरि पाटई ।
श्रीलाहोर सकल संघसेती, जातरा करत सुहु घाटई ॥ ४ ॥

ત્યાંથી ગ્રામાનુગ્રામ વિચરતા સૂરિમહારાજ હાપણાઈ પધાર્યા. ત્યાંના સંઘના ખાસ આગ્રહથી તેમણે સં. ૧૬૫૨ નો ચાતુર્માસ હાપણાઈ કર્યો. સૂરિજીની હાજરીથી સંઘમાં સારી ધર્મજાગૃતિના અંગે ધર્મની અતિભારે પ્રભાવના અને શાસનોન્નતિ થઈ.

× **वितथतया श्रीशाहिराजसमक्षं निराकृत(दूरीकृत)-कुमतिकृतोत्सूत्रीयकुवचनमय(असभ्यसंशनमय)प्रवचनपरीक्षादि-व्याख्यानविचारैः ।**

[સં. ૧૬૬૨ માં પ્રતિષ્ઠિત શ્રીબીકાનેર, ઋષભદેવજીની પ્રતિમાનો લેખ]

"**वली तपांसुं घणीवार पोथीनई मामलई पातस्या अकबर हजूरि पोथी खोटी करी जय पाम्या**"

(જિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાનભંડારસ્થ પટ્ટાવલી)

+ આ ગુરુ-મુકુટ નામનું સ્થાન લાહોરની નજીક હજીએ વિદ્યમાન છે દાદાજીના ચરણોના લેખ બાબતમાં શ્રીમાન્ બનારસીદાસ જૈન એમ. એ. પાસેથી જાણવા મળ્યું કે એ અક્ષરો ઘસાઈ જવાથી વંચાતા નથી.

પ્રકરણ ૭ મું

પંચનદી સાધના અને પ્રતિષ્ઠાઓ.

આગરામાં મંત્રીશ્વર કર્મચંદ્રના મુખથી સમ્રાટે શ્રીજિનચંદ્રસૂરિજીનું ચરિત્ર સાંભળેલું, જેમાં પંચનદીના પીરોની સાધનાના પ્રસંગનું વર્ણન કરતાં મંત્રીશ્વરે એમને બહુ ચમત્કૃત કરેલ. એટલે સૂરિજીને પણ એવી સાધના કરવા માટે એમણે વિનંતિ કરી. સમ્રાટના સેવાર્થ × અને

× પાટણના ભાભાજી પાર્શ્વનાથ મંદિરના શિલાલેખ (સં. ૧૬૫૩) માં આ પ્રમાણે લખેલ છે:

સંઘોન્નતિના હેતુથી સૂરિજીએ પંચનદી-સાધન કરવાનો વિચાર કર્યો. પ્રસંગની અનુકૂળતાઓ પ્રાપ્ત થતાં સૂરિજીએ ત્યાંથી વિહાર કર્યો, અને ગ્રામાનુગ્રામ ધર્મપ્રભાવના કરતા સંઘની સાથે મુલતાન પધાર્યા. સૂરિજીના આગમન-સમાચાર મળતાં નગરના તમામ લોકો સૂરિજીના દર્શને આવ્યાં, જેમાં ખાન, મલિક અને શેખ આદિ રાજ્યાધિકારીઓ પણ અનેક હતાં, તે બધાં સૂરિજીના દર્શનથી અલૌકિક આનંદ પામ્યા અને ધામધૂમથી નગરપ્રવેશોત્સવ કર્યો. ધર્મપ્રભાવના કરતા કરતા સૂરિજી ત્યાંથી પંચનદીના તટ પર ચન્દ્રવેલિ પત્તનમાં પધાર્યા. આ પ્રવાસ દરમ્યાન સમ્રાટની આજ્ઞાથી સૂરિજીને સર્વત્ર અનુકૂળતા રહી. સ્થળે સ્થળે એમનો ભારે આદર-સત્કાર થયો. અભયદાન આદિ ધર્મતત્ત્વનો ખૂબ પ્રચાર થયો. × સિંધ અને પંજાબમાં સૂરિજીની કીર્તિ ખૂબજ પ્રસરી ચૂકી અને જૈન ધર્મની ઉન્નતિ અને મહત્તા પણ વધી.

(?)दा(ना)दिविशेषश्रीसंघोन्नतिकारक-विजयमानगुरुयुगप्रधान श्री १०८ श्रीजिनचन्द्रसूरीश्वराणां...।

અમને આ શિલાલેખનો ફોટો ખરતરગચ્છનાયક શ્રીજિનકૃપાચંદ્ર સૂરિજીના વિદ્વાન શિષ્ય પ્રવર્તક શ્રીસુખસાગરજી પાસેથી મળ્યો, અને એની નકલો ગણાધીશ શ્રીહરિસાગરજી અને વિદ્વાન મુનિવર્ય શ્રીરત્નમુનિજી અચાર્યપદપ્રાપ્ત્યનંતર શ્રીજિનરત્નસૂરિજી મહારાજ પાસેથી પ્રાપ્ત થઈ છે.

हुकमि श्रीशाहिनई, पंच नदी साधिनई, उदय कियो संघनो सवायो
संघपति सोमजी, सुणो मुज वीनति, सोय जिणचंद गुरु आज आयो॥
[લબ્ધિ કલ્લોલ કૃત ગહૂંલી]

× ठामि ठामि हुकम श्रीशाहिनै, कहतां धर्म विचार
अभयदान महियले वरतावतां, संघउदय जयकार ॥५॥
(પદ્મરાજકૃત પંચનદી સાધન ગીત)



યુગપ્રધાનાચાર્ય શ્રીજિનચંદ્રસૂરિજીના પંચ નદી સાધવાનું દ્રશ્ય
[કલકત્તાવાલા શ્રીમાન્ લક્ષ્મીચંદજી શેઠના સૌજન્યથી સંપ્રાપ્ત પ્રાચીનચિત્ર]

સૂરિજી પંચ નદી (ના અધિષ્ઠાતા દેવોને) સાધીને× પ્રાતઃકાળમાં (પાછા ચંદુવેલી) પત્તન પધાર્યા. વિવિધ વાજિંત્રો વાગવા લાગ્યા., નગરમાં અપાર આનંદ છવાઈ રહ્યો. ભક્ત શ્રાવકોએ યાચકોને મોં માગ્યા દાન આપ્યાં. ધોરવાડ કુળના શાહ નાનિગના સુપુત્ર રાજપાળે પોતાના દ્રવ્યનો છૂટથી સદુપયોગ

× પંચ નદીની સાધના સર્વ પ્રથમ તો સંઘની ઉન્નતિને માટે શ્રીજિનદત્તસૂરિજીએ કરેલ. એ પછી જિનસમુદ્રસૂરિજી અને જિનમાણિક્યસૂરિજીએ પણ એ સાધના કર્યાનાં ઉલ્લેખો પટ્ટાવલિયોમાં મળે છે. પંચ નદી સાધનાની બાબતમાં શ્રીજિનવિજયજી સંપાદિત! ખરતરગચ્છ પટ્ટાવલી-સંગ્રહ! (પટ્ટાવલી નં. ૩) માં વિશેષ વૃત્તાંત જાણવા મળે છે. જો કે આ સાધનામાં અપ્કાય જીવોની વિરોધનાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, પરંતુ કારણ વશ જેમ નદી પાર કરવાની જિનાગમોમાં આજ્ઞા છે. (તેમ શાસન પ્રભાવનાને કારણે આ સાધનમાં દોષનું કારણ ન મનાય, શાસન પ્રભાવના નિમિત્તે તત્કાલીત ઈર્વિરિક ચક્રવતી નમુચીને પ્રાણાંત શિક્ષા દઈને પણ મહામુનિ વિષ્ણુકુમારજીએ માત્ર ઈર્યાપથીકી પ્રતિક્રમિનેજ આત્મશુદ્ધિ કરી શાસ્ત્ર પ્રસિધ્ધ છે,) આ પ્રશ્નનું વધુ સ્પષ્ટીકરણ ઉ. જયસોમજીએ પોતાના 'પ્રશ્નોત્તર ગ્રંથ' ના પ્રશ્ન નં. ૧૩૯ ના ઉત્તરમાં આ પ્રમાણે કરેલ છે:—

"जे खरतरगच्छि पंचनदी साधै छै, वली क्षेत्रपाल योगीनी नदी प्रमुख धर्मार्थीनइ साधवा नथी कहा, ते पिण साधै छै, वली इहां घणी जीव विराधना थाइ छे ते स्युं? तत्रार्थे:-श्रीसंघनइ समाधाननिमित्ति श्रीयुगप्रधान श्रीजिनदत्तसूरिजीए ५ नदीयांना देवता सूरि-मंत्रनई गुणणे तथा तप संयमई संतोष्या हुंता. देवताई पिण संतुष्ट थए थके वाचा लीधी हुंती जे इणइ देशमांहि तुमारा गच्छनायक आवे ते इहां ५ नदी नई एकठइ मेल थए सूरिमंत्र जाप करै, अम्हे पिण संघना विघ्न वारिस्यां एतलै वर दीधे थके श्रावक श्राविकाए पुणि तेह देवताने वली वाकुलनी

સૂરિજી પંચ નદી (ના અધિષ્ઠાતા દેવોને) સાધીને× પ્રાતઃકાળમાં (પાછા ચંદુવેલી) પત્તન પધાર્યા. વિવિધ વાજિંત્રો વાગવા લાગ્યા., નગરમાં અપાર આનંદ છવાઈ રહ્યો. ભક્ત શ્રાવકોએ યાચકોને મોં માગ્યા દાન આપ્યાં. ધોરવાડ કુળના શાહ નાનિગના સુપુત્ર રાજપાળે પોતાના દ્રવ્યનો છૂટથી સદુપયોગ

× પંચ નદીની સાધના સર્વ પ્રથમ તો સંઘની ઉન્નતિને માટે શ્રીજિનદત્તસૂરિજીએ કરેલ. એ પછી જિનસમુદ્રસૂરિજી અને જિનમાણિક્યસૂરિજીએ પણ એ સાધના કર્યાનાં ઉલ્લેખો પટ્ટાવલિયોમાં મળે છે. પંચ નદી સાધનાની બાબતમાં શ્રીજિનવિજયજી સંપાદિત! ખરતરગચ્છ પટ્ટાવલી-સંગ્રહ! (પટ્ટાવલી નં. ૩) માં વિશેષ વૃત્તાંત જાણવા મળે છે. જો કે આ સાધનામાં અપ્કાય જીવોની વિરોધનાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, પરંતુ કારણ વશ જેમ નદી પાર કરવાની જિનાગમોમાં આજ્ઞા છે. (તેમ શાસન પ્રભાવનાને કારણે આ સાધનમાં દોષનું કારણ ન મનાય, શાસન પ્રભાવના નિમિત્તે તત્કાલીત ઈત્વિરિક ચક્રવર્તી નમુચીને પ્રાણાંત શિક્ષા દઈને પણ મહામુનિ વિષ્ણુકુમારજીએ માત્ર ઈર્યાપથીકી પ્રતિક્રમિનેજ આત્મશુદ્ધિ કરી શાસ્ત્ર પ્રસિધ્ધ છે,) આ પ્રશ્નનું વધુ સ્પષ્ટીકરણ ઉ. જયસોમજીએ પોતાના 'પ્રશ્નોત્તર ગ્રંથ' ના પ્રશ્ન નં. ૧૩૯ ના ઉત્તરમાં આ પ્રમાણે કરેલ છે :—

"जे खरतरगच्छि पंचनदी साधै छै, वली क्षेत्रपाल योगीनी नदी प्रमुख धर्मार्थीनई साधवा नथी कहा, ते पिण साधै छै, वली इहां घणी जीव विराधना थाइ छै ते स्युं ? तत्रार्थेः-श्रीसंघनइ समाधाननिमित्ति श्रीयुगप्रधान श्रीजिनदत्तसूरिजीए ५ नदीयांना देवता सूरि-मंत्रनई गुणणे तथा तप संयमई संतोष्या हुंता. देवताई पिण संतुष्ट थए थके वाचा लीधी हुंती जे इणइ देशमांहि तुमारा गच्छनायक आवे ते इहां ५ नदी नई एकठइ मेल थए सूरिमंत्र जाप करै, अम्है पिण संघना विघ्न वारिस्यां एतलै वर दीधै थके श्रावक श्राविकाए पुणि तेह देवताने बली बाकुलनी

કરી ખૂબ સુયશપ્રાપ્ત કર્યો. ત્યાંથી સૂરિજી ઉચ્ચનગર આવ્યા. ત્યાં શાંતિદાયક સોળમા તીર્થંકર શ્રીશાંતિનાથપ્રભુના દર્શન, વંદન કરી "દેરાઉર" પધાર્યા. ત્યાં પ્રકટ પ્રભાવી દાદા સાહેબ શ્રીજિનકુશલસૂરિજીના સ્વર્ગસ્થાનમાં ચમત્કારી ગુરુચરણોના દર્શન કર્યા.

ત્યાંથી વિહાર કરી જૈસલમેર આવતાં સૂરિજીએ માર્ગમાં પોતાના ગુરૂ શ્રીજિનમાણિક્યસૂરિજીના સ્વર્ગસ્થાન પર એમનાં સુંદર સ્તૂપનાં દર્શન કર્યાં. અને નવહરપુરમાં પાર્શ્વનાથજીની યાત્રા કરી મિતિ ફાગણ સુદિ ૨ ના દિવસે જૈસલમેર પધાર્યા.

पूजा साहम्मी भणी कीधी, एतल मेलि संघनई कार्ये आज पिण ५ नदी साधै छै ए चालि छ. तथा ठाणांग सूत्र मांहि पांचमें ठाणै पांच महा नदी नउ कारणे "उत्तरित्तए वा संतरित्तए वा" इत्यादि पाठ जोज्यौ, जे उतरतां पिण जीव विराधना थातां ईरियावही प्रमुख पडिक्कमे, एवं विचारीज्यौ, तथा श्रुतदेवता, क्षेत्रदेवता, भुवनदेवताना काउसग्ग पडिक्कमणांमांहि करी थुइ प्रमुख कहै छै ते विमासिज्यौ दृष्टिराग छोडेज्यौ। वलि ईम लोक कहावत सांभली छई जे ऋषीमती हीरविजयसूरि, गच्छनई उदय निमित्त उच्छिष्ट चंडालिनी देवता मईलै प्रकारि साधवी मांडी हती पण कीणहीक मेलि न सधाणी किंतु कोपित थइ, पछी यतिशत २ तथा २५० यतिना यान दीधा पछै वली फेरी साधी गच्छ प्रतिष्ठा पिण थइ, इहां झूठ साच केवली जाणे वली धाणधारदेशे मगरवाड गाम पाल्हणपुरने पासि माणिभद्र नामें लोक प्रसिद्ध क्षेत्रपाल छइ सिंदूर तेल तिलवटीइं पूजाइ छै, तिहां लहुडी पोसालनां तपा आचार्य पद स्थापनानई अधिकारि सवा मण गुल पापडी करी पूजी एक राति गुणणा करी तेहनइ आराधै छै, पातिसाह पास जातां ऋषिमती हीरविजयसूरिंई पिण तेतली विधि गुलपांपडी करावी पाल्हणपुरना श्रावकां पासे पूजा करावी गुणणा करी श्रीजी पातिसाह पास गया, समहृता थया, ए वात सर्व लोक जाणे छै पाल्हणपुरना लोकने पुछी चौकस करिज्यों इम श्री मगरवाडि यक्ष आराधतां मिथ्यात न थाइ एवं विमासिज्यो।

સૂરિજી પંચ નદી (ના અધિષ્ઠાતા દેવોને) સાધીને× પ્રાતઃકાળમાં (પાછા ચંદુવેલી) પંત્તન પધાર્યા. વિવિધ વાજિંત્રો વાગવા લાગ્યા., નગરમાં અપાર આનંદ છવાઈ રહ્યો. ભક્ત શ્રાવકોએ યાચકોને મોં માગ્યા દાન આપ્યાં. ઘોરવાડ કુળના શાહ નાનિગના સુપુત્ર રાજપાળે પોતાના દ્રવ્યનો છૂટથી સદુપયોગ

× પંચ નદીની સાધના સર્વ પ્રથમ તો સંઘની ઉન્નતિને માટે શ્રીજિનદત્તસૂરિજીએ કરેલ. એ પછી જિનસમુદ્રસૂરિજી અને જિનમાણિક્ય-સૂરિજીએ પણ એ સાધના કર્યાનાં ઉલ્લેખો પટ્ટાવલિયોમાં મળે છે. પંચ નદી સાધનાની બાબતમાં શ્રીજિનવિજયજી સંપાદિત! ખરતરગચ્છ પટ્ટાવલી-સંગ્રહ! (પટ્ટાવલી નં. ૩) માં વિશેષ વૃત્તાંત જાણવા મળે છે. જો કે આ સાધનામાં અપ્કાય જીવોની વિરાધનાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે, પરંતુ કારણ વશ જેમ નદી પાર કરવાની જિનાગમોમાં આજ્ઞા છે. (તેમ શાસન પ્રભાવનાને કારણે આ સાધનમાં દોષનું કારણ ન મનાય, શાસન પ્રભાવના નિમિત્તે તત્કાલીત ઈત્વરિક ચક્રવર્તી નમુચીને પ્રાણાંત શિક્ષા દઈને પણ મહામુનિ વિષ્ણુકુમારજીએ માત્ર ઈર્યાપથીકી પ્રતિક્રમિનેજ આત્મશુદ્ધિ કરી શાસ્ત્ર પ્રસિધ્ધ છે,) આ પ્રશ્નનું વધુ સ્પષ્ટીકરણ ઉ. જયસોમજીએ પોતાના 'પ્રશ્નોત્તર ગ્રંથ' ના પ્રશ્ન નં. ૧૩૯ ના ઉત્તરમાં આ પ્રમાણે કરેલ છે :—

"जे खरतरगच्छि पंचनदी साधै छै, वली क्षेत्रपाल योगीनी नदी प्रमुख धर्मार्थीनई साधवा नथी कहा, ते पिण साधै छै, वली इहां घणी जीव विराधना थाइ छै ते स्युं ? तत्रार्थः—श्रीसंघनइ समाधाननिमित्ति श्रीयुगप्रधान श्रीजिनदत्तसूरिजीए ५ नदीयांना देवता सूरि—मंत्रनई गुणणे तथा तप संयमई संतोष्या हुंता. देवताई पिण संतुष्ट थए थके वाचा लीधी हुंती जे इणइ देशमांहि तुमारा गच्छनायक आवे ते इहां ५ नदी नई एकठइ मेल थए सूरिमंत्र जाप करै, अम्है पिण संघना विघ्न वारि-स्यां एतलै वर दीधै थके श्रावक श्राविकाए पुणि तेह देवताने बली बाकुलनी

ત્યાંના સંઘના હર્ષનો પાર ન રહ્યો. કેમકે સં. ૧૬૩૯ પછી પૂજ્યશ્રીનું જૈસલમેર ખાતે પધારવું થયું નહોતું, એટલે લોકોના દિલમાં ગુરૂદર્શનની અધિકાધિક અભિલાષા હતી. ત્યાંના રાવલ ભીમજી * અને સમસ્ત શ્રીસંઘે સૂરિ મહારાજનો પ્રવેશોત્સવ.

---

* આ રાવલ હરરાજજીના પુત્ર હતા. એમનો રાજ્યકાળ સં. ૧૬૫૦થી ૧૬૬૩ સુધી હતો. એમનો થોડોક પરિચય પ્ર૦ ૩, પૃ. ૨૭ પર લખેલ છે. સૂરિજીના એ અનન્ય ભક્ત હતા. સમયસુંદરજી કહે છે કે:—

रायसिंह राजा भीम राउल, सूर नय (ई?) सुरतान।
बडा बडा महीपति वयण मानई, दियै आदरमान ॥ गच्छपति० ॥

એમને વિષે વા. ગુણવિનયજી પણ એમની જિનચન્દ્રસૂરિ ગહુંલીમાં લખે છે કે:—

राउल श्रीभीम ईम कहईजी, यादव वंश वदीत रे।
पधारो जैसलमेरुनईजी, प्रीति धरी निज चित्त रे॥ १ ॥

તેઓ જૈન સાધુઓનું ભારે સન્માન કરતા. વા. સમયસુંદરજીએ એમને ઉપદેશ દઈ એમના રાજ્યમાં મયણા (મીના નામની જંગલી જાતિ) ઓ દ્વારા માર્યા જતા સાંઢેને છોડાવ્યા.

जीवदया जश लीध; राउल रंजी हो भीम जेसलगिरी।
करणी उत्तम किध; सांडा छोडाया हो देशमे मारता॥ ३७

(રાજ સોમજી કૃત, મહો. સમયસુંદરજી ગીત.)

सांडा छोडाया मयणे मारता जो, राउल भीम हजूर॥ समय०॥

(હર્ષનન્દન વાદી કૃત, સમયસુંદરજી ગીત)

વા. રાજસમુદ્રજી (સૂરિપદ પ્રાપ્ત્યનંતર શ્રીજિનરાજ સૂરિજી) એ આ રાવલજીની સભામાં તપાગચ્છવાળાઓને શાસ્ત્રાર્થમાં પરાજિત કર્યા હતા; જેનો ઉલ્લેખ કવિ શ્રીસારકૃત 'જિનરાજ સૂરિ રાસ'માં છે:—

जेसलमेरु दुरंगगढि, राउल भीम हजूरि।
वादइ तपा हरावियां. विद्या प्रबल पडूरि॥ ९॥

ખૂબ ધામધૂમથી કરાવ્યો. સંઘ અને રાવલજીના વિશેષ આગ્રહથી એમણે સં ૧૬૫૩નો ચતુર્માસ જૈસલમેર ખાતે કર્યો. ×

ચાતુર્માસ પૂર્ણ થતાં તુરતજ અમદાવાદથી પ્રાગ્વાટજ્ઞાતીય શ્રેષ્ઠી જોગી શાહના પુત્રરત્ન સંઘપતિ સોમજીના નવા જિનાલયની પ્રતિષ્ઠા કરવાની વિનંતિ મળતાં સૂરિજી જૈસલમેરથી વિહાર કરી ગ્રામાનુગ્રામ વિચરતા અમદાવાદ પધાર્યા. ત્યાં મહાસુદિ ૧૦ સોમવારે શ્રીઆદિનાથજી આદિ તીર્થંકરોના અનેક બિંબોની પ્રતિષ્ઠા કરી તે સમયે + આચાર્ય શ્રીજિનસિંહ સૂરિજી, ઉ. શ્રી સમયરાજ, ઉ. રત્ન નિધાન આદિ અનેક વિદ્વાન મુનિઓ એમની સાથે હતા, × સંઘપતિ સોમજી શિવાજીએ ખૂબ દ્રવ્યનો ખર્ચ કર્યો હતો, એક પટ્ટાવલીમાં આ પ્રસંગ પર ૩૬૦૦૦) રૂપીઆ ખર્ચ કર્યાનું લખેલ છે. ઉ. રત્નનિધાનજીએ સ્વરચિત જિનચન્દ્રસૂરિ ગહૂંલીમાં આ પ્રમાણે લખ્યું છે :-

> राजनगर प्रतिष्ठा करी, सबल मंडाण सुजगाइ रे।
> संघवी सोमजी लाछिकेतउ, लाह लियइ निज हाइ रे ॥२॥

સૂરિજીએ સં. ૧૬૫૪નો ચાતુર્માસ અમદાવાદમાંજ કર્યો.

× સૂરિજીની પંચ નદી સાધનાના સમયથી અહીં સુધીનું સમસ્ત વર્ણન શ્રીપરમાનંદજી કૃત "પંચ નદી સાધન (જિનચન્દ્રસૂરિ) ગીત" ગા. ૧૫ કે જે આ ગ્રંથના પરિશિષ્ટમાં આપેલ છે. તેના આધારે લખેલ છે.

+ આજે સૂરિજીની પ્રતિષ્ઠિત શ્રીશાંતિનાથજીની ધાતુ પ્રતિમા નાગપુરના શ્રીસુમતિનાથજી મંદિરમાં છે, જેનો લેખ બાબુ પૂરણચંદજી નાહર સંપાદિત "જૈન લેખ સંગ્રહ" ના લેખાંક ૧૩૯૦ માં છપાઇ ચૂકેલ છે.

+ ગણાધીશ શ્રીહરિસાગરજી મહારાજ પાસેથી સોમજીના જિનમંદિરનો લેખ મળ્યો છે, એમાં આ મુનિઓ હાજર હતાનો ઉલ્લેખ છે.

વિક્રમ સંવત ૧૬૫૪ માં ચોમાસાના પહેલાં સૂરિજીએ શત્રુંજયની યાત્રા કરી હતી અને ત્યાંની મોટી ટૂંક (વિમલવસહી) ની સમક્ષ સભામંડપમાં યુગપ્રધાન દાદા શ્રીજિનદત્તસૂરિજી તેમજ શ્રીજિનકુશલ સૂરિજીની પાદુકાઓ પ્રતિષ્ઠિત કરી હતી આ બન્નેના લેખો સરખા છે, એથી વાચકોના અવલોકનાર્થે એક લેખ અત્રે રજૂ કરીએ છીએ.

संवत् १६५४ वर्षे जेठ सुदि ११ रवि दिने श्रीबृहत्खरतर-गच्छे श्रीजिनकुशलसूरिजीपादुका श्रीयुगप्रधान श्रीजिनचन्द्र सूरिभिः प्रतिष्ठितं(।)च सं. सोना पुत्र मन्ना जगदाल पुत्र सं. ठाकरसिंह पुत्र संघवी सामल का० सपरिवारेण !

અમદાવાદનો ચાતુર્માસ પૂર્ણ થતાં સૂરિમહારાજ વિહાર ક્રમે ગ્રામાનુગ્રામ વિચરી ભવ્યાત્માઓને પ્રતિબોધ આપતા અનુક્રમે ખંભાત પધાર્યા અને સ્થાનીય સંઘની અત્યાગ્રહ ભરી વિનંતિનો સ્વીકાર તથા લાભાલાભનો પણ વિચાર કરી. સં. ૧૬૫૫નો ચાતુર્માસ ત્યાં ખંભાતમાં કર્યો. વિહાર પત્ર નં. ૧માં "શ્રી રાજાજીના તેડા૦" લખેલ છે. પરંતુ કયા ભકત નૃપતિનું આમંત્રણ હતું. એનું કોઇ પ્રમાણ નહિ હોવાને કારણે એ વિષે કંઇ કહી શકાય તેમ નથી.

ખંભાતથી વિહાર કરી સૂરીશ્વરજી અમદાવાદ પધાર્યા સંવત ૧૬૫૬નો ચતુર્માસ ત્યાં કર્યો. સમ્રાટ અકબર એ સમયે બરહાનપુર આવ્યા હતા. એમણે સૂરિજીનું સ્મરણ કર્યું. એ પછી એમણે ઇડર આદિ ગામોમાં ધર્મોન્નતિ કરી પાછા રાજનગર પધાર્યા. અત્રે મંત્રીશ્વર કર્મચન્દ્રજીનો દેહાંત થયો એટલે સમગ્ર સંઘ પર શોકની ઘેરી છાયા પ્રસરી ગઇ, કેમકે મંત્રીશ્વર સત્તરમી સદીના એક ઉજજવળ નરરત્ન હતા,

જૈનશાસન તેમજ દેશની સેવા અને ઉન્નતિ કરવામાં આગેવાન હતા. એ વાતોનો ઉલ્લેખ વિહારપત્ર નં. ૧ માં આ પ્રમાણે છે.

"तत्र वरहानपुरी श्रीजीए चीतार्या, पछई ईडर प्रमुख गामे थई घणा लाभ लई राजनगरि आव्या. अत्र * श्रीकर्मचन्द मंत्री परोक्ष थया."

મંત્રીશ્વર કર્મચન્દના મૃત્યુની સાલ સાહિત્યસંસારમાં અલભ્ય છે. આથી એમના સંબંધમાં અનેક ભ્રમાત્મક કિંવદંતિઓ (દંતકથાઓ) વહેતી થઇ છે; વિહારપત્રદ્વારા આ મહત્વપૂર્ણ સંવતનો નિર્ણય થતાં અનેક ભ્રમોનું નિવારણ થઈ જાય છે. આ બાબતમાં વધુ ચર્ચા મંત્રીશ્વર કર્મચન્દના જીવન પરિચયમાં કરવામાં આવશે.

શ્રીસુંદર કવિએ રચેલ "વિમલાચલ સ્તવન" ગા. ૯ પરથી જાણવા મળે છે કે આ સાલ(૧૬૫૬)માં માધવ (વૈશાખ) સુદિ ૨ ના રોજ સંઘની સાથે સૂરિજી મહારાજે ગિરિરાજ

* 'અત્ર' એ શબ્દથી વિવિક્ષિત ક્ષેત્રજ માની લેવું, એ એક જાતની ભ્રમણા છે, વર્તમાનકાળના અર્થમાં પણ વપરાએલ 'અત્ર' શબ્દ સાહિત્ય સંસારમાં દૃષ્ટિગત થાય છે, એટલે 'અત્ર' એ શબ્દ માત્રથી એમનો સ્વર્ગવાસ ક્ષેત્ર 'અમદાવાદ' માનવાને વિચારજ્ઞ મનુષ્ય ત્યાં સુધી તૈયાર નહીં થાય કે જ્યાં સુધી મંત્રીશ્વરનું સ્વનિવાસ સ્થાન લાહોરથી અમદાવાદ આવવામાં કોઇ ખાસ કારણ ઐતિહાસિક પ્રમાણોદ્વારા ઉપસ્થિત ન કરાય, હા જ્યારે સૂરિજી ઇડર તરફના વિહારથી પાછા અમદાવાદ આવ્યા. ત્યારે સૂરિજી મહારાજને મંત્રીશ્વરના સ્વર્ગગમનના સમાચાર મલ્યા હોય અને એને અંગે ત્યાંના સ્થાનિક સંઘમાં શોકની લાગણી છવાઇ ગઈ હોય, એ વાત જરૂર બનવા અને માનવા યોગ્ય છે. (ગુ સં. ના સંપાદક)

વિમલાચળની યાત્રા કરી હતી. ×

સૂરીશ્વરે સં. ૧૬૫૭ નો ચાતુર્માસ પાટણમાં કર્યો. ત્યાં અનેક ધર્મકાર્યો થયાં, ચાતુર્માસ બાદ સૂરિજી સીરોહી પધાર્યા. ત્યાંના નરેશ મહારાવ–સુરતાન સૂરિજીના પરમ ભક્ત હતા. એમણે તથા સંઘે સૂરિજીની ખૂબ સેવા–ભક્તિ કરી. મહાસુદિ ૧૦ ના રોજ સીરોહીમાં પ્રતિષ્ઠિત થએલ અષ્ટદલ કમલાકાર શ્રીપાર્શ્વનાથ પ્રભુની ધાતુમૂર્તિ કે જે બીકાનેરના શ્રીચન્દ્રપ્રભ સ્વામીના મંદિરમાં વિદ્યામાન છે, એનો લેખ આ પ્રમાણે છે:—

सं. १६५७ वर्षे माघ सुदि दसमी दिने श्रीसीरोही नगरे राजाधिराज श्रीसुरतान विजयराज्ये उपकेशवंशे बोहित्थराय गोत्रे विक्रमपुरवास्तव्य मं. दस्सू पौत्र म. खेतसी पुत्र मं. रूदाकेन सपरिकरेण कमलाकारदेवगृहमण्डितं पार्श्वनाथ बिंबं कारितं प्रतिष्ठितं च श्रीबृहत् खरतरगच्छाधिप श्रीजिनमाणिक्य सूरि पट्टालंकार (दिल्लीपति प्रदत्त युगप्रधान

× सोल छप्पन माधव सुदि बीजइ, संघ सहित परिवार।
युगप्रधान जिनचन्द्र जुहारिया, 'श्रीसुंदर' सुखकार ॥१॥

આ ઉપર્યુક્ત પ્રમાણમાં આવેલ 'માધવ' શબ્દનો અર્થ વૈશાખ છે, એથી સ્પષ્ટ જણાય છે કે સૂરિજી મહારાજે સં. ૧૬૫૬નું ચોમાસું અમદાવાદ કરીને નહીં, પણ સં. ૧૬૫૫નું ચોમાસું ખંભાત કર્યા પછી ખંભાત યા અન્ય કોઈ પણ સ્થળના સંઘ સાથે ગિરિરાજની યાત્રા કર્યા પછી ૧૬૫૬નું ચોમાસું અમદાવાદ કર્યું, જો ૧૬૫૬ના ચોમાસા બાદ માધવ (વૈશાખ) માસમાં યાત્રા કરી હોય તો યાત્રાનો સં. ૧૬૫૬ નહિ પણ ૧૬૫૭ હોવો જોઇએ, કારણ કે આ બધી પટ્ટાવલી આદિમાં લખેલા સંવતો કાર્તિકથી શરૂ થતા નથી. પણ ચૈત્રથી શરુ થતા લખેલ છે. (ગુ. સં. સંપાદક)

पट्टभूपितैः श्रीजिनचन्द्रसूरिभिः.........वाचक साधुसंयुतैः पूज्यमानं वंद्यमानं चिरं नंदतु। लि० उ० समयराजैः +।

અહીંથી પાછો ગુજરાત તરફ વિહાર કરી સૂરિ મહારાજ ખંભાત પધાર્યા, સં. ૧૬૫૮નો ચાતુર્માસ ખંભાત થયો. એ પછી સં. ૧૬૫૯ નો ચાતુર્માસ અમદાવાદ કર્યો. ત્યાંથી વિહાર કરી પાટણ પધાર્યા.

સં ૧૬૬૦ નું ચોમાસું પાટણ કરી, ગ્રામાનુગ્રામ વિહરતા વિહરતા મહેવા પધાર્યા ત્યાં ૧૬૬૧નું ચોમાસું થયું શ્રી નાકોડા પાર્શ્વનાથજીની યાત્રા કરી તેમજ અનેક ધર્મકાર્યો થયા, ત્યાં કાંકરિયા ગોત્રના કમ્મા શેઠ સૂરિજીના પરમ ભક્ત હતા, એમણે સૂરિજીના વરદ હસ્તે પ્રતિષ્ઠા કરાવી. *

સં. ૧૬૩૮ પછી સૂરીજીનો બીકાનેર ખાતે ચાતુર્માસ

+ સૂરિજીએ પ્રતિષ્ઠિત અષ્ટલ કમલાકાર જિન પ્રતિમાઓ બિકાનેરના બીજાં પણ કેટલાંય મંદિરોમાં છે. આ કમલ–આકાર દેવગૃહની ૮ પાંખડીઓમાંથી બે નહીં મળવાના કારણે આ લેખનો મધ્ય ભાગ અપૂર્ણ રહી ગયો છે.

* વિચાર પત્ર નં. ૧ માં कम्मइ प्रतिष्ठा करावी લખેલ છે. એની સાથે બીજાં પણ કેટલાંક જિન બિમ્બોના પ્રતિષ્ઠા થઈ હતી. જેમાંની એક મૂર્તિ બીકાનેર ગો ાની ગવાડમાંહિના આદિનાથ મંદિરમાં છે, જેનો લેખ આ પ્રમાણે છે:–

सं. १६६१ वर्षे मार्गशीर्षमासे प्रथमपक्षे पंचमीवासरे गुरुवारे ऊकेशवंश-बहुरागोत्रे शाह अमरसी पुत्र साह राम पुत्ररत्न .... रेण श्रीशान्तिनाथबिंबं कारितं श्रीबृह.......सरे युगप्रधान जिनचन्द्र सूरिभिः

ભરૂચના મુનિસુવ્રત જિનાલયમાં આજ તિથિએ પ્રતિષ્ઠિત થએલ વિમલનાથ પ્રભુની પ્રતિમા છે. જેનો લેખ "જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ" ભા. ૨ જામાં છપાએલ છે.

નહોતો થયો, એટલે બીકાનેરનો સંઘ એમના દર્શન માટે ખૂબ ઉત્સુક હતો. આથી સૂરિજીને પોતાની નજીક આવ્યા જાણી, અત્યંત હર્ષસહ એમને ત્યાં પધારવાની વિનંતિ કરવા સંઘના મુખ્ય શ્રાવકો મહેવા ગયા; અને બીકાનેરમાં ચાતુર્માસ કરવા અત્યંત આગ્રહપૂર્વક પ્રાર્થના કરી. સંઘની ખૂબ ભકિત અને આગ્રહને વશ થઈ તેઓશ્રી બીકાનેર પધાર્યા. સૂરિજીના શુભાગમનથી ત્યાંના મહારાજા રાયસિંહજી અને શ્રીસંઘે હર્ષિત થઈ એમનો નગર પ્રવેશ ખૂબ સમારોહપૂર્વક કરાવ્યો. ઘણાં વર્ષો પછી આવ્યા હોવાને કારણે સંઘની ભકિત અને ધર્મપરાયણતાનો શ્રોત અપૂર્વ રીતે વહેવા લાગ્યો, અને ચાતુર્માસમાં ખૂબ ખૂબ ધર્મપ્રભાવના થઈ.

ખરતરગચ્છ શ્રીસંઘે નાહટાઓની ગુવાડમાં શ્રીશત્રુંજ્યાવતાર નામે શ્રીઋષભદેવ ભગવાનના જિનાલયનું નિર્માણ કર્યું. એની પ્રતિષ્ઠા સં. ૧૬૬૨ના ચૈત્ર વદિ ૭ના રોજ સૂરિજીએ વિધિપૂર્વક કરી. એ સમયે પાષાણની ૪૦ મૂર્તિઓની પ્રતિષ્ઠા કરી, + જેમાંની ઘણીખરી આજેય ત્યાં મૌજૂદ છે. કેટલીક મૂર્તિઓ

+ अडसठ अंगुल प्रतिमा बडी, उज्जवल दल आरासे घडी।
झिगमिग ज्योति तणो विस्तार, जय जय शत्रुंजय अवतार ॥२॥

× × ×

दोई रस (रस) शशिमित (१६६२) वरसै रे, चेतवदी सातम दिवसै रे।
युगवर श्रीजिनचन्द यतीशै रे, प्रतिष्ठा कीधी जगीशै रे ॥५॥
वलि श्रावक श्राविकारी रे, प्रतिमा चालीश विचारी रे।
उच्छव करि इहां वित्त वावई रे, निज भत्तितणो फळ भावई रे॥६॥
(સં. ૧૬૬૪ પોષ સુદી ૯ સુમતિકલ્લોલ કૃત ઋષભ રતવન)
"संवत सोल बासठी समई, चैत्र सातमि वदि जेहो जी।
युगप्रधान जिनचन्दजी, बिम्ब प्रतिष्ठ्या एहो जी ॥ ८ ॥

અન્યત્ર પણ મળી આવે છે, જેમાં ત્રણ મૂર્તિઓ શ્રીસુપાર્શ્વ-નાથજીના મંદિરમાં અને એક મૂર્તિ વોરાની સેરીના શ્રીમહાવીર સ્વામીના દેરાસરમાં બીજે માળે મૂળનાયકરૂપે વિરાજમાન છે.

આ પ્રતિષ્ઠા સમયે સૂરિજીની સાથે એમના પટ્ટધર શિષ્ય આચાર્ય શ્રીજિનસિંહ સૂરિજી, ઉ. શ્રીસમયરાજજી, ઉ. રત્ન-નિધાનજી વાચક પુણ્યપ્રધાનજી આદિ હતા. × પાષાણ પ્રતિમાઓ ઉપરાંત આ સમયે પ્રતિષ્ઠિત થએલ કેટલીક અષ્ટદલ કમલાકાર મૂર્તિઓ પણ મળે છે. જેમાંથી ૧ આદિનાથજીના મંદિરમાં, અને કેટલીક અન્ય મંદિરોમાં પણ દેખાઇ દે છે.

આ પછી સં. ૧૬૬૨ના વૈશાખ વદિ ૧૧ને દિવસે બીજો પ્રતિષ્ઠોત્સવ થયો. તે સમયની પ્રતિષ્ઠિત કરેલ ધાતુમૂર્તિ શ્રીસુપાર્શ્વનાથજીના મંદિરમાં છે, જેનો લેખ આ પ્રમાણે છેઃ—

"सं. १६६२ वर्षे वैशाख वदी ११ शुक्रे ओ० जातीय शिवराज सुत पासा भा. सादिक सुत कुंवरसी भा.......दि सपरिवारै: श्रीमुनिसुव्रतबिम्बं का. प्र. श्रीबृहत्.........श्रीजिनचन्द्र..."

સૂરિજીએ સં. ૧૬૬૩ નો ચાતુર્માસ પણ લાભ જોઇ બીકાનેરમાંજ કર્યો, વિહારપત્રમાં "तत्र प्रतिष्ठा" લખેલ છે, સંભવ છે કે ડાગોની ગુવાડવાળા શ્રીમહાવીર સ્વામીના મંદિરની પ્રતિષ્ઠા કરાવી હોય, પરંતુ ત્યાં કોઈ શિલાલેખાદિ ન

मूलनायक प्रतिमा नमुं, आदीसर निसदीसो जी ।
सुन्दर रूप सुहामणउ, बीजी वलि च्यालीसो जी ॥ ९ ॥
(સમયસુન્દર કૃત સ્તવન ગા. ૧૧)

× આ બધાનાં નામ બીકાનેરના શ્રીઋષભદેવજીના મંદિરના લેખોમાં મળી આવે છે. એ તમામ લેખો અમારા સંગ્રહમાં છે. મૂળ નાયકજીનો લેખ વિસ્તૃત હોવાને કારણે અત્રે નથી આપ્યો. બીકાનેરના સમસ્ત લેખોનો સંગ્રહ પુસ્તકાકારે અમારા તરફથી પ્રકાશિત થયેલ છે.

નહોતો થયો, એટલે બીકાનેરનો સંઘ એમના દર્શન માટે ખૂબ ઉત્સુક હતો. આથી સૂરિજીને પોતાની નજીક આવ્યા જાણી, અત્યંત હર્ષસહ એમને ત્યાં પધારવાની વિનંતિ કરવા સંઘના મુખ્ય શ્રાવકો મહેવા ગયા; અને બીકાનેરમાં ચાતુર્માસ કરવા અત્યંત આગ્રહપૂર્વક પ્રાર્થના કરી. સંઘની ખૂબ ભકિત અને આગ્રહને વશ થઈ તેઓશ્રી બીકાનેર પધાર્યા. સૂરિજીના શુભાગમનથી ત્યાંના મહારાજા રાયસિંહજી અને શ્રીસં હર્ષિત થઈ એમનો નગર પ્રવેશ ખૂબ સમારોહપૂર્વક કરાવ્યો ઘણાં વર્ષો પછી આવ્યા હોવાને કારણે સંઘની ભકિત અ ધર્મપરાયણતાનો શ્રોત અપૂર્વ રીતે વહેવા લાગ્યો, ચ ચાતુર્માસમાં ખૂબ ખૂબ ધર્મપ્રભાવના થઈ.

ખરતરગચ્છ શ્રીસંઘે નાહટાઓની ગુવાડમાં શ્રીશત્રુંજ વતાર નામે શ્રીઋષભદેવ ભગવાનના જિનાલયનું નિર્માણ ક ઓની પ્રતિષ્ઠા સં. ૧૬૬૨ના ચૈત્ર વદિ ૭ના રોજ સૂરિ વિધિપૂર્વક કરી. એ સમયે પાષાણની ૪૦ મૂર્તિઓની પ્રતિષ્ઠા + જેમાંની ઘણીખરી આજેય ત્યાં મૌજૂદ છે. કેટલીક મૂ

+ अडसठ अंगुल प्रतिमा वडी, उज्जवल दल आरासे घडी।
झिगमिग ज्योति तणो विस्तार, जय जय शत्रुंजय अवतार।

× × ×

दोइ रस (रस) शशिमित (१६६२) वरसै रे, चेतवदी सातम
युगवर श्रीजिनचन्द यतीशै रे, प्रतिष्ठा कीधी जगीशै रे
वलि श्रावक श्राविकारी रे, प्रतिमा चालीश विचारी रे
उच्छव करि इहां वित्त वावई रे, निज भत्तितणो फल भाव
(સં. ૧૬૬૪ પોષ સુદી ૯ સુમતિકલ્લોલ કૃત ઋષભ
"संवत सोल बासठी समइ, चैत्र सातमि वदि जेहो ज
युगप्रधान जिनचन्दजी, बिम्ब प्रतिष्ठ्या एहो जी

અન્યત્ર પણ મળી આવે છે, જેમાં ત્રણ મૂર્તિઓ શ્રીસુપાર્શ્વ-નાથજીના મંદિરમાં અને એક મૂર્તિ વોરોની સેરીના શ્રીમહાવીર સ્વામીના દેરાસરમાં બીજે માળે મૂળનાયકરૂપે વિરાજમાન છે.

આ પ્રતિષ્ઠા સમયે સૂરિજીની સાથે એમના પટ્ટધર શિષ્ય આચાર્ય શ્રીજિનસિંહ સૂરિજી, ઉ. શ્રીસમયરાજજી, ઉ. રત્ન-નિધાનજી વાચક પુણ્યપ્રધાનજી આદિ હતા. × પાષાણ પ્રતિમાઓ ઉપરાંત આ સમયે પ્રતિષ્ઠિત થએલ કેટલીક અષ્ટદલ કમલાકાર મૂર્તિઓ પણ મળે છે. જેમાંથી ૧ આદિનાથજીના મંદિરમાં, અને કેટલીક અન્ય મંદિરોમાં પણ દેખાઇ દે છે.

આ પછી સં. ૧૬૬૨ના વૈશાખ વદિ ૧૧ને દિવસે બીજો પ્રતિષ્ઠોત્સવ થયો. તે સમયની પ્રતિષ્ઠિત કરેલ ધાતુમૂર્તિ શ્રીસુપાર્શ્વનાથજીના મંદિરમાં છે, જેનો લેખ આ પ્રમાણે છેઃ—

"सं. १६६२ वर्षे वैशाख वदी ११ शुक्रे ओ० जातीय शिवराज सुत पासा भा. सादिक सुत कुंवरसी भा......दि सपरिवार: श्रीमुनिसुव्रतबिम्बं का. प्र. श्रीबृहत्.........श्रीजिलचन्द्र..."

સૂરિજીએ સં. ૧૬૬૩ નો ચાતુર્માસ પણ લાભ જોઇ બીકાનેરમાંજ કર્યો, વિહારપત્રમાં "तत्र प्रतिष्ठा" લખેલ છે, સંભવ છે કે ડાગોની ગુવાડવાળા શ્રીમહાવીર સ્વામીના મંદિરની પ્રતિષ્ઠા કરાવી હોય, પરંતુ ત્યાં કોઈ શિલાલેખાદિ ન

मूलनायक प्रतिमा नमूं, आदीसर निसदीसो जी ।
सुन्दर रूप सुहामणउ, बीजी वलि च्यालीसो जी ॥ ९ ॥
(સમયસુન્દર કૃત સ્તવન ગા. ૧૧)

× આ બધાનાં નામ બીકાનેરના શ્રીઋષભદેવજીના મંદિરના લેખોમાં મળી આવે છે. એ તમામ લેખો અમારા સંગ્રહમાં છે. મૂળ નાયકજીનો લેખ વિસ્તૃત હોવાને કારણે અત્રે નથી આપ્યો. બીકાનેરના સમસ્ત લેખોનો સંગ્રહ પુસ્તકાકારે અમારા તરફથી પ્રકાશિત થયેલ છે.

મળવાથી એ વાત નિશ્ચયપૂર્વક નથી કહી શકતા. આ મંદિરમાંજ સં. ૧૬૬૪ના વૈશાખ સુદિ ૭ના રોજ પ્રતિષ્ઠિત કરેલ ધાતુપ્રતિમા છે, જેનો લેખ આ પ્રમાણે છે :–

"सं १६६४ वर्षे वैशाख सुदि ७ गुरुवारे राजा श्रीरायसिंहविजयराज्ये श्रीविक्रमनगरवास्तव्यश्रीओसवाल ज्ञातीय वोहित्थरगोत्रीय सा वणवीर भार्या वीरमदेपुत्र हीरा भार्या हीरादे पुत्र पाम भार्या पाटमदे पुत्र तिलोकसी भार्या तारादे पुत्ररत्न लखमसीकेन अपरमातृ रंगादे पुत्र चोला सपरिवार–सश्रीकेन श्रीकुन्थुनाथविम्ब कारितं प्रतिष्ठितं च श्रीबृहत्खरतरगच्छाधिराज श्रीजिनमाणिक्यसूरिपट्टालंकार युगप्रधान श्रीजिनचन्द्रसूरिभिः पूज्यमानं चिरं नंदतु ॥ कल्याणमस्तु ।

"શ્રીચિન્તામણિજી" મંદિરના ગુપ્તભંડારમાં પણ આજ દિવસે પ્રતિષ્ઠિત થએલ ધાતુમૂર્તિ છે એનો લેખ આ પ્રમાણે છે.

"सं. १६६४ प्रमिते वैशाख सुदि ७ गुरुपुष्ये राजा श्रीरायसिंहजीविजयराज्ये श्रीविक्रमनगरवास्तव्य श्रीओसवाल ज्ञातीय गालवच्छागोत्रीय सा० रूपा भार्या रूपादे पुत्र मिन्ना भार्या माणकदे पुत्ररत्न सा० वन्नाकेन(भा०) वल्हादे पुत्र नथमल–कपूरचन्द्रप्रमुखपरिवारसश्रीकेन श्रीश्रेयांसबिंब कारितं प्रतिष्ठितं च श्रीबृहत्खरतरगच्छाधिराज श्रीजिनमाणिक्यसूरि पट्टालंकारहार श्रीशाहि प्रतिबोधक युगप्रधान श्रीजिनचन्द्रसूरिभिः पूज्यमानं चिरं नंदतु ॥ श्रेयः ॥"

વૈશાખ સુદિ ૭ પછી વિહાર કરી લવેરે પધાર્યા, ને સં. ૧૬૬૪નો ચાતુર્માસ ત્યાં કર્યો. જોધપુરથી રાજા સૂરસિંહજી વંદના કરવા આવ્યા, ને સૂરિજી સાથે ધર્મગોષ્ઠિ કરી ખૂબ આનંદ પામ્યા, ને યુગપ્રધાન ગુરૂવર્યનું સન્માન વધારવા નિમિત્તે પોતાના રાજ્યમાં શ્રાવકો સૂરિજીને વાજિંત્ર વગાડતા

લઇ આવે, એ સામે કોઈ વાંધો ન ઉઠાવે, એ માટે પરવાનો લખી આપ્યો, જેની નકલ આ પુસ્તકનાં પરિશિષ્ટ (ગ) માં છાપેલ છે. આ મહારાજા સૂરસિંહજી * સૂરિજીના પ્રસિદ્ધ ભક્ત હતા, એમના નામનો ઉલ્લેખ સમયસુંદરજી પોતાના આલિજા ગીત કે જે અપૂર્ણ મળેલ છે, તેમાં આ પ્રમાણે કરે છેઃ—

शाही सलेम सहु उमरा, भीम सूर भूपाल ।
चीतारइ तूंनइ चाहसुं, पूज्यजी पधारो कृपाल ॥५॥

લવેરાથી વિહાર કરી સૂરિજી મેડતા પધાર્યા, જ્યાં એમણે સં. ૧૬૬૫નો ચાતુર્માસ કર્યો. ચાતુર્માસ પછી અમદાવાદના ખાસ આમંત્રણથી સૂરિજી રાજનગર પધાર્યા. ત્યાંથી વિહાર કરતા કરતા ખંભાત પધાર્યા, ને સં. ૧૬૬૬નો ચાતુર્માસ ખંભાતમાં કર્યો. એ પછી સં. ૧૬૬૭નો ચાતુર્માસ અમદાવાદમાં કરી પાટણ પધાર્યા અને સં ૧૬૬૮નું ચોમાસું પાટણ ખાતે કર્યું. આ વર્ષો દરમ્યાન બીજાંય ઘણાં જૈન મંદિરોની પ્રતિષ્ઠાઓ સૂરિજીના વરદ હસ્તે થઈ. ×

---

* તેઓ સં. ૧૬૫૨ ના શ્રાવણ માસમાં લાહોર ખાતે એમના પિતા ઉદયસિંહના ઉત્તરાધિકારી બન્યા મહા સુદિ ૫ ના જોધપુરમાં એમનો રાજ્યાભિષેક થયો. એમને સમ્રાટે બેહાદુરી'જનત' અને સવાસાત હજારનો 'મનસબ' દીધેલ. તેઓ ખરા વીર, દાની અને નીતિચતુર વિદ્વાન હતા. કહેવત છે કે–એક દિવસમાં એમણે ચાર કવિઓને એક લાખનું દાન કરેલું. સં. ૧૬૭૦ માં એમનો સ્વર્ગવાસ થયો.

× એક પટ્ટાવલીમાં સં. ૧૬૬૮ ના મહાશુદિમાં તીર્થાધિરાજ શ્રી શત્રુંજય પરના નવા જિનપ્રાસાદમાં સૂરિજીના હસ્તકમલ વડે અર્હંત્ બિંબોની પ્રતિષ્ઠા થયાનો ઉલ્લેખ આ પ્રમાણે મળે છેઃ-

" संवत १६६८ वर्षे माघसुदिमांहि श्रीशत्रुंजय उपरि नवीन प्रासाद,

યદ્યપિ સૂરિમહારાજના પવિત્ર કરકમલો વડે પ્રતિષ્ઠાદિ મહોત્સવો અંકો થયા. જેનો સંપૂર્ણ ઇતિહાસ તો તથાવિધ સામગ્રીના અભાવે આલેખિત થવો અશકય છે. તથા યથાપ્રાપ્ય અને યથાશકય વૃત્તાંત આ પ્રકરણમાં આલેખ્યું છે.



तिहांइज प्रतिमानी प्रतिष्ठा कीधी. बीजी पणि घणी प्रतिष्ठा कीधी।"

(બીકાનેર જ્ઞાનભંડાર-પટ્ટાવલી)

ઉ૦ ક્ષમાકલ્યાણ ગણિ કૃત પટ્ટાવલીમાં શ્રીજિનસિંહ સૂરિજીના શિષ્ય રાજસમુદ્રજી (શ્રીજિનરાજ સૂરિજી) ને આ વર્ષે આસાવલીપુરમાં 'વાચક' પદ દીધાનો ઉલ્લેખ આ પ્રમાણે છે.

सं. १६६८ आसाउर्लापुरे श्रीजिनचन्द्रसूरिभिः वाचकपदं प्रदत्तम्॥

શ્રીસાર કવિ કૃત "જિનરાજસૂરિરાસ" માં પણ વાચકપદ આપવાનો ઉલ્લેખ છે, તે આ પ્રમાણે:—

"वाचनाचारज पद दियउ, श्रीजिनचन्द्रसूरिन्द।
पाटोधर प्रतपउ प(स)दा, रलिय रंग आणंद॥५॥"

પ્રકરણ ૧૧ મું

મહાન શાસન સેવા

સમ્રાટ અકબર ન્યાયપરાયણતાએ રાજ્યશાસન કરીને સં. ૧૬૬૨ ના કાર્તિક સુદિ ૧૪ મંગલવારની રાત્રે કાળધર્મ પામ્યા. સમ્રાટના સર્વ ધર્મો પર સમભાવ અને પ્રજાવાત્સલ્યના ગુણ પર પ્રજા ખૂબ ખૂબ પ્રસન્ન હતી. મુસલમાન શાસકોમાં એક આજ એવા સમ્રાટ થયા કે જેના રાજ્યકાળ દરમ્યાન હિંદુ મુસલમાન બંનેએ શાંતિપૂર્વક જીવનનિર્વાહ કર્યો. સમ્રાટના મૃત્યુથી હિંદુ તેમજ મુસલમાન બન્નેના હૃદય શોકાતુર બની ગયા, સર્વત્ર હાહાકાર મચી ગયો, એનું થોડુંક વર્ણન "બનારસી-વિલાસ"માં મળી આવે છે. સમ્રાટના દેહાવસાન પછી એમના પુત્ર શાહજાદા સલીમ "નૂરુદ્દીન જહાંગીર" નું બિરુદ ધારણ કરી આગરામાં સિંહાસનારૂઢ થયા, જ્યારથી લાહેરમાં (સૂરિજીની) પધરામણી થએલ ત્યારથીજ શાહજાદા એમને સન્માનની દૃષ્ટિથી જોતા, અને એમના ભક્ત બની ગયા હતા.

સમ્રાટ જહાંગીર ખૂબ મદિરાપાન × કરતા હતા તેમજ સ્વભાવે અતિશીઘ્ર ક્રોધી હતા. આ બેમાંથી જો એક પણ દુર્ગુણ હોય તો મનુષ્ય અનેક અવિચારી અને અનર્થના કાર્યો કરી નાંખે છે, તો જ્યાં બન્ને દુર્ગુણો વિદ્યમાન હોય, એની તો વાતજ શી કરવી ?

સં. ૧૬૬૮માં * કોઈ એક સાધ્વાચારહીન વેષધારીને

× સમ્રાટ સ્વયં પોતાની આત્મજીવનની (જહાંગીરનામા) માં આ વાત સ્વીકારે છે.

* વિહાર પત્ર નં. ૧ અને લબ્ધિશેખર કૃત જિનચન્દ્રસૂરિ ગીત (અવતરણ પૃ. ૧૪૧) પરથી આ ઘટના સં. ૧૬૬૮ માં બન્યાનું સિદ્ધ થાય છે. ગીતપરથી તો એ પણ જાણવા મળે છે કે સં. ૧૬૬૮ માં કે જ્યારે સૂરિજીનો ચાતુર્માસ પાટણ ખાતે હતો, ત્યારે આગરાના સંઘ તરફથી પોતાને ત્યાં શીઘ્ર પધારવાનો વિજ્ઞપ્તિ પત્ર ચાતુર્માસની અંદરજ આવ્યો હતો એટલે ચાતુર્માસ પૂર્ણ થતાં તરતજ સૂરિજી મહારાજ લાંબો વિહાર કરી આગરા પધાર્યા હતા, સં. ૧૬૬૯ માં તો સૂરિજીએ સમ્રાટને પ્રતિબોધ આપી સાધુ વિહાર પ્રતિબંધક હુકમને રદ કરાવી સાધુ સંઘની મહાન રક્ષાની સાથે સમગ્ર જૈન શાસનની પણ અપૂર્વ સેવા કર્યાનું સૌભાગ્ય પ્રાપ્ત કર્યું હતું. આ વાત સં. ૧૬૬૯માંજ રચાએલ વાદી હર્ષનંદન કૃત 'આચારદિનકર' પ્રશસ્તિથી સિદ્ધ થાય છે.

वृद्धे खरतरगच्छे, श्रीमज्जिनभद्रसूरिसन्ताने ।
श्रीजिनमाणिक्ययतीश्वर-पट्टालंकारदिनकारे ॥ १ ॥
राज्ये राउलभीमनामनृपतेः कल्याणमल्लस्य च,
वर्षे विक्रमतस्तु षोडशशते एकोनसत्सप्ततौ (१६६९)।
जाग्रद्भाग्यज(च)ये प्रवुद्धयवनाधीशप्रदत्ताभये,
साक्षात् पंचनदीशसाधनविधौ, संप्राप्तलोकस्मये ॥ २ ॥
यावज्जैनसुतीर्थदंडकरयोः सम्मोचनाख्या(तये)लये,
गोरक्षाजलजीवरक्षणविधिप्राप्तप्रतिष्ठाश्रये ।
देशाकर्षणसाधुदुःखदलनात् कारुण्यपुण्याशये,

અનાચારનું સેવન કરતો જાણી+ સમ્રાટે એને દેશનિકાલ કર્યો, અને અન્ય સર્વે યતિ સાધુઓના ચારિત્ર્ય બાબતમાં શંકિત બની પોતાના ઉતાવળીઆ અને ક્રોધી સ્વભાવના અંગે આવો હુકમ સર્વત્ર જાહેર કરી દીધો કે—મારા રાજ્યમાં જે કોઈ દર્શની, સાધુ યતિ હોય એમને કાં તો ગૃહસ્થી બનાવી દેવાય, નહીં તો તેઓને મારા રાજ્યમાંથી બહાર કાઢી દેવાય ⁕

तत्तद्रूपविलोकरंजितमनः श्रीनूरदीरंजनात् ॥ ३ ॥
श्रीमच्छ्रीजिनचन्द्रसूरिसुगुरौ यौगप्रधाने चिरं,
राज्यं कुर्व्वति जैनसिंहसुगुरोः सद्यौवराज्ये किल ।

જિનસાગરસૂરિ રાસમાં—

संवत सोल गुणहतरई, बूझवि साहि सलेम ।
जिनशासन मुगतउ कर्यो, खरतरगच्छमइं खेम ॥ १३ ॥

(ઐ૦ જૈ. કા. સં. [illegible])

સં. ૧૬૭૦ ચૈત્ર સુદિ ૧૦ ના રોજ લખાએલ વિજ્ઞપ્તિપત્રમાં [illegible] સાધુ સંઘની રક્ષાનો ઉલ્લેખ છે. જૂઓ પરિશિષ્ટ (ધ).

શિલાલેખોમાં પણ—"कुपितजहांगीरसाहिरंजक [illegible] साधुरक्षक युगप्रधान श्रीजिनचन्द्रसूरि ।

(પ્રાચીન જૈન લેખ [illegible])

+ કવિવર સમયસુંદર કૃત ખરતરગચ્છ [illegible]—

पुनः गुरुणा एकदर्शनिनोऽनाचारं दृष्ट्वा [illegible] दर्शनिषु देशेभ्यो निष्कासितेषु पत्तनाद्विहृत्य [illegible] अपराधमोचनेन सर्वदर्शनीनां सर्वत्र विहारः [illegible]

એજ કવિવર સ્વરચિત છંદ કે જે [illegible] આપવામાં આવશે. તેમાં પણ લખે છે કે "[illegible]"

⁕ ખરતરગચ્છીય સાહિત્યમાં [illegible] મળી આવે છે, જેના કેટલાક પ્રમાણો [illegible]

આ કઠોર અને અન્યાયી શાહી હુકમને સાંભળી દાર્શનિકો (સાધુઓ) આમ તેમ ભાગવા લાગ્યા. કોઈ જંગલમાં, કોઈ ગુફાઓમાં તો કોઈ અન્યાન્ય દેશોમાં ચાલ્યા ગયા. કોઈ તો ભયના માર્યા ભૂગર્ભમાંય છૂપી રહ્યા. આમ જેને જેમ ઠીક લાગ્યું તેમ નાશી છૂટયા કેટલાએકને તો પલાયમાન થતાં દેખી યવનોએ પકડી ગીરફતાર કરી એવી કાળી કોટડીમાં ધકેલી દીધા, કે જ્યાં અન્ન-જલ પણ આપવામાં નહોતા આવતા.×

કિંતુ તપાગચ્છીય સાહિત્યમાં પણ આ પ્રમાણે ઉલ્લેખ છે :—

"એહવઈ પૃથ્વીપતિ જહાંગીર, દોષી વચને લાગો વીર ।
વેષધારી ઉપર કોપિયો, મુતકલનઈ દેસોટો દિયો ।
મલેછ ન જાણઈ તેહ વિચાર, અમારી મોકલ અણગાર ॥૩૬॥
નાસઃડું પડિયું બહુ દેસિ, ભલા હુંતા તેણે રાખ્યા વેષ ।
(વિજય તિલકસૂરિ રાસ. ઐં. રા. સં. ભા. ૪ પૃ. ૩૩)

આ ઘટનાની વધુ માહિતી ભાનુચન્દ્ર ચરિત્ર 'જહાંગીરનામા' ક્ષમાકલ્યાણજી કૃત પટ્ટાવલી આદિમાં પણ મળે છે.

વસ્તુત: કોઈ એક વ્યકિતના અનાચરણના કારણે સમસ્ત સાધુસંઘને અનાચારી માની તમામને દેશનિકાલ કરવાનો હુકમજ અન્યાયી હતો. આ પ્રમાણે ચરિત્રનાયકે સમ્રાટને એની આ બહુ મોટી ગંભીર ભૂલનું ભાન કરાવ્યું અને આ ઘાતક હુકમ રદ કરાવી બહુ મોટું ગૌરવ પ્રાપ્ત કેર્યું એ કાળના અનેક પ્રમાણો પરથી આ વાત સિદ્ધ થઈ ચૂકી છે.

× પાતિસાહિ સલેમ સટોપ, કિયઉ દર્શનિયાંસું કોપ ।
એ કામણગારા કામી, દરબારથી દૂરિ હરામી ॥ ૧૭ ॥
એકનકું પાગે બંધાવે, એકન ના આસ અણાવે
એકનકું દેસવટઉ જંગલ દીજઈ, એકનકું પખાલી કીજઈ ॥ ૧૮ ॥
એ સાહિ હુકમ સાંભલિયા, તસુ ખઉફ થકી ખલભલીયા ।
જજમાન મિલી સંજતના, દરહાલ કરે ગુરુ જતના ॥ ૧૯ ॥

આવી વિકટ પરિસ્થિતિ ઉપસ્થિત થવાથી અને એનો ઉકેલ આણી શકે એવા એક માત્ર સૂરિજી હોવાથી આગરા સંઘે સૂરિજીને આ સંકટના નિવારણાર્થે પધારવા વિનંતિ કરી. +

કે નાસિ હિન્દૂ પૂઠિ પડિયા, કેઈ મસ્જિવાસઈ જઈ ચઢિયા।
કેઈ જંગલ જાઈ બૈઠા, કેઇ દૌડિ ગુફામાંહિ(જઇ) પૈઠા ॥ ૨૦ ॥
જે નાસત યવને ઝાલ્યા, તે આણિ ભાખરી ઘાલ્યા ।
પાણી નઈ અન્નજલ પાલ્યા, વયરીડા વયરસું સાલ્યા ॥ ૨૧ ॥
ઇમ સાંભલી શાસન હીલા, જિણચંદસૂરીશ સુશીલા ।
ગુજરાત ધરાથી પધારઈ, જિનશાસન વાન વધારઈ ॥ ૨૨ ॥
અતિ આસતિ વલિ ગુરુ ચાલી, અસુરાં ભય દૂરઈ ટાલી ।
ઉગ્રસેન પુરઈ પઉધારઈ, પૂજ્ય સાહિ તણઈ દરબારઈ ॥ ૨૩ ॥
પૂજ્ય દેખિ દીદારઈ મિલિયા, પતિસાહ તણા કોપ(જ) ગલિયા ।
ગુજરાત ધરા (તે) કયું આએ, પતિસાહિ ગુરૂ બતલાએ ॥ ૨૪ ॥
પતિસાહિકું દેણ આશીસ, હમ આએ શાહિ જગીશ ।
કાહે પાયા દુઃખ શરીર, જાઓ જઉખ કરો ગુરૂપીર ॥ ૨૫ ॥
ઇક સાહિ હુકમ જઉ પાવાં, બન્દિયડાં બન્દિ (ચ) છુડાવાં ।
પતિશાહિ! ખયરાત કરી જઇ, દરશણિયાં પુરું (દૂઓ) દીજઇ॥ ૨૬ ॥
પતિશાહિ હુંતઉ જે જૂઠઉ, પૂજ્ય ભાગ બલઈ અતિ તૂઠઉ ।
જાઉ વિચરઉ દેશ હમારઈ, તુમ્હ ફિરતાં કોઈ ન વારઇ ॥ ૨૭ ॥
ધન ધન ખરતરગચ્છરાયા, દર્શનિયાં દંડ છુડાયા ।
પૂજ્ય સુયશ કરિ જગિ છાયા, ફિરિ સહરિ મેડતઇ આયા ॥ ૨૮ ॥

(યુગપ્રધાન નિર્વાણ રાસ)

+ અનુક્રમ શ્રીગુરૂ વિહરતા સહિ એ, આયા પાટણ માંહિ ।
ચઉમાસો પ્રભુ તિહાં કરઇ સહિ એ, મન આણી ઉચ્છાહિ ॥ ૪ ॥
લેખ આયઉ આગરા થકી સહિ એ, જાણી સગલી વત ।
સાહિ સલેમ કોપઈ ચઢ્યઉ સહિ એ, કુમતિ બાંધ્યા ઘાત ॥ ૫ ॥
ચઉમાસઉ કરિ પાંગુર્યા સહિ એ, કરતા દેશ વિહાર ।

આ વિનંતિપત્ર દ્વારા તમામ હકીકત જાણી લઈ, જૈનશાસનની અવહેલના દૂર કરવા અને ધર્મરક્ષાર્થે સૂરિજીએ મહાન સાહસ કરી આગરા તરફ વિહાર કર્યો. ઝડપથી વિહાર કરી, થોડાજ દિવસોમાં સૂરિજી પોતાના શિષ્યમંડળ સહિત આગરા પહોંચ્યા, અને શાહી દરબારમાં જઇ સમ્રાટને મળ્યા. પોતાના પૂજ્ય યુગપ્રધાન ગુરુદેવને આવ્યા જોઈ જહાંગીર અત્યંત ખુશ થયાં, એમના દર્શન માત્રથી સમ્રાટનો ક્રોધ શમી ગયો, અને નમ્રતાપૂર્વક વાર્તાલાપ કરવા લાગ્યા.

"આપે વૃધ્ધાવસ્થામાં ગુજરાતથી અહીં સુધી આવવાનું એકાએક કષ્ટ કેમ વહોર્યું ? ગુરુદેવ! સેવા ફરમાવો" જહાંગીરે કહ્યું.

સૂરિજી–સમ્રાટ! તમને આશીર્વાદ આપવા અમે આવ્યા છીએ.

સમ્રાટ–તો એ મારા ખરેખર અહોભાગ્ય છે. લાંબા વિહારથી આપને શરીર શ્રમ ખૂબ લાગ્યો હશે, માટે હાલ આપ આરામ કરો.

સૂરિજી–અત્યારે તો આરામ કરવાનો સમયજ નથી. કારણ કે તમારા ફરમાનથી જૈનસંઘમાં જે અશાન્તિ ફેલાઈ ગઇ છે, એનું નિવારણ કરવા માટેજ મારૂં આગમન અહિં થયું છે. સમ્રાટ! કોઈ એક વ્યક્તિના દોષથી આખો સમાજ દંડ યોગ્ય નથી થઈ શકતો, પ્રત્યેક મનુષ્યની પ્રકૃતિ સરખી નથી હોતી, અને ભૂલ તો મોટામોટાનીયે થઈ જાય છે. માટે હે સમ્રાટ! વિચાર કરો. તમોએ જે સાધુ વિહાર બંધ કરાવ્યો છે, તે છુટો કરો. સાધુ વિહારનો મનાઈ હુકમ રદ કરી દો.

સમ્રાટ–આપે જે કહ્યું એ ઠીક છે, પરંતુ મારી સમજ

ઉગ્રસેનપુર આવિયા સહિ એ, વરત્યા જય જયકાર ॥ ૬ ॥
શ્રીપાતિસાહ બોલાવિયા સહિ એ, જંગમ જુગહ પરધાન ।
ધરમ મરમ કહિ બૂઝવ્યંઉ સહિ એ, તુરત દિયા ફરમાન ॥ ૭ ॥
જિનશાસન ઉજવાળિયો સહિ એ, શાહ શ્રીવંત કુલચંદ ।
સાધુ વિહાર મુગતા કિયા સહિ એ, ખરતર પા૧ જિણચન્દ ॥ ૮ ॥
(લબ્ધિ શેખર કૃત ગહુંલી)

પ્રમાણે ભોગ ભોગવ્યા વિના સાધુ બનવું એ ઠીક નથી, કિંતુ ભુક્ત ભોગી થઇને સાધુ થવું સુખકર છે. સમ્રાટે પોતાનું મંતવ્ય જણાવ્યું. એટલે સૂરિજી મહારાજ કહે છે કે :–

"સમ્રાટ! લાંબા સમયથી આત્મા ઇન્દ્રિયોના વિષયમાં આસક્ત બની રહેલ છે. આથી ગૃહસ્થાવાસમાં રહી એ વિષય-વાસનાઓથી વિરક્ત થવાની ભાવના જાગે, એ બહુ ઓછું સંભવિત છે, કારણ કે આત્મા વિષયોનો અનુરાગી અનાદિ કાળથી છે એટલે વિષય-વાસનાના સાધનોને પહેલેથીજ ત્યાગી દેવા યોગ્ય છે. બ્રહ્મચર્યને જૈનધર્મમાં ઘણુંજ ઉંચું સ્થાન અપાયુ છે. એના પાલન અને રક્ષા માટે અત્યંત આકરી નવ આજ્ઞાઓ શાસ્ત્રકારોએ દર્શાવી છે, કે જેથી સુખપૂર્વક અને નિર્વિઘ્ને બ્રહ્મચર્ય વ્રત સ્થિર રાખી શકાય, તે આજ્ઞાઓ આ પ્રમાણે છે :–

(૧) જ્યાં સ્ત્રી, પુરુષ, પશુ કે નપુંસકોનો નિવાસ હોય તે સ્થાનમાં ન રહેવું

(૨) વિષય વિકારોની જાગૃતિ કે અભિવૃદ્ધિ થાય એવી વાતો સુદ્ધાં ન કરવી, ન સાંભળવી.

(૩) જ્યાં સ્ત્રી બેઠેલ હોય, એ સ્થાનકે એ આસન પર બે ઘડી પહેલાં ન બેસવું.

(૪) દિવાલની આડમાંય કે જ્યાં સ્ત્રી, પુરુષ કામ-ક્રીડા કે પ્રેમ-વાર્તાઓ કરતા હોય ત્યાં ન રહેવું, કે ન સાંભળવા ઉભા રહેવું.

(૫) પૂર્વાવસ્થામાં ભોગવેલા ભોગોનું સ્મરણ સુધ્ધાં ન કરવું.

(૬) ચિકણાં રસભરપુર કે કામોદ્દીપક પદાર્થોનું ભોજન કે ઉપભોગ ન કરવો.

(૭) સ્ત્રી કે પુરુષ કોઇનેય સરાગ દષ્ટિથી ન જોવા.

(૮) હંમેશાં જરૂરત કરતાંય ઓછું ભોજન લેવું, જેથી આળસ કે વિકાર ઉત્પન્ન ન થાય.

(૯) શરીરને કોઈજ પ્રકારના શૃંગારથી શોભાવવું નહીં, જેથી મોહદશા ઉત્પન્ન ન થાય.

હવે તમેજ વિચારી જુઓ કે આ પ્રતિજ્ઞાઓને પળવાવાળો કોઈ પણ પ્રકારે આચારચ્યુત થઈ શકે ખરો? નજ થઈ શકે. અને જે ભ્રષ્ટ થએલ છે તે આ નિયમોનું યથાવત્ પાલન નહીં કરવાનેજ કારણે. જૈન શાસન એને કોઈ પ્રકારેય ચલાવી નથી લેતો, કે નથી એના પ્રત્યે સહાનુભૂતિ દાખવતો. એટલે કોઈ એકના કારણે સમસ્ત સાધુ સંઘ પર અશ્રદ્ધા લાવી એમને દુઃખ પહોંચાડવું એ તમારા જેવા વિચારશીલ, ન્યાયવાન અને પ્રજાહિતેચ્છુ સમ્રાટને માટે ઉચિત નથી લેખાતું, આ રીતે મધુર વચનો વડે યુક્તિથી સૂરિજીએ સમ્રાટની વાતનું નિરાકરણ કર્યું. એટલે સમ્રાટે પોતાની ભૂલ સમજાઈ જવાથી તેજ વખતે સ્પષ્ટ કહી દીધું કે –

"એ વાત બરાબર છે. હવે મારા રાજ્યમાં જ્યાં ઇચ્છા હોય ત્યાં કોઈ પણ જાતની રોક-ટોક વિના તમામ સાધુઓ ખુશીથી વિચરી શકે છે, કોઈને કોઇ પ્રકારનું વિઘ્ન નહીં થાય" સૂરિજીએ કહ્યું "તો હવે ગિરફતાર કરેલા સાધુઓને તરતજ છોડી દો અને ભવિષ્યને માટે 'સાધુ વિહાર પર કોઈ જાતનો પ્રતિબંધ નથી' એવો શાહી ફરમાન જાહેર કરી દો."

સમ્રાટ "ગુરુદેવ! આપ હવે નિશ્ચિંત રહો, હવે એમજ થશે"

આમ વાત પાકી થયા પછી સૂરિજી ઉપાશ્રયે પધાર્યા. સમ્રાટે નવું ફરમાન જાહેર કરી દીધું. શ્રીસંઘના હર્ષનો પાર ન રહ્યો. સૂરિજીએ સંઘના આગ્રહથી સં. ૧૬૬૯નો ચાતુર્માસ ત્યાં કર્યો. ઉપરોક્ત ઘટનાનું વર્ણન કવિવર સમય સુંદરજીએ આ પ્રમાણે કરેલ છે.

सुगुरु जिणचन्द्र सौभाग्य सखरौ लियौ,
चिहुं दिशे चन्द्र नामौ सवायौ।

जैनशासन जिकै डोलतौ राखियौ,
साखियौ जगत सगलै कहायौ ॥ १ ॥
एक दिन पातिशाह आगरे कोपियौ,
दर्शनी एक आचार चूकयो ।
शहरथी दूरि काढो सवै सेवडा,
सेवडा हाथ फुरमाण सूक्यो ॥ १ ॥
आगरे शहर नागोर अरु मेडतै,
माहिम लाहोर गुजराति माहे ।
देश दन्दोल खलो पड्यो तिहां कणे,
लुग्न ना पंथिया तुंबक वाहे ॥ ३ ॥
दर्शनी केई पर द्वीपमें चढि गया,
केइ नासी गया कच्छ देशे ।
केई लाहोर केइ रह्या भूहिमां,
दर्शनी केई पाताल पैसे ॥ ४ ॥
तिण समय युगप्रधान जगि राजियो,
श्रीजिनचन्द्र तेजे सवायो ।
पुज्य अणगार पाटण थकी पांगुर्या,
आगरै पातिश्या पास आयो ॥ ५ ॥
तुरत गुरुरायनै पातशाह तेडिया,
देखि दीदार अतिमान दीधा ।
अजबकी छाप फुरमाण करि आपिया,
केडला गुनहु सहु माफ कीधा ॥ ६ ॥
जैनशासन तणी टेक राखी खरी,
तादरै आज कोइ न तोलै ।
खरतर गच्छनै शोभ चाढी करी,
'समयसुन्दर' विरुद सांच बोलै ॥ ७ ॥

સમ્રાટ પર સૂરિજીનો કેટલો ઉંડો અને જબરદસ્ત પ્રભાવ હતો, એ આ ઘટનાથી બરાબર સમજાય એમ છે. આ અત્યુત્તમ કાર્યથી જૈનશાસનની અતિ મહાન પ્રભાવના કરવાના કારણે સૂરિજી "સવાઈ યુગપ્રધાન" ના નામથી પ્રસિદ્ધ થયા.×

કહેવાય છે કે જ્યારે સૂરિજી આગરા પધાર્યા અને જ્યારે સમ્રાટને સમાચાર મળ્યા કે "બડે ગુરુ" યુગપ્રધાનજી પધાર્યા છે, ત્યારે તેમણે પોતાની આજ્ઞાનો ભંગ ન થાય એટલા માટે સૂરિજીને રાજમાર્ગથી ન પધારતાં લોકોત્તર માર્ગે આવવાનું કહેવડાવ્યું. આથી શાસનની પ્રભાવનાના નિમિત્તે સૂરિજી કંબળને યમુના નદીમાં બિછાવી મંત્રશકિત દ્વારા એની ઉપર બેસી, પેલી પાર જઈ સમ્રાટને મળ્યા. સમ્રાટ આ અદ્દભુત શકિત જોઇ દિગ્મૂઢ બની ગએલા.

એક દિવસ કોઇ વિદ્વાન ભટ્ટ કે જેણે કાશીના + પંડિતોને જીતી લીધા હતા, એ જહાંગીરના દરબારમાં આવ્યો અને ગર્વપૂર્વક શાસ્ત્રાર્થ કે વાદ કરવાની ઘોષણા કરવા લાગ્યો. આથી સમ્રાટે ગુરુ શ્રીજિનચન્દ્રસૂરિને એની સાથે વાદ કરવા સર્વથા સમર્થ સમજી તેમને વિનમ્ર ભાવે નિવેદન કર્યું. સૂરિજીએ પોતાની અસાધારણ વિદ્વત્તાથી એને પરાસ્ત કરી પ્રસિદ્ધિ મેળવી શાસ્ત્રાર્થમાં ભટ્ટને હરાવવાથી "યુગપ્રધાન ભટ્ટારક" પદની પ્રાપ્તિ કરી. આ બાબતમાં એક પ્રાચીન પ્રસિદ્ધ કવિત અત્રે રજૂ કરીએ છીએ :–

×" श्रीसाहिसलेमराज्ये (ताद्य)कृतजिनशासनमालिन्यतः श्रीसाधुविहारो निषिद्धः साहिना, तत्रावसरे श्रीउग्रसेनपुरे गत्वा साहिं प्रतिबोध्य च साधूनां विहारः स्थिरीकृतः, तदा लब्धः 'सवाई युगप्रधान बडा गुरु' रिति बिरुदो येन गुरुणा।"
(તત્કાલીન પટ્ટાવલી)

+" जितकाशी जय पामियउ, करि गौतम ज्युं सिध्धि वाधी रे ॥ ११ ॥
(યુગપ્રધાન નિર્વાણ રાસ)

"मसूर पटान (?) गरव्व कियौं भैया! वाद वदुं कोई पंडित जागे।
शाहि सलेम बुलाय श्रीपूज्यकुं मोहि भरोसो चन्द्र न भागे॥
भट्ट हार गयो ईक चोट शब्दकी जीत भई युं जैनके तागे।
वाद जित्यउ जिणचन्द भट्टारक युं पतिशाहि दिल्लीपति आगे॥

સૂરિમહારાજે આગરામાં ચાતુર્માસ કર્યો, એથી સંઘમાં ખૂબ ધર્મધ્યાન થયા; એટલુંજ નહીં પણ એમણે સમ્રાટ જહાંગીર પર અલૌકિક અને અનુપમ પ્રભાવ દાખવી શાસનની જે વિરલ સેવા કરી, તે શબ્દો દ્વારા વર્ણવી શકાય તેમ નથી.

આ પ્રકરણ વાંચી વાંચકોને શ્રીજિનચન્દ્રસૂરિજીની અનુકરણીય મહાન્ શાસન-સેવા, અદમ્ય ઉત્સાહ, અતૂટ સાહસ, નિર્મલ તપ, સંયમ અને ધૈર્ય-ગાંભીર્ય આદિ અનેક સદ્ગુણોનો અચ્છો પરિચય થવાનો.



પ્રકરણ ૧૨ મું

સ્વર્ગગમન

આગરામાં ચોમાસા દરમ્યાન અદ્વિતીય શાસન પ્રભાવના કરી, ચોમાસું ઉતર્યે વિહાર કરતા કરતા સૂરિમહારાજ મેડતા પધાર્યા. ત્યાં ચોપડા ગોત્રના શેઠ આસકરણ આદિ અનેક ધનવાનો અને રાજ્યમાન્ય શ્રાવકો સૂરિજીના પરમ ભક્ત હતા. સૂરિજીની પધરામણીથી સંઘમાં અધિકાધિક ધર્મધ્યાન થવા લાગ્યા.

સૂરિજી મેડતા નગર પધારવાના ખબર મળવાથી બિલાડા શહેરનો સંઘ ખૂબ આનંદ પામ્યો. એમણે એકત્ર થઈ સૂરિજીને બિલાડામાં ચાતુર્માસ કરાવવાનો નિર્ણય કર્યો, અને તત્કાળ સંઘની પ્રતિષ્ઠિત વ્યકિતઓ, જેમાં કટારિયા ગોત્રના (સંભવતઃ શાહ જૂઠા આદિ) શ્રાવક આગેવાન હતા. એ બધાં મળીને મેડતા આવ્યા. અને સૂરિમહારાજને વંદના કરી તેઓએ વિનયપૂર્વક ચાતુર્માસ નિમિત્તે બિલાડે પધારવાની નમ્ર વિજ્ઞપ્તિ કરી, સંઘનો ખૂબ આગ્રહ જોઈ સૂરિમહારાજ

બિલાડા પધાર્યા એ સમયે એમની સાથે વા. સુમતિ કલ્લોલ +, વા. પુણ્યપ્રધાન, પં. મુનિવલ્લભ, પં. અમીપાલ આદિ અનેક સાધુઓ હતા.* સં. ૧૬૭૦ નો ચાતુર્માસ ત્યાં કર્યો.

સૂરિમહારાજના બિરાજવાથી ધર્મધ્યાન ખુબ થયા. મુનિસમુદાય સ્વાધ્યાય, ધ્યાન, સંયમ અને તપશ્ચર્યા કરવામાં તલ્લીન થઈ ગયો. ધર્મિષ્ઠ શ્રાવકગણ પૌષધ, પ્રતિક્રમણ, શાસ્ત્રશ્રવણ અને દ્રવ્યનો સદુપયોગ કરવામાં પ્રવૃત્ત થઈ ગયો. તેમાંયે પર્વાધિરાજ પર્યુષણાના દિવસોની તો વાતજ શું? ધર્મભાવનાનો પ્રવાહ ચારે તરફ એવો તો વહેવા લાગ્યો કે જેનું વર્ણન કરવું લેખન શક્તિની બહાર છે.

પર્યુષણપર્વ આનંદ પૂર્વક આરાધ્યા બાદ સૂરિજીએ જ્ઞાનોપયોગથી પોતાની આવરદા પૂરી થતી જાણી શિષ્યવર્ગને મહત્ત્વની ભલામણ દેવા લાગ્યા :—"તમે લોકો જૈનશાસનની ઉન્નતિ કરવાની સાથોસાથ આત્મોન્નતિ કરવામાંય હરહંમેશ કટિબદ્ધ રહેજો. ગચ્છનો ભાર આચાર્ય 'જિનસિંહસૂરિ' ધારશે, તમે તત્પરતાપૂર્વક એમની આજ્ઞાનું પાલન કરજો" ઈત્યાદિ.

સ્થાનિક શ્રાવક-શ્રાવિકાઓને પણ તેમના યોગ્ય

+ એમણે સં. ૧૭૦૫ માં કવિવર સમયસુંદરજીના વિદ્વાન શિષ્ય વાદી હર્ષનંદનની જોડે રહીને પરમ સુવિહિત ખરતરગચ્છ વિભૂષણ નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરિ રચિત ઠાણાંગવૃત્તિગત ગાથાઓની વૃત્તિ રચી છે જેની પ્રાચીન પ્રતિ લીંબડીના ભંડારમાં છે.

* જેસલમેરથી વા. વિમલતિલક આદિએ ચૈત્ર સુદિ ૧૦ ના રોજ સૂરિજીને એક પત્ર પાઠવ્યો જેમાં આ નામો લખેલ છે. એ સંસ્કૃત પત્ર આ પુસ્તકના પરિશિષ્ટ(ગ)માં આપેલ છે. એમાં જિનસિંહસૂરિજીનું નામ નથી એથી સમજાય છે કે એ વખતે તેઓ સૂરિજીની સાથે નહીં હોય, ને પાછળથી ચાતુર્માસ સમયે ગુરુ મહારાજ પાસે બિલાડા આવી પહોંચ્યા હશે.

પ્રકરણ ૧૨ મું

સ્વર્ગગમન

આ ગરામાં ચોમાસા દરમ્યાન અદ્વિતીય શાસન પ્રભાવના કરી, ચોમાસું ઉતર્યે વિહાર કરતા કરતા સૂરિમહારાજ મેડતા પધાર્યા. ત્યાં ચોપડા ગોત્રના શેઠ આસકરણ આદિ અનેક ધનવાનો અને રાજ્યમાન્ય શ્રાવકો સૂરિજીના પરમ ભક્ત હતા. સૂરિજીની પધરામણીથી સંઘમાં અધિકાધિક ધર્મધ્યાન થવા લાગ્યા.

સૂરિજી મેડતા નગર પધારવાના ખબર મળવાથી બિલાડા શહેરનો સંઘ ખૂબ આનંદ પામ્યો. એમણે એકત્ર થઈ સૂરિજીને બિલાડામાં ચાતુર્માસ કરાવવાનો નિર્ણય કર્યો, અને તત્કાળ સંઘની પ્રતિષ્ઠિત વ્યક્તિઓ, જેમાં કટારિયા ગોત્રના (સંભવતઃ શાહ જૂઠા આદિ) શ્રાવક આગેવાન હતા. એ બધાં મળીને મેડતા આવ્યા. અને સૂરિમહારાજને વંદના કરી તેઓએ વિનયપૂર્વક ચાતુર્માસ નિમિત્તે બિલાડે પધારવાની નમ્ર વિજ્ઞપ્તિ કરી, સંઘનો ખૂબ આગ્રહ જોઈ સૂરિમહારાજ

બિલાડા પધાર્યા એ સમયે એમની સાથે વા. સુમતિ કલ્લોલ +, વા. પૂણ્યપ્રધાન, પં. મુનિવલ્લભ, પં. અમીપાલ આદિ અનેક સાધુઓ હતા.* સં. ૧૬૭૦ નો ચાતુર્માસ ત્યાં કર્યો.

સૂરિમહારાજના બિરાજવાથી ધર્મધ્યાન ખૂબ થયા. મુનિસમુદાય સ્વાધ્યાય, ધ્યાન, સંયમ અને તપશ્ચર્યા કરવામાં તલ્લીન થઈ ગયો. ધર્મિષ્ઠ શ્રાવકગણ પૌષધ, પ્રતિક્રમણ, શાસ્ત્રશ્રવણ અને દ્રવ્યનો સદુપયોગ કરવામાં પ્રવૃત્ત થઈ ગયો. તેમાંયે પર્વાધિરાજ પર્યુષણાના દિવસોની તો વાતજ શું? ધર્મભાવનાનો પ્રવાહ ચારે તરફ એવોતો વહેવા લાગ્યો કે જેનું વર્ણન કરવું લેખન શક્તિની બહાર છે.

પર્યુષણપર્વ આનંદ પૂર્વક આરાધ્યા બાદ સૂરિજીએ જ્ઞાનોપયોગથી પોતાની આવરદા પૂરી થતી જાણી શિષ્યવર્ગને મહત્ત્વની ભલામણ દેવા લાગ્યા :—"તમે લોકો જૈનશાસનની ઉન્નતિ કરવાની સાથોસાથ આત્મોન્નતિ કરવામાંય હરહંમેશ કટિબદ્ધ રહેજો. ગચ્છનો ભાર આચાર્ય 'જિનસિંહસૂરિ' ધારશે, તમે તત્પરતાપૂર્વક એમની આજ્ઞાનું પાલન કરજો" ઈત્યાદિ.

સ્થાનિક શ્રાવક-શ્રાવિકાઓને પણ તેમના યોગ્ય

+ એમણે સં. ૧૭૦૫ માં કવિવર સમયસુંદરજીના વિદ્વાન શિષ્ય વાદી હર્ષનંદનની જોડે રહીને પરમ સુવિહિત ખરતરગચ્છ વિભૂષણ નવાંગી ટીકાકાર શ્રીઅભયદેવસૂરિ રચિત ઠાણાંગવૃત્તિગત ગાથાઓની વૃત્તિ રચી છે જેની પ્રાચીન પ્રતિ લીંબડીના ભંડારમાં છે.

* જૈસલમેરથી વા. વિમલતિલક આદિએ ચૈત્ર સુદિ ૧૦ ના રોજ સૂરિજીને એક પત્ર પાઠવ્યો જેમાં આ નામો લખેલ છે. એ સંસ્કૃત પત્ર આ પુસ્તકના પરિશિષ્ટ(ધ)માં આપેલ છે. એમાં જિનસિંહસૂરિજીનું નામ નથી એથી જણાય છે કે એ વખતે તેઓ સૂરિજીની સાથે નહીં હોય, ને પાછળથી ચાતુર્માસ સમયે ગુરૂ મહારાજ પાસે બિલાડા આવી પહોંચ્યા હશે.

ઉપદેશ આપી ચતુર્વિધ સંઘ સાથે ખમત-ખામણા કર્યા. અન્ય દેશ-દેશાંતરના સંઘોને પણ પત્ર મારફતે ધર્મલાભ સાથે ખમત-ખામણા લખાવ્યા. ત્યાર પછી ચોરાસી લાખ જીવાયોનિને શુદ્ધ મનથી ખમાવી, પાપસ્થાનકોને નિરોધી, સમાધિપૂર્વક અનશન ગ્રહણ કર્યું. ચાર પ્રહરનું અનશન પાળી ઉત્કૃષ્ટ ધર્મ ધ્યાનમાં લીન બન્યા, અને પોતાના પૌદ્ગલિક દેહને વિસર્જન કરી આસો (ગુ. ભાદરવા) વદી ૨ના રોજ સ્વર્ગે સીધાવ્યા.

આમ જગતની આ અનુપમ જ્યોતિ સદાને માટે વિલીન થઈ ગઈ. દુર્દૈવ કરાલ કાળે આવા મહાપુરુષોને પણ નથી છોડ્યા. પુદ્ગલની નિઃસારતાનો આજે જગતની જનતાને, ને ખાસ કરીને તત્ત્વજ્ઞ જૈનસમાજને પૂરેપૂરો પરિચય મળી ચૂકયો. દેશભરમાં તે સર્વતઃ સુંદર અને વિશ્વપૂજ્ય દેહે સદાને માટે રૂક્ષતાભર્યો ઉત્તર આપી દીધો, તત્કાલીન તે તે સાધનો દ્વારા એ શોક સમાચાર થોડાજ સમયે દેશો દેશમાં પ્રસરી ગયા એટલે ભારે વિષાદ અને હાહાકાર મચી ગયો. ધોળે દિવસેય સર્વત્ર અંધકારજ અનુભવાતો હતો. કારણ? એ જ્ઞાનાત્મક તેજોમયી પ્રભા સદાને માટે અદશ્ય થઈ ગઈ. એ દેદિપ્યમાન જ્ઞાનદીવડો કાળવાયુના ઝંઝાવાતથી અંધકારની ભિતરમાં ચાલ્યો ગયો. ગુરુવિરહાગ્નિની દારુણ જ્વાળાઓ લોકોના હૃદયમાં પ્રજ્જ્વલી ઉઠી. એ જ્વાળાઓ નેત્રોમાંથી આંસુરૂપે આવિર્ભાવ પામીને મેઘઝડીની માફક વહેવા લાગી ગઈ. તે સમયનું દશ્ય જોયો ન જાય એવો હૃદયદ્રાવક શોકમય થઈ જવા છતાં ભાવશ્રીના દશ્યો જ્યાં ત્યાં જોવા મળતા. જાણે કે વિષાદના પ્રલયપૂરમાં સારોય સંસાર ડૂબી ગયો હતો.

સૂરિજીની અન્ત્યેષ્ટિ ક્રિયા કરવા બિલાડાના સ્થાનીય સંઘે

સુંદર વિમાનના સદૃશ મઢી બનાવી અને શોકાકુલ ચિત્તે ગુરૂદેવના શબને નિર્મળ ગંગોદક વડે પ્રક્ષાલન કરી ચંદન આદિના વિલેપન લગાવ્યા, અને સાધુવેષથી વિભૂષિત કર્યો.

કૃષ્ણાગરના સુગંધિત ધૂપ સહિત શબને વિમાનમાં રાખવામાં આવ્યું; અને શોક સૂચક વાજિંત્રાદિ સાથે શબને ઉત્સવપૂર્વક નગરના ખાસ ખાસ લત્તાઓમાં થઈને લઈ ચાલ્યા. રસ્તામાં ગુરૂદર્શનાર્થે લોકોની ભીડથી મોટા મોટા માર્ગો પણ ટૂંકા જણાવા લાગ્યા. ધીમે ધીમે બાણગંગાના તટની નજીક આવતાં પવિત્ર સ્થાનમાં સૂરિજીનો મૃતદેહ રાખવામાં આવ્યો. ત્યાં ચન્દનની ચિતા સજાવીને ઘી વડે દેહને અગ્નિસંસ્કાર દેવામાં આવ્યો. તે દેહરૂપ પુદ્‌ગલનો પુંજતો સૌના દેખતાંજ ક્ષારરૂપમાં અવતીર્ણ થઈ ગયો. પણ સૂરિજીના પ્રભાવને કારણે એમની મુંહપત્તિ (મૂખવસ્ત્રિકા) ન સળગી. * લોકોએ આ પ્રત્યક્ષ ચમત્કારને આશ્ચર્યસહિત જોયો. ભગવાન શ્રીશાંતિનાથ પ્રભુના નામનું સ્મરણ કરતો કરતો સંઘ સ્વસ્થાને પાછો ફર્યો.

લોકોએ પોતાનું વિરહદુઃખ આ પ્રમાણે પ્રકટ કર્યું:—
" ઓ ગુરુદેવ!! તમે ક્યાં ચાલ્યા ગયા? અમે એવો તે કયો

---

* સમયપ્રમોદ કૃત 'નિર્વાણ રાસ' અને નયરંગ કૃત પટ્ટાવલીમાં પણ આ પ્રમાણે લખેલ છે:—

वैश्वानर केहनउ सगउ, पण अतिशय संजोग ।
नवि दाझी पूज्य मुहपत्ति, देखई सघलो लोग ॥
(નિર્વાણ રાસ)

येषां विशिष्टातिशयेन देहे, दग्धेऽप्यधाक्षीन्नहि वक्त्रवासः ।
श्रोच्यत् प्रभावप्रथिता जयन्तु, युगप्रधाना जिनचन्द्रपूज्याः ॥
(નયરંગકૃત પટ્ટાવલી)

અપરાધ કર્યો ? કે જેથી આપે અમને સદાને માટે વિખૂટા પાડી દીધા, હવે અમને કોનો આધાર? જૈનસંઘના સંકટ કે અવહેલના હવે કોણ મટાડશે રે? હે જ્ઞાનનિધાન! તમારા વિના હવે અમારા સંશયો કોણ છેદશે? હે યુગપ્રધાન! હે ગુરૂદેવ! હવે અમે ગુરૂજી, ગુરૂજી કહી કોને પોકારશું?" ઇત્યાદિ.×

જે જગ્યાએ સૂરિજીનો અગ્નિસંસ્કાર થયો, ત્યાં બિલાડાના સંઘે સ્મારક રૂપે એક સુંદર સ્તૂપ બનાવ્યો. અને એમાં સૂરિજીની ચરણ-પાદુકાઓ સ્થાપી, જે હજૂય બાણગંગાના તટપર વિદ્યમાન છે.* એનો લેખ આ પ્રમાણે છેઃ—

संवत् १६७० मगसर सुदि १० गुरुवासरे सवाइ युगप्रधान श्रीजिनचन्द्रसूरि चरण-पादुके कारापि[ते]तं श्रीविलाड़ा श्रीसंघेन प्र० श्रीजिनसिंहसूरिभिः।

બીજાંય અનેક સ્થળોએ એમનાં ચરણો સ્થાપિત કર્યાં હતાં. બીકાનેરમાં શહેરની બહાર એક સ્થળે એમની ચરણ પાદુકાઓ સ્થાપિત કરેલ છે, જે આજકાલ "રેલ દાદાજી" ના નામથી કહેવાય છે. અનેક ભક્ત લોકો ગુરૂદર્શનાર્થે ત્યાં નિત્ય (સોમવારે તો ખાસ) જાય છે, આ ચોથા દાદાજી સવાઈ યુગપ્રધાન શ્રીજિનચન્દ્રસૂરિજી ભક્તોની મનોકામના પૂર્ણ

× અહીં સુધીનો તમામ વૃત્તાંત કવિ સમયપ્રમોદ કૃત "યુગપ્રધાન નિર્વાણ રાસ"માંથી લીધેલ છે. આ રાસ અમારા તરફથી પ્રગટ થએલ "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ"માં પ્રગટ થઈ ચૂકેલ છે.

* હમણાં આ સ્તૂપ સ્થાન શહેરના કિનારે આવી ગએલ તેમ ત્યાં આસપાસ મુસલમાનોની વસતિ હોવાના અંગે આશાતનાનો સંભવ હોવાથી આ ચરણ-પાદુકાઓ ત્યાંથી ઉપાડી લઈને બિલાડા શહેરની અંદર મોટા દેરાસરમાં રાખેલ છે. (ગુ. સં.)

કરવાવાળા છે. અનેક ચમત્કાર પણ સાંભળવામાં આવે છે. ત્યાંનો પાદુકા લેખ આ પ્રમાણે છે:—

संवत् १६:३ वर्षे वैशाखमासे अक्षयतृतीयायां सोमवारे श्रीखतरगच्छे श्रीजिनमाणिक्यसूरि पट्टालंकारहार युगप्रधान श्रीजिनचन्द्रसूरीणां पादुके श्रीविक्रमनगरवास्तव्यसमस्त श्रीसंघेन कारिते शुभम् ॥

બીકાનેરના નાહટાઓની ગવાડ (મોહલ્લા) માં શ્રી ઋષભદેવ ભગવાનનું મંદિર છે એના મૂળ ગભારાની ડાબી તરફ સૂરિજીની પાષાણ નિર્મિત અતિ સુંદર પ્રતિમા છે, જેની પ્રતિકૃતિ (તસ્વીર) આ રહી અને તેનો લેખ આ પ્રમાણે છે:-

सवत् १६८६ वर्षे चैत्रवदि ४ दिने श्रीखरतरगच्छाधीश्वर श्रीजिनचन्द्रसूरीणां प्रतिमा का० जयमा श्रा०, प्र० श्रीयुगप्रधान श्रीजिनराजसूरिराजैः ।

જૈસલમેરમાં પણ શહેરની ઉત્તરમાં એક માઈલપર 'દેદાનસર' નામના તળાવની પાસે શ્રીજિનકુશલસૂરિજીનું સ્થાન છે, ત્યાં પણ એમની પાદુકાઓ છે, જેનો લેખ નીચે મુજબ છે:-

संवत् १६७२ वर्षे वैशाखसुदि ९ सोमवारे भट्टारक सवाइ युगप्रधान श्री श्री श्री श्री श्री जिनचन्द्रसूरि पादुका प्रतिष्ठिता ।

(જૈન લેખ સંગ્રહ ભા. ૩ પી. સી. નાહરનો)

એજ દિવસનો લેખ દાદાજીના સ્થાનની પૂર્વ તરફના સ્થંભના ગોખલામાં ૭ લાઈનનો નીચે મુજબ છે:—

संवत् १६७२ वर्षे वैशाखसुदि ९ दिने सोमवारे श्रीजेशलमेर वास्तव्य राउल श्रीकल्याणदासजी विजयराज्ये कुंवर श्रीमनोहरदासजी । सवाइयुगप्रधान श्रीजिनचन्द्रसूरीश्वरपादुके कारिते युगप्रधान भट्टारक श्रीजिनसिंहसूरि ॥ श्रीखरतर-

संघेन तैव (?) सर्वदा श्रीसंघस्य समुन्नति सुखं श्रेयो वृद्धिर्वाचये-तामिति ॥ पं० उदयसिंह लिपि कृतम् ॥ श्री श्री श्री.

(જૈન લેખ સંગ્રહ ભા. ૩ પી. સી. નાહર)

સ્તંભ તીર્થમાં સૂરિજીની ચરણ-પાદુકા વિદ્યમાન છે, જેનો લેખ આ પ્રમાણે છે:—

संवत् १६७७ (?) वर्षे माघ वदि १० दिने गुरुवारे युग-प्रधान श्रीजिनचन्द्रसूरीणां पादुके कारिते खतरगच्छे ओस वंशे..............ते सं० जसराज भार्या जसलदे पुत्र मं० माडणकेन प्रति० युगप्रधान श्रीजिनसिंहसूरिवरैः ॥

(જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભા ૨ લેખાંક ૮૮૨)

આ સ્થાનો ઉપરાંત મુલતાન, અમદાવાદ, બાહડમેર, પાટણ આદિ ઘણા સ્થાનોમાં એમની ચરણ-પાદુકાઓ અને મૂર્તિઓ સ્થાપિત થયા હોવાનો ઉલ્લેખ મળે છે. ×

સૂરિજીની સ્વર્ગતિથિ આસો વદિ ૨ (ગુજરાતી ભાદરવા વદિ ૨)ના રોજ હજુય મુંબઈ [ભાયખલા], સુરત, ભરૂચ,

---

× જસસમુદ્ર કૃત ગીતમાં —

श्रीजिनचन्द्रसूरीश्वरु, खरतरगच्छ गणधार, मेरे युगवर ।
थूम्भ सकल थिर थापना, विक्रमपुर सिणगार, मेरे युगवर ॥१॥

કુંભકરણ કૃત ગીતમાં:—

मूलचक्क (मुलतान)में थूंभ मंडानो, परतउ सहुनउ पूरे ।
कुंभकरण जंपई कर जोडी, दूष्मण करि सहु दूरे ॥२॥

હેમમન્દિર કૃત ગુરૂ ગીતમાં:—

जीहो मूल थूंभ अति सुन्दरु, दादा बिलाडै थिर ठाम ।
जीहो राजनगर विक्रमपुरै, दादा पूरै वंछित काम ॥६॥ स०
जीहो वाहडमेरइ दीपतउ, दादा जेसाणइ मुलताण ।
जीहो अणहिलपुर-खंभाइतइ, सुरनर करइ वखाण ॥७॥ स०

પાટણ આદિ નગરોમાં "ગુરૂ દૂજ" કે "દાદા બીજ"ના નામે દાદા સાહેબના સ્થાનો પર 'મેળો' થાય છે.


જો કે સૂરિજીનો નશ્વર અને પૌદ્‌ગલિક દેહ આજે આપણી સામે પ્રત્યક્ષ નથી, છતાં એમનો મૂર્તિમાન અમર આત્મા અને એમનો અનુકરણીય ગુણ સમુચ્ચય આજે પણ આપણને આદર્શપથ દાખવવા પરમ સાધનભૂત થઈ રહેલ છે. એમનાં પુનીત કૃત્યો અને એમની ગૌરવગાથા વિશ્વમાં દેદિપ્યમાન દીપશિખાની માફક સદા ઝળહળ્યા કરશે. કવિવર સમયસુંદરજી શું સર્વોત્તમ માર્મિક શબ્દોમાં કહે છે:—

मुयई कहई ते मूढ नर, जीवई जिनचन्दसूर ।
जग जंपई जस जेहनो, पुहवी कीरति पडूर ॥८॥
चतुर्विध संघ चीतारस्यई, जां जिवस्यई तां तीन ।
वीसार्या किम वीसरई, हो निर्मल तप जप लीन ॥९॥



પ્રકરણ ૧૩ મું

વિદ્વાન શિષ્ય સમુદાય.



શ્વમાં એવા મહાપુરૂષો બહુ ઓછા મળે છે કે જેના કથન અને આચરણ એક સરખાં હોય. મોટી મોટી વાતો કરનારાઓનો તોટો નથી, તેવાઓ તો સદા અધિક પ્રમાણમાંજ હોય છે, કિંતુ તોટો છે કર્તવ્યનિષ્ઠ અને સચ્ચરિત્રી પુરૂષોનો. જે લોકો સ્વયં ગુણી છે, ગુણના ધારક છે, તેમનોજ અન્યોપર પૂરતો પ્રભાવ પડે છે.

આપણા ચરિત્રનાયક પૂજ્ય શ્રીજિનચન્દ્રસૂરિજી મહારાજ જેવા પ્રકાંડ વિદ્વાન હતા, એવાજ દુર્ધર્ષ ચારિત્ર્યને કડકપણે પાળવાવાળા હતા. આચાર્યપદ પ્રાપ્તિ પછી તરતજ ક્રિયોદ્ધાર કરી અતિ દૃઢતાથી તેઓ ઉત્કૃષ્ટ સંયમ પાળવામાં સદા કટિબદ્ધ રહ્યા અને એ ચારિત્ર્યનો પ્રભાવ ઉત્તરોત્તર વધતોજ રહ્યો, પરિણામે એમના ઉપદેશથી સેંકડો ભવ્યાત્માઓએ સર્વવિરતિ ચારિત્રધર્મ અને સેંકડોએ દેશવિરતિ (શ્રાવક) વ્રત ગ્રહણ કર્યાં, તેમજ હજારો ગ્રંથો લખાવી શ્રુતજ્ઞાનને ચિરસ્થાયી

બનાવવા ભંડારોમાં સ્થાપિત કર્યા. સેંકડો નવા નવા જિનપ્રાસાદો અને જિનબિંબોની પ્રતિષ્ઠાઓ એઓશ્રીના વરદહસ્તે થઈ, ધાર્મિક સપ્તક્ષેત્રોમાં કરોડો રુપિયા વપરાયા. ટૂંકામાં એટલુંજ કહેવું બસ થશે કે એમના ચારિત્રના તેજોમય પ્રતાપેજ સમ્રાટ અકબર અને જહાંગીર આદિ મુગ્ધ બની ગયા હતા. અને આકરામાં આકરા કાર્યો પણ સરળતાથી પાર પડતાં હતાં.

કહેવાય છે કે સૂરિજીના આજ્ઞાનુયાયી સાધુસમુદાયની સંખ્યા ૨૦૦૦ થીયે વધુ હતી.+ એમણે એટલી મોટી સંખ્યામાં સાધુ સાધ્વીઓને દીક્ષિત કરેલ, કે તેટલા પ્રમાણમાં ભાગ્યેજ અન્ય કોઈ આચાર્યેએ કરેલ હશે. સાધુ બન્યા પછી પૂર્વાવસ્થાના નામ પરિવર્તન કરી ખરતરગચ્છમાં જે ૮૪ નંદીઓમાંથી નામ સ્થાપના કરવાની પ્રણાલિકા છે, એ ચોરાસીમાંથી ૪૪ નંદિઓમાં × નામસ્થાપના કરવાનું સૌભાગ્ય સૂરિજી મહારાજને પ્રાપ્ત થયું હતું. પ્રત્યેક નન્દિના ૨૦–૨૫ સાધુઓને દીક્ષિત કર્યાનું અનુમાન કરાય તો પણ સૂરિજીના હાથે દીક્ષિત અને ઉપસંપદા ગ્રહણ કરેલ સાધુઓની સંખ્યા એક હજારથી વધારે થાય છે.

આ વાત કોઈ કલ્પના માત્ર નથી, પરંતુ નરી સાચી હકીકત છે, કેમકે ઉપાધ્યાય શ્રીક્ષમાકલ્યાણજી પોતાની પટ્ટાવલીમાં ખાસ સૂરિજીને ૯૫ શિષ્યો પોતાના હોવાનો ઉલ્લેખ કરે છે. અમે પણ ખૂબ શોધખોળ કરી એમાંના ૨૫–૩૦ શિષ્યોના નામ એકત્ર

+ 'શ્રીજિનદત્તસૂરિ જ્ઞાન ભંડાર' મુંબઈથી પ્રકાશિત પુસ્તક 'જિનચન્દ્રસૂરિ જીવન ચરિત્ર' પૃ. ૧૧ માં છે.

× ૪૪ નંદિના નામ પરિશિષ્ટ(ક)માં 'વિહાર પત્ર'ની સાથે છે. આ બાબત કોઈવેળા સ્વતંત્ર લેખ રૂપે તપાસીશું.

કર્યા છે, જેમનો સંક્ષિપ્ત પરિચય આગળ લખવામાં આવશે. પ્રત્યેક શિષ્યના અગર ઓછામાં ઓછા પાંચ-પાંચ શિષ્ય પ્રશિષ્યોનું અનુમાન કરવામાં × આવે તોએ એ સંખ્યા લગભગ ૫૦૦ની થાય છે. તદુપરાંત એ સમયે બીજી પણ કેટલીયે શાખાઓ વિદ્યમાન હતી. જેવી કે જિનદત્તસૂરિ-સંતાનીય, જિનકુશલસૂરિ પરંપરા, ક્ષેમકીર્તિ શાખા, સાગરચન્દ્રસૂરિ શાખા, જિનભદ્રસૂરિ શાખા, જિનકીર્તિરત્નસૂરિ શાખા, જિનહંસસૂરિ શાખા, અને જિનમાણિક્યસૂરિ શાખા+

×સૂરિજીના સમયમાં એમનાં પ્રશિષ્યોનાંય પ્રશિષ્યો વિદ્યમાન હોવાનાં પ્રમાણો મળે છે. જેમકે ઉપાધ્યાય શ્રીસમયસુંદરજી સૂરિજીના પ્રશિષ્ય હતા. અને તેમના શિષ્ય વાદી હર્ષનંદનજીના શિષ્ય જયકીર્તિજી આદિને પણ સૂરિજીએજ દીક્ષા આપેલ. સૂરિજીના કેટલાક શિષ્યોના શિષ્ય-પ્રશિષ્યો આદિની સંખ્યા ૧૦-૧૫ સુધીની મળી છે, છતાં અમે સાધારણ રીતે કેવળ ૫ તરીકેજ ગણેલી છે.

+ એક પ્રાચીન પટ્ટાવલીમાં લખ્યું છે કે-આ સૂરિજીએ એકજ નંદિમાં ૬૪ સાધુએને દીક્ષા આપેલ અને ૧૨ મુનિઓને "ઉપાધ્યાય" પદપ્રદાન કરેલ. આજ ગ્રંથના પ્રકરણ ૩ના ૨૬ મા પૃષ્ઠપર એમના ૨૪ શિષ્ય હોવાનો ઉલ્લેખ કરાઈ ચૂકેલ છે, એમાંથી નિમ્નલિખિત ૬ નામ અમને મળેલ પણ છેઃ-

(૧) કવિ કનકઃ—મેઘકુમાર ચૌઢાળીયાના કર્તા.

(૨) વિનયસોમઃ—એમનો "ફલોધી પાર્શ્વસ્તવ" ગા. ૧૭નો અમારા સંગ્રહમાં છે. એમના શિ૦ સોમસુંદર શિ૦ અમર કૃત 'વિવાહ પડલ' (પત્ર ૧૫) મળે છે.

(૩) વા૦ વિનય સમુદ્રઃ—એમનું "ઋષભસ્તવ" ગા. ૨૨નું અમારા સંગ્રહમાં છે એમના શિષ્યો વા૦ હર્ષ (વિશાલ) શીલ, ગુણરત્ન આદિ કેટલાંય હતાં. હર્ષવિશાલજીના શિષ્ય ઉ. જ્ઞાનસમુદ્રના શિષ્ય વા૦ જ્ઞાનરાજના શિષ્ય લબ્ધોદયજી સારા કવિ હતા. એમનાં "પદ્મિની ચરિત્ર ચોપાઈ"

(સં. ૧૭૦૭ ચૈત્રી પૂનમ), ગુણાવલી ચૌપાઈ (ઉદયપુર) મલય સુંદરી ચોપાઈ, ધુલેવા ઋષભદેવ સ્તવન ઉપલબ્ધ છે. આ (પદ્મિની ચરિત્ર) ચોપાઇમાં એમણે આ અગાઉ અન્ય ૬ ચોપાઇઓ લખ્યાનો ઉલ્લેખ છે. એમના શિ૦ દાનસાગર, શિ૦ રત્નધીર કૃત "ભુવન દીપક ટબો" (સં. ૧૮૦૫નું જૈ૦ સા૦ સં૦ ઈ૦) મળે છે વા૦ વિનયસમુદ્રજીના બીજા શિષ્ય ગુણરત્નજીએ રચેલ 'કાવ્ય પ્રકાશ ટીકા' (સં. ૧૬૧૦ જેઠ વદ ૭, શિષ્ય રત્નવિશાલ નિમિત્તે). અને 'સારસ્વત ક્રિયા ચંદ્રિકા' (સં. ૧૬૪૫ ભુવન૦ ભં૦ પત્ર ૪૪) ઉપલબ્ધ છે, એમના શિષ્ય રત્નવિશાળ કૃત 'રત્નપાલ ચૌ૦' (સં. ૧૬૬૨ મહિમાપુર, ભુવન૦ ભં૦ માં) અને એમણે લખેલ પ્રશસ્તિ સં. ૧૬૬૬ ભાદરવા સુદ ૩ વીરમપુરની (નાહર લેખાંક ૧૭૧૫ છે, એમના શિષ્યના પ્રશિષ્ય મહિમોદય કૃત 'પંચાંગાનયન વિધિ' ગાથા ૫૪ (સં. ૧૭૨૩ ભાદરવા સુદ ૭) ઉપરાંત રઘુવંશ વૃત્તિ.અને તીર્થ તરંગિણી મળે છે. સં. ૧૬૩૦માં શ્રીજિનચન્દ્રસૂરિજી ના આદેશથી 'સંયુતિ સંધિ' (પત્ર ૪ સ્વામી નરોત્તમદાસજી એમ. એ. ના સંગ્રહમાં) બનાવી. એમની વિશિષ્ટ કૃતિ "નમસ્કાર પ્રથમ પદ [illegible]" "અનેકાર્થ રત્ન મંજૂષા"માં છપાએલ છે. એમના શિષ્ય વા૦ [illegible] શિ૦ ત્રિભુવનસેન શિ૦ મતિહંસ શિ૦ મતિમોદયજી પણ [illegible] એમનો 'શ્રીપાલ રાસ' (સં. ૧૭૨૨ માગસરની (?) તેરસ, [illegible] સાઠિસો, જન્મપત્રી પદ્ધતિ (પત્ર ૧૧૪ શ્રીપૂજ્યજીના [illegible] ગ્રહસ્પષ્ટાનયન ચો૦ ગાથા ૪૬ (સં. ૧૭૩૧ [illegible] રચિત (સંગ્રહ નં૦ ૧૨૫) આદિ ગ્રંથ [illegible] ગુરૂભ્રાતા લબ્ધિવિજય એમના વિદ્યાગુરુ [illegible]

(૪) **ભુવનધીરઃ**—અમારા [illegible] પ્રશસ્તિથી જાણવા મળે છે કે એ [illegible]

(૫) **વા૦ કલ્યાણધીરઃ**—[illegible] એમણે રચેલ 'સાધુ [illegible]

અને સાધુઓ સેંકડો હતા. એમના શિષ્ય-પ્રશિષ્યોને પણ

એમના શિષ્ય (૧) ધર્મરત્ન કૃત "જય વિજય ચોપાઈ" (સં. ૧૬૪૧ વિજયાદશમી. આગરા) ઉપલબ્ધ છે, (૨) શિ. ભણસાલી ગોત્રીય વા૦ કલ્યાણલાભજી હતા, એમના શિષ્ય (A) કમલકીર્તિ રચિત જિનવલ્લભ-સૂરિજીકૃત વીર ચરિત્રનું બાળા૦ (સં. ૧૬૯૮ શ્રા. કૃ. ૯ ના જૈસલમેરમાં રચેલ અને લખેલી પ્રતિ બાબૂ અમરચન્દજી બોથરા નાથનગરના સંગ્રહમાં છે), મહીપાલ ચરિત્ર (સં. ૧૬૭૬ વિજયાદશમી હાજીખાનદેરા-સિંધ, એમનાંજ શિષ્ય ચારિત્રલાભ લિખિત, જયચન્દજીના ભંડારમાં છે) "સપ્તસ્મરણ બાળાવબોધ" અને "કલ્પસૂત્ર ટબાર્થ" પત્ર ૯૯ (સં. ૧૭૦૧ મરોટમાં શિ૦ ચારિત્રલાભ પઠનાર્થે લિખિત જયચન્દજીના ભંડારમાં છે) એમના શિષ્ય સુમતિલાભ, શિ. સુમતિમંદિર, શિ. જયનંદન શિ૦ લબ્ધિસાગર કૃત "ધ્વજ ભુજંગકુમાર ચૌ." (સં ૧૭૭૦ આશ્વિન વદિ ૫, ચૂડા-સૌરાષ્ટ્ર) ઉપલબ્ધ છે. (B) કુશલધીરજી એક ઉત્તમ પ્રકારના કવિ હતા, એમણે રચેલ (૧) ભોજ ચૌપાઈ (સં. ૧૭૨૯ ના મહા વદિ ૧૩ સોજત, શિ. ધર્મસાગર, આગ્રહથી (૨) લીલાવતી રાસ (સં. ૧૭૨૮ સોજત) (૩) પૃથ્વીરાજ કૃત વેલિ બાળા૦ (સં. ૧૬૯૬ વિજયાદશમી શિષ્ય ભાવસિંહના આગ્રહથી, નાહરજીના સંગ્રહમાં ગુટકા નં. ૯૦) (૪) ઉદ્યમ કર્મ સંવાદ ૪, 'રસિક પ્રિયા ભાષા ટીકા' (જોધપુર, વર્દ્ધમાન ભં૦ ગુ૦) શીલવતી રાસ (સં. ૧૭૨૨) રાજર્ષિ કૃતવર્મ ચૌપાઇ (૧૭૨૮) અને ચૌવીસી (સં. ૧૭૨૯) અને કુશળલાભ કૃત વન (યવ) રાજર્ષિ ચૌ૦ (સં. ૧૭૫૦, જય૦ ભં૦), મલ્લિસ્તવ (સં. ૧૭૫૬ જેસલમેર) મળે છે. અને અનેક સ્તવનાદિ પણ ઉપલબ્ધ છે, (C) કનકવિમલ, એમનું નામ "વેલિ-બાળા૦"ની પ્રશસ્તિમાં છે. (૫) ધર્મ પ્રમોદ—એમની કૃતિ "મહાશતક શ્રાવક સન્ધિ" અમારા સંગ્રહમાં છે. "લઘુ શાંતિસ્તવન વૃત્તિ" અને "ચૈત્યવન્દન ભાષ્યવૃત્તિ (તત્ત્વાર્થ દીપિકા" સં. ૧૬૬૪ પોસ વદ ૧૦) બીકાનેર જ્ઞાન ભંડારમાં છે.

(૬) ક્ષેમરંગ—એમણે લખેલ "બન્ધસ્વામિત્વ સ્તવાવચૂરિ" શ્રી પૂજ્યજીના સંગ્રહમાં છે. એમના શિ૦ વિનયપ્રમોદ શિ૦ મહિમાસેન લિખિત

સૂરિજીએ દીક્ષિત કરેલ હતા.* એ બધાંની સંખ્યા પણ ઓછામાં ઓછી એટલીજ માની લઇએ તો જરાય અતિશયોક્તિ નહીં થાય.

સૂરિજીએ દીક્ષા આપેલ સાધ્વીઓના નામોની તથા 'નન્દિ' ઓની સંખ્યા હજુ અમને પ્રાપ્ત થએલ નથી, એથી એમની સંખ્યા વિષે બરાબર નિર્ણય નથી કરી શકતા, પરંતુ સાધુ-સંઘથી સાધ્વીઓની સંખ્યા ઓછી તો નજ કહી શકાય. આ (સાધુના) આંકડાથી અગર સંખ્યાની કાંઇક ન્યૂનતાય રહી ગઈ હોય તો પણ પૂર્વ દીક્ષિત આજ્ઞાનુવર્ત્તિ સાધુ અને સાધ્વીઓની સંખ્યા મેળવીએ તો કુલ ૨૦૦૦ થી વધુ તો સિદ્ધ થાય છેજ.

'વિહાર પત્ર'ની સાથે જે ૪૪ નન્દિઓના નામ છે, એ નામ પણ અનુક્રમે લખેલ છે, એ એક મહત્તાની વાત છે. એથી એ સમયના તમામ વિદ્વાનોનો દીક્ષા સમય નિર્ણિત કરવામાં બહુજ સુગમતા અને સહાયતા પ્રાપ્ત થાય છે, અને જો એની સાથે સંવતાનુક્રમ હોત, તો તો સોનામાં સુગંધ [illegible] જેવું બનત, અસ્તુ !

પ્રતિ મહિમા ભં૦ બં૦ નં. ૨૦ માં છે.

શ્રીજિનમાણિક્યસૂરિ શાખામાં બીજાં પણ [illegible] કવિઓ થયા છે. સં. ૧૭૦૦ માં જિનરંગસૂરિથી [illegible], એ સમયથી કુશલધીરજી આદિ અને તે ઉપરાંત [illegible] પરિવાર આખોય એમનો આજ્ઞાનુયાયી બની [illegible]

* 'ક્રિયોદ્ધાર નિયમ પત્ર'થી [illegible] દેવાનો અધિકાર ગચ્છનાયકનેજ હતો, [illegible] દીક્ષા આપતા તો પણ તે તેમની [illegible] મોટી દીક્ષા તો સૂરિજી [illegible] અને સિદ્ધસેનજીને પણ મોટી દીક્ષા [illegible]

અમો આ પ્રકરણમાં નન્દિ–અનુક્રમ પ્રમાણેજ સૂરિજીના શિષ્ય સમુદાયનો સંક્ષિપ્ત પરિચય આપીશું:—

(૧) **સકલચન્દ્ર** ગણિ—તેઓ જાતે ઓસવાળ રીહડ ગોત્રીય અને સૂરિજીના પ્રથમ શિષ્ય હતા. આગરાથી આપેલ સં. ૧૬૨૮ના પત્રમાં કે જે આ ગ્રંથના પ્રકરણ ૫ પૃ. ૫૪માં છાપેલ છે, એમનું નામ છે.+ એમણે રચેલ એક ગહૂંલી ગા. ૭× ઉપરાંત હજુ સુધી કોઈ બીજી કૃતિ મળી નથી. એમની ચરણપાદુકા બીકાનેરથી ૪ કોશ "નાલ" નામક ગામમાં સૂરિજી સ્થાપિત વિદ્યમાન છે, જેનો લેખ આ પ્રમાણે છે:—

"..............वर्षे..............सुदि २ दिने शनौ सिद्धियोगे श्रीजिनचन्द्रसूरि शिष्य मुख्य पं० सकल..............चरण पादुका श्रीखरतरगच्छाधीश्वर युगप्रधान प्रभु श्री.......... श्रीजिनचन्द्रसूरिभिः प्रतिष्ठितं..................हड जयवंत लूणाभ्यां कारिते ॥"

સ્તૂપના ગોખલાનું મુખ બહુ સંકીર્ણ હોવાથી આ લેખ

+પરંતુ તે પત્રમાં એમનું નામ સૂરિજી પછીના સાધુઓમાં ચોથા નંબરે છે. એથી સહેજે શંકા થાય કે મુખ્ય શિષ્ય હોવા છતાં સૂરિજીએ પોતે એમનું નામ ચોથા નંબરે કેમ લખ્યું? એના સમાધાનમાં સમજવાનું કે એ પત્રમાં જણાવેલ આણંદોદયાદિ મુનિઓ સૂરિજીના શિષ્ય ન હોવા છતાં સૂરિજીના આજ્ઞાનુયાયી હોવા સાથે સકલચંદજીથી પર્યાયે વૃદ્ધ હશે એટલેજ સકલચંદજીનું નામ ચોથા નંબરે લખેલ છે.(ગુ. સં.)

×સં. ૧૯૮૬ માં જ્યારે રતલામથી શેઠ શ્રીનથમલજી ગાદિયા પરમ- પૂજ્ય આચાર્ય શ્રીજિનકૃપાચન્દ્રસૂરિજીના દર્શનાર્થે બીકાનેર આવ્યા હતા ત્યારે એમનાં ધર્મપત્નીએ વ્યાખ્યાનમાં આ ગહૂંલી ગાઈ હતી, અમે એ સંગ્રહી રાખી છે, એની પ્રાચીન હસ્તલિખિત પ્રતિ અમને મળી શકી નથી.

ખૂબ પ્રયત્ન કર્યા છતાંય સંપૂર્ણ વાંચી શકાયો નથી, એટલે એમના સ્વર્ગવાસના સંવતનો નિર્ણય નથી થઈ શકયો.

પ્રખ્યાત કવિશ્રેષ્ઠ મહોપાધ્યાય શ્રીસમયસુન્દરજી એમનાજ શિષ્યરત્ન હતા. એમનો જન્મ સાચૌર વાસ્તવ્ય પોરવાડ જ્ઞાતીય શ્રાદ્ધવર્ય શાહ રૂપસીની સુશીલા ધર્મપત્નિ લીલાદેવીની કૂખેથી થએલ હતો. નાની ઉમરેજ એમણે સૂરિજી પાસે ચારિત્ર ગ્રહણ કરેલું. એમના વિદ્યાગુરૂ વા૦ મહિમરાજજી અને વા૦ સમયરાજજી હતા. એમની કવિત્વ શક્તિ અને વિદ્વત્તાની પ્રતિભા ખૂબ ખૂબ ખીલી ઉઠી હતી. સં. ૧૬૪૯ માં સૂરિજીની સાથે તેઓ પણ લાહોર પધાર્યા હતા. ત્યાં સમ્રાટ અકબરની સભામાં સ્વનિર્મિત "અષ્ટલક્ષી" જેવો વિદ્વત્તાપૂર્ણ ગ્રંથ સંભળાવી ફાગણ સુદિ ૨ના રોજ વાચકપદ પ્રાપ્ત કર્યાનો ઉલ્લેખ અમે આજ ગ્રંથના આઠમા પ્રકરણમાં કરી ચૂકયા છીએ. સિંધ દેશમાં વિહાર કરી મખનૂમ શેખને પ્રતિબોધ આપી પાંચ નદીના જલચર જીવો અને ખાસ કરીને ગાયોની રક્ષાનું પ્રશંસનીય કાર્ય કર્યું હતું. જેસલમેરમાં રાવલ ભીમજીને ઉપદેશ આપી મીના જાતિના લોકો દ્વારા માર્યા જાતા "સાંડા" નામના જીવોની રક્ષા કરાવી હતી. મંડોવર અને મેડતાધિપતિને ખુશ કરી શાસનની શોભામાં ખૂબ અભિવૃધ્ધિ કરી હતી. સં. ૧૬૭૧ માં જિનસિંહસૂરિજીએ " લવેરા " (મારવાડ) માં એમને ઉપાધ્યાય પદ આપેલ. સં. ૧૬૮૭/૮૮ માં દુષ્કાળને કારણે સાધુધર્મમાં કિંચિત શિથિલતા પેસી ગઈ હતી. એનો પરિત્યાગ કરી સં. ૧૬૯૧ માં એમણે પુનઃ ક્રિયોદ્ધાર કર્યો હતો. પોતે હજારો સ્તવન સજ્ઝાયો અને સેંકડો ગ્રંથો રચી સાહિત્યની અમૂલ્ય સેવા બજાવી હતી. સાહિત્યની દુનિયામાં એમનું નામ હરહંમેશને

માટે સુવર્ણાક્ષરે આલેખાએલું રહેશે. એમનું વિસ્તૃત જીવન ચરિત્ર એમની કૃતિઓ સાથે અમે ભવિષ્યમાં પ્રકટ કરીશું.* એથી અત્રે વિશેષ લખેલ નથી. સં. ૧૭૦૨ નાં ચૈત્ર સુદિ ૧૩ ના રોજ અમદાવાદમાં પગથીઆના ઉપાશ્રયે તેઓનો સ્વર્ગવાસ થયો.

સંવતના અનુક્રમે એમની કૃતિઓ આ પ્રમાણે છેઃ—

સં. ૧૬૪૧ ભાવશતક (ખંભાત), સં. ૧૬૪૯ લાહોરમાં અષ્ટલક્ષી (અર્થ રત્નાવલી)×, સં. ૧૬૫૧ જિનકુશલસૂરિ અષ્ટક અને ૨૪ જિન ૨૪ ગુરૂનામ ગર્ભિત પાર્શ્વ સ્તવન, સં. ૧૬૫૨ વિજયાદશમી–ખંભાતમાં જિનચન્દ્રસૂરિ ગીત, સં. ૧૬૫૬ અક્ષયતૃતીયા જેસલમેરમાં ૨૭ રાગગર્ભિત સ્તવન, સં. ૧૬૫૭ ચૈત્ર વદી ૪ આબૂતીર્થ યાત્રા સ્તવન, સં. ૧૬૫૮ ચૈત્રીપૂર્ણિમા શત્રુંજય યાત્રા સ્તવન, અને વિજયાદશમીના અમદાવાદમાં સંઘપતિ સોમજીની અભ્યર્થનાથી ચૌવીસી, અને એજ સંવતમાં અષ્ટાપદ સ્તવન, સં. ૧૬૫૯ વિજયાદશમી–ખંભાતમાં શાંબપ્રદ્યુમ્ન ચૌપાઈ, સં. ૧૬૬૧ ચૈત્રવદી ૫ નાગોરમાં પાર્શ્વનાથ સ્તવન, સં. ૧૬૬૨ સાંગાનેરમાં દાનાદિ ચોઢાલિયા×, એજ વર્ષે માહ મહિનામાં ઘંઘાણી (ગાંગાણી) પદ્મપ્રભુ સ્તવન×, સં. ૧૬૬૩ (૪?) રૂપકમાલા ચૂર્ણિ (વૃત્તિ જે. ભં. સૂ.). સં. ૧૬૬૪ ફાગણ આગરામાં કરકંડુ પ્રત્યેકબુદ્ધ રાસ, ચૈત્રવદી ૧૩ ના દુમુહ પ્રત્યેકબુદ્ધ રાસ, જંબૂરાસ (જેસલમેર ભં. સૂ.) અને નમિ પ્રત્યેકબુધ્ધ રાસ, સં. ૧૬૬૫ જેઠ સુ.૧૫ નગ્ગઈ પ્રત્યેકબુદ્ધ રાસ, એજ વર્ષે ચૈત્ર(?) સુદિ૧૦ અમરસરમાં ચાતુર્માસિક વ્યાખ્યાન પદ્ધતિ×, સં. ૧૬૬૬ વીરમ-

* "સમયસુંદર કૃતિ કુસુમાંજલિ" માં પ્રગટ થઈ ગયું છે.

× આ ચિહ્નોવાળા ગ્રંથો પ્રકાશિત થઈ ચુક્યા છે.

પુર (નાકોડા)માં કાલિકાચાર્ય કથાx, સં. ૧૬૬૭ માગસર સુદિ ૧૦ મરોટમાં પૌષધવિધિ સ્તવનx, આજ સાલમાં ઉચ્ચનગરમાં શ્રાવકારાધનાx, સં. ૧૬૬૮ મુલતાનમાં મૃગાવતી રાસ અને માહ સુદિ ૬ના દિવસે અહીંજ કર્મ-છત્તીસી, સં. ૧૬૬૯ સિદ્ધપુરમાં પુણ્ય-છત્તીસી, અહીંજ સામાચારી-શતકx, નામે મોટા ગ્રંથની રચનાનો આરંભ કર્યો, સં. ૧૬૬૯ (?) શીલછત્તીસી સં. ૧૬૭૦ આસોજ, અમદાવાદમાં નવવાડ શીલ સજ્ઝાય, સં. ૧૬૭૧ આંબૂ સ્તવન, સં. ૧૬૭૨ મેડતામાં સામાચારી શતકની સમાપ્તિ, એજ સમયે સિંહલસુત પ્રિયમેલક રાસ બનાવ્યો, એજ સંવતમાં પોષ દસમીના રોજ અત્રેજ વિશેષ શતકx, સં. ૧૬૭૨ (૩?) ભાદરવામાં પુણ્યસાર ચૌપઇ, સં ૧૬૭૩ વસંત (પંચમી) મેડતામાંજ નલદમયંતી ચૌપઈ, અને કાર્તિકસુદિ ૫ંમે ગાથા લક્ષણ, સં. ૧૬૭૪ માં પણ અત્રેજ વિચારશતક સં. ૧૬૭૬ માગસર રાણકપુર યાત્રા સ્તવન, (સં. ૧૬૭૭ જેઠ વદિ ૫ મે પ્રતિષ્ઠા સમયે મેડતામાં હતા, જૂઓ "જૈન લેખ સંગ્રહ" લેખાંક ૪૪૩), સં. ૧૬૭૭ માહ માસ સાચોરમાં મહાવીર સ્તવન, અહીંજ સીતારામ ચૌપાઈની ૧ ઢાલ, સંવત ૧૬૭૯ ભાદરવા વદિ ૧૧ ગુર્વાવલી પત્ર૧ (સ્વયં લિખિત અમારા સંગ્રહમાં છે.) સં. ૧૬૮૧ નભ (ભાદ્રવ) માસ જૈસલમેરમાં ગણધરવસહી સ્તવન, એજ સંવતમાં અહીંજ વલ્કલચીરી રાસ અને મૌન એકાદશી સ્તવન, સં. ૧૬૮૧ કાર્તિકસુદિ ૧૫ ના લોદ્રવપુર યાત્રા સ્તવન, સં. ૧૬૮૨ શ્રાવણ નાગોરમાં શત્રુંજય રાસx, એજ વર્ષે તિમરીપુર (સંભવતઃ તિંવરી-મારવાડ) માં વસ્તુપાલ તેજપાલ રાસ, સં. ૧૬૮૩ માગસર બીકાનેરમાં આદિનાથ સ્તવન, સં. ૧૬૮૩ (૮૧-૮૯ પાઠાંતર)

અહીંજ શ્રાવક ૧૨ વ્રત કુલક, સં. ૧૬૮૪ શ્રાવણ–લૂણકરણસરમાં દુરિયરયસ્તોત્ર વૃત્તિ×, એજ વર્ષે અહીં સંતોષ–છત્તીસી અને કલ્પસૂત્ર પર કલ્પલત્તા × નામક વૃત્તિનો પ્રારંભ, સંવત ૧૬૮૫ ફાગણમાં અહીંજ વિશેષ સંગ્રહ, આજ સાલમાં વિસંવાદ શતક અને બારવ્રત રાસ (જે. ભં. સૂ), સં. ૧૬૮૫ રિણીમાં 'યતિ આરાધના'× અને અહીંજ કલ્પલતાવૃત્તિ પૂર્ણ કરી, સં. ૧૬૮૬ ગાથા સહસ્રી×, સં. ૧૬૮૭ પાટણમાં જયતિહુઅણવૃત્તિ×, એજ વર્ષે ભક્તામર સુબોધિનીવૃત્તિ, અહીંજ વિશેષ શતક લેખન સમય દુષ્કાળ વર્ણન શ્લોક×, સં. ૧૬૮૮ અમદાવાદમાં દુષ્કાળ વર્ણન–છત્રીસી× (ગા. ૩૬) અહીંજ કાર્તિક માસે નવતત્ત્વ શબ્દાર્થવૃત્તિ, સં. ૧૬૮૯ અમદાવાદમાંજ સ્થૂલિભદ્ર સજ્ઝાય અને રાજધાનીમાં દુઃખિત ગુરુ વચનમ્, સં. ૧૬૯૦ ખંભાતમાં સવૈયા–છત્તીસી, સં. ૧૬૯૧ માં અત્રે દશવૈકાલિક સૂત્રપર દીપિકાવૃત્તિ×, કાર્તિકવદિ ૩ થાવચ્ચા ચૌ૦, દિવાળીપર ૪૭ દોષ સજ્ઝાય, સં. ૧૬૯૨ માધવ (વૈશાખ) મહિનામાં અહીંજ રઘુવંશવૃત્તિ, સં. ૧૬૯૩ જેઠમાં અમદાવાદ ખાતે સંદેહ દોલાવલિ પર્યાય, સં. ૧૬૯૪ દિવાળીપર જાલોરમાં વૃત્તરત્નાકરવૃત્તિ, અહીંજ ચોમાસામાં ક્ષુલ્લકકુમાર રાસ, સં. ૧૬૯૫ જાલોરમાંજ ચંપકશ્રેષ્ઠી ચૌપઈ, સપ્તસ્મરણ વૃત્તિ (સુખ બોધિકા)×, સં. ૧૬૯૫ ફાગણસુદિ ૧૫ના પ્રલ્હાદન (પાલણ) પુરમાં કલ્યાણમંદિરવૃત્તિ×, આંકેઠમાં ગૌતમપૃચ્છા ચૌપઈ, સં. ૧૬૯૬ નભમાસ (ભાદરવા) વદિ અમદાવાદમાં દંડકવૃત્તિ, આસોજમાં ધનદત્ત ચૌપઈ, સં. ૧૬૯૭ ચૈત્રમાં ત્યાંજ સાધુવંદના, સં. ૧૬૯૮ શ્રાવણ સુદિ ૫ ના રોજ પુંજરત્ન ઋષિરાસ, એજ વર્ષે ત્યાંજ આલોયણ–છત્તીસી, સં. ૧૭૦૦

માહ માસમાં ત્યાંજ દ્રૌપદી ચૌપઈ વૃદ્ધાવસ્થા હોવા છતાંય રચી. અહીંજ એમનો સ્વર્ગવાસ થયો.

સંવત વગરની મોટી અને ઉલ્લેખનીય કૃતિયો નીચે મુજબ છે:

(૧) સામાચારી શતક, (૨) સીતારામ ચૌપઇ; (૩) કલ્પલતા ટીકા, (એ ત્રણેનો ઉલ્લેખ ઉપરોક્ત નોંધમાં આવી ગયો છે), (૪) સારસ્વત રહસ્ય, (૫) સેટ–અનિટ ધાતુ–લક્ષણ સમુચ્ચય (૬) ખરતરગચ્છ પટ્ટાવલી, (૭) વિમલ યમલ સ્તુતિ વૃત્તિ, (૮) અલ્પાબહુત્વ ગર્ભિત સ્તવન સ્વોપજ્ઞ ટીકા×, (૯) ઋષભ ભક્તામર×, (૧૦) દ્રૌપદી સંહરણ* (૧૧) મહાવીર ૨૭ ભવ, (૧૨) ષડાવશ્યક બાળાવબોધ, (૧૩) પ્રશ્નોત્તર પદ્ (વિચાર, જે. ભં. સૂ) (૧૪) વાગ્ભટ્ટાલંકાર વૃત્તિ, (૧૫) ભોજન વિચ્છિત્તિ ઇત્યાદિ તથા નાના મોટા સ્તવન સજઝાય અષ્ટક આદિ મળીને સેંકડોની સંખ્યામાં અમારા સંગ્રહમાં છે, જેને યથા સમયે પ્રકટ કરવામાં આવશે.

૩. સમયસુંદરજીના અનેકો વિદ્વાન શિષ્યો હતા, જેનો પરિચય કવિવરના જીવન ચરિત્રમાં આપવામાં આવશે. અહીં તો માત્ર એમના એક ઉદ્ભટ વિદ્વાન શિષ્ય વાદી હર્ષનંદનજીનો થોડો પરિચય આપવામાં આવે છે.

વાદી હર્ષનંદનજી સંસ્કૃતના પ્રકાંડ વિદ્વાન હતા, એમની વિદ્વત્તાની પ્રશંસા કવિવર પોતે પણ પોતાની કલ્પલતા વૃત્તિ આદિમાં કરે છે. ન્યાય અને વ્યાકરણ વિષયમાં તો એમની વિદ્વત્તા

---

* કવિવરની સ્વહસ્તલિખિત પ્રતિ સં. ૧૯૮૦ માં જાલોરની અંદર યતિ શ્રીપૂનમચંદજીનો ભંડાર કે જે આચાર્યવર શ્રીજિનભદ્રસૂરિજી સંસ્થાપિત હતો. તેમાં આ સંપાદકે જોઈ હતી. દુઃખનો વિષય છે કે આજે એ આખોય ભંડાર કુશિષ્યના હાથે જતાં સમૂળો નાશ થઇ ગયો છે.

ખાસ ઉલ્લેખનીય છે. "ચિન્તામણિ મહાભાષ્ય" જેવા મહાન ઉત્કૃષ્ટ ગ્રંથોનો એમણે અભ્યાસ કરેલો. એમણે બનાવેલ ૧ મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ (સં. ૧૬૭૩ પાટણ), ૨ ઋષિમંડલ પ્રકરણ વૃત્તિ ૪ ખંડ (સં. ૧૭૦૫ બીકાનેર), ૩ સ્થાનાંગ વૃત્તિ ગત ગાથા વૃત્તિ (સં. ૧૭૦૫ વા. સુમતિ કલ્લોલની સાથે) લીંબડી ભં. ૪ ઉતરાધ્યયન વૃત્તિ સં. ૧૭૧૧ બીકાનેર જ્ઞાન૦, ૫ આદિનાથ વ્યાખ્યાન, ૬ આચાર દિનકર પ્રશસ્તિ, ૭ શત્રુંજય યાત્રા પરિપાટી સ્તવન સં. ૧૬૭૧, ૮ ઋષિમંડલ બાળાવબોધ, ૯ જિનસિંહસૂરિ ગીત, ૧૦ ઉદ્યમકર્મ સંવાદ, ૧૧ પાર્શ્વનેમિ ચરિત્ર. તથા ગૌડી પર્શ્વસ્ત. સં. ૧૬૮૩, અને અન્ય સ્તવન ગહુંલિયો, ઈત્યાદિ ઉપલબ્ધ છે.

(૨) નય **વિલાસઃ**—એમનું નામ પણ આગરાથી લખેલ પત્રમાં આવે છે. એમણે બનાવેલ લોકનાલ દ્વાત્રિંશિકા બાળાવબોધ (સં. ૧૬૫૪ લિખિત) શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ જ્ઞાન ભંડાર બીકાનેરમાં છે.

(૩) જ્ઞાન **વિલાસઃ**—એમના શિષ્ય સમયપ્રમોદજી કૃત (૧) જિનચન્દ્રસૂરિ નિર્વાણ રાસ, (૨) ચૌપર્વી ચૌપઈ (સં. ૧૬૭૩ જૂઠા ગામે પત્ર ૧૪ સ્વયં લિખિત) બીકાનેર જ્ઞાન ભંડારમાં છે, (૩) અભયદેવસૂરિ કૃત સાહમ્મીવચ્છલકુલક ટબો (સં. ૧૬૬૧ ફા. વ. ૭ વીરમપૂરે કૃત વ લિખિત), (૪) જિનચન્દ્રસૂરિજી ગીત (સં. ૧૬૪૯), (૫) આરામશોભા ચૌપઈ, (૬) અરહન્નક રાસ. (૭) દશાર્ણભદ્ર નવઢાલિયા ઈત્યાદિ નાની મોટી કેટલીય કૃતિઓ ઉપલબ્ધ છે.

અમારા સંગ્રહમાંની ભગવતી સૂત્ર પ્રશસ્તિ (સં. ૧૬૭૬) પરથી જાણવાં મળે છે કે જ્ઞાનવિલાસજીને લબ્ધિશેખર, જ્ઞાન

વિમલ, નયનં કલસ આદિ બીજા પણ કેટલાય શિષ્યો હતા.

(૪) **હર્ષ વિમલઃ**—એમનું નામ સં. ૧૬૨૮ નાં આગરા-વાળા પત્રમાં આવે છે.

એમના શિષ્ય શ્રીસુન્દરજી હતા. જેમણે બનાવેલ અગડદત્ત પ્રબંધ પત્ર ૯ અમારા સંગ્રહમાં છે, અને નાની કૃતિઓ પણ કેટલીય ઉપલબ્ધ છે. સં. ૧૫૬૧ માગસર વદિ ૫ ના લેખમાં પણ એમનું નામ આવે છે. (જૈન ધાતુ પ્રતિમા લેખ સંગ્રહ ભાગ ૨).

(૫) **કલ્યાણ કમલઃ**—એમનું નામ પણ ઉપરોકત પત્રમાં આવે છે. એમનાં ૧) જિનપ્રભસૂરિકૃત "ષડ્ભાષા સ્તવ અવચૂરિ" (પત્ર ૨ અમારા સંગ્રહમાં છે.) (૨) સનત્-કુમાર ચૌપઇ તથા નેમિનાથ સ્ત. ઋષભ સ્ત. આદિ પણ મળે છે.

(૬) **તિલક કમલઃ**—એમના શિષ્ય પદ્મહેમ (ગોલચ્છા ગોત્રીય) હતા.+ જેમણે વાડી પાર્શ્વનાથ (પાટણ) અને જિનદત્તસૂરિ સ્તૂપ (મુલતાન)ની પ્રતિષ્ઠા કરી હતી. એમના શિષ્ય (૧) વા. ધનરાજ (ગોલચ્છા ગોત્રીય), (૨) વા. નિલયસુન્દર, (૩) વા. નેમસુન્દર, (૪) પં. આનંદવર્ધન, (૫) હર્ષરાજ આદિ ઘણા શિષ્યો થયા. વા. ધનરાજજીના શિષ્ય વા. હીરકીર્તિ ગોલચ્છા ગોત્રીય હતા, એમનો સ્વર્ગવાસ સં. ૧૭૨૯ શ્રા. સુ. ૧૪ ના જોધપુરમાં થયો. એમના શિષ્ય (A) વા. રાજહર્ષ (B) મતિહર્ષ હતા, (A) વા. રાજહર્ષના શિષ્ય વા. રાજલાભજી ઉચ્ચ કક્ષાના કવિ થયા, એમની ધન્ના શાલિભદ્ર ચૌપઈ (સં. ૧૭૨૬ આ. સુ. ૫ વણાડ, બીકાનેર

+ એમના શિષ્ય અજ્ઞાત નામે રચેલ 'દેશી નામમાલા અવચૂરી' (સં. ૧૬૫૨ કૃપા૦ જ્ઞા૦ ભં૦ નં. ૫૨૫) મળે છે.

જ્ઞાન ભંડાર) ભદ્રાનંદ સંધિ આદિ અનેક કૃતિઓ ઉપલબ્ધ છે, જેમનો પરિચય સ્વતંત્ર નિબંધમાં આપવામાં આવશે. વા. રાજલાભજીના શિષ્ય પં. રાજસુન્દર, ક્ષમાધીર અને એમના શિષ્ય ગુણભદ્ર, નયણરંગ આદિ હતા. વા. હીરકીર્તિજીના બીજા શિષ્ય મતિહર્ષજીના વા. ભુવનલાભ અને મહિમામાણિકય નામના બે શિષ્યો હતા. વા. ભુવનલાભજીના તેજસુન્દર અને મહિમામાણિકયજીના મહિમસુન્દર, શ્રીચન્દ્ર આદિ શિષ્યો હતા.

(૭) **નયનકમલઃ**—એમના શિષ્ય જયમંદિરજીના શિષ્ય કનકકીર્તિ સારા કવિ હતા. જેમના ૧ નેમિનાથ રાસ, [સં. ૧૬૯૨ મહાસુદિ ૫ બીકાનેર], ૨ દ્રૌપદી રાસ [સં. ૧૬૯૩ વૈશાખ સુ. ૧૩ જૈસલમેર], ૩ મેઘદૂત કાવ્ય અવચૂરિ આદિ ઉપલબ્ધ છે.

(૮) **યુગપ્રધાન શ્રીજિનસિંહસૂરિઃ**—તેઓ ભારે પ્રતિભાશાળી અને પ્રખર વિદ્વાન હતા, ગુરૂદેવની સાથે વર્ષો સુધી રહી એમણે વિનય, વિદ્વત્તા, વ્યાખ્યાન કળા આદિ ગુણો પ્રાપ્ત કર્યા હતાં. ટુંકમાં એટલુંજ કહેવું બસ થશે કે સૂરિજીના ઘણાખરા ગુણો એમનામાં આવી ગયા હતા. એમણે સમ્રાટ અકબરના દરબારમાં સૂરિજીથીયે પહેલાં જઈ પોતાની લોકોત્તર પ્રતિભાથી સમ્રાટને જૈનધર્મના અનુરાગી બનાવ્યા હતા. સં. ૧૬૨૮ના આગરાના પત્રમાં સૂરિજીની સાથે એમનું પણ નામ આવે છે.

એમનો જન્મ સં. ૧૬૧૫ના માગસર સુદિ ૧૫ના ખેતાસર ગામે થયો. એમના પિતાનું નામ ચોપડા ગોત્રીય શાહ ચાંપસી, અને માતાનું નામ ચાંપલદેવી હતું. એમનું મૂળ

નામ માનસિંહ હતું, એથીજ સમ્રાટ એમને પ્રાયઃ એ નામેજ સંબોધતા હતા. અમે આ પુસ્તકના પાંચમા પ્રકરણમાં લખી ચૂકયા છીએ કે સં૦ ૧૬૨૩ માં જ્યારે શ્રીજિનચન્દ્રસૂરિજી બીકાનેર પધાર્યા હતા ત્યારે એમણે કેવળ આઠવર્ષની અવસ્થામાં વૈરાગ્ય પામી સૂરિજી મહારાજ પાસે ભાગવતી દીક્ષા ગ્રહણ કરેલ, સૂરિજીએ એમનું નામ "મહિમરાજજી" રાખ્યું, અને વિદ્વાન નિર્મલ ચારિત્રપાત્ર અને વિનયશીલ હોવાને કારણે સં૦ ૧૬૪૦ ના માહ સુદિ ૫ ના રોજ જૈસલમેરમાં સૂરિજીએ એમને વાચક પદથી અલંકૃત કર્યા હતા.

"શ્રીજિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ" થી જાણવા મળે છે કે સમ્રાટ અકબરના આમંત્રણથી સૂરિ મહારાજે પોતાથી પહેલાં અન્ય છ સાધુઓની સાથે એમનેજ સમ્રાટના દરબારમાં મોકલ્યા હતા, અને એમના દર્શનથી સમ્રાટ ખૂબ પ્રસન્ન થએલ, અને એમની સાથે રોજ ધર્મચર્ચા કરવા લાગેલ.

અમે સાતમા પ્રકરણમાં લખી ચૂકેલ છીએ કે જ્યારે શાહજાદા સલીમના ઘેર મૂળ નક્ષત્રમાં કન્યાનો જન્મ થયો હતો, ત્યારે મંત્રીશ્વર કર્મચન્દ્રના પ્રબંધથી એમણેજ તેના દોષ નિવારણાર્થે અષ્ટોત્તરી સ્નાત્ર પૂજા સવિધિ ભણાવી હતી સૂરિજીની આજ્ઞાથી સમ્રાટની સાથે કાશ્મીર વિહાર કરી જૈન ધર્મની અતિશય ઉન્નતિ કરનાર પણ તેઓજ હતા. ગજની અને ગોલકુંડા જેવા અનાર્ય દેશોમાં તથા ઠેઠ કાબુલ સુધી અમારી ઉદ્‌ઘોષણા પણ એમણેજ કરાવી હતી, કાશ્મીરના રસ્તામાં આવતા અનેકો તળાવોના જલચર જીવોની રક્ષા પણ એમણે કરાવી હતી કાશ્મીર વિજય પ્રાપ્તિ પછી શ્રીનગરમાં સમ્રાટને ઉપદેશ આપી આઠ દિવસની અમારી ઉદ્‌ઘોષણા કરાવી હતી.

એમના સહવાસે સમ્રાટપર અમિત પ્રભાવ પાડયો, એથીજ સમ્રાટે સૂરિજીને નિવેદન કરી એમને આચાર્યપદ વડે અલંકૃત કરાવ્યા, અને એમનું નામ "જિનસિંહસૂરિ" રાખવાનો નિર્દેશ પણ સમ્રાટે પોતેજ કર્યો હતો. ઉપરાંત આ અવસરપર મંત્રીશ્વર કર્મચન્દ્રે કરોડો રુપીયા ખર્ચી જબ્બરદસ્ત મહોત્સવ ઉજવ્યો. આ બધું અગાઉના પ્રકરણોમાં આવી જતું હોઈ અત્રે લખવું અનાવશ્યક છે.

એ પછી કેટલેક સ્થળે સૂરિજીની સાથે તો કેટલેક સ્થળે સૂરિજીની આજ્ઞાથી અન્યત્ર ચાતુર્માસ કર્યા. અનેક શિલાલેખો અને ગ્રંથ પ્રશસ્તિઓમાં એમનું નામ મળે છે.

સં. ૧૬૫૬ ના માગસર સુદિ ૧૩ ના રોજ બીકાનેરમાં બોથરા ગોત્રીય ધર્મસી શાહની ભાર્યા ધારલદેવીના પુત્ર રાજસિંહને દીક્ષા આપી. ત્યાંથી વિહાર કરી જ્યારે સૂરિજીની પાસે આવ્યા ત્યારે એમને મોટી દીક્ષા અપાવી અને "રાજ-સમુદ્ર" નામ રાખ્યું.

સં. ૧૬૬૧ ના માહ સુદિ ૭ ના બીકાનેરના શાહ વચ્છ-રાજના પુત્ર ચોલાને અમરસરમાં દીક્ષા આપી, એની સાથે એના મોટા ભાઈ વિક્રમ અને માતા મિરગાદેવીએ પણ દીક્ષા લીધી. થાનસિંહ શ્રીમાલે દીક્ષા–મહોત્સવ કર્યો. ચોલાને રાજ-નગરમાં શ્રીજિનચન્દ્રસૂરિજીએ મોટી દીક્ષા આપી સિદ્ધસેનમુનિ નામ આપ્યું. ઉપરોક્ત રાજસમુદ્રજી અને સિદ્ધસેનજી બંને જિનસિંહસૂરિજીના પટ્ટધર આચાર્ય બન્યા, તેઓ અનુક્રમે 'જિનરાજસૂરિ' અને 'જિનસાગરસૂરિ' નામથી પ્રસિદ્ધ થયા.

સં. ૧૬૬૦–૬૧ આસપાસ (ઈલાહી સન્ ૪૯ તા. ૩૧ ખુરદાદ) આષાઢી અષ્ટાહ્નિકા અમારિ ફરમાન ગુમ થઈ જવાથી

એમણે નવું ફરમાન સમ્રાટ-અકબર પાસેથી પ્રાપ્ત કર્યું, જેનો ઉલ્લેખ આ ફરમાનમાં સમ્રાટે પોતે કર્યો છે.

સં. ૧૬૬૨ ના ચૈત્રવદિ ૭ ના જ્યારે બીકાનેરમાં સૂરિજીએ શ્રીઋષભદેવસ્વામીના મંદિરની પ્રતિષ્ઠા કરી, એ સમયે તેઓ પણ સૂરિજીની સાથે હતા, એમ ત્યાંના લેખોદ્વારા જાણવા મળે છે. સં. ૧૬૬૧ ના લેખમાં પણ એમનુ નામ છે.

સુપ્રસિદ્ધ વિદ્વાન કવિવર શ્રીસમયસુંદરજીના તેઓ વિદ્યાગુરૂ હતા, અને એમણેજ સં. ૧૬૭૧ માં લવેરામાં કવિવરને ઉપાધ્યાયપદ આપ્યું હતું.

રાજસમુદ્રકૃત "શ્રીજિનસિંહસૂરિ ગીત'થી જાણવા મળે છે કે સમ્રાટ જહાંગીરને પોતાની અલૌકિક પ્રતિભાવડે પ્રતિબોધ આપી અભયદાનનો પડહ વગડાવ્યો હતો × સમ્રાટે પ્રસન્ન થઈ પોતાના પિતાનું અનુકરણ કરી મુકરબ ખાન નવાબને મોકલી આચાર્ય મહારાજને યુગપ્રધાનપદ આપ્યું હતું.+

સં. ૧૬૭૦ નો ચાતુર્માસ ગુરુદેવની સાથે બેનાતટ (બીલાડા)માં કર્યો હતો. એ પછી ગચ્છનાયક પદ પ્રાપ્ત કરી

× वचन चातुरी गुरु प्रतिबुझवी, शाहि सलेम नरिन्दो जी।
अभयदाननउ पडह वजावियो, श्रीजिनसिंहसूरिन्दो जी ॥ २ ॥
(રાજસમુદ્રકૃત ગીત)

जेहनी गुण परंपरा चित्तने विषे धरी जहांगीर-सलेम संतुष्ट हृदय थकइ श्रीमुकरब खाननइ पोते मोकली महोत्सव पूर्वक युगप्रधान पदवी (दीधी), एहवा श्रीजिनसिंहसूरि ॥
[શ્રીજિનરંગસૂરિ રાજ્યે લિખિત ચૌમાસી વ્યાખ્યાન]

× श्रीसिंघ रे युगप्रधान पदवी लही, आया मुकरब खान रे।
साजण मनचिंत्या हुआ, मल्या दुरजन मान रे ॥ ४ ॥
(વાદી હર્ષનંદન કૃત ગીત)

અનેક સ્થાનોમાં વિહાર કરવા લાગ્યા. સં. ૧૬૭૧માં મેડતા વાસ્તવ્ય ચોપડા ગોત્રીય શાહ આસકરણે શત્રુંજય મહાતીર્થની યાત્રાર્થે સંઘ કાઢવાનો વિચાર કર્યો ત્યારે એમને પણ વીનતિપત્ર મોકલી સંઘમાં સમ્મિલિત થઈ ગિરિરાજની યાત્રાએ બોલાવ્યા હતા. પોષ સુદી ૧૩ ના રોજ મેડતાથી સંઘે પ્રયાણ કર્યું અને અનુક્રમે ગુઢ઼ા (નગર) આવ્યા, ત્યાં બીકાનેરનો વિશાળ સંઘ આવ્યો, તે પણ આ સંઘની સાથે થઈ ગયો. સ્થળે સ્થળે દેવ-વન્દન પૂજન આદિ કરી આબૂ આદિ તીર્થોની યાત્રાનો લાભ લેતા લેતા ચૈત્રી પૂનમને દિવસે ગિરિરાજ શ્રીસિદ્ધાચલજી પર યુગાદિજિનેશ્વરના દર્શન કર્યા. સંઘપતિ આસકરણને ગચ્છનાયક શ્રીજિનસિંહસૂરિજીએ 'સંઘપતિ' પદ અર્પણ કર્યું.+

ગિરિરાજની યાત્રા કરી સૂરિજી મહારાજ ખંભાત આવ્યા, ત્યાં સ્તંભના પાર્શ્વનાથજીના દર્શન કરી પાટણ,અમદાવાદ થઈ વડલી પધાર્યા, ત્યાં દાદા શ્રીજિદત્તસૂરિજીની ચરણપાદુકાના પુનીત દર્શન કર્યા. ત્યાંથી વિહાર કરી ગચ્છનાયક શ્રીજિનસિંહસૂરિજી સીરોહી પધાર્યા. સંઘે હર્ષ પામી ઉત્સવપૂર્વક નગર પ્રવેશ કરાવ્યો. ત્યાંના રાજા રાજસિંહે એમની ખૂબ ભક્તિ કરી. ત્યાંથી વિહાર કરી જાલોર પધાર્યા, શ્રીસંઘે સમારોહપૂર્વક સ્વાગત કર્યું. ત્યાંથી ખંડપ અને દ્રુણાડઈ (ધુનાડા) થઈ ઘંઘાણી (ગાંગાણી) પધાર્યા ત્યાં પદ્મપ્રભુ આદિ પ્રાચીન જિનમૂર્તિઓના દર્શન કર્યાં.+ ત્યાંથી વિહાર કરતા કરતા બીકાનેર પધાર્યા. ત્યાં શાહ વાઘમલે એમનો ધૂમધામથી પ્રવેશોત્સવ કરાવ્યો, સં. ૧૬૭૪ નો

× આ યાત્રા વર્ણનવાળા બે 'ચૈત્યપરિપાટી સ્તવન' અમારા સંગ્રહમાં છે.

+આ મૂર્તિઓની પ્રાચીનતા આદિની બાબતમાં સમયસુંદરજી કૃત ઘંઘાણી સ્તવનમાં સારૂં વર્ણન છે.

ચાતુર્માસ ત્યાં કર્યો, એથી ધર્મની ભારે પ્રભાવના થઈ.

સમ્રાટ જહાંગીર ઘણા સમયથી એમના દર્શનના અભિલાષી હતા, બીકાનેરમાં એમનો ચાતુર્માસ છે એમ જાણી, એમણે પોતાના આગેવાન ઉમરાવોને શાહી ફરમાન દઈ મોકલ્યા અને તેમની સાથે આગ્રહપૂર્વક દર્શન દેવાની વિનંતિ લખી મોકલી. શાહી પુરુષો બીકાનેર આવ્યા, અને ફરમાન બતાવી આગરા પધારવાની વિનંતી કરી+ બીકાનેરનો સંઘ એકત્ર થયો અને ફરમાન વાંચી ખૂબ આનંદ પામ્યો. સમ્રાટનો આગ્રહ જોઈ આચાર્ય મહારાજે ત્યાં જવાનું આવશ્યક માન્યું. એટલે બીકાનેરથી વિહાર કરી મેડતા પધાર્યા અને ત્યાંના સંઘની અતિશય ભક્તિ જોઈ એક માસ પર્યંત ત્યાંજ રોકાયા. ત્યાર પછી એમણે ત્યાંથી વિહાર કરી સમ્રાટ પાસે જવાને પ્રયાણ

+हिव श्रीशाही सलेम; मानसिंहसुं धरि प्रेम ।
बड़वड़ा साइ सधीर, मूकइ आपणा वजीर ॥१ ॥
तुम्ह बीकाणइ जाउ, मानसिंहजीकुं बुलाना ।
इकबेर मानसिंह आवई, तउ मन मुज सुख पावइ ॥ २ ॥
ते बीकाणइ आया, प्रणमइ मानसिंह पाया ।
दीधा मन महिराण, पतिशाही फुरमाण ॥ ३ ॥
मिलियउ संघ सुजाण, वांच्या ते फुरमाण ।
तेडाया पातिशाह, सहु को भ्गइ उच्छाह ॥ ४ ॥
श्रीसारકૃત "જિનરાજસૂરિ રાસ" સં. ૧૬૮૧

आणंदइ चउमासो करि, आया मेवड़ा बहु हित धरि ।
तेड़ावई श्रीशाहि सलेम, मेड़ता आया कुशले क्षेम ॥६६॥
[ધર્મકીર્તિ કૃત "જિનસાગરસૂરિ રાસ" સં. ૧૬૮૧]

વધુ જાણવા માટે જુઓ અમારો સંપાદિત "ઐતિહાસિક કાવ્ય સંગ્રહ."

કર્યું. પરન્તુ મનુષ્યનો વિચાર જરાય ચાલતો નથી, દુર્દૈવ કાળે કોઈને છોડયા નથી. એટલે એમનું શરીર અસ્વસ્થ થઈ ગયું, જેથી આગળ ન જવાતાં મેડતા પાછું ફરવું પડયું. નિમિત્તાદિ જ્ઞાન દૃષ્ટિએ પોતાનું આયુષ્ય પૂરૂં થતું જાણી અનશન ગ્રહણ કરી લીધું. ચોરાસી લાખ જીવાયોનિ સાથે ખમત ખામણા કરી શુદ્ધ ધ્યાનમાં લીન થઇ સં. ૧૬૭૪ના પોષસુદિ ૧૩ના રોજ શ્રીજિનસિંહસૂરિજી સ્વર્ગે સીધાવ્યા. સમસ્ત સંઘમાં શોક પ્રસરી ગયો, કેમકે તેઓ એક પ્રૌઢ પ્રતિભાશાળી તેમજ મહાન્ પ્રભાવક આચાર્ય હતા. શ્રીસારજી કૃત "જિનરાજસૂરિ રાસ"માં લખેલ છે કે તેઓ પ્રથમ દેવલોકમાં× મહર્દ્ધિક દેવ થયા.

સમ્રાટ અકબરને જૈનધર્મના અનુરાગી બનાવવામાં શ્રીજિનચન્દ્રસૂરિજીની સાથે એમનો પણ સારો એવો ફાળો છે. કાશ્મીર વિહાર દરમ્યાન એમના ચારિત્રનો સમ્રાટ પર જે પ્રભાવ પડેલો એના પરિણામે સમ્રાટે સૂરિજી પાસે એમને આચાર્ય પદ અપાવેલું, એ વાતનું શબ્દો દ્વારા વર્ણન યથાવત્ થઈ શકે તેમ નથી. સમ્રાટ જહાંગીર એમને ભારે સન્માનની નજરે જોતા. નવાબ મુકરબ ખાન આદિ પર એમનો ઘણો ઉંડો પ્રભાવ હતો ×

એમણે જિનાલયોની ઘણે સ્થળે પ્રતિષ્ઠાઓ પણ કરાવી હતી. જેનો ઉલ્લેખ "જૈનધાતુ-પ્રતિમા-લેખ સંગ્રહ" આદિમાં છે.

× सइंमुखि लीधउ संथारउ, कीधउ सफल जमारो ।
सुद्ध मनइं गहगहता, पहिलइं देवलोक (इ) पहुंता ॥१८॥

× समरइ सगला उंबरा, मुकरब खान नवाब हो ।
ए पतिसाहि मेवड़उ, ऊभउ करइ अरदास हो ।
एक घडी पडखुं नहीं, चालो श्रीजी पास हो ॥ ७ ॥
[વાદી હર્ષનંદન કૃત 'આલિજા ગીત']

સાધ્વી વિદ્યાસિદ્ધિકૃત 'ગુરુણી-ગીત' પરથી જાણવા મળે છે કે એની ગુરુણીને 'પહુત્તણી' (પ્રવર્ત્તિની)પદ એમણેજ આપ્યું હતું.

એમની સ્તવન, સજ્ઝાઈ આદિ કેટલીક નાની કૃતિઓ પણ મળી છે.

બીકાનેરના શ્રીરેલ દાદાજીમાં એમની પાદુકાઓ એક સ્તૂપમાં પ્રતિષ્ઠિત છે. જેનો લેખ આ પ્રમાણે છેઃ-

"सं. १६७८ वर्ष जेष्ठवदि ११ दिने युग-प्रधान श्रीजिनसिंहसूरि सूरीश्वराणां पादुके कारिते प्रतिष्ठिते च ॥शुभं भवतु॥"

બીકાનેરમાં નાહટાઓની ગુવાડના શ્રીઋષભદેવજી મંદિરમાં પણ એમની પાદુકાઓ છે, તેનો લેખ આ પ્રમાણે છેઃ-

"सं. १६८६ वर्षे चैत्र वदि ४ दिने युगप्रधान श्रीजिनसिंह सूरीणां पादुके कारिते जयमाश्राविकया, (प्र.) भट्टारक युगप्रधान श्रीजिनराजसूरिराजैः"

એમના+ શિષ્યો ઘણા સારા સારા વિદ્વાન હતા, જેમાંના કેટલાકના નામો તો અમને મળેલ છે. એ બધાંને મોટી દીક્ષા યુગપ્રધાન શ્રીજિનચન્દ્રસૂરિજીએ આપી હતી, એથી એમનાં નામ પણ નન્દિ અનુક્રમ પ્રમાણે લખીએ છીએ.

(૧) **હેમમન્દિર** :—તેઓ પ્રકાંડ વિદ્વાન હતા. બીકાનેર જ્ઞાનભંડારમાં જુદા જુદા શ્રાવકશ્રાવિકાઓએ એમને વોરાવેલ ગ્રંથોની કેટલીક પ્રતિઓ વિદ્યમાન છે. એમની કૃતિ એક શ્રીજિનકુશલસૂરિ સ્થાન સ્તવન ગાથા ૯ નું ઉપલબ્ધ છે.

(૨) **હીરનંદન**—આ પણ એમના શિષ્ય હતા, એમના

+ શિષ્ય ભુવનરાજે સં. ૧૬૮૭ ફા. સુદ ૫ બીકાનેરમાં લખેલ એક અજ્ઞાત નામ પ્રતિનો અંતિમ પત્ર અમારા સંગ્રહમાં છે.

શિષ્ય લાલચન્દજી સારા કવિ હતા. એમની ૧ મૌન એકાદશી સ્ત. ગા. ૧૭ (સં. ૧૬૬૮ લીંબડી), અદત્તાદાન વિષે દેવકુમાર ચોપાઈ (સં. ૧૬૭૨ શ્રા. સુદ ૫ અલવર, યતિ સૂર્યમલજીના સંગ્રહમાં), ૩ હરિશ્ચન્દ્ર રાસ (સં. ૧૬૭૯ કાર્તિક પૂનેમ, ઘંઘાણી, (સ્તવ.) શ્રી પૂજ્યજીના સંગ્રહમાં,) ૪ વૈરાગ્ય બાવની ગા. ૫૩ પત્ર ૨ (સં. ૧૬૯૫ ભાદરવા સુદિ ૧૫) આદિ કૃતિઓ ઉપલબ્ધ છે.

(૩) **શ્રીજિનરાજસૂરિ**—એમનું દીક્ષા નામ રાજસમુદ્ર હતું તેઓ પ્રતિભાશાળી અને ઉચ્ચ કોટિના વિદ્વાન આચાર્ય હતા. એમણે રચેલ ૧ ઠાણાંગ વૃત્તિ, ભાંડારકર ઓરિએંટલ રિસર્ચ ઈન્સ્ટીટયુટ તથા ઉ. વિનયસાગરજી મહારાજના સંગ્રહમાં,૨ નૈષધ કાવ્ય વૃત્તિ (ગ્રંથ સં. ૩૬૦૦૦ અલભ્ય,) અને ૩ ધનાશાલિભદ્ર રાસ (સં. ૧૬૭૮), ૪ જંબૂ રાસ (સં. ૧૬૯૯ અમદાવાદ), ૫ સ્તવન ચોવીસી, ૬ વિહરમાન જિન સ્તવન વીસી ૭ ગજસુકુમાલ રાસ, ૮ પ્રશ્નોતર રત્ન માલિકા બાળાવબોધ, ૯ નવતત્ત્વટબાર્થ આદિ ઘણી કૃતિઓ ઉપલબ્ધ છે, એમનો વિસ્તૃત પરિચય અમારા તરફથી પ્રકાશન પામેલ "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" માં જૂઓ."

(૪) **પદ્મકીર્તિ**—એ પણ એમના એક વિદ્વાન શિષ્ય હતા. એમના શિષ્ય પદ્મરંગજી, તેઓને બે શિષ્યો હતા, (૧) પદ્મચંદ્ર, એમનો જંબૂરાસ (સં. ૧૭૧૪ કા. સુદ ૧૩, સરસા) ઉપલબ્ધ છે. (૨) રામચંદ્ર, એ પણ વિદ્વાન, કવિ, અને વૈદકશાસ્ત્રવેત્તા હતા. એમની કૃતિઓમાં (૧) રામ વિનોદ ચૌપાઈ (સં. ૧૭૨૦ માગસર સુદ ૧૩ બુધવાર. અમારા સંગ્રહમાં છે,) (૨) વૈદ્યવિનોદ (સં. ૧૭૨૬ વૈશાખની પૂનમ, મરોટ,) દાન ભં, (૩) મૂળદેવ ચોપાઈ, નવહર સં. ૧૭૧૧ ચતુર સં. (૪) સામુદ્રિક ભાષા (સં. ૧૭૨૨ માઘ કૃ. ૬. ભેહરા જિનહર્ષસૂરિ ભં. અને (૫) દસ પચ્ચક્ખાણ સ્ત. (સં. ૧૭૩૧ પોષ સુદિ ૧૦) ઉપલબ્ધ છે.

(૫) **શ્રીજિનસાગરસૂરિ**—એમનું દીક્ષા નામ સિદ્ધસેન હતું.

એમના વિશેષ પરિચય માટે "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" વાંચો.

૬) જીવરંગ—એ પણ જિનસિંહસૂરિજીના શિષ્ય હતા, એમણે સં. ૧૬૮૨ના માગસર સુદિ ૧૩ ના દિવસે લખેલ 'મુનિમાલિકા" પત્ર ૮ (અમારા સંગ્રહમાં અ. પ્ર. નં. ૧૨૨) ઉપલબ્ધ છે

શ્રીજિનસિંહસૂરિજીના શિષ્યોના નામો બીજાય કેટલાક ગ્રંથોની પ્રશસ્તિઓમાં મળે છે, પરંતુ ખરતરગચ્છમાં જિનસિંહસૂરિ નામના આચાર્યો જૂદી જૂદી શાખાઓમાં એજ સમયે ત્રણ થઈ ગયા છે. આથી અનિશ્ચિતતાને કારણે તેમનો પરિચય અહિં નથી આપ્યો.

(૯) **સમયરાજોપાધ્યાય** –યુ. પ્ર. શ્રીજિનચંદ્રસૂરિજીના મુખ્ય શિષ્યોમાં તેઓ ગણાતા. આગરાના સં. ૧૬૨૮વાળા પત્રમાં એમનું પણ નામ છે. એઓ સારા વિદ્વાન હતા. "અષ્ટલક્ષી"ની પ્રશસ્તિમાં કવિવર સમયસુંદરજી એમને પોતાના વિદ્યાગુરુ તરીકે દર્શાવે છે. એમણે રચેલ કૃતિઓમાં (૧) ધર્મમંજરી ચૌ. (સં. ૧૬૬૨ મા. સુ. ૧૦ બીકાનેર), પર્યૂષણ-વ્યાખ્યાન-પદ્ધતિ (કલ્પ૦ સામાચારિ વ્યાખ્યા) પત્ર ૧૨ (અમારા સંગ્રહમાં), શત્રુંજય ઋષભ-સ્તવન ગા૦ ૧૪ અવચૂરિ, અને સંસ્કૃત ભાષામાં કેટલાક સ્તવનો ઉપલબ્ધ છે.

સં. ૧૬૭૭ જેઠ વદી ૫ મેડતાના શિલાલેખમાં [illegible] તેઓનું નામ આવે છે. એમના શિષ્ય અભયસુન્દર×, [illegible] શિષ્ય કમલલાભોપાધ્યાય+ શિષ્ય લબ્ધિકીર્તિ શિ. [illegible] શિ. દેવવિજય શિ. ચરણકુમારે લખેલ "[illegible] પ્રતિ

× એમણે ઉત્તરાધ્યયનસૂત્ર બાળાવબોધ [illegible] છે.

+ એમણે ઉત્તરાધ્યયનસૂત્ર બાળાવબોધ [illegible] છે [illegible] સંગ્રહમાં છે.

શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે.

(૧૮) **ધર્મનિધાનોપાધ્યાયઃ**-એમનું નામ પણ આગરાવાળા પત્રમાં હોવાથી સં. ૧૬૨૮ પૂર્વે દીક્ષા લીધી હોવાનું નક્કી થાય છે. એમનાં "જીરાવલા પાર્શ્વ-સ્ત." અને "ચતુર્વિંશતિજિન સ્તવન" પ્રાકૃત), શીલોપદેશમાલા અવચૂરિ ઉપલબ્ધ છે. તેમના શિષ્યો-(૧) સુમતિસુંદરનું શાંતિસ્તવન (સં. ૧૬૫૦ કા. સુ. ૧૩ વીરમપુર) અને અન્ય નાની કૃતિઓ ઉપલબ્ધ છે. (૨) ધર્મકીર્તિ-તેઓ સારા કવિ હતા. એમની કૃતિઓ (૧) નેમિરાસ (સં. ૧૬૭૫ ફા. સુ. ૫ રવિ), (૨) મૃગાંક પદ્માવતી ચૌ. (અપૂર્ણ, અમારા સંગ્રહમાં છે), (૩) જિનસાગરસૂરિરાસ (સં. ૧૬૮૧ પોષ સુદી ૫), (૪) ૨૪ જિન ૨૪ બોલ-સ્ત, (૫) સાધુ સમાચારી બાલા૦ (પત્ર ૪ ક્ષમા કલ્યાણ ભંડાર) અને અન્ય કેટલાંય સ્તવનાદિ ઉપલબ્ધ છે. એમના શિષ્ય "દયાસાર" હતા. જેમણે શીલવતી રાસ (સં. ૧૭૦૫ ફા. સુ. ૯ વર્દ્ધ૦ ભં. ઈલાપુત્ર ચૌ. (દયાસાર ચૌ. સં. ૧૭૧૦ નભ(ભાદરવા)સુદિ ૯ સુહાવા નગર) અને અમરસેન-વયરસેન ચૌ. (સં. ૧૭૦૬ વિજયાદશમી શીતપુર) રચી. ક્ષમાકલ્યાણજીના ભંડારમાં છે. ધર્મકીર્તિજીના વિદ્યાસાર, મહિમસાર, રાજસાર આદિ બીજાંય કેટલાક શિષ્યો હતા. જેમાંના રાજસારકૃત કુલધ્વજરાસ (સં. ૧૭૦૪ આ. સુ. ૫ રવિ) પુંડરીક-કંડરીક સંધિ ઉપલબ્ધ છે. (૩) સમયકીર્તિ, એમણે લખેલ સં. ૧૬૭૫ મા. વ. ૧૦ નું "પચક્ખાણ-નિર્યુક્તિ" બીકાનેર જ્ઞાન ભંડારમાં છે. એમના શિષ્ય શ્રીસોમે "ભુવનાનન્દ ચૌ." (સં. ૧૭૨૫ મા. સુ. ૫ આસનીકોટમાં પોતાના શિષ્ય સુમતિધર્મ માટે) બનાવી

સં. ૧૬૭૫ વૈ. સુ. ૧૩ ના શત્રુંજયના શિલાલેખમાં ધર્મનિધાનજીનું નામ છે. સં. ૧૬૭૪ માગસર વ. ૫ જેસલમેરમાં એમની સાથે ધર્મકિર્તિજી પણ હતા એવું ત્યાંના લેખ ઉપરથી માલુમ પડે છે.

(૧૧) **રત્નનિધાનોપાધ્યાય** –એમનું નામ પણ સં. ૧૬૨૮ ના આગરાવાળા પત્રમાં છે. એમનું સંવત ૧૬૩૩નું (૧) નવહર પાર્શ્વસ્તવ, (૨) ગાથાસારોદ્ધાર ઉપલબ્ધ છે. સં. ૧૬૪૯ માં સૂરિજીની સાથે તેઓ પણ લાહોર ગયા હતા, ત્યાં ફાગણ સુદિ ૨ ના રોજ એમને ઉપાધ્યાય પદ મળ્યું, જેનો ઉલ્લેખ આગલા પ્રકરણોમાં આવી ગયો છે. આમનું નામ કેટલીકો પ્રશસ્તીઓમાં મળે છે, જેથી સમજાય છે કે તેઓ ઘણુંખરૂં સૂરિજીની સાથેજ રહ્યા હતા.

વ્યાકરણના તેઓ પ્રકાંડ વિદ્વાન હતા. વા. ગુણવિનયજીએ કર્મચન્દ્રમંત્રિવંશ પ્રબંધ ટીકા (સં. ૧૬૫૬) માં એમને "સાંગ-હૈમશબ્દાનુશાસનાધ્યેતાર :" કહ્યા છે. કવિવર સમયસુંદરજીકૃત રૂપકમાલા ચૂર્ણિનું એમણેજ સંશોધન કર્યું હતું. એમણે બનાવેલા ઘણાંય સ્તવનો ઉપલબ્ધ છે.

એમને રત્નસુંદર નામે શિષ્ય હતા. તેમનાય કેટલાક સ્તવનો ઉપલબ્ધ છે. રત્નસુંદર શિ. રત્નરાજ શિ. નરસિંહકૃત કલ્પસૂત્રબાલા૦ અને યોગચિંતામણિ બાલા૦ મળે છે.

(૧૨) **રંગનિધાન** –એમનું નામ 'નિત્ય–વિનય–મણિ જીવન જૈન લાયબ્રેરી' ની કાલિકાચાર્ય–કથાની પ્રશસ્તિમાં મળી આવે છે.

(૧૩) **કલ્યાણતિલક** –એમને ભણવા માટે સં. ૧૬૩૦ માં લખાયેલ "મૃગધ્વજચરિત્ર" શ્રીપૂજ્યજીના સંગ્રહમાં

(૧૪) **સુમતિ કલ્લોલ** –એમનાં (૧) એક શુકરાજ ચૌ. (સં. ૧૬૬૨ ચૈત્ર દસમી પ્રથમાભ્યાસ, જય૦ ભંડાર પત્ર ૧૪), (૨) સ્થાનાંગ સૂત્રવૃત્તિગત ગાથાઓ પર 'વૃત્તિ' વાદી હર્ષનંદનની સાથે સં. ૧૭૦૫ માં રચેલ, એની પ્રાચીન પ્રતિ લીંબડીના ભંડારમાં છે. જે સં. ૧૭૧૪ માં લખેલ છે. (૩) બીકાનેર–ઋષભસ્ત. (સં. ૧૬૬૦), (૪) મૃગાપુત્ર સંધિ (રામચંદ્ર ભં. સં. ૧૬૬૧ (?) આ૦ વદ ૧૧ મહિમ-નગરમાં રચેલ આદિ કેટલીયે કૃતિઓ ઉપલબ્ધ છે. આપે સંશોધેલ પિંડવિશુદ્ધિની પ્રતિ (શિ. વિદ્યાસાગર માટે) શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે. આ વિદ્યાસાગરે લખેલ "પ્રાકૃત વ્યાકરણ દોધકાવચૂરિ" તેમજ કલાવતી ચોપાઈ ઉપલબ્ધ છે.

(૧૫) **વા. હર્ષવલ્લભ**:–એમની મયણરેહા ચૌ (સં. ૧૬૬૨ મહિમાવતી) ગા. ૩૭૭ પત્ર ૯ અમારા સંગ્રહમાં છે. બીજી કૃતિ ઉપાસક દશાંગ બાલા૦ (સં. ૧૬૯૨) ઉપલબ્ધ છે.

(૧૬) **વા. પુણ્યપ્રધાન**:–તેઓ પણ સૂરિજીના એક વિદ્વાન શિષ્ય હતા. બીકાનેર આદિનાથ–પ્રશસ્તિ લેખમાં એમનું નામ છે. સં. ૧૬૬૭ જેઠ વદી ૫ મેડતાના શિલાલેખમાં પણ એમનું નામ આવે છે. એમનું ગોડી પાર્શ્વસ્ત. મળે છે. એમને સુમતિસાગરોપાધ્યાય નામક વિદ્વાન શિષ્ય હતા. જેમનું સિદ્ધાચલસ્તવ. ગા. ૧૨ (સં. ૧૬૮૫ કા. વદ ૧૪) નું ઉપલબ્ધ છે.

સુમતિસાગરજીના શિષ્ય (૧) જ્ઞાનચન્દ્રકૃત ઋષિદત્તા ચૌ. (મુલતાન, જિનસાગરસૂરિ રાજ્યે) અને પ્રદેશી ચૌ., એ બન્ને કૃતિઓ બીકાનેર–જ્ઞાનભંડારમાં છે, અપૂર્ણ તો અમારા સંગ્રહમાં પણ છે. જિનપાલિત જિનરક્ષિત રાસ, (ગાથા ૧૮૪), ચિત્ત

સંભૂતિ ચોઢા૦ (ગા૦ ૧૮૬ ક્ષમા૦ ભંડા૦), અને ચોવીશી [illegible]
છે. એમના શિષ્ય રંગપ્રમોદ હતા. જેનો "[illegible]
૧૭૧૫ વૈ. વ. ૩ મુલતાન) ઉપલબ્ધ છે. (૨) સાધુરંગ—
એમની કૃતિઓમાં ધર્મોપદેશ ગા: ૮૭, સૂયગડાંગ [illegible]
"દયા છત્તીસી" (સં. ૧૬૮૫ અમદાવાદ) અમારા [illegible]
ઉપલબ્ધ છે: વા. સાધુરંગજીના શિષ્ય વિનયપ્રમોદ [illegible]
વિનયલાભ (બાલચંદ) હતા. એમણે રચેલ પા[illegible]
૪૫, (ભક્તામર પાદપૂર્તિ કાવ્યસંગ્રહ ભાગ ૨ [illegible]
કૃતિઓમાં શત્રુંજયમંડન આદિજિનસ્ત. ૨ [illegible]
વચ્છરાજ દેવરાજ ચૌ. સં. ૧૭૩૦ મુલતાન) [illegible]
(સં. ૧૭૪૮ શ્રા. વ. ૭ ફલોધી, પૂનમચન્દ [illegible]
છે), ચોટઆવી તાવાધવલ (?) લ-તૃંહરિ [illegible]
બૃહત્‌સ્તવ. સવૈયા બાવની ગા. ૫૬ [illegible]
સાધુરંગજીના શિષ્ય મહોપાધ્યાય [illegible]
શિષ્ય જ્ઞાન ધર્મજીના શિ. [illegible]
થયા. તે સુપ્રસિદ્ધ વિદ્વાન અને [illegible]
જીવન માટે 'દેવવિલાસ', અને [illegible]
ભાગ ૧-૨-૩ જૂઓ. [illegible]
(૨) સપ્તસ્મરણટબા (૩) [illegible]
૧૮૦૩ કા. સુદ ૧૧ [illegible]
સ્તવનાદિ મળેલ છે. [illegible]
અને રાયચંદ્ર [illegible]
રૂપચંદ્ર નામે શિષ્ય હતા.

(૧૭) [illegible]
હર્ષજી હતા, [illegible]

સમય રાજોપાધ્યાયની 'પર્યૂષણ વ્યા૦ પદ્ધતિ' પત્ર ૧૨, (૨) જિનરત્નસૂરિ છપ્પઈ, (૩) દુર્જનદમન ચોપાઈ. (સં. ૧૭૦૫ પ્ર. આ. વ. ૧૪ બુધ જિનરત્ન સૂરિ રાજ્યે) લખેલ અમારા સંગ્રહમાં છે. આજ જ્ઞાનહર્ષજીનું પાર્શ્વસ્ત. ગા૦ ૧૩ ઉપલબ્ધ છે. ઉપરાંત (૨) વા. ચારિત્ર વિજય (૩) મહિમાકુશળ (૪) રત્નવિમલ (૫) મહિમા વિમલ આદિ મહો૦ સુમતિશેખરજીના શિષ્યો હતા. તેમણે સં. ૧૭૩૩નો ચાતુર્માસ સક્કી ગામમાં કર્યો, એ સમયે મહિમાકુશલે (ભા. સુ. ૯) લખેલ "નાહર જટમલકૃત બાવની" પત્ર ૭ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે.

(૧૮) **દયાશેખરઃ**–એમણે લખેલ નવકાર બાલા૦ પત્ર–૪ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે.

(૧૯) **ભુવનમેરુ**:–એમના શિષ્ય પુણ્યરત્ન શિષ્ય દયા-કુશલ શિ. ધર્મમંદિર એક સારા કવિ હતા. એમની કૃતિઓમાં (૧) મુનિપતિચરિત્ર (સં. ૧૭૨૫ પાટણ), (૨) દયાદીપિકા ચૌ૦ (સં. ૧૭૪૦ મુલ્તાન), (૪) પરમાત્મ પ્રકાશ ચૌ૦ (સં. ૧૭૪૨ ફા. સુ. ૪ મુલ્તાન), (૫) આત્મમદપ્રકાશ, (૬) નવકાર રાસ (બૃહત્ સ્તવનાવલીમાં છાપેલ) ચૌમાસી વ્યાખ્યાન (જૈન ગ્રંથાવલી પૃ. ૩૪૩), શંખેશ્વરસ્ત૦ (સં. ૧૭૨૩), સંખેશ્વર ગીત. સુમતિ નાગીલ ચોપાઈ આદિ કેટલીએ કૃતિઓ ઉપલબ્ધ છે.

(૨૦) **લાલકલશઃ**–એમના શિષ્ય જ્ઞાનસાગર શિ. કમલ-હર્ષે સં. ૧૬૯૪ ચૈત્ર સુ. ૭ રાજનગરમાં લખેલ "પુંજરાજી ટીકા" (સારસ્વત વ્યાકરણની) પત્ર ૧૧૧ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે.

આ ઉપરાંત સૂરિજીના શિષ્યોમાં રાજહર્ષ, નિલયસુન્દર કલ્યાણદેવ, હીરોદય, વાદી વિજયરાજ, હીરકલશ, જ્ઞાનવિમલ, (ક્ષમાકલ્યાણજીકૃત પટ્ટાવલિમાં ઉલ્લેખ), નાં નામો પણ મળે છે.

પરંતુ શ્રીજિનચંદ્ર સૂરિજીને નામે એમની વિદ્યમાનતામાં અન્ય (૧) પિપ્લક શાખા, (૨) આદ્યપક્ષીય, આદિ ખરતરગચ્છની શાખાઓમાં કેટલાંક આચાર્યો થઈ ગયા છે, એથી ઉપરોક્ત નામવાળા શિષ્યો, કઇ શાખા વર્તિ જિનચંદ્રસૂરિ આચાર્યના શિષ્યો હતા. એ નિર્ણય ન થઈ શકવાથી તેમનો પરિચય આપવામાં આવતો નથી.

સં. ૧૬૮૬માં શ્રીજિનસાગરસૂરિજીથી "લઘુ-આચાર્ય" નામની શાખા નીકળી હતી. એ પછી આપણા ચરિત્રનાયકનો અધિકાંશ શિષ્ય પરિવાર એમના આજ્ઞાનુયાયી થયાનો ઉલ્લેખ "શ્રીનિર્વાણરાસ" × માં છે. યુગપ્રધાન શ્રીજિનચન્દ્રસૂરિજીની પરંપરામાં હજુય પં. નેમિચન્દજી યતિ (બાહડમેર) આદિ કેટલાક યતિવર્ય વિદ્યમાન હતા. અને એજ શાખાના અનુયાયી હતા.

× सखर गीतारथ साधु भलाभलाजी, मानइ मानइ (?) पूज्यकी आण।
समयसुन्दरजी पाठक परगडाजी, पाठक पुण्यप्रधान ॥ २ ॥
जिनचन्द्रसूरिना शिष्य मानइ सहुजी, वडा वडा श्रावक तेम।
धनवन्त धींगा पूज्य तणइ पखइजी, वडभागी गुरु एम ॥ ३ ॥
વધુ માહિતી માટે અમારો "ઐતિહાસિક જૈન-કા-સંગ્રહ" જૂઓ.



પ્રકરણ ૧૪ મું

આજ્ઞાનુવર્ત્તી સાધુ-સંઘ

આગલા પ્રકરણમાં સૂરિજીના વિશાલ શિષ્ય-સમુદાયનો પરિચય આવી ગયો. શિષ્યો ઉપરાંત તત્કાલીન આજ્ઞાનુવર્ત્તી સાધુસંઘનો પણ સૂરિજીનાં જીવન સાથે ઘનિષ્ટ સંબંધ છે, એટલે એમનો પરિચય પણ આપવો અત્યાવશ્યક હોઈ અત્રે સંક્ષેપથી આપવામાં આવે છે.

(૧) **મહોપાધ્યાય પુણ્યસાગર**:-તેઓશ્રી સત્તરમી સદીના પ્રૌઢ પ્રતિભાશાળી તેમજ ગીતાર્થ વિદ્વાનોમાં અગ્ર-ગણ્ય હતા. તેઓ ઉદયસિંહજીના સહધર્મિણી ઉત્તમદેવીની રત્નકુક્ષિએ અવતરેલા. બાદશાહ સિકંદર લોદીને ખુશ કરી ૫૦૦ બંદીજનોને કારાવાસમાંથી મુક્ત કરાવનાર આચાર્ય જિનહંસસૂરિજીએ (સં. ૧૫૫૫-૮૨) પોતાના વરદ હસ્તે એમને દીક્ષા આપેલ. આપણા ચરિત્રનાયક શ્રીજિનચંદ્રસૂરિજીને સૂરિપદના યોગ ઉપધાન-તપ આદિ એમણેજ વહન કરાવ્યા

હતા, જેનું વર્ણન ત્રીજા પ્રકરણમાં આવી ગએલ છે. સૂરિજી એમને માનભરી દૃષ્ટિથી જોતા, અને વખતોવખત સૈદ્ધાન્તિક વિષયો અને વિધિમાર્ગની બાબતમાં એમને પૃચ્છા કરતા.* એમણે લખેલા નીચેના ગ્રંથો ઉપલબ્ધ છે:-

(૧) સુબાહુસન્ધિ સં. ૧૬૦૪ શ્રીજિનમાણિક્યસૂરિ આદેશાત્), (૨) મુનિમાલિકા (જિનચન્દ્રસૂરિ ઉપદેશાત્), (૩) કવિચક્રવર્ત્યાચાર્ય શ્રીજિનવલ્લભસૂરિ પ્રણીત પ્રશ્નોત્તરૈક-ષષ્ટિશતક કાવ્યવૃત્તિ (સં. ૧૬૪૦), (૪) જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ વૃત્તિ (૧૬૪૫ જૈસલમેર રાઉલ ભીમજી રાજ્યે), (૫) નમિરાજર્ષિ ગીત ગા. ૫૪, (૬) પૈંતીસ વાણી અતિશય ગર્ભિત સ્તવન. ગા. ૨૭, (૭) પંચકલ્યાણક સ્તવન, (૮) પાર્શ્વજન્માભિષેક ગા. ૧૯, (૯) મહાવીર સ્ત. ગા. ૨૧, (૧૦) આદિનાથ સ્ત. ગા. ૨૬ (બીકાનેર), (૧૧) અજિતજિન સ્તવન, ૧૨ ભાવારિવારણ પાદપૂર્તિસ્તોત્ર સ્વોપજ્ઞ વૃત્તિસહ (ઉ૦ વિનયસાગરજીના સંગ્રહમાં), અને ૧૩ ઉવસગ્ગહરં બાળાવબોધ આદિ અનેક નાની મોટી કૃતિઓ છે. એમની કૃતિઓની ભાષા પ્રૌઢ, અને શૈલી પ્રાચીન છે.

તેઓશ્રીએ સં. ૧૬૫૦ માં જેસલમેરમાં જિનકુશળસૂરિ-જીની પાદુકાઓ પ્રતિષ્ઠિત કરી હતી. સંભવ છે કે એ પછી

*જૂઓ શિવનિધાન ગણિ કૃત 'લઘુવિધિપ્રપા' श्रीजिनचन्द्रसूरिजीयइ श्रीपुण्य-सागर महोपाध्यायनइ पुछायउ हुंतउ, तिवारइ एही जवाव कीधउ हुंतउ"

એવીજ રીતે જિનસિંહસૂરિજી લિખિત સમાચારી વિષયક પત્ર જે અમારા સંગ્રહમાં છે, તેમાં લખ્યું છે:—

"ए व्यवस्था । श्रीजिनचन्द्रसूरिजीयई श्रीपुण्यसागर महोपाध्याय श्रीसाधुकीर्त्युपाध्यायनई पुछीनई कीधी छई सं. १६२१ वर्षे"

થોડા સમયે ત્યાંજ એમનો સ્વર્ગવાસ થયો હોય, કેમ કે એ સમયે એમની ઉંમર ૮૦-૯૦ વર્ષની હશે. એમને ઉ. પદ્મરાજ, હર્ષકુલ, જીવરાજ આદિ કેટલાંય શિષ્યો હતા, જેમાં પદ્મરાજજી સારા વિદ્વાન હતા, જેમણે બનાવેલ (૧) ભુવનહિતાચાર્યકૃત રુચિરદંડક વૃત્તિ (સં. ૧૬૪૪), (૨) અભય-કુમાર ચૌ. (સં. ૧૬૫૦ જૈસલમેર), (૩) સનત્કુમાર રાસ (સં. ૧૬૬૯ જૈન ગુ. ક.), (૪) ક્ષુલ્લક ઋષિ પ્રબંધ (સં. ૧૬૬૦ મુલ્તાન, ગા. ૧૪૧ અમારા સંગ્રહમાં), (૫) ચૌદ ગુણસ્થાન સ્ત૦ ટબો, ૯ બોલ ગર્ભિત ચોવીસ જિનસ્તવનાદિ ઉપલબ્ધ છે, તદુપરાંત નાની મોટી ઘણી કૃતિઓ બીજી પણ મળે છે. સં. ૧૬૪૫ માં જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ-વૃત્તિની રચનામાં પોતાના ગુરુ શ્રીપુણ્યસાગરજી મહો૦ને સારી એવી સહાયતા કરી હતી.

એમના શિષ્ય વાચક જ્ઞાનતિલક પણ સારા વિદ્વાન હતા. સં. ૧૬૬૦ દીવાળીના દિને એમણે "ગૌતમ-કુલક" પર વિસ્તૃત ટીકા અને પાક્ષિક ક્ષામણક વ્યાખ્યા (ઉ. વિ. ના સંગ્રહમાં) રચી હતી. જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ વૃત્તિના પ્રથમાદર્શના લેખક એ પોતેજ હતા. એમનાએ રચેલા કેટલાએ સ્તવનાદિ મળી આવે છે.

મહોપાધ્યાયજી વિષે વધુ માહિતી મેળવવા "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" જોવો જોઇએ. સં. ૧૬૧૭ માં પાટણ ખાતે શ્રીજિનચન્દ્રસૂરિજીકૃત "પૌષધવિધિ પ્રકરણવૃત્તિ" નું એમણે સંશોધન કરેલ હતું.

(૨) **ધનરાજોપાધ્યાય**— તેઓ પણ સારા વિદ્વાન હતા. સં. ૧૬૧૭માં રચાએલ શ્રીજિનચંદ્રસૂરિજીની 'પૌષધ વિધિ પ્રકરણ વૃત્તિ'ના સંશોધકોમાં એમનું પણ નામ આવે છે.

'આત્માનંદ પ્રકાશ'માં પ્રકટ થએલ 'મહો૦ધર્મસાગર ગણિ' નામક લેખમાં એમના શિષ્યે લખેલ પત્રોની નકલમાં દેવ- વિજય પ્રશસ્તિ કાવ્યમાં પણ ૧૬૧૭ની અભયદેવસૂરિ સંબંધી ચર્ચામાં એમને ધર્મસાગરના પ્રતિદ્વન્દી કહ્યા છે. એમની ચરણ પાદુકા બીકાનેર (નાહટાઓની ગુવાડ) ના શ્રી આદિનાથજી મંદિરમાં છે. જેનો લેખ આ મુજબ છે.

"सं. १६६२ चैत्र वदि ७ दिने श्रीधन[illegible]"

(૩) **મહોપાધ્યાય સાધુકીર્તિ:**—જિનભદ્રસૂરિજીની પરંપરામાં+ વાચક દયાકુશલજીના શિષ્ય વા૦ [illegible] નામાંકિત શિષ્યોમાંના તેઓ એક છે. ઓસવાલ [illegible] ગોત્રના વસ્તુપાલજીની સુશીલા ધર્મપત્નિ [illegible] આપ પુત્રરત્ન હતા. સં. ૧૬૧૭ માં રચાયેલ "[illegible] વૃત્તિ" ના સંશોધકોમાંના તેઓ પણ એક હતા. સં. ૧૬૨૫માં આગરામાં સમ્રાટ અકબરની સભામાં [illegible] ની બાબતમાં શાસ્ત્રાર્થ કરી તપાગચ્છવાળાઓને નિરુત્તર કરેલા. સં. ૧૬૩૨ માહ સુદિ ૧૫ના રોજ શ્રીજિનચન્દ્રસૂરિજીએ એમને 'ઉપાધ્યાય' પદ વડે અલંકૃત કરેલા. યુગપ્રધાન સૂરિજી એમની સાથે સૈધાન્તિક બાબતોમાં પરામર્શ કર્યા કરતા. સં. ૧૬૪૬માં માહવદી ૧૪ના જાલોરમાં એમનો સ્વર્ગવાસ થયો. ત્યાં સંઘે એમનો સ્તૂપ પણ બનાવ્યો હતો. એમની બાબતમાં પણ વિશેષ જાણવા સારૂ "ઐતિહાસિક જૈન કા. સં" જોવો. હાલ નીચે જણાવેલી એમની કૃતિઓ ઉપલબ્ધ છે.

+બીજા શિષ્ય વા. [illegible] શિષ્ય રત્નલાભ શિષ્ય [illegible] 'વર્ધમાન દેશના' ઉપલબ્ધ છે.

સં. ૧૬૧૧ દીવાલી, સપ્તસ્મરણ બાલા૦ (બીકાનેર મંત્રીશ્વર સંગ્રામસિંહની અભ્યર્થનાથી), સં. ૧૬૧૮ શ્રા. સુ. ૫ પાટણમાં "સત્તરભેદી" પૂજા, સં. ૧૬૨૪ વિજયા દશમી, દિલ્હીમાં "આષાઢ ભૂતિ પ્રબંધ" અને "મૌન-એકાદશી સ્ત. (અલવરમાં), સં. ૧૬૩૫ જેઠ સુદ ૩ ભક્તામર સ્તોત્રાવચૂરિ (શિષ્ય વચ્છાને માટે સ્વયંલિખિત પ્રતિ અમારા સંગ્રહમાં છે.), સં. ૧૬૩૬ નાગો-- જિનચન્દ્રસૂરિજીના આદેશથી નમિરાજર્ષિ ચૌપાઇ, સં. ૧૬૩૮ અમરસર શીતલજિનસ્ત. શેષનામમાલા (પત્ર ૪૨ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં), દોષાવહાર બાલાવબોધ અને ઘણા સ્તવન વગેરે.

એમના શિષ્ય (૧) વા. વિમલતિલક, (૨) સાધુસુન્દર. (૩) મહિમસુંદર આદિ ઉચ્ચકક્ષાના વિદ્વાનો હતા.

(૧) **વિમલતિલકજી**—એમના શિષ્ય વિમલકીર્તિએ રચેલ ૧ દશવૈકાલિક ટબો, ૨ પાક્ષિકસૂત્ર ટબો, ૩ પ્રતિક્રમણ સમાચારી ટબો, ૪ ચંદ્રદૂત કાવ્ય (સં. ૧૬૮૧), ૫ પદ વ્યવસ્થા, ૬ દંડક-બાલા., ૭ નવ તત્વ બાલા., ૮ જીવવિચાર બાલા , ૯ જયતિહુઅણ બાલા., ૧૦ યશોધર રાસ, ૧૧ પાક્ષિક સૂત્ર ટબો, ૧૨ ષષ્ટિશતક બાલા., અને ૧૩ ઉપદેશમાળા ટબો, ૧૪ પ્રતિક્રમણ વિધિસ્તવનાદિ ઉપલબ્ધ છે.

(૨) **સાધુસુંદર**—તેઓ વ્યાકરણના જબરદસ્ત વિદ્વાન હતા. એમની કૃતિઓમાં (૧) ઉક્તિરત્નાકર (સં. ૧૬૭૦-૭૪). (૨) ધાતુરત્નાકર (સં. ૧૬૮૦ દીવાળી), (૩) શબ્દરત્નાકર શબ્દપ્રભેદનામમાલા), + આ ત્રણે ગ્રંથો શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે. યુક્તિ સંગ્રહ (ઉ. વિનયસાગરના સંગ્રહમાં), ૪ પાર્શ્વ

+ આ છેલ્લો ગ્રંથ યશોવિજય જૈન ગ્રંથમાલા બનારસથી છપાઈ ગયેલ છે.

સ્તુતિ (સં. ૧૬૮૩), વગેરે મળે છે. એમના શિષ્ય ઉદય-કીર્તિકૃત પદવ્યવસ્થા ટીકા સં. ૧૬૮૧માં રચેલ ઉપલબ્ધ છે.

(૩) મહિમસુંદર-એમના (૧) શત્રુંજય તીર્થોદ્ધાર કલ્પ ગા ૧૧૬ (સં. ૧૬૬૧ જે. સુ. ૮ જેસલમેરમાં રચેલ) બીકાનેર જ્ઞાન ભંડારમાં છે. (૨) નેમિ વિવાહલો (સં. ૧૬૬૫ ભા. સુ. ૯) ઉપલબ્ધ છે. એમના શિષ્ય (૧) નયમેરુજી તેમના શિષ્ય લાવણ્ય રત્નના શિષ્ય કેશવદાસજીની એક બાવની (સં. ૧૭૩૬ શ્રા. સુ. ૫ મંગળ), વીરભાણ ઉદયભાણ રાસ (સં. ૧૭૪૫ વિજયાદશમી નવાનગર ઉપલબ્ધ છે. (૨) જ્ઞાનમેરુજી જેમની ગુણાવલી ચૌ. (સં. ૧૬૭૬ આ. ૧૩ વિગયપુર? ફતહપુર) અને વિજય શેઠ વિજયા શેઠાણી પ્રબંધ (સં. ૧૬૬૫ સરસા, શેઠ થિરપાલના આગ્રહથી, અમારા સંગ્રહમાંના ગુટકામાં, કાલિકાચાર્ય કથા (ભુવન. સં.), માધવ નિદાન બાળા., કુગુરૂ છત્રીસી વગેરે કૃતિઓ ઉપલબ્ધ છે, મહો. સાધુકીર્તિના પ્રશિષ્ય "વિમલકીર્તિજીના પરિચય સ્વરૂપ બે ગીત અમારી પાસે છે. જેમાં એમનો સ્વગવાસ સં. ૧૬૯૨માં થયો એમ લખ્યું છે. એમના વિમલચંદ્ર શિ. વિજયહર્ષના શિષ્ય ધર્મ-વર્દ્ધનજી (ધર્મસી) અઢારમી સદીના એક અલૌકિક પ્રતિભા-શાળી વિદ્વાન હતા. વિમલકીર્તિ આદિની બાબતમાં અમો "ધર્મસી" ના ચરિત્રમાં વિશેષ લખીશું.

(૪) કનકસોમ-તેઓ ઉપા૦ સાધુકીર્તિના ગુરુ ભ્રાતા હતા. એમણે ઘણી ચૌપાઈ અને સ્તવન આદિ રચેલ છે. જેમાંની મોટી કૃતિઓ નીચે મુજબ મળે છે.

૧. જઈત-પદ વેલિ (સં. ૧૬૨૫ આગરા), ૨. જિન પાલિત- જિનરક્ષિત રાસ (સં. ૧૬૩૨ નાગોર, [illegible]

ગુટકામાં), ૩. આષાઢભૂતિ સંબંધ (સં. ૧૬૩૮ વિજયા દશમી, (ખંભાત), ૪ હરિકેશી સંધિ (સં. ૧૬૪૦ કાર્તિક, વૈરાટ), ૫. આર્દ્રકુમાર ચૌ. (સં. ૧૬૪૪, શ્રાવણ, અમૃતસર), ૬. મંગલ કલશરાસ (સં. ૧૬૪૯ માગસર, મુલતાન), ૭. જિનવલ્લભસૂરિકૃત પાંચ સ્તવનો પર અવચૂરિ (સં. ૧૬૧૫ માં સ્વયંલિખિત, યતિ ચુનીલાલજીના સંગ્રહમાં), ૮. થાવચ્ચા સુકોશલ ચરિત્ર (સં. ૧૬૫૫ નાગૌર), પત્ર ૭ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં, ૯. કાલિકાચાર્ય કથા (જેસલમેર સં. ૧૬૩૨ અષાઢ સુ. ૫, અંતિમ પત્ર અમારા સંગ્રહમાં છે), ૧૦. સં. ૧૬૨૮ માં લખેલ જિનચંદ્રસૂરિ-ગીત, ૧૧. હરિબલ સંધિ આદિ.

એમના શિષ્ય (૧) રંગકુશલની અમરસેન-વયરસેન-સંધિ (સં. ૧૬૪૪ સંગ્રામપુર) અમારા સંગ્રહમાં છે. (૨) લક્ષ્મીપ્રભ કૃત અમરદત્ત મિત્રાનંદ રાસ (સં. ૧૬૭૬) અને 'મૃગાપુત્ર-સંધિ' ઉપલબ્ધ છે. (૩) કનકપ્રભ કૃત દશ-વિધ યતિધર્મ ગીત પત્ર ૪ (શ્રીપૂજ્યજીના સંગ્રહમાં), (૪) યશઃકુશલ-એમનો સ્વર્ગવાસ સિંધ પ્રાંતમાં થએલો.

વા. કનકસોમજી "નાહટા" ગોત્રીય હતા. સં. ૧૬૪૯ માં જ્યારે સૂરિજી સમ્રાટના આમંત્રણથી લાહોર પધાર્યા એ સમયે તેઓ પણ સાથે હતા. એમણે લખેલ (૧) વૃત્ત-રત્નાકરની પ્રતિ (સં. ૧૬૧૩ ચૈ. વ. ૧૧) અને (૨) ષડશીતિની પ્રતિ (સં. ૧૬૨૫ ચૈ. સુ. ૫ અમદાવાદ) જયચન્દ્રજીના ભંડારમાં છે.

(૫) **વા. નયરંગ** :-તેઓ શ્રીજિનભદ્રસૂરિજીની વિદ્વત્ પરંપરામાં વા૦ સમયધ્વજ શિષ્ય જ્ઞાનમંદિર શિષ્ય વા૦ ગુણશેખરના શિષ્ય હતા. એમના ગુરુભ્રાતા સમયરંગજી પણ વિદ્વાન અને કવિ હતા, જેમનું "ગૌડી પાર્શ્વસ્ત." અમારા 'અભયરત્નસાર'માં છપાએલ છે. વા. નયરંગજી એક સારામાં સારા વિદ્વાન હતા, એમની નીચે જણાવેલી કૃતિઓ ઉપલબ્ધ છે.

૧. સં. ૧૬૧૮ વિજ્યાદશમી, ખંભાત, શ્રીજિનચન્દ્રસૂરિ આદેશથી "સત્તર ભેદી પૂજા" (અંતિમ ૪ પત્ર અમારા સંગ્રહમાં છે), ૨. વિધિકંદલી-મૂળ પ્રાકૃત સં. ૧૬૨૫ અષાઢ વ. ૧૦ ગુરુ શ્રીજિનચન્દ્રસૂરિજીની આજ્ઞાથી વીરમપુરમાં (એની સ્વોપજ્ઞ વૃત્તિ સહિત પ્રતિ, શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે), ૩. પરમહંસ [illegible] ચરિત્ર (સં. ૧૬૨૪ વિજ્યાદશમી, વાલાપતાકાપુરી ઉ. વિનયસા-ગરજીના સંગ્રહમાં), ૪. કેશી પ્રદેશી સંધિ (ગા. ૭૨, [illegible] સંગ્રહમાં), ૫. ગૌતમપૃચ્છા ગા. ૫૭ (અમારા સંગ્રહમાં), [illegible] જિનપ્રતિમા છત્તીસી ગા. ૩૫, અને ૭. કલ્યાણકસ્ત. ગા. [illegible] શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે. અને મુનિપતિ ચૌ૦ ([illegible]), [illegible]-નમાળી સંધિ (૧૬૨૧) કુબેરદત્તા ચૌ૦ ([illegible]) [illegible] બોલ (૧૬૨૫), બીજીય કેટલીક નાની કૃતિઓ [illegible]

એમને વિમલવિનયજી નામે શિષ્ય [illegible] સંધિ ગા. ૭૨ (સં. ૧૬૪૭ ફા. સુ. ૩ [illegible] સંગ્રહમાં છે), અરહન્નક રાસ આદિ બીજા કેટલીક [illegible] છે. એમના રાજસિંહ, ધર્મમંદિર આદિ [illegible]

૧) આરામશોભા ચૌ. (સં. ૧૬૮૩ [illegible]), (૨) વિદ્યાવિલાસ ચૌ૦ (સં. ૧૬૭૬ [illegible]), (૩) પાર્શ્વસ્તવન, (૪) વિમલ[illegible] અમારા સંગ્રહમાં છે. ધર્મમંદિર[illegible] સં. ૧૬૫૧ સરસ્વતી પત્તન[illegible] છે. [illegible] જીના શિષ્ય મહો૦ પુણ્ય[illegible] સંગ્રહમાં છે. એમના [illegible] જેમણે રચેલ ૧ અમર[illegible] જેસલમેર), ૨ [illegible] વૈકાલિક સજ્ઝાયાદિ [illegible] શિષ્ય પણ કવિ [illegible]

૧૭૪૧ જાલોર) જૈન ગૂર્જર કવિઓના બીજા ભાગમાં નોંધાએલ છે. એમના શિષ્ય ચારિત્રચંદ્રે રચેલ ઉત્તરાધ્યયન દીપિકા (સં. ૧૭૨૩ રિણી ઉ. વિનયસાગરના સંગ્રહમાં), બીજા શિષ્ય સુગનચંદ્રે રચેલ ધ્યાનશતક બાલા૦ (૧૭૩૬ જેસલમેર) પ્રાપ્ત છે.

(૬) વા. કુશલલાભ :-તેઓ વા૦ અભયધર્મજીના શિષ્ય હતા. આપ સારા કવિ હતા, એમની કૃતિઓ (૧) માધવાનલ ચૌપાઈ (સં. ૧૬૧૬ ફા. સલમેર), અને ૨ ઢોલા મારવણી ચૌ. (સં. ૧૬૧૭ વૈ. સુ. ૩ જૈસલમેર) આનંદ કાવ્ય મહોદધિ મૌ. ૭માં પ્રકાશિત છે. ૩ તેજસાર રાસ (સં. ૧૬૨૪ વીરમગામ), ૪ અગડદત્તરાસ (સં. ૧૬૨૬ વીરમગામ, પૂજ્ય વાહણગીત અમારો ઐ. જૈ. કા. સંગ્રહ જૂઓ), ૬ સ્તંભના પાર્શ્વસ્ત૦, ૭ નવકારછંદ, ૮ ભવાનીછંદ, ૯ ગૌડી પાર્શ્વછંદ, જિનપાલિત-જિનરક્ષિત રાસ (સં. ૧૬૨૧ શ્રા. સુ. ૫) અને પિંગલ શિરોમણિ (સં. ૧૫૬૫ ઉ. વિનયસાગરજીના સંગ્રહમાં) વગેરે ઉપલબ્ધ છે. એમના ગુરૂભાઈ ભાનુચંદ્ર અમરચંદ્ર (૧૬૫૭ બાલવયસ્ક ગૃહસ્થવેષી) હતા, ભાનુચંદ્ર પાસે સુપ્રસિદ્ધ કવિવર બનારસીદાસજી શ્રીમાલે પ્રતિક્રમણાદિનો અભ્યાસ કર્યો હતો.

(૭) ચારિત્રસિંહ :-તેઓ વા. મતિભદ્રજીના શિષ્ય હતા. તેઓ વિદ્વાન અને સારા કવિ પણ હતા. એમની નીચે જણાવેલી કૃતિઓ ઉપલબ્ધ છે. ૧ ચતુઃશરણ પ્રકીર્ણક સંધિ ગા. ૯૧ (સં. ૧૬૩૧ જૈસલમેર, અંતિમ પત્ર અમારા સંગ્રહમાં છે.) ૨ સમ્યક્ત્વ વિચાર સ્તવ. બાલા. (સં. ૧૬૩૩ ગર્જરપુર, અંતિમ ૨ પત્ર અમારા સંગ્રહમાં છે.), ૩ કાતંત્ર વિભ્રમાવચૂરિ સં. ૧૬૩૫? ધવલકપુર શ્રીપૂજ્યજીના સં. તેમજ કૃપા

ભંડારમાં છે.), ૪ મુનિમાલિકા (સં. ૧૬૩૬ રિણી, અમારા તરફથી પ્રકટ થયેલ 'અભયરત્નસાર' માં), ૫ રૂપકમાલાવૃત્તિ પત્ર ૩ (જિનચન્દ્રસૂરિ રાજ્યે અમારા સંગ્રહમાં), ૬ શાશ્વત ચૈ. સ્તવ ગા. ૩૮, ૭ ખરતર ગચ્છ ગુર્વાવલી ગા. ૨૧, ૮ અલ્પાબહુત્વ સ્ત ગા-૩૮, ૨૦ દેશી નામમાલા વૃત્તિ, પત્ર ૪૫ મહિમા ભં૦, શીલ કલ્પદ્રુમ મંજરી, ઇત્યાદિ, બીજાં કેટલાંયે સ્તવનો અમારા સંગ્રહમાં છે, અને શ્રીપૂજ્યજીના સંગ્રહમાં સં. ૧૬૩૭માં લખાએલ ગુટકામાં એમના ૧૧ સ્તવન સઝાય વગેરે છે

(૮) **મહો. જયસોમજી**: તેઓ ક્ષેમધાડ શાખામાં પ્રમોદ માણિક્યજીના × શિષ્ય હતા. શ્રીજિનમાણિક્ય સૂરિજીએ સં. ૧૬૦૫-૧૨ ની વચ્ચે એમને દીક્ષા આપી જયસોમ નામ રાખ્યું હતું, એથી પહેલાં સં. ૧૬૦૫ની પ્રશસ્તિમાં એમનું પૂર્વનામ 'જેસિંઘ' લખેલું છે. તેઓ અસાધારણ 'મેધાવી' અને મહાન જબરદસ્ત વિદ્વાન હતા. સં. ૧૬૪૬ ની પૂર્વે મંત્રીશ્વર કર્મચંદ્રે એમની પાસે બીકાનેરમાં ૧૧ અંગો શ્રવણ કર્યા હતા. સં. ૧૬૪૯ માં સૂરિજીની સાથે તેઓ પણ અકબર પાસે લાહોર ગયા હતા. સૂરિજીએ ત્યાં ફાગણ સુદિ ૨ ના રોજ એમને ઉપાધ્યાય પદ પ્રદાન કરેલું. એમણે સમ્રાટની સભામાં કોઇક વિદ્વાનને પરાભવ આપીને જયપતાકા મેળવેલ. સં. ૧૬૭૫ માં વશાખ સુદિ ૧૩ના શત્રુંજય પ્રતિષ્ઠા સમયે તેઓ પણ શ્રીજિનરાજસૂરિજીની સાથે હતા. એમણે શ્રીજિનચન્દ્રસૂરિ વિરચિત પૌષધવિધિ પ્રકરણ વૃત્તિ (રચના સં. ૧૬૧૭ પાટણ) નું પુનરાવલોકન કરી અંતિમ દ્વિપદી પદ્યની વ્યાખ્યા કરીને

× શિષ્ય ક્ષેમસોમ (શિ. પુણ્ય તિલક શિ. વિદ્યાકીર્તિકૃત નરવર્મ ચરિત્ર સં. ૧૬૬૯, પત્ર ૫), મહિમા. ભંડારમાં છે.

સંશોધિત પ્રતિ લખી હતી. કવિવર સમયસુંદરજીએ એમને માટે "સિદ્ધાન્તચક્રવર્તી" એવું વિશેષણ લખેલું છે. ઉપા૦રત્ન નિધાનજી * આદિ પણ સૈદ્ધાન્તિક બાબતોમાં એમને પૃચ્છા કર્યા કરતા. તેઓ ઉચ્ચ કોટિના કવિ પણ હતા. સંસ્કૃત, પ્રાકૃત તેમજ પ્રચલિત લોક ભાષામાં ઘણાંય ગદ્ય તેમજ પદ્ય ગ્રંથો રચેલા, જેની સંક્ષિપ્ત સૂચિ નીચે મુજબ છે.

૧ ઇર્યાવહીષટ્ત્રિંશિકા (સં. ૧૬૪૦ જિનચન્દ્રસૂરિના આદેશથી) પ્રાકૃત ગા ૩૬, સ્વોપજ્ઞ વૃત્તિ (સં. ૧૬૪૧), પૌષધષટ્ત્રિંશિકા (સં.૧૬૪૩) પ્રા. સ્વોપજ્ઞ વૃત્તિ (સં ૧૬૪૫) આ બન્ને ગ્રંથો "જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર" સૂરતથી છપાયેલ છે. ૩ સ્થાપનાષટ્ત્રિંશિકા (વૃત્તિ) એનો ઉલ્લેખ કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ વૃત્તિમાં છે, ૪ કોડાં શ્રાવિકા વ્રતગ્રહણ રાસ (સં. ૧૬૪૭, અક્ષયતૃતીયા), ૫ અષ્ટોત્તરીસ્નાત્ર વિધિ (લાહોરમાં જિનચન્દ્રસૂરિ આદેશાત્), ૬ કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ (સં. ૧૬૫૦ વિજયાદશમી લાહોર) જિનચન્દ્રસૂરિના આદેશથી, શ્રાવિકા રેખા વ્રત-ગ્રહણ રાસ (સં. ૧૬૫૦ કા.સુ.૩), ૮-૨૬ પ્રશ્નોતર ગ્રંથ (મુલ્તાન વાસ્તવ્ય ગોલછા ઠાકુરસી કૃત પ્રશ્નોના ઉતર જિનસિંહસૂરિની આજ્ઞાથી લાહોરમાં), ૯-૧૪૧ પ્રશ્નોત્તર, (વિચારરત્ન સંગ્રહ કચ્છકોડાયના ભં૦), ૧૦ આદિજિનસ્ત. (૧૬૫૫ ફાગણ), ૧૧ ચોવીસ જિન ગણધર સંખ્યા સ્ત. (૧૬૫૬), ૧૨ વયરસ્વામી ચૌ. (સં. ૧૬૫૯), ૧૩ બાર ભાવના સંધિ (બીકાનેર સં. ૧૬૭૬-૪૬), આચાર્ય શ્રીજિનરત્નસૂરિજી મ૦ ના ઉપદેશથી છપાએલ અને જયપુર (રાજસ્થાન)ના સંઘ

* રાધનપુરમાં ૨૪ પ્રશ્ન એમણે રજુ કર્યા હતા. જેની સમય સુંદરજી લિખિત પ્રતિનો પ્રથમ પત્ર જ્ઞાન ભંડારમાં છે.

તરફથી પ્રકાશિત 'આરાધના સૂત્ર સંગ્રહ' માં છપાએલ છે.) બીજાંય અનેક સ્તોત્ર સ્તવન, સઝાય, પ્રશ્નોત્તર ઉપલબ્ધ છે.

એમના મોટા ગુરુભ્રાતા પદ્મમંદિર, ગુણરંગ તેમજ દયારંગ હતા, એમના નામ સં. ૧૬૦૫ માં લખાએલ "સારસ્વત દીપિકા"ની પ્રશસ્તિમાં આવે છે. પદ્મમંદિર ગણિ કૃત ઋષિમંડળ પ્ર૦ વૃત્તિ, જે આ૦ વિજયોમંગસૂરિજી એ છપાવેલ છે, પ્રવચન-સારોદ્ધાર બાળાવબોધ. જેમાંના માત્ર બે દ્વાર જેટલો પ્રથમ ભાગ પાલીતાણાથી એક માસ્ટરે છપાવેલ છે. વા. ગુણરંગ કૃત શત્રુંજય યાત્રા પરિપાટી (સં ૧૬૧૬), સામાયક વૃદ્ધિ સ્ત. (સં. ૧૬૪૯ કાર્તિક) ગા. ૩૨, અજિત સમવસરણ સ્ત. અને અષ્ટોત્તર શત નવકરવાલી મણકા સ્તવન ઉપલબ્ધ છે. એમના શિષ્ય જ્ઞાન વિલાસના શિ. લાવણ્યકીર્તિ સારા કવિ હતા. જેમના ૧ રામકૃષ્ણ ચૌ. (સં. ૧૬૭૭ વૈ. સુ. ૫ બીકાનેર બાંધવ ભુવનકીર્તિની સાથે), ૨ ગજસુકુમાલ રાસ, ૩ દેવકીષટ્-પુત્ર ઢાળ (અમારા સંગ્રહ નં. ૧૪૦૨માં) અને આત્માનુશાસન પુરૂષોદય ધવાય (?) હરિબલ ચૌ. ઉપલબ્ધ છે

મહો૦ જયસોમજીના ઉપા૦ ગુણવિનયજી વિજયતિલક, સુયશકીર્તિ આદિ કેટલાય વિદ્વાન શિષ્યો હતા એમાં ઉપા૦ ગુણવિનયજી તે શતાબ્દીના નામાંકિત વિદ્વાનોમાંના એક હતા. એમની પ્રતિભા લગભગ સમયસુંદરજીની બરોબર ગણાય. એમની કૃતિઓની સંખ્યા પણ ઘણી વિશાળ છે, પરંતુ એ પ્રમાણે પ્રસિદ્ધિ પામેલ નથી. સં. ૧૬૪૯માં સૂરિજીની સાથે તેઓ પણ લાહોર પધાર્યા હતા ત્યાં તેમને પણ સમયસુંદરજીની સાથેજ વાચકપદ આપવામાં આવ્યું હતું. સં. ૧૬૭૫માં શત્રુંજય પ્રતિષ્ઠા સમયે તેઓ પણ ત્યાં હતા. સંવતાનુક્રમે

એમની કૃતિઓ નીચે જણાવ્યા મુજબ છે.

ઋષિમંડલસ્તવાવચૂરિ (પત્ર ૧૯, ભુવન૦ ભં૦), સં. ૧૬૪૧ ખંડ-પ્રશસ્તિ-કાવ્ય વૃત્તિ (શ્રીપૂજ્યજી સં.), સં. ૧૬૪૪ નેમિદૂત કાવ્ય-વૃત્તિ×-બીકાનેર (સેઠિયા લાય.), સં. ૧૬૪૬ નળ-દમયંતી ચંપૂ વૃત્તિ (સેઠિયા લા૦) અને રઘુવંશ ટીકા (બીકાનેર), સં. ૧૬૪૭+ પ્રાકૃત વૈરાગ્ય શતક વૃત્તિ (શેઠ દે. લા. પુ. ફંડ સુરતથી પ્રકાશિત), સં. ૧૬૫૧ સંબોધ-સપ્તતિ વૃત્તિ આત્મા૦ સભા ભાવનગરથી પ્રકાશિત, જયતિહુઅણ બાળા૦ (લાહોર, સ્વયં લિ૦ રામ૦ ભં૦), સં. ૧૬૫૪ કયવન્ના સંધિ (નેમિજન્મ દિન મહિમપુર), સં ૧૬૫૫ મા. વ. ૧૦ સધરનગર, કર્મચન્દ્ર મંત્રિ વંશાવલી રાસ, સં. ૧૬૫૬ તોસામ-પુરમાં, કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ વૃત્તિ, સં. ૧૬૫૭, વિચારરત્ન સંગ્રહ લેખનમ્, સં. ૧૬૫૭ આષાઢ પૂર્ણિમા પાર્શ્વસ્ત૦ ગા૦ ૨૭, સં. ૧૬૫૯ માં લઘુશાંતિ ટીકા (પત્ર ૪ અમારા સંગ્રહમાં), સં. ૧૬૬૦ ચાર મંગલ ગીત ગા૦ ૩૨, સં. ૧૬૬૨ ચૈ. સુ. ૧૩ બુધે અંજનાસુંદરી પ્રબંધ, સં. ૧૬૬૩ ફા. સુ. ૧૩ શત્રુંજય-યાત્રા સ્ત૦ સં. ૧૬૬૩ ચૈ. સુ. ૯ ખંભાત, ઋષિદત્તા ચૌ. સં. ૧૬૬૪ ઇન્દ્રિય પરાજય શતક વૃત્તિ, સં. ૧૬૬૫ ગુણસુંદરી ચૌ; નળદમયંતી પ્રબંધ નવાનગર આ. વ. ૬ (અમારા સંગ્રહમાં) અને કુમતિમતખંડન (નવાનગર જિનસિંહસૂરિ આદેશથી "જિનદત્તસૂરિ જ્ઞાનભંડાર" સૂરતથી પ્રકાશિત, સં. ૧૬૭૦ શ્રા. સુ. ૧૦ બાહડમેર જંબૂ રાસ (અમારા સંગ્રહમાં), સં. ૧૬૭૨ જૈસલમેર પાર્શ્વસ્ત. ગા૦

×ઉપા૦ વિનયસાગરજી દ્વારા સંપાદિત થઇને પ્રકાશિત થઈ ચુકી છે.
+હીરાલાલ હંસરાજ દ્વારા પ્રકાશિત.

૧૬ સંસ્કૃત, સં. ૧૬૭૪ કાર્તિક પૂનમ-ધન્નાશાલિભદ્ર ચૌ૦ (શ્રીમાલ માનસિંહના આગ્રહથી-બીકાનેર જ્ઞાન ભં૦), સં. ૧૬૭૪ માધવ (વૈ) સુ. ૬ બુધ માલપુર અંચલમત સ્વરૂપ વર્ણન ચૌ૦, સં. ૧૬૭૬ જિનરાજસૂરિ અષ્ટક અને એજ સાલમાં ચૈત્ર વ. ૨ નિંબાજીપાર્શ્વનાથ સ્ત; સં. ૧૬૭૬ રાડદ્રહપુર તપા ૫૧ બોલ ચૌપાઈ સટીક-એમનો આ અંતિમ ગ્રંથ સમસ્ત કૃતિઓમાં કળશ કે શિખર સમો છે. એમાં સેંકડો ગ્રંથોના પ્રમાણો રજૂ કરી તપાગચ્છવાળાઓના ૫૧ બોલોનું નિરાકરણ કરેલ છે.

આ કૃતિના પત્ર ૮ થી ૪૦ સ્વયં લિખિત શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે, મૂળ માત્રની સંપૂર્ણ નકલ અમારા સંગ્રહમાં છે.

સંવત વગરની સ્વયંલિખિત પચાસેક નાની કૃતિઓ અમારા સંહગ્રમાં છે, પરંતુ ગ્રંથ વિસ્તારના ભયથી એ બધાનો ઉલ્લેખ કર્યો નથી કેટલીક ઉલ્લેખનીય કૃતિઓ આ પ્રમાણે છેઃ—

૧ લુંપકમત તમો દિનકર ચૌ. (પત્ર ૧૩૪ જયપુર જ્ઞાનભંડાર) ૨. જિનવલ્લભીય અજિત-શાન્તિ ('ઉલ્લાસિક્કમ') સ્તવન વૃત્તિ ૩. સમ્વત્થ શબ્દાર્થ સમુચ્ચય (શેઠ દે૦ લા૦ જૈ પુ. ફંડ સુરત તરફથી પ્રકાશિત), ૪. ચરણ-સત્તરી કરણ સત્તરી ભેદ (અમારા સંગ્રહમાં), ૫. સમાચારી વ્યા૦ (પત્ર-૧૯ શ્રીપૂજ્યજી સં૦), ૬. વિજયતિલકે-પાધ્યાય કૃત આદિ જિન સ્ત. બાળાવ. (જ્ઞાનનંદનના આગ્રહથી બાપડાઉમાં રચેલ, અતિમ પત્ર-સંગ્રહમાં). ૭. પ્રણિપાતવર દંડક (ણમુત્થણં) બાળા૦ સ્વયંલિખિત અમારા સંગ્રહમાં છે ૮. પ્રશ્નોત્તર (જ્ઞાન ભંડાર). ૯. અગડદત્ત રાસ (પ્રથમ પત્ર સંગ્રહમાં), ૧૦. શત્રુંજય યાત્રા પરિપાટી સ્ત. ગા. ૩૨ (સં. ૧૬૪૪ બીકાનેરી સંઘ-અમારા સંગ્રહમાં પત્ર ૨), ૧૧. ખરતરગચ્છ ગુર્વાવલી ગીત, દશાશ્રુત સ્કંધ ટીકા, શીલોપદેશમાળા વૃત્તિ, બૃહત્સંગ્રહણી બા૦, કલ્પસૂત્ર બાલા૦,

ભક્તામર ટબા, પાર્શ્વચંદ્ર મત ખંડન, તપગચ્છ ચર્ચા ઇત્યાદિ.

એમના ગુરુભ્રાતા, ૧ વિજયતિલક શિ. તિલકપ્રમોદ શિ. ભાગ્યવિશાલ હતા, જેમણે લખેલ ગુણાવલી ચૌ. પત્ર ૭ બીકાનેર જ્ઞાનભંડાર મહિમાભક્તિ વિભાગમાં છે. ૨. સુયશઃકીર્તિનું સંખેશ્વર પાર્શ્વ સ્ત૦ ગા ૨૫ (સં. ૧૬૬૬) અમારા સંગ્રહમાં છે.

વા. ગુણવિનયજીના મતિકીર્તિ નામે સારા વિદ્વાન શિષ્ય હતા જેમની (૧) નિર્યુક્તિ સ્થાપન (સં. ૧૬૭૬ વિદ્વત્ લાવણ્યકીર્તિના આગ્રહથી, પત્ર ૧૮, ક્ષમાકલ્યાણજી ભંડારમાં), (૨) લખમસી કૃત ૨૧ પ્રશ્નોત્તર (જિનરાજસૂરિરાજ્યે પત્ર ૨૬ બીકાનેર જ્ઞાનભંડાર), (૩) ગુણકિત્વશોડષિકા (જયપુર ભંડાર), (૪) લલિતાંગ રાસ (પત્ર ૭ અપૂર્ણ, અમારા સંગ્રહમાં છે), (૫) લુંપકમતોત્થાપક ગીત ગા. ૬૧, (૬) ધર્મબુદ્ધિ રાસ (સં. ૧૬૯૭), (૭) સમ્યક્ત્વ પચ્ચીસી ટબો (પત્ર ૪ મહેર૦ ભંડાર), અઘટકુમાર ચૌ., પંચકલ્યાણક સ્તોત્રાર્થ, બીજાંય કેટલાંક સ્તવનો આદિ ઉપલબ્ધ છે. વા. મતિકીર્તિજીના શિષ્ય સુમતિસિન્ધુર રચિત ગૌડી પાર્શ્વ સ્તવન (સં. ૧૬૯૬ મા સુ. ૮. જૈ. ગુ. ક. પૃ. ૫૭૪ માં નોંધ છે). સુમતિસિન્ધુરજીને કીર્તિવિલાસ આદિ કેટલાય શિષ્યો હતા, જેમણે રચેલ કેટલાક સ્તવનો આદિ મળે છે. મતિકીર્તિના બીજા શિષ્ય સુમતિસાગર હતા, જેમના શિષ્ય કનકકુમાર શિષ્ય કનકવિલાસ કૃત દેવરાજ વચ્છરાજ ચૌ. (સં. ૧૭૩૮ જેસલમેર) ઉપલબ્ધ છે.

ઉપાધ્યાય જયસોમજીની પરંપરા ૧૯ મી સદી સુધી વિદ્યમાન હતી. એનાં નામોની સૂચિ અમારા સંગ્રહમાં છે.

(૯) **જ્ઞાનવિમલોપાધ્યાય**–સુપ્રસિદ્ધ ઉપા. શ્રીજયસાગરજી ની શિષ્ય પરંપરામાં તેઓ ભાનુમેરુજીના શિષ્ય હતા. એમણે સં. ૧૬૫૪ માં બીકાનેર ખાતે શબ્દપ્રભેદ નામક શબ્દકોશ ગ્રંથ પ ટીકા રચી, એમના શિષ્ય ઉ. શ્રીવલ્લભજી પણ ઉત્તમ કોટિના બહુ

જબરદસ્ત વિદ્વાન હતા એમણે ૧ સં. ૧૬૫૪ શીલોંછ નામ કોષ પર ટીકા, ૨ સંવત ૧૬૬૧ જોધપુરમાં હૈમલિંગાનુશાસન પર 'દુર્ગપદ પ્રબોધ' નામક વૃત્તિ, ૩ સં ૧૬૬૭ જોધપુરમાં હૈમ અભિધાન નામમાલા વૃત્તિ (શ્રીપૂજ્યજીના સંગ્રહમાં), ૪ ચતુર્દશ સ્વર સ્થાપન વાદ સ્થલ, જિનરાજસૂરિરાજ્યે રચિત ઉ. જયચંદજીના ખુદના હાથ પુસ્તકમાં, ૫. વિજયદેવ મહાત્મ્ય, આ ગ્રંથ એમની આદર્શ ગુણગ્રાહકતાનો પરિચય આપે છે, તે શ્રીજિનવિજયજીના સંપાદનથી પ્રકાશન પામી ચૂકેલ છે, તેઓશ્રી ભારે મીલનસાર અને તમામ ગચ્છો પ્રત્યે સમભાવ રાખવાવાળા હતા સં. ૧૬૫૫ માં જ્યારે તેઓ બીકાનેર આવ્યા ત્યારે ઉપકેશગચ્છીય સિદ્ધસૂરિજીના કથનથી ૬ "ઉપકેશ શબ્દવ્યુત્પત્તિ" બનાવી હતી. ડા. બુલ્લર સાહેબે પોતાના રિપોર્ટમાં એમના એક ૭ અરનાથ સ્તુતિ સવૃત્તિક નામક ગ્રંથની પણ નોંધ લીધી છે.*

(૧૦) ઉપા૦ **હંસપ્રમોદ**– દાદા શ્રીજિનકુશલસૂરિજીની શિષ્ય પરંપરામાં હર્ષચન્દ્રજીના તેઓશ્રી શિષ્ય હતા. એમનો સારંગસારવૃત્તિ નામક ગ્રંથ (સં. ૧૬૬૨) ઉપલબ્ધ છે. ભાષાકૃતિઓમાં વરકાણા સ્તવ (સં. ૧૬૫૩ નાગસર) આદિ ઉપલબ્ધ છે. સં.

---

* આ સ્તુતિ (સ્તોત્ર) સહસ્રદલ કમળબંધથી રચેલ છે, એની સટીકની પ્રતિ આ૦ શ્રીમણિ સાગરસૂરિજીના શિષ્ય ઉપાધ્યાય શ્રી વિનયસાગરજીએ સંપાદિત કરેલ છે. પાઠક શ્રીવલ્લભજીના વિશેષ પરિચય માટે જુઓ એ સ્તોત્રની ભૂમિકા.

એમણે રચેલ બીજા પણ વિદ્વત્ પ્રબોધ, શેષ સંગ્રહ દીપિકા, નિઘંટુ શેષ નામ માલા ટીકા, સિધ્ધહૈમ શબ્દાનુશાસન વૃત્તિ, સારસ્વત-પ્રયોગ નિર્ણય, કેશા પદ વ્યાખ્યા, ચતુર્દશ ગુણ સ્થાન સ્વાધ્યાય ઈત્યાદિ ગ્રન્થો મળે છે.

૧૬૭૭ મેડતાના શિલાલેખોમાં એમનું નામ આવે છે.

એમના શિષ્ય ચારુદત્તજી કૃત કુશલસૂરિ સ્ત. (સં. ૧૬૯૬ માગસર વ. ૭), સેત્રાવા સ્ત. (સં. ૧૬૭૬ શ્રાવણ સુ. ૧) મુનિ સુવ્રત સ્ત. (જોધપુર, સંખવાળ શ્રીમલશાહ કારિત પ્રાસાદ સ્ત. સં. ૧૬૯૬) વગેરે મળે છે. તેમના (૧) શિષ્ય કનક નિધાન કૃત રત્નચૂડ રાસ (સં. ૧૭૨૮ આ. વ. ૧૦ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે અને ભીમસી માણેક તરફથી પ્રકાશિત છે.), શિષ્ય કલ્યાણ નિધાન ન લબ્ધિચંદ્ર કૃત જન્મપત્રી પદ્ધતિ (સં. ૧૭૫૧ કા. સુ. મહિમા૦ ભં૦ માં છે).

ઉપા૦ હંસપ્રમોદજીના શિષ્ય પૂણ્યકીર્તિ ઉત્તમ કવિ હતા. એમના (૧) રૂપસેનરાસ ચૌપાઈ (સં. ૧૬૮૧ વિજયાદશમી મેડતા), (૨) મત્સ્યોદર ચૌ. (૧૬૮૨ કૃપા ભં.), (૩) પુણ્યસાર રાસ સં. ૧૬૬૬ વિજયા દશમી સાંગાનેર, (૪) મોહછત્રીસી (સં. ૧૬૮૪ ભા. નાગોર), (૫) મદછત્તીસી (સં. ૧૬૮૪ આ. વ. ૧૩ મેડતા) મહિમા ભક્તિ ભં. ઉપલબ્ધ છે. આ ઉપરાંત જૈન ગુર્જર કવિઓ પ્રથમ ભાગમાં). (૪) ધન્નાચરિત્ર (સં ૧૬૮૮ ભા. સુ. ૧૩ રવિ વીલપુર), અને (૫) કુમાર મુનિ રાસની પણ નોંધ છે.

(૧૧) સૂરચન્દ્ર –શ્રી જિનભદ્રસૂરિ શાખામાં (વા. ચારિત્રોદય ગણિ શિષ્ય) વા. વીરકલશજીના તેઓ શિષ્ય હતા. એમણે રચેલ (૧) પંચતીર્થી શ્લેષાલંકાર ચિત્રો (અંપૂર્ણ પત્ર ૯ બીકાનેર જ્ઞાન ભંડાર), અલંકાર સાહિત્યમાં એક વિશિષ્ટ અને મહત્વનો ગ્રંથ છે. ગ્રંથ અપુર્ણ હોવાથી રચનાકાળ નથી મળતો. (૨) જૈન તત્ત્વસાર (સં. ૧૬૬૯ આશ્વિન પૂર્ણિમા બુધ અમૃતસર) આ ઉત્તમ રચના શલિવાળો ગ્રંથ હિંદી અને ગુજરાતી ભાષાનુ-

વાદ સહિત તેમ સટીક પણ છપાઈ ચૂકેલ છે. (૩) ચૌમાસી વ્યાખ્યાન (જયચંદજી ભંડાર). (૪) વર્ષફલાફલ જ્યોતિષ સઝાય ગા. ૩૬, અને (૫) જિનદત્તસૂરિ સ્ત. ગા. ૧૭ અમારા સંગ્રહમાં છે. અને સ્થૂલિભદ્ર મહાકાવ્ય અષ્ટાર્થ શ્લોક વૃત્તિ, શાન્તિલહરી પણ પ્રાપ્ત છે. એ કૃતિઓ ઉપરાંત એમની એક અપૂર્વ કૃતિ નામે "શાંતિનાથસ્તવ ગર્ભિત અજિત જિન સ્તવ" શ્લોક ૧૪ની છે+, તેઓશ્રીની કવિતા અતિ સુંદર તેમજ રોચક છે. સંભવ છે કે કવિવર ઋષભદાસજીએ પ્રસિદ્ધ કવિઓના નામમાં જે "સૂરચન્દ્રજી" નો નામોલ્લેખ કર્યો છે, તે આજ હોય! કિંતુ કૃતિઓ પૂરતી સંખ્યામાં નહીં મળવાને કારણે એ બાબત નિશ્ચય પૂર્વક કહી શકાતું નથી. એમના શિષ્ય હીર ઉદય પ્રમોદ કૃત ચિત્ર સંભૂતિ ચો૦ (સં. ૧૭૧૯ જેસલમેર, ચતુર. સં) મળે છે.

(૧૨) **ઉપા૦ શિવનિધાન**:-શ્રીજિનદત્તસૂરિજીની શિષ્ય પરંપરામાં તેઓશ્રી વા. હર્ષસારજીના શિષ્ય હતા. આ વા૦ હર્ષસારજી તે જ છે કે જેના વિષે અકબરને મળ્યાનો ઉલ્લેખ છઠ્ઠા પ્રકરણમાં થયો છે. ઉપા૦ શિવનિધાનજીએ એ સમયની

+આ સ્તવમાં શરૂઆતના બે શ્લોકો ઉપજાતિમાં તેમ બે શાર્દૂલ અને બાકીના ૧૦ શ્લોકો સ્રગ્ધરામાં છે. એને અપૂર્વ કૃતિ એટલા માટે કહેવામાં આવે છે કે એના એ ૧૪ શ્લોકોમાંથીજ અનુષ્ટુપ છંદના ૧૩ શ્લોકો જુદા કાઢી શકાય છે. જેમાં ભગવાન શાંતિનાથની સ્તુતિ થાય છે. આમાં બન્ને છંદોના લક્ષણોથી વિરૂદ્ધતા અંશમાત્ર પણ ન આવવા-દેવી. આએ કવિની અસાધારણ પ્રતિભાનો પરિચય મળે છે. આ સ્તવની નકલ બન્ને છંદોમાં જુદી જુદી આ ગ્રંથના પરિશિષ્ટમાં પાઠકોની જાણકારી માટે આપેલી છે. આની પ્રતિકૃતિ પૂજ્ય ઉ૦ શ્રીલબ્ધિમુનિજી મહારાજ પાસેથી અમને પ્રાપ્ત થઈ છે. (ગુ. સં. સંપાદક)

લોક પ્રચલિત ગદ્યભાષામાં વિધિવિધાન આદિ ગ્રંથો રચીને જૈન જનતા પૂરતુંજ નહીં, બલ્કે સમગ્ર સાહિત્ય સંસાર પર મહાન્ ઉપકાર કર્યો છે. એમણે રચેલ (૧) કલ્પસૂત્ર બાળાવબોધ (૨) શ્રીચંદ્રીયા મોટી સંગ્રહણી બાલા૦ પ્રકરણ રત્નાકરમાં ભીમસી માણેક તરફથી છપાઈ છે. (૩) ચૌમાસી વ્યાખ્યાન (૪) લઘુવિધિપ્રપા-જેમાં ૨૮ વિધિ-વિધાનોનું સરળ વિવેચન છે, (૫) કૃષ્ણ-રૂક્મિણી વેલિ ટબા-, ગુણસ્થાન સ્તવન બાળા૦ (યતિ પૂનમચંદજી સં; પત્ર ૧૬) સંગ્રામપુરમાં શેઠ જીવરાજજીની ધર્મપત્ની માટે રચેલ તેમ ભાષામય કાલિકાચાર્ય કથા, તથા ચોમાસી વ્યા૦, ઉપદેશમાલા સંસ્કૃત પર્યાય ટબ્બા સહ, યોગશાસ્ત્ર ટબ્બા, શાશ્વત (જિન) સ્તવ બાળા૦ ઉપધાન વિધિ અને સ્તવનઆદિ કેટલીક નાની કૃતિઓ પણ ઉપલબ્ધ છે.

એમના (૧) મહિમસિંહ (માનકવિ) નામના શિષ્ય એક સારા કવિ હતા, જેમના ૧. કીર્તિધર-સુકોશલ પ્રબંધ (સં. ૧૬૭૦, દીવાલી, પુષ્ક(પોક)રણ, ૨. મેતાર્યઋષિ સબંધ ચૌ. (સં. ૧૬૭૦ પુષ્કરણ), ૩. ક્ષુલ્લકકુમાર ચૌ, ૪. હંસરાજ-વચ્છરાજ પ્રબંધ (સં. ૧૬૭૫ શ્રીયુત્ મો. દ. દેસાઈના સંગ્રહમાં), ૫. અર્હદ્દાસ સબંધ (સંઘવી આસકરણ પુત્ર કપૂરચન્દ્રજીના આગ્રહથી રાય બદ્રીદાસ બહાદુરના મ્યુઝિયમ-કલકત્તામાં-પ્રતિ છે), ૬. મેઘદૂત કાવ્ય વૃત્તિ (સં. ૧૬૯૩ શિષ્ય હર્ષવિજયને ભણવા માટે), ૭. રસમંજરી (ગા૦ ૧૦૭), ૮. શિક્ષા છત્તીસી (દાન ભં૦), અને ઉત્તરાધ્યયન ગીત (સં. ૧૬૭૫ શ્રા. વ. ૮). જીવવિચાર ટબ્બા અને યોગ બાવની, ઉત્તરાધ્યયન ગીતોના અંતમાં કવિએ પોતાના બે ગુરૂભાઇઓ મતિસિંહ અને કનકસિંહના નામનો પણ ઉલ્લેખ કર્યો છે.

ઉપા૦ શિવનિધાનજીને (૨) મતિસિંહ નામે શિષ્ય હતા. એમના શિ. વા. રત્નજય કૃત આદિનાથ પંચકલ્યાણક સ્તવ૦ ગા૦ ૨૪, અને એમના શિષ્ય દયા તિલક કૃત ધન્નારાસ (સં. ૧૭૩૭ કાર્તિક), 'ભવદત્ત ચૌ.' (સં. ૧૭૪૧ જે. સુ. ૧૧ ફતેપુર કવિની સ્વયંલિખિત પ્રતિ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે);

(૧૩) સહજ કીર્તિ—ક્ષેમકીર્તિ શાખામાં શ્રીહેમનંદનજી *(સં. ૧૬૪૫ સુભદ્રા ચૌ ના કર્તા, જયપુર ભંડાર)ના શિષ્ય હતા. પોતે જબરદસ્ત વિદ્વાન અને ઉત્તમ કોટિના કવિ હતા. લૌદ્રવપુરના શિલાપટ્ટપર ઉત્કીર્ણ કરેલ "શતદલપદ્મયંત્રમય શ્રીપાર્શ્વ જિનસ્તવ." (સં. ૧૬૮૩ કાર્તિક સુદિ ૧૫) એમનીજ અદ્વિતીય કૃતી છે. જૈન લેખ સંગ્રહ (ભા ૩જા) માં બાબુ પૂરણચંદજી નાહર, એમ. એ બી. એલ; લખે છે કે "શિલાપટ્ટપર કોતરાએલ આવું ઉત્તમ કાવ્ય અન્ય કોઇ સ્થળે જોવામાં આવ્યું નથી". એથી તેમની અસાધારણ વિદ્વત્તાનો અચ્છો પરિચય મળે છે. એમની નીચેની કૃતિઓ ઉપલબ્ધ છે.

૧ દેવરાજ ચૌ. (સં. ૧૬૭૨ જયપુર ભં.) ૨ હંસરાજ વચ્છરાજ ચૌ (પત્ર ૩૭ અમારા સંગ્રહમાં છે). ૩ શત્રુંજય મહાત્મ્ય રાસ (સં. ૧૬૮૪ આસનીકોટ જય-ભં) ૪ સાગરસેઠ ચૌ. (સં. ૧૬૭૫ બીકાનેર, શ્રીપૂજ્યજી સં., ૫ હરિશ્ચંદ્ર રાસ (સં. ૧૬૯૭ રચિત, અંતિમ પત્ર અમારા સંગ્રહમાં છે.) ૬ સારસ્વત વૃત્તિ (સં. ૧૬૮૧), ૭ કલ્પસૂત્રવૃત્તિ (કલ્પ મંજરી

---

*પૃ. ૨૨ ની ટિપ્પણમાં ઉલ્લિખિત ઉપા૦ કનકતિલકજી (ક્રિયોદ્ધાર કર્તા) ના શિષ્ય લક્ષ્મીવિનય શિષ્ય રત્નસાર । શિષ્ય ઉપરોક્ત હેમનંદનજી અને રત્નહર્ષજી હતા. એમની પરંપરા ૧૯મી સદી સુધી વિદ્યમાન હતી. એના નામો પણ અમારા સંગ્રહમાં છે.

સં. ૧૬૮૫, જ્ઞાન ભંડાર)*, ૮ મહાવીર સ્તુતિ વૃત્તિ સં. ૧૬૮૬), ૯ સપ્તદ્વીપિ-શબ્દાર્ણવ વ્યાકરણ-ઋજુ પ્રાજ્ઞ વ્યાકરણ પ્રક્રિયા (પત્ર ૬૬ ક્ષમાકલ્યાણ ભંડાર), ૧૦ અનેક શાસ્ત્રસાર સમુચ્ચય, ૧૧ એકાદિ શત પર્યંત શબ્દ સાધનિકા, ૧૨ નામકોશ (૭ કાંડમાં), ૧૩ પ્રતિક્રમણ બાલા૦, ૧૪ ગૌતમકુલક બૃહદ્વૃત્તિ (ત્રુટક પત્ર અમારા સંગ્રહમાં), ૧૫ પ્રીતિછત્રીસી (સં. ૧૬૮૮ વિજયદશમી સાંગાનેર, ૧૬ વિસનસત્તરી (સં. ૧૬૬૮ નાગોર, ભુવન૦ ભં.) અને ઉપધાન વિધિ સ્ત૦, જેસલમેર ચૈત્ય પરિપાટી સ્ત૦, નરદેવ ચૌ. સુદર્શન ચૌ કલાવતી ચૌ. રાયપસેણી ઉદ્ધાર, પ્રવચન સારોદ્ધાર બાળા૦, યશોધર સંબંધ, વૈરાગ્ય શતક બા૦, થિગાવલી, ૧૦૮ સ્થાન નામ ગર્ભિત પાર્શ્વ સ્ત૦, શીલ રાસ, દશવૈકાલિક ટબા, શાંતિનાથ વિવાહલો આદિ કેટલીય કૃતિઓ ઉપલબ્ધ છે. એમણે બનાવેલ એક રાસ + બીકાનેર ભંડારમાં છે. જેના પ્રારંભમા એમના પૂર્વરચિત ૫-૬ રાસોના નામનો ઉલ્લેખ છે. એમના શિ. રત્નસુંદર શિ. નન્દલાલ કૃત (૧) અષ્ટાહ્નિકા વ્યા. (સં. ૧૭૮૯ ફા. સુ. ૫), (૨) શ્રૃંગાર વૈરાગ્ય તરંગિણી વૃત્તિ (સં. ૧૭૮૫ આગરા), (૩) ચૌદ ગુણસ્થાન વિવરણ (સં. ૧૭૮૮ ચૈ. સુ. ૩ કાસમપુર. જય. ભં.), (૪)

* આની એક પ્રતિ શ્રીમોહનલાલજી જૈન જ્ઞાન ભંડાર સુરતમાં છે. જે શ્રીમાન્ મોહનલાલજી મહારાજે સ્વયં શોધેલ છે. અને એની પ્રેસ કોપી ઉ. વિ. સા. પાસે છે.

+ સંભવ છે આ રાસ તે એમનો રચેલ હરિશ્ચંદ્ર રાસજ હોય જેમાં, એના પહેલાં ૧ સાયરશેઠ, ૨ દેવરાજ વચ્છરાજ, ૩ નરદેવ, ૪ સુદર્શન, ૫ કલાવતી, ૬ રાયપસેણી ઉદ્ધાર, અને ૭ શત્રુંજય રાસ રચ્યાનો ઉલ્લેખ છે.

સિદ્ધાંત રત્નવાર્તા આદિપદ વ્યાખ્યા પત્ર ૨, દાન. ભં. આદિ ઉપલબ્ધ છે.

એમના ગુરુ હેમનંદનજીના ગુરુભ્રાતા રત્નહર્ષજીના શિ. ૧ હેમકીર્તિ અને ૨.શ્રીસારજી હતા. એમાં શ્રીસારજી સારા કવિ હતા. જેમની કૃતિઓની નોંધ "જૈન ગુર્જર કવિઓ" (પૃ. ૫૩૪) માં છે. એ ઉપરાંત એમણે ૧ પાર્શ્વનાથ રાસ (સં. ૧૬૮૩ જેસલમેર પત્ર ૧૦ અમારા સંગ્રહમાં છે.) ૨ જિનરાજસૂરિ રાસ×, (સં. ૧૬૮૧ અષાઢ વદિ ૧૩ સેત્રાવા), ૩ જયવિજય ચૌ (શ્રીપૂજ્યજીના સંગ્રહમાં), ૪ કૃષ્ણરૂકિમણી વેલિ બાલા૦, ૫ સત્તરભેદી પૂજાગર્ભિત શાંતિ સ્ત. (સં. ૧૬૮૨ આસોજ, ફલોધી), ૬ લોકનાલ ગર્ભિત ચંદ્રપ્રભ સ્ત. (ગા ૭૬), ૭ ગુણસ્થાન ક્રમારોહ બાળા૦, (સં. ૧૬૭૮), ૮ જય તિહુઅણ બાળબોધ (પત્ર ૨૨ દાન. ભં.), જિનપ્રતિમા સ્થાપન રાસ, વચન પરીક્ષા સજ્ઝાય. આદિ નાના મોટા બીજા પણ કેટલાંય સ્તવનો મળેલ છે. હેમનંદનજીને યતીન્દ્ર નામે પણ એક શિષ્ય હતા. જેમણે દશવૈકાલિક બાલા૦ સં. ૧૭૧૧માં રચ્યું છે.

(૧૪) શુભવર્દ્ધન :-એમનું નામ પૃ. ૨૨ ની ફૂટનોટમાં ક્રિયોદ્ધાર કર્તાઓમાં આવે છે. એમના શિષ્ય સુધર્મરૂચિ કૃત (૧) આષાઢ ભૂતિ રાસ, (૨) ગજસુકુમાલ રાસ (૧૭ ઢાલ સં. ૧૬૬૯ લિખિત) ઉપલબ્ધ છે.

સાગરચન્દ્રસૂરિની પરંપરાના વિદ્વાનો.

(૧૫) જ્ઞાનપ્રમોદ :-એમની રચેલ વાગ્ભટાલંકાર વૃત્તિ સં. ૧૬૨૧) તથા જગદાભરણ વૃત્તિ (જિનરાજસૂરિરાજ્યે, પત્ર ૬૬ દાન ભં૦) અને કેટલાંક સ્તોત્ર સ્તવનાદિ ઉપલબ્ધ

× આ રાસ અમારા "ઐતિહાસિક જૈન કાવ્ય સં." માં જૂઓ.

છે, એમના શિષ્ય ગુણનંદન કૃત 'ઈલાપુત્ર ચોપાઈ' (સં. ૧૬૭૫ વિજયાદશમી વિહારપુર, ક્ષમા૦ ભં૦) દામનક ચૌ. (સં. ૧૬૯૭ મિ. સુ. ૧૧ સરસા) અને પ્રશિષ્ય વિનયચંદ્રકૃત 'મેઘદૂત અવચૂરિ' (સં. ૧૬૬૪ રાડદ્રહ૦ સ્વયં લિ૦ પ્ર.) સંગ્રહમાં છે; અને બીજા શિષ્ય વિશાળ કીર્તિ વ્યાકરણના સારા વિદ્વાન હતા, એમને 'સરસ્વતી'નું બિરૂદ હતું, એમણે ઈડરની રાજસભામાં કોઈ વાદીની સાથેના વિવાદમાં વિજય પ્રાપ્ત કર્યો હતો, એમણે રચેલ 'પ્રક્રિયા કૌમુદી, સારસ્વત પ્રકાશ' અને કિરાતાર્જુનીય ટીકા આદિ કેટલાંક ગ્રંથો મળે છે, એમના (૧) શિષ્ય ક્ષેમહર્ષ કૃત ૧ પુણ્યપાલ ચોપાઈ (સં. ૧૭૦૪ પોસ સુદ ૧૦ શનિ સિંધ-સજાઉલપુર, વર્દ્ધ૦ ભં૦), ૨ ચંદનમલયાગિરિ ચોપાઈ (સં૦ ૧૭૦૪ મહિમા૦ ભં૦), ફલોદી પાર્શ્વસ્તવન ગા૦ ૭૪ (પત્ર ૩) અને ભુવનતિલક કૃત ભુવન દીપક બાલા૦ (સં. ૧૭૬૭ માગસર વદ ૧૦ દાન૦ ભં૦) ઉપલબ્ધ છે. અને બીજા એમના શિષ્ય હેમહર્ષના શિષ્ય (૧) અમર (૨) રામચંદ્ર શિષ્ય અભયમાણિક્ય શિષ્ય લક્ષ્મીવિનય કૃત 'અભયકુમાર રાસ (સં. ૧૭૬૧ ફા. સુ. ૫ મરોટ) અને 'ઢુંઢક મતોત્પત્તિ રાસ' મળે છે. એમની પરંપરાના યતિ સુમેરમલજી વિદ્યમાન છે.

(૧૯) હીરકલશ—એમના (૧) સમ્યકત્વ કૌમુદી રાસ (સં. ૧૬૨૪ મા. સુ. ૧૫ બુ. સવાલક્ષ દેશ), (૨) કુમતિવિધ્વંસન ચૌ. (૧૬૧૭ જે. સુ. ૧૫ કર્ણપુરી) (૩) જોઈસ હીર + (સં. ૧૬૨૧ નાગોર), (૪) મુનિપતિ ચોપાઈ (સં.

+ આ ગ્રંથ 'હીરકળશ' નામથી ગુજરાતી અનુવાદ સાથે સારાભાઈ મણીલાલ નવાબ તરફથી પ્રકાશિત થએલ છે.

૬૧૮ માઘકૃ૦ ૭ રવિ, બીકાનેર, મહિમા૦ ભં૦), (૫) ારાધના ચૌ૦ (સં. ૧૬૨૩), (૬) જીભ-દાંત સંવાદ સં. ૧૬૪૩ બીકાનેર સં૦), (૭) હિયાલી (સં. ૧૬૪૩ ીકાનેર), ઉપલબ્ધ છે. એમના શિષ્ય હેમાનંદ હતા, જેમણે ચેલ (૧) વતાલ પચીસી (સં. ૧૬૪૬ ઇન્દ્રોત્સવ દિન), ને (૨) ભોજચરિત્ર ચૌ. (સં. ૧૬૫૪ મહાણુઈ), (૩) અંગ ુરકણુ ચૌ૦, ૪ દશાર્ણ ભદ્ર રાસ (સં. ૧૬૫૮ કાર્તિક ૂર્ણિમા, ગાથા ૫૬) વગેરે પ્રાપ્ત છે.

(૧૭) જયનિધાન – તેઓ વાચક રાજચંદ્રના શિષ્ય હતા. એમણે બનાવેલ ૧ ધર્મદત્ત ધનપતિ રાસ (અમદાવાદ), ૨ સુરપ્રિય રાસ (મુલ્તાન), ૩ દેવદિન્ન ચરિત્ર (કૃપા૦ ભં૦), ૪ અઢાર નાતરાની સજ્ઝાય (સં. ૧૬૩૬ જય૦), ૫ સંમેત શિખર યાત્રા સ્તવન(દ્વસં. ૧૬૫૯ ગાથા ૧૭), ૬ ચોવીસજિન-અંતરકાલ સ્તવન (સં. ૧૬૩૪), ૭ યશોધર રાસ, ૮ કુર્મા-પુત્ર ચો૦, ૯ કામલક્ષ્મી વેદવિચક્ષણ માતૃ-પુત્ર કથા પ્રબંધ ચો૦, ૧૦ નેમિફાગ અને બીજી સ્તવન સ્તોત્રાદિ કેટલીક ન્હાની કૃતિઓ ઉપલબ્ધ છે. એમના શિ. કમલસિંહ શિ. કમલરત્ન કૃત જ્ઞાન પંચમી સ્તવનાદિ મળી આવે છે, કમલરત્નના શિષ્ય દાન ધર્મે પૃથ્વીરાજ વેલીનો ટબો લખ્યો છે. (મહિમા૦ ભં૦ નં. ૩૩), જયનિધાનજીની ખુદની લખેલી કેટલીએ પ્રતિઓ બીકાનેરના જ્ઞાન ભંડારમાં મૌજૂદ છે.

(૧૮) લબ્ધિ કલ્લોલ –તેઓ વાચક વિમલરંગના શિષ્ય હતા. "શ્રીજિનચંદ્રસૂરિ અકબર પ્રતિ બોધ રાસ" સિંહાસન બતીસી, રત્નચૂડ ચૌ. મોતી કપાસિયા સંવાદ, અને પંચાખ્યાન ગત બર-નાલિકેર કથાનક, ભુવનાનંદ રાસ, કૃતવર્મ રાસ, રિપુ-

મર્દન ચૌ. તીર્થચૈત્ય પરિપાટી, ઘંઘાણી સ્તવન, કીર્તિરત્નસૂરિ ગીત, જિનચંદ્રસૂરિ ગીત અને ઘણી ગહુંલીઓ ઉપલબ્ધ છે. એમના બે શિષ્ય હતા. ૧ ગંગદાસ એમણે રચેલ વંકચૂલ રાસ (સં. ૧૬૭૧ શ્રા. સુ. ૨ પાતી ગ્રામ) મળે છે, ૨ વિનયરાજ કૃત અંતરિક પાર્શ્વસ્તવ (સં. ૧૭૧૨), ૩ લલિત કીર્તિ રચિત શીલોપદેશ માળા વૃત્તિ તેમ અગડદત્ત રાસ (સં. ૧૬૭૯ જે. સુ. ૧૫ ભુજનગર), ના કર્તા, જેમના (૧) શિષ્ય રાજહર્ષે રચેલ થાવચ્ચા સુકોશલ રાસ (સં. ૧૭૦૩ મહા સુ. ૧૩ બીકાનેરમાં) ઉપલબ્ધ છે. (૨) શિ૦ પુણ્ય હર્ષ કૃત હરિબલ ચોપાઈ (સં. इषु. गुण. मुनि. शशि. ૧૭૩૫ કૃપા૦ ભં૦) મળે છે, (૩) હીર(હર્ષ)રાજના શિ૦ ઉદયહર્ષ પણ સારા કવિ હતા

(૧૯) **હર્ષકલ્લોલ**-એમના શિષ્ય 'ચંદ્રકીર્તિ' કૃત યામિની ભાનુ મૃગાવતી ચૌ. (સં. ૧૬૮૯ આષાઢ સુદિ ૯ બાહડમેર), અને ધર્મબુદ્ધિ પાપબુદ્ધિ ચો૦ ઉપલબ્ધ છે ચંદ્રકીર્તિ શિષ્ય સુમતિરંગ પણ સારા કવિ હતા, એમની ૧ પ્રબોધ ચિંતામણિ ચોપાઈ, ૨ મોહવિવેક ચો૦ (સં. ૧૭૨૯ વિજયા દશમી મુલતાન), ૩ હરિકેશી ચોપાઈ (૧૭૨૭ શ્રા. સુ. ૨ મં. મુલતાન), ૪ જંબુ ચો૦ (સં. ૧૭૨૯ આ. વદ ૯ મુલતાન શ્રીપૂજ્યજીના સંગ્રહમાં, જિનમાલિકા; સવૈયા ચોવીસી, અમૃતધ્વની, કીર્તિરત્નસૂરિ છંદ, યોગશાસ્ત્ર ભાષા ચો; એકવિંશતિસ્થાન પ્રકરણાવચૂરિ આદિ કેટલીયે કૃતિઓ ઉપલબ્ધ છે.

(૨૦) **ભાવહર્ષોપાધ્યાય**-એઓ આ૦ સાગરચંદ્રસૂરિની પરંપરાના છે, એમનું નામ બીજા પ્રકરણમાં પૃ. ૨૨ની ફુટનોટમાં (ક્રિયોદ્ધાર કર્તાઓમાં) આવે છે. એમણે રચેલ કેટલાંક સ્તવનો આદિ મળે છે. સં. ૧૬૨૬ સુધી તેઓ

સૂરિજીના આજ્ઞાનુયાયી હતા. એ પછી એમનાથી "ભાવહર્ષીય શાખા" નામે ગચ્છભેદ થયો, એમનો વધુ પરિચય "ઐતિહાસિક-જૈન-કાવ્ય સંગ્રહ"માં મળશે.

(૨૧) વિનયમેરુ-એમણે રચેલ ૧ પન્નવણા વિચાર સ્તવન ગા૦ ૨૫ (સં. ૧૬૯૨ પો સુ૦ ૧૫ સાચોર, સંગ્રહમાં છે), તેમ ૨ "હંસરાજ વચ્છરાજ પ્રબંધ" (સં. ૧૬૬૯ લાહોર), કયવન્ના ચો૦ દ્રૌપદી ચો૦, ઉપલબ્ધ છે. એઓ શ્રીજિનકુશલસૂરિ શિષ્ય ક્ષેમકીર્તિ શાખાનાં હતા.

આ ઉપરાંત સૂરિજીના આજ્ઞાનુવર્તિ સાધુસંઘમાં અનેક વિદ્વાનો અને કવિઓ હતા. પરંતુ ગ્રંથ-વિસ્તાર વધી જવાના ભયથી, તેમજ કાંઈક અંશે વિષયાંતર થઈ જતો હોવાથી, અને નીરસતા ન આવી જાય એ કારણે પણ એમનો પરિચય આપેલ નથી. ઉપરોક્ત વિદ્વાનોનો પરિચય પણ અમોએ ખૂબજ સંક્ષિપ્તતયા આપેલ છે. બીકાનેર જ્ઞાનભંડારની સૂચિઓ, નોટસ ઈત્યાદિ સામગ્રી પરિચય લખતી વેળા પાસે નહીં હોવાના કારણે કેટલીક અપ્રસિદ્ધ કૃતિઓનો પરિચય પણ આપી શકાયો નથી. ભવિષ્યમાં વાચકોની અભિરુચિમાં અભિવૃદ્ધિ થાય, અને યથાયોગ્ય અવસર મળે તો તત્સંબંધી ગવેષણાપૂર્ણ વિસ્તૃત વિવેચન કરવાની અભિલાષા છે.



પ્રકરણ ૧૫ મું

ભક્ત શ્રાવક ગણ



મ્રાટ અકબરના શાસનકાળ સમયે જૈન ધર્માવલંબીઓ કરોડોની સંખ્યામાં હતા. ભક્તિવાદનો એ જમાનો હતો. લોકોનાં હૃદયો ધાર્મિક શ્રદ્ધા અને ભક્તિ વડે ઓતપ્રોત હતાં. સ્વધર્મી બંધુઓ પ્રત્યે વાત્સલ્ય અને સદ્ગુરુ પ્રત્યે આદરણીય પૂજ્યભાવ છલકાઈ રહ્યા હતા. એ સમયે અનેક સુશ્રાવકો જૂદે જૂદે સ્થળે પ્રતિષ્ઠાપાત્ર, રાજ્યમાન્ય, અમાત્યાદિ ઉચ્ચ પદાધિકારી, વૈભવસંપન્ન, દાની, વીર અને ધર્મિષ્ઠ હતા.

આપણા ચરિત્રનાયક શ્રીજિનચંદ્રસૂરિજીના ભકત શ્રાવકોની સંખ્યા લાખોની × હતી. ભારત ભૂમિના લગભગ તમામ પ્રાંતોમાં એમના આજ્ઞાનુયાયી સાધુઓ વિચરી જૈનધર્મનો

× येषां हस्तप्रभावातिशयमभिदधुर्मन्त्रिकर्मादिचन्द्राः, श्रीमत्साहीशसाहेरकब्बरनृपतेः प्राप्तसभ्यप्रतिष्ठाः। स्थाने स्थाने प्रकृष्टा नरपतिविदिताः श्रावका ऋद्धिमन्तः, सङ्घाध्यक्षा विपक्षप्रतिभयजनकाः लक्षसङ्ख्या विशेषात्॥७॥

(વાદી હર્ષનન્દન કૃત 'મધ્યાહ્ન વ્યાખ્યાન પદ્ધતિ' સં. ૧૬૭૩)

મહાન પ્રચાર કર્યા કરતા હતા. આથી સૂરિજીનો ભક્તશ્રાવક-ગણ આજકાલની માફક ધર્મતત્ત્વથી અજાણ કે વિચલિત શ્રદ્ધાવાળો નહીં, પરંતુ એકમાત્ર દેવ, ગુરુ અને ધર્મનેજ આરાધ્ય માનવાવાળો અને પરમ વિજ્ઞ હતો. કહેવાની જરૂરત નથી કે એજ કારણે એ યવન સામ્રાજ્યના ભયંકર ધાર્મિક સંઘર્ષમાં પણ એ પોતાના ધર્મમાં અટલ અને દૃઢતાપૂર્વક સ્થિર રહી શકયો. એણે ધર્મની કેવળ રક્ષાજ કરી એમ નહીં, પરંતુ અપૂર્વ આત્મત્યાગ કરી ધર્મની અનેકાનેક સેવાઓ કરી, જેમાં તીર્થોની રક્ષા, જીર્ણોદ્ધાર, પ્રશંસનીય શિલ્પકલાનાં મૂર્તિમંત સ્વરૂપ નવા દેવમંદિરોનાં નિર્માણ, સ્વધર્મીઓને સહાય આદિ મુખ્ય છે. ધાર્મિક સેવાની સાથે દેશસેવા, લોકોપકાર આદિ આવશ્યક શુભ કાર્યોમાંય એ કોઈથી પછાત ન રહ્યો. દુષ્કાળના સમયમાં એ પોતાના કષ્ટોપાર્જિત દ્રવ્યને પાણીની માફક વેરવામાં જરાય અચકાતો નહીં. મુસલમાન રાજ્યકાળના દુષ્કાળોના સમયે જૈનોએ યથાસાધ્ય દાનશાળાઓ ખોલી નિઃસહાય અને નિર્ધનોની રક્ષા કરવાનું જે મહાન ગૌરવ પ્રાપ્ત કર્યું, એ અન્ય કોઈ સમાજને પ્રાપ્ત નહીં થએલ.

સૂરીશ્વર મહારાજના કેટલાક ઋદ્ધિમંત અને પદાધિકારી શ્રાવકોનો નામોલ્લેખ આગલા પ્રકરણોમાં આવી ગએલ છે. ઐતિહાસિક સાધનોના અભાવને કારણે એ બધાનો વિશેષ પરિચય આપી શકાય તેમ નથી, છતાંય એમાંથી બે પ્રતિભા-શાળી અને પ્રધાન નરરત્નોનો યથાજ્ઞાત પરિચય આપ્યા વિના ગ્રંથનો એક આવશ્યક અંગ અપૂર્ણ રહી જાય તેમ છે, તેમજ અમે પણ એમની મહાન સેવાનો ગુણાનુવાદ લખ્યા વિના નહીં શકતા નથી, એટલે આ પ્રકરણમાં એમનું યથાજ્ઞાત જીવન આપવામાં આવશે.

મંત્રીશ્વર કર્મચન્દ્ર—ઓસવાલ જ્ઞાતિના પુનીત ઇતિહાસમાં વચ્છાવત વંશની બલિહારી છે. આ વંશની ઉજ્જવલ કીર્તિકૌમુદીનું વિસ્તૃત વર્ણન "કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ" માં છે. આ વંશના મહાપુરુષોનો બીકાનેર રાજ્ય સાથે રાજ્યની સ્થાપનાથી માંડીને લગભગ દોઢસો વર્ષ સુધીનો ઘનિષ્ઠ સંબંધ રહ્યો છે. સંક્ષિપ્તમાં આટલું જ કહેવું બસ થશે કે બીકાનેર રાજ્યની સીમા વૃદ્ધિ અને રક્ષા કરવામાં આ લોકોનો બહુ મોટો ફાળો હતો. રાજનૈતિક ક્ષેત્રની સાથોસાથ ધાર્મિક ક્ષેત્રમાં પણ આ વંશની વિભૂતિઓની સેવાઓ વિશેષ ઉલ્લેખનીય છે.

વચ્છાવત વંશને જૈન ધર્માનુરાગી બનાવવાનો શ્રેય ખરતરગચ્છનાં આચાર્યોને છે, અને એ લોકોએ પણ આ ગચ્છ પરત્વેની પૂરતી કૃતજ્ઞતા સ્વરૂપ શ્રદ્ધાંજલી સમર્પણ કરીને ગચ્છનું પોતાપરનું ઋણ રીતસર સ્વીકાર્યું છે. એ વિષે વધુ માહિતી "કર્મચન્દ્ર વંશ પ્રબંધ" પરથી મેળવી લેવી. અહીં તો અમે માત્ર સૂરીજીના જીવન સાથે સંબંધ ધરાવનાર મંત્રિ સંગ્રામસિંહજી અને કર્મચન્દ્રજીનો સંક્ષિપ્ત પરિચય આપીએ છીએ.

મંત્રી નગરાજજી વચ્છાવતના પુત્ર સંગ્રામસિંહજી ખરતરગચ્છ પ્રત્યે ખૂબ ભક્તિ તેમજ અનુરાગ રાખવાવાળા હતા. તત્કાલીન ગચ્છના શિથિલાચારને હટાવી સુવ્યવસ્થા કરવામાં એમની પ્રેરણા મુખ્યત્વે હતી. સં. ૧૬૧૪ માં જ્યારે સૂરિજીએ ક્રિયોદ્ધાર કર્યો, ત્યારે એમણે ધર્મકાર્યમાં ખૂબ ધન વાપર્યું હતું*,

* श्रीजिनचन्द्रसूरीणां, समग्रगुणशालिनाम् ।
क्रियोद्धारमहश्चक्रे, येन वित्तव्ययेन वै ॥ २४ ॥
(કર્મચન્દ્ર વંશ પ્રબંધ)

જેનો ઉલ્લેખ અમોએ ત્રીજા પ્રકરણમાં કર્યો છે. એમણે પોતાના માતુશ્રીના પુણ્યાર્થે પૌષધશાળા નિર્માણ કરાવી, અને ૨૪ વાર બીકાનેરમાં ચાંદીના રૂપિયાની લ્હાણી કરી હતી. રાય કલ્યાણસિંહજીના તેઓ પ્રધાન મંત્રી હતા, અને હુસન કુલીખાન સાથે એમણેજ સંધિ કરી હતી. પવિત્ર તીર્થાધિરાજ શત્રુંજયની યાત્રા કરી પાછા વળતી વખતે મેવાડાધિપતિ મહારાણા ઉદયસિંહે એમને સન્માન્યા હતા. ચતુર્વિધ સંઘ અને શ્રુતજ્ઞાનની ભક્તિમાં એમણે ખૂબ ધન વ્યય કર્યું હતું. સં. ૧૬૧૧ માં એમના કહેવાથી શ્રીસાધુકીર્તિજીએ "સપ્તસ્મરણ બાલાવબોધ"ની રચના કરી, જેની પ્રતિ શ્રીપૂજ્યજીના સંગ્રહમાં છે.

એમને સુરતાણદેવી, ભાગવતાદેવી અને સુરૂપાદેવી નામે ત્રણ ધર્મપરાયણ પત્નીઓ હતી.

મંત્રીશ્વર કર્મચન્દ્ર અને જસવંત × એમનાજ પુત્રરત્ન હતા. બાલ્યકાળમાંજ કર્મચન્દ્રની પ્રતિભા દાખવતી હાથપગની

× વચ્છાવતોની પદ્ય વંશાવલીથી જાણવા મળે છે કે કર્મચન્દ્રે બીકાનેર છોડ્યા પછી તેઓના ભ્રાતા જસવંત રાજા રાયસિંહ પાસે રહ્યા હતા. એક સમયે ચટ્ટા નગર જીતી લાવવાનું સમ્રાટ અકબરે પોતાની સભામાં બીડું ફેરવેલું, જ્યારે અન્ય કોઈએ એ ન લીધું ત્યારે રાજા રાયસિંહે એ બીડું ઝડપ્યું, ને મોટી સેના લઈ યુદ્ધ નિમિત્તે ચટ્ટા ગયા. આ વખતે મંત્રી કર્મચંદ્રના ભ્રાતા જસવંતે પોતાની સ્વામિભક્તિ અને વીરતાનો સ્પષ્ટ પરિચય કરાવ્યો, જેથી પ્રસન્ન થઈ મહારાજાએ એને સન્માન પૂર્વક "મંત્રીપદ" પર નિયુક્ત કર્યા. જસવંત જેવા વીર હતા, તેવાજ દાની પણ હતા. સાંકર (ભાટ) ને એમણે ખૂબખૂબ દાન દીધેલ. ચટ્ટાનગરમાં એમનું મૃત્યુ કુંવર ભીમરાજની અસફળતાને કારણે થયું હતું એમ લખેલ છે. એમની સંતતિ બાબતમાં આગળ ફુટનોટમાં કહેવામાં આવશે.

શુભ રેખાઓ અને લક્ષણો જોઈ રાય કલ્યાણસિંહજીએ + સંગ્રામસિંહજીના અવસાન બાદ એને અમાત્ય પદ અર્પ્યું. એમણે શત્રુંજય, આબુ, ગિરનાર, સ્તંભતીર્થ આદિની સપરિવાર યાત્રા કરી. તેઓ રાજનીતિ, યુદ્ધ કળા, અને સંધિ કરાવવામાં કુશળ હોવા ઉપરાંત વીર, દાની, અને ધર્માત્મા પણ હતા.

એકવાર રાય કલ્યાણસિંહજીએ જોધપુરના ગવાક્ષમાં કમલપૂજા કરવાનો પોતાના પૂર્વજોનો દુસ્સાધ્ય અને ચિરકાળનો મનોરથ મંત્રીશ્વરને જણાવ્યો. એમણે કુમાર રાયસિંહજીની સાથે સ્વામિ ભક્તિના ભાવથી દિલ્લી સમ્રાટ અકબર પાસે જઈ, તેમને પ્રસન્ન કરી × આ અતિ કઠણ કાર્ય પણ સિદ્ધ

+ એઓ રાય જેતસીજીના પુત્ર હતા. એમનો જન્મ સં. ૧૫૭૫ મહા સુદિ ૬ ના થએલો, સં. ૧૬૦૧ પોષ સુદિ ૧૫ ના રોજ બીકાનેરની રાજગાદી પર બેઠા. શત્રુના હાથમાં ગએલું બીકાનેરનું રાજ્ય એમણે પુનઃ પ્રાપ્ત કર્યું. સં. ૧૬૨૮ ના વૈશાખ વદી ૫ એમનો દેહાંત થયો.

એમણે કર્મચંદ્રને અમાત્ય પદ પર નિયુક્ત કર્યા. કર્મચંદ્રે સમ્રાટની કૃપાથી એમને જોધપુર રાજ્ય ગવાક્ષમાં બેસાડવાનું ગૌરવ પ્રાપ્ત કરેલું, એ ઘટનાને જો કલ્યાણસિંહજીના સ્વર્ગવાસથી ૩–૪ વર્ષ પૂર્વની માનવામાં આવે, તો કર્મચન્દ્ર મંત્રી બન્યાનો સમય સં. ૧૬૨૫ ની પહેલાંનો ગણી શકાય છે; અને આ સમયે જો એમની ઉંમ. ૨૦–૨૫ વર્ષનીય અનુમાનવામાં આવે તો કર્મચન્દ્રનો જન્મ સં. ૧૬૦૦ આસપાસ થયો હોય, એવો સંભવ છે.

× સમ્રાટને પ્રસન્ન કર્યાની બાબતમાં "ઓસવાલ જાતિ કે ઇતિહાસ" માં લખ્યું છે કે જે સમયે કર્મચન્દ્ર દિલ્લી (?) દરબારમાં ગયા, ત્યારે સમ્રાટ સતરંજ ખેલતા હતા. (પરંતુ એ) સતરંજની ચાલ અટકી પડી હતી, કેમ કે જો કાંઈ ચાલ સમ્રાટ ચાલતા એમાં એમની હાર થતી હતી. કહેવાય છે કે એ વખતે કર્મચન્દ્રે સતરંજની એવી ચાલ બતાવી કે બાદશાહ વિજયી થયા, અને મંત્રીશ્વર પર ખૂબ પ્રસન્ન થયા.

કર્યું. મંત્રીશ્વરની આ સેવાથી ખુશ થઈ રાય કલ્યાણસિંહજીએ એમને મનોવાંછિત માંગવા કહ્યું, પરંતુ એમને તો વૈભવ કરતાંય ધર્મ વધુ પ્રિય હતો, એટલે અન્ય કાંઈ ન માંગતાં એમણે યાચના કરી કે (૧) ચાતુર્માસમાં કુંભાર હુલવાઈ, તેલી.વગેરે લોકો ઘાણી ફેરવવી આદિ પોતાના હિંસાત્મક કાર્યો ન કરે. (૨) વણિકો પાસેથી "માલ" નામે જે કર લેવામાં આવે છે તે, અને ચતુર્થાંશ જકાત લેવામાં આવે છે, તે ભવિષ્યમાં ન લેવામાં આવે (૩) બકરી, ભેડ, ઉરભ્રાદિના કર ન લેવામાં આવે. નરેશે આ વાતોનો સહર્ષ સ્વીકાર કર્યો, તે ઉપરાંત ચાર ગામનો પટ્ટો વંશપરંપરા સુધીને માટે પ્રદાન કર્યો.

દિલ્હી પર આક્રમણ કરવા જતા 'ઈબ્રાહીમ મીર્ઝા' ને નાગોર પાસે, કુમાર રાયસિંહની સાથે રહી, મંત્રીશ્વરે સંગ્રામ કરી પરાજિત કર્યો. સમ્રાટને મદદ કરવા ગુજરાત પર ચઢાઈ કરી 'મીર્ઝા મહંમદ હુસેન' સાથે યુધ્ધ વિગ્રહાદિમાં પોતાની નિપુણતા અને બુધ્ધિવૈભવ વડે સોજત સમિયાણા (જિન કુશલસૂરિ મ૦ નું જન્મસ્થળ) અને આબૂ પ્રદેશ સર કર્યા. જાલોરના [illegible] પતિને વશ કરી એને રાયસિંહજીને પગે પાડયો. [illegible] આજ્ઞા મેળવી મુગલ સેના વડે આક્રમિત આબૂ [illegible] રક્ષા અને ચૈત્યોની પુનઃ સુવ્યવસ્થા કરી. શિવપુરી([illegible]) [illegible] બંદીજનોને પોતાને ઘેર લાવી સન્માન્યા. [illegible] સુવર્ણકલશ, ધ્વજ, અને દંડ ચઢાવી [illegible] સમિયાણાના બંદીજનોને રાયસિંહજીની [illegible] છોડાવ્યા.

સં. ૧૬૩૫ ના મહા દુર્ભિક્ષ [illegible] મંત્રીશ્વરે દાનશાળા [illegible]

વ્યક્તિઓને ખાન-પાન, વસ્ત્ર, ઔષધ આદિ દઈ પ્રશંસનીય સહાયતા કરી, આ સહાય સંકુચિત ક્ષેત્ર પૂરતીજ નહીં, કિન્તુ જે કોઈ માણસ કોઈ પણ ધર્મ કે જાતિનો હોય તેને પણ આપવામાં આવતી, જ્યાં આવી ઉદાર ભાવના હોય ત્યાં સ્વજાતિ ને સ્વધર્મીઓની તો વાતજ શું ? એવા હીન સ્થિતિના સ્વધર્મિઓને વર્ષભરના ખર્ચ જેટલું દ્રવ્ય ગુપ્તરૂપે ઘરેઘરે પહોંચાડવામાં આવતું. ૧૩ માસ પછી સુકાલ થઈ જતાં આશ્રિતોને પોતાના ખર્ચે સથવારો કરીને સ્વસ્થાને પહોંચાડવામાં આવ્યા.

સં. ૧૬૩૩ માં તુરસમખાને સીરોહી લૂંટી. ત્યાંથી સર્વ ધાતુની ૧૦૫૦ જિનપ્રતિમાઓ લાવી ફતેપુરમાં સમ્રાટ અકબર પાસે પેશ કરી, સમ્રાટે પોતાના ધર્મસહિષ્ણુતાના ઉત્તમ ગુણને કારણે એને ગળાવી સોનું કાઢવાનું નિષિદ્ધ કર્યું, અને એક સારા સ્થળે સાવચેતીથી રાખવાનો આદેશ કરવા સાથે પોતાની આજ્ઞા સિવાય કોઇનેય નહીં દેવાનું ફરમાન કર્યું. જૈન સંઘમાં આ પ્રતિમાઓ પુનઃ પ્રાપ્ત કરવાની આતુરતા વધવા લાગી; પરન્તુ સમ્રાટને મળીને એમની આજ્ઞા મેળવવી એ પણ કાર્ય કાંઈ સહેલું નહોતું. ૫-૬ વર્ષ વીતી ગયા, પરંતુ જિનબિંબોને છોડાવવા કોઈ સમર્થ ન નીવડ્યું. જ્યારે એ વાત મંત્રીશ્વર કર્મચંદ્રે સાંભળી ત્યારે એમના હૃદયમાં આ વાત ખૂબ ખટકી ને યેનકેન પ્રકારેણ લાખો રૂપિયા ખર્ચીને પણ એને પ્રાપ્ત કરવાનું પોતાના સ્વામી રાયસિંહને નિવેદન કર્યું. આથી એમણે પણ મંત્રીશ્વરને સાથ આપ્યો, ને સમ્રાટ અકબરને ઘણી ભેટ ધરી પ્રસન્નતા પ્રાપ્ત કરી. એમનાં માંગવાથી સમ્રાટે તમામ પ્રતિમાઓ એમને સુપ્રદ કરવાનું ફરમાન કર્યું.

સં. ૧૬૩૯ ના અષાઢ સુદિ ૧૧ ગુરુવારને દિન એ

પ્રતિમાઓને પુનઃ પ્રાપ્ત કરી મંત્રીશ્વર સ્વસ્થાને લાવ્યા જૈન સંઘ ખૂબ હર્ષ પામ્યો. આ કાર્યથી મંત્રીશ્વરે શાસનની અપૂર્વ સેવા કરી. ફત્તેપુરથી તમામ પ્રતિમાઓ પોતાની સાથે બીકાનેર લઈ આવ્યા અને મહોત્સવપૂર્વક પોતાના ઘર-દેરાસરમાં સ્થાપિત કરી.*

સમ્રાટ અકબરે પ્રસન્ન થઈ વચ્છરાજ વંશજોની મંત્રી પત્નિઓના પગમાં નૂપુર આદિ સોનાનાં આભૂષણો પહેરવાની આજ્ઞા આપીને વચ્છાવતવંશની મહત્તા વધારી. આથી પહેલાં ઓસવાલ વંશજ "સાધુ-સારંગ"ના ઘરાણાની સ્ત્રીઓ સિવાય કોઈનેય માટે આવી આજ્ઞા નહોતી.

તુરસમખાને ગુજરાતમાંથી કેટલાય વણિક કેદીઓને લાવેલા, એમને ઘણું દ્રવ્ય આપી મંત્રિએ છોડાવ્યા, જૈન યાચકોને બહુ દાન દીધાં, શત્રુંજય અને મથુરાના જીર્ણ ચૈત્યોનો ઉદ્ધાર કર્યો. દરેક દેશ, દરેક ગામ, પ્રત્યેક પ્રાંત અને શહેર, ઠેઠ

---

* આ વિષયના તત્કાલીન બે સ્તવનો અમને મળ્યાં છે, જેના જ આધારે આ વૃત્તાંત લખેલ છે. આ સ્તવનો ભવિષ્યમાં અમારા તરફથી પ્રકટ થનાર "બીકાનેર જૈન લેખ સંગ્રહ" માં પ્રકાશિત થશે.

આ પ્રતિમાઓમાં મૂળનાયક શ્રીવાસુપૂજ્ય સ્વામીની ચોવીસી મૂર્તિ આજે પણ "વાસુપૂજ્યજીના મંદિર" માં વિદ્યમાન છે. અન્ય પ્રતિમાઓ પણ કેટલાંય વર્ષો સુધી ઉક્ત મંદિરમાં રોજ પૂજાતી હતી. પાછળથી આટલી બધી પ્રતિમાઓનું પૂજન પ્રબંધ મુશ્કેલ થવાથી, કે અન્ય કોઈ કારણે જૈન સંઘે ચિંતામણિજીના મંદિરના ભૂમિગૃહમાં રખાવી દીધી. આ પ્રતિમાઓનો વખતોવખત ઉપદ્રવ અને મહામારી આદિ રોગ ઉપ-શાન્તિ નિમિત્તે ભૂમિગૃહમાંથી બહાર કાઢી અષ્ટાન્હિકા-મહોત્સવ આદિ કરવામાં આવે છે. હાલમાં જ સં. ૧૯૮૯ના શ્રાવણ સુદિ ૩ના રોજ કાઢીને માગસર વદ ૪ના પુનઃ અંદર પધરાવવામાં આવી હતી.

કાબૂલ સુધી સર્વત્ર "લહાણી" કરી. ઉ. પા૦ શ્રીજય સોમજી પાસે ૧૧ અંગો શ્રીચંદ્રની+ સાથે બીકાનેરમાં શ્રવણ કર્યાં, શ્રુતજ્ઞાનની ભકિત નિમિત્તે સિધ્ધાન્તો લખાવવામાં ઘણું ઘણું દ્રવ્ય ખર્ચ્યું.

એકવાર બીકાનેરમાં મંત્રીશ્વરે સૂરિજી પાસે "ભગવતી સૂત્ર" શ્રવણ કર્યું, અને ભગવાન મહાવીરને ગણધર ગૌતમ સ્વામીએ કરેલ પ્રત્યેક પ્રશ્ન પર મોતી ચઢાવ્યાં×, આ આગમમાં ૩૬૦૦૦ પ્રશ્ન હોવાથી મોતીની સંખ્યા પણ ૩૬૦૦૦ ની થઈ, જેમાં ૧૬૭૦૦ મોતી ચન્દ્રવામાં, ૧૧૯૦૦ પૂઠિયામાં, અને બાકીના ઠવણી, પૂઠા, કવલી, સાજ, વીટાંગણા આદિમાં લગાવ્યા.*

+ શ્રીચંદ્રની કાંઈ વિશેષ હકીકત જાણવા નથી મળી છતાં અનુમાનથી સંભવ છે કે મંત્રીશ્વરજીના કોઈ સંબંધી હોય.

× ક્ષમાકલ્યાણોપાધ્યાય કૃત ભગવતી સૂત્ર સઝાયમાં:-

"बीकानेर तणो वली मंत्री, कर्मचन्द्र इण नाम,
तिण गौतम गुरुना नाम पूज्या, मुक्ताफल अभिराम ॥ १३ ॥

પં. દીપવિજય કૃત ભગવતીસૂત્રની ગહુંલીમાં:-

"कर्मचन्द्र मोतीडे वधाई, कीन भगत गुरु सेवा ।
भगवतीसूत्र सुणों वहु भावे, चाखो अमृत मेवा ॥ ६ ॥"

* શ્રીજિનકૃપાચન્દ્રસૂરિ-જ્ઞાનભંડારની એક ખ્યાતમાં લખ્યું છે:-

"हिवे राजा रायसिंहजीरे वारे मुंहते करमचन्द शहर उथेलीने वसायो, जात आप आपरी बास(गुवाड)में वसाया × × × × रायसिंहजी पातसारे पगे लागा अर मुंहते करमचन्द्रने लेकर गुजरात चढया, उठे राड जीत्या. पछे पातसाहसुं मुंहते करमचन्द मुजरो कियो, तरे पातस्या कह्यो 'मांग कर्मचन्द्र! मैं तूठा' पछे पातस्यासुं अरज कर ५२ परगना राजा रायसिंहने दराया × × × × उपासरो महातमा नीचे देखके आपरी घोडांरी घुडसालरी जागा उपासरो करायो। देहरो १ चौवीसटैरो, २ वासुपुजजीरो,

મંત્રીએ શત્રુંજય, ગીરનાર પર નવા જિનાલય નિર્માણ કરવવા દ્રવ્ય મોકલ્યું. રાજા રાયસિંહની આજ્ઞાથી સમસ્ત રાજ્યમાં ચોપર્વી (આઠમ ચૌદસ પૂનમ અમાવાસ્યા) અને ચાતુર્માસમાં કુંભાર, તેલી આદિને એમનો હિંસાત્મક કુલ વ્યાપાર ત્યાગ કરાવ્યો સમગ્ર મરુમંડલમાં ખેજડી આદિ વૃક્ષ કાપવાનુ બંધ કરાવ્યું. સિંધ દેશનુ સ્વામીત્વ મેળવી, સતલજ ડેક, રાવી આદિ નદીઓમાં માછલીઓની હિંસા બંધ કરાવી. ચતુર્વિધ સૈન્યની સહાય વડે હરપ્પાના બાકી રહેલા શક્તિશાળી બલુચિયોને હરાવી કુલીન બંદીવાનોને છોડાવ્યા, અને પોતાને ઘેર લાવી સત્કાર્યા. મંત્રીશ્વર હરહંમેશ જિનાલયોમાં સ્નાત્ર પૂજા કરાવતા. ફલવર્દ્ધિ (ફલોધી)માં દાદાસાહેબ શ્રીજિનદત્ત-સૂરિજી અને શ્રીજિનકુશલસૂરિજીના સ્તૂપ બનાવ્યા.

મંત્રીશ્વર કર્મચન્દ્રને અજાયબદે, જીવાદે અને કપૂરદે, નામે ત્રણ સ્રીઓ હતી. એમાંની જીવાદે, અજાયબદે આ બે સ્રીઓથી બે પુત્રરત્ન થયા. (સં. સોળસો) પાંત્રીસના દુષ્કાળમાં અનાથોની રક્ષા અને મરૂ દેશમાં વૃક્ષ છેદન નિષેધ કરવાથી એના પુણ્યની ખૂબ વૃદ્ધિ થઈ, જેનાં ફળસ્વરૂપે કુલદીપક એવા પુત્રદ્વયની

दे नगीनापनीरो, इम तीन देहरा पंचारे नोळे पाल्या। पछे श्रीपूज्यजी पासे भगवतीजी सुण्या, पुरण हुवां ३६००० मोती चढ़ाया, तरै श्रीपूज्यजी कह्यो म्हारे कांई काम नहीं अर ज्ञान काममें लगावो. तरै १६००० मोतारो चंदवो करायो, ११९०० मोतीरो पुठीयो करायो बाकीना पुं॰, ठवणी आदि ज्ञानभंडारे लगाया, घणो द्रव्य खरच्यो"

ઉપરોક્ત વાતમાં જરાય અતિશયોક્તિ જણાતી નથી. કેમ કે મોતીનો ચંદરવો, પૂંઠીઓ ૮૦-૯૦ વર્ષ પૂર્વે બીકાનેરના મોટા ઉપાશ્રયના ભંડારમાં હતા, કિંતુ દુર્ભાગ્યે અમને તે શોધ્યે હાથ નથી!!!

પ્રાપ્તી થઈ. આ મંગલ પ્રસંગ પર મંત્રીશ્વરે સમ્રાટને વિવિધ પ્રકારની ભેટ ધરી. સમ્રાટે વધાઇ દેતાં, એમનાં નામ "ભાગ્યચંન્દ્ર" અને "લક્ષ્મીચન્દ્ર" રાખ્યા. +

મંત્રીશ્વર કર્મચન્દ્રના ઉદ્યોગથી બીકાનેર નરેશ રાયસિંહ પાંચ હજારી પદને પામ્યા, ને 'રાજા' પદ વડે વિભૂષિત થયા. 'રાજપુતાને કે જૈન વીર' નામક ગ્રંથમાં લખ્યું છે કે જયપુરના રાજા અભયસિંહે જ્યારે બીકાનેર પર આક્રમણ કર્યું ત્યારે મંત્રીશ્વરેજ પોતાની પ્રખર બુદ્ધિથી શત્રુ સાથે સંધિ કરી રાજ્યની રક્ષા કરી હતી. ટૂંકમાં એટલુંજ કહેવું બસ થશે કે મંત્રીશ્વરે બીકાનેર રાજ્યની સેવા અને સ્વામી ભક્તિમાં કાંઇ કસર નથી રાખી. 'બીકાનેર રાજ્ય કે ઇતિહાસ' માં લખ્યું છે કે સં. ૧૬૪૫માં બીકાનેરનો અત્યારનો કિલ્લો બનાવવાનું તેમણેજ શરુ કરેલું.

દીર્ઘદર્શી મંત્રીશ્વર કોઇ કારણે રાજા રાયસિંહના મનફેરને × સમજી લઈ ભાવિના શુભ સંકેતથી એમનો આદેશ લઈ

+'કર્મચન્દ્ર મંત્રિ વંશ પ્રબંધ'ના આ વર્ણનથી સં. ૧૬૩૫થી પશ્ચાજ બન્ને પુત્રોનો જન્મ થવો નિર્ધારિત થાય છે.

× કર્મચન્દ્ર મંત્રી વંશ પ્રબંધ (ર. સં. ૧૬૫૦) વૃત્તિમાં:—
'अथ' अनन्तरं 'अन्यदा' अन्यस्मिन् काले 'दैवं' शुभाशुभं कर्म, 'दैवयोगाद्' विधिवशात कलिकालस्य 'विजृम्भितं' विलसितं 'निजेशस्य' आत्मीयप्रभोः श्रीरायसिंहस्य 'वैमनस्यं' चित्तकालुष्यं निजे चित्ते ज्ञात्वा राज्ञः श्रीरायसिंहस्य 'आज्ञां' आदेशं 'समासाद्य' प्राप्य 'निजं जनं' स्वजनवर्गं 'समादाय' गृहीत्वा 'मेदिनीतटं' मेडतापुरेत्याख्यया ख्यातं 'अध्यास्त' अध्या तिष्ठन् तिअशीश्रयत्। किम्भूतो मंत्री? स्वामी(धर्म) (?) एव धनं, तेन- 'अधिकः' अतिशायि (स्वामी)धर्मधनाधिकः॥ २३५-३६ ॥



મંત્રીશ્વર શ્રીમાન્ કર્મચંદ્રજી વચ્છાવત

વિચક્ષણ અને બુદ્ધિમાન કર્મચન્દ્ર સ્વજન પરિવાર સહિત મેડ-
તામાં આવી રહેવા લાગ્યા, ત્યાં તેઓ પ્રાચીન તીર્થ ફલવર્ધિ
પાર્શ્વનાથ અને જિનદત્ત સૂરિજીની ભક્તિ સહિત પૂજા કરતા હતા

---

૧ જિનચન્દ્રસૂરિ અકબર પ્રતિબોધ રાસ (સં. ૧૬૫૮ રચિત) માં :–

पिशुन तणे परफेर, मूकी बीकानेर।
लाहोर अकबर उच्छाहि, मेल्यो श्रीपतिसाहि ॥ ३२ ॥

વચ્છાવતોની પદ્ય પ્રાચીન વંશાવલીમાં :—

"जाणै न बात हुइ [illegible] वांन, रायसिंह करमचन्द पदी राव।
यह [illegible] गयो पतिसाह पास, [illegible] राय लिखइ [illegible] दास ॥ ३२ ॥

હવે આ વિષયમાં આધુનિક ઇતિહાસકારોના મત જણાવીએ છીએ :-

(૧) 'બીકાનેર રાજ્યકે ઇતિહાસ' માં લખ્યું છે. :-
दिवान [illegible] रायसिंहजीकी स्वाधीनताको अधिक स्फूर्ति पाते देख उनके [illegible] प्रयत्न किया. [illegible] राजाजीके ज्येष्ठपुत्र [illegible] राजसिंह और दिवान कर्मचन्द्रका फोटा [illegible] राज्यमें [illegible] कर [illegible]। जब राजा रायसिंहको यह भेद ज्ञात हुआ, तो उन्होंने ([illegible]) [illegible] को [illegible] आगा [illegible] कर दिया और दिवान कर्मचन्द्र [illegible] करके [illegible] निकाल दिया। वह सपरिवार दिल्ली जा कर बादशाहकी सेवा करने लगा।

(૨) "ભારત કે પ્રાચીન રાજવંશ" માં બીકાનેરનું કારણ રાય-
સિંહને મારી કુંવર દલપતસિંહને ગાદી પર બેસાડવાની આકાંક્ષા જણાવેલ
છે. રેઉજી એમ પણ લખે છે કે સં. ૧૬૫૨ માં કર્મચન્દ્ર ભાગીને અકબર
પાસે ગયો.

(૩) કેપ્ટન પાઉલેટ "બીકાનેર ગેઝેટિયર" માં લખ્યું છે કે જે
વખતે બાદશાહ કર્મચન્દ્ર સાથે વાતચીત કરતા હતા, ત્યારે કર્મચન્દ્રજી
તો બેઠા રહેતા, પરંતુ બીકાનેર નરેશ ઉભા રહેતા, આ પણ તેમની
નારાજીનું એક કારણ હતું

મંત્રીશ્વરનો બીકાનેર છોડવાનો સમય સં. ૧૬૪૬-૪૭ની વચ્ચેનો છે, કેમકે ગુણવિનયજીએ સં. ૧૬૪૬ માં "રઘુવંશ વૃત્તિ" બીકાનેરમાં રચી હતી, એની પ્રશસ્તિમાં એ સમયે

---

(૪) "રાજપુતાનેકે જૈન વીર"માં શ્રીગોયલીયજીએ લખેલ છે કે:-

"एक बार शंकर भाटको राजा रायसिंहने एक करोडका दान देनेके लिये मंत्रीश्वरको आज्ञा दी; उनकी इस आज्ञाको मंत्रीश्वरने अनुचित समझा × × × × कर्मचन्द्रने बीकानेरके घरानेसे भक्ति और प्रेमके कारण अपव्ययी राजाको सचेत करनेका फिर उद्योग किया, परन्तु उसका परिणाम बहुत भीषण हुआ"

ગોયલીયજીએ ટાંક સાહેબનો અભિપાય આપતાં ઉપરોક્ત દલપતસિંહની બાબતમાં કર્મચન્દ્રને ષડ્યંત્રના દોષથી સાવજ વિમુક્ત હોવાનો ઉલ્લેખ આ પ્રમાણે કર્યો છે—"गरज यहकि कर्मचन्द्र षड्यन्त्रके दोषसे बिल्कुल विमुक्त था, उसने सत्य और न्यायके कार्योंके लिये अपने प्राण निछावर कर दिये, वह किसी षड्यंत्रका रचयिता नहीं था. (फिर भी) वह स्वयं षड्यंत्रका शिकार हो गया. उसकी बुद्धिमानी और कर्त्तव्य तत्परताही, जिससे उसने राज्यको सम्भाल रखा था, उसके नासका कारण हुई, जो राजाको अपव्यय और दुराचारमें फसा देखना चाहते थे, उनका जोर बढता गया और कर्मचन्द्रके तरफसे राजाके कान भरने शुरु कर दिये और षड्यंत्र रचनेका दोष लगाया"

મુન્શી દેવીપ્રસાદજીએ રાયસિંહજીની નારાજીનું એક અન્યજ કારણ બતાવ્યું છે, પરંતુ અમે આધુનિક ઇતિહાસકારોએ દર્શાવેલ એક પણ કારણ સાથે સહમત નથી, મંત્રીશ્વરનું પવિત્ર હૃદય, એમની સ્વામીભક્તિ અને રાજ્યસેવાઓ જોતાં રાજ્યવિદ્રોહી આદિ હોવાનો દોષ કેવળ કપોલ-કલ્પના અને મનમાની દંતકથાજ ભાસે છે.

અમારા આ કથનનાં મુખ્ય કારણો આ છે:—

મંત્રીશ્વર સં. ૧૬૪૭ની સાલમાં લાહોર પહોંચી ગયા હતા.

કર્મચન્દ્રજી ત્યાંજ મંત્રીશ્વર પદ પર હોવાનો ઉલ્લેખ આ પ્રમાણે છે:—

"श्रीरायसिंहभूभुजि, निजभुजबलनिर्जितारिनृपराज्ये ।
सत्यादिगुणविचक्षण—मन्त्रीश्वरकर्मचन्द्रवरे ॥"

સં. ૧૬૪૮ માં સમ્રાટ અકબરે આ ચરિત્ર નાયક સૂરિજીને આમંત્ર્યા એ સમયે મંત્રીશ્વર પણ ત્યાં હતા. આથી રેઉજીનું "सं. १६५२ में कर्मचन्द्र भाग कर दिल्ली गया" લખાણ તદ્દન બીન પાયાદાર છે. સં. ૧૬૫૦ માં "કર્મચન્દ્ર મંત્રીવંશ પ્રબંધ" લાહોરમાં રચવામાં આવેલ. એમાં મંત્રીશ્વરનું રાજા રાયસિંહના આદેશથી મેડતા જવું અને ત્યાંથી સમ્રાટની પાસે એમનીજ આજ્ઞાથી આવવું, સ્પષ્ટતયા લખેલું છે એટલુંજ નહીં પરંતુ સમ્રાટના સન્માનપાત્ર હોઈ, લાહોરમાં દ્વીતિય મંત્રીશ્વરે શ્રીજિન-ચન્દ્રસૂરિજીનો "યુગપ્રધાન-પદ" મહોત્સવ પણ રાજા રાયસિંહજીની આજ્ઞા મેળવીને કર્યો હતો. જેમ કે:—

तत्रैव सचिवः स्वामी-धर्मधौरेयतापरः ।
श्रीरायसिंहभूपाल-पादशाहं समागमत् ॥ ८४९ ।
सर्वं वृत्तान्तमाख्याय साहिबं (?) साहमाग्रणी ।
प्राप्य मेहं महादिशं, निदः प्रजतिलोऽनयत् ॥ ८५० ॥
(કર્મ० મં० વં० પ્ર०)

આમ, આ ઘટનાથી ચાર છ માસ પહેલાંજ લખાએલ ઐતિહાસિક પ્રમાણો કરતાં દંતકથાને અધિક મહત્વ આપવું એ મોટી ભૂલ ગણાય. વળી "વંશ પ્રબંધ" પરથી ઐતિહાસિક મં. કર્મચન્દ્રનાં નિર્દોષ અને ધૈર્ય સાથી રાજ્યભક્તિના પરાકાષ્ઠા જણાય છે, એટલું જ [illegible] પ્રમાણ અને [illegible] પુરવાર સિદ્ધ થાય છે, [illegible] છે કે કોઈ [illegible]
[illegible] ન સહી શકવાને કારણે એની સિદ્ધ [illegible] અને [illegible]
[illegible]
[illegible]

અને ગુણવિનયજીએજ સં. ૧૬૪૭ માં મેડતામાં "દમયંતી ચંપૂવૃત્તિ" ની રચના કરી, એની પ્રશસ્તિમાં પણ મંત્રીશ્વરનું નામ છે. એટલે તે સમયે તેઓ મેડતામાં આવી ગયા હતા.

જ્યારે મંત્રીશ્વર મેડતામાં હતા, ત્યારે એમને બોલાવવાના રાણા માનસિંહ આદિ કેટલાય નૃપતિઓના આમંત્રણ આવ્યા. પરંતુ તેઓ ચંચળ ન થતાં ધીરતાપૂર્વક, કેટલાક માસ સુધી ત્યાંજ રહ્યા. કારણ કે સાધારણ નૃપતિઓની સેવા કરવાનું એમને અનુચિત લાગ્યું.

સમ્રાટ અકબર એમના ગુણસમૂહથી બરાબર પરિચિત હતા કેમકે રાજા રાયસિંહની સાથે મંત્રીશ્વર અનેકવાર સમ્રાટને મળી ચૂકેલ હતા. સમ્રાટે એનાં વાક્ચાતુર્ય, યુદ્ધ કૌશલ, અને પરમ રાજનીતિજ્ઞતા આદિ સદ્ગુણોની પ્રશંસા રાયસિંહના મોઢે સાંભળેલી, તેમજ પોતે સ્વયં પણ અનુભવેલી. આ પ્રસંગ પર સમ્રાટે મંત્રીશ્વરને પોતાની પાસે લાહોર મોકલવાનું રાજા રાયસિંહને ફરમાનપત્ર મોકલ્યું, ત્યારે રાયસિંહજીએ સમ્રાટના ફરમાનની સાથોસાથ પોતાની તરફથી અદ્ભુત કૃપાસૂચક વાક્યોથી ભરપૂર આદેશપાત્રસમ્રાટ પાસે જવાને

કથનનેજ પુષ્ટિ આપે છે. સારાંશ એ કે કર્મચન્દ્રજી રાજ્યવિદ્રોહી નહોતા.

નં. ૩, અને ૪ ના કથનો પણ મહત્ત્વના કે વિશ્વસનીય નથી જણાતા, કારણ કે તમામ આધુનિક લેખકો, સમ્રાટ અકબરની સેવામાં મંત્રીશ્વરનું દિલ્હી જવાનું લખે છે, પરંતુ એ સમયે સમ્રાટ લાહોરમાંજ રહેતા હતા, અને તે પછીય ઘણાં વર્ષો સુધી લાહોર રહેલા. એટલે એમનું આ લખાણ અયુક્ત અને ભ્રમપૂર્ણ છે, નથી સમજાતું કે કઈ રીતે આધુનિક ઈતિહાસકારોએ (!) ભળતી સળતી વાત લખી નાંખી છે.

[illegible]

[illegible] આજ્ઞા પ્રાપ્ત કરી [illegible] સાથે× ત્યાંથી [illegible] જિનદત્તસૂરિજીની [illegible] પૂજન કરી બાહિર [illegible] કારણે કોઇપણ ઉમરાવ [illegible] સમ્રાટને [illegible] ઉચિત અને [illegible] સમ્રાટના દિલને જીતી લીધું. [illegible] કૃપા પ્રકટ કરી [illegible], "તમે [illegible] વર્ષા વનસ્પતિના અંકુરને [illegible] તમામ રાજાઓથી વધારે [illegible]" સમ્રાટ ફકત એટલું

* [illegible] ।
[illegible] ॥ ૨૪૦ ॥
[illegible] ।
[illegible] ॥ ૨૪૧ ॥
[illegible] ।
[illegible] ॥ ૨૪૨ ॥ (विशेषतम्
[illegible] ૨૬૫૦

× [illegible] પ્રતિબોધરાસ"
[illegible] પત્રાંકો,
[illegible]
[illegible]

બોલીનેજ બેસી ન રહ્યા, પણ તે સમયેજ એમણે મંત્રીશ્વરને પોતાની પરિષદના સામાજિક લોકોના અધ્યક્ષ બનાવ્યા, અને ખુદ પોતાનો હાથી અને સોનાનાં આભૂષણોથી સુસજ્જિત શિકારી ઘોડો અર્પણ કર્યો, એટલુંજ નહીં, પરંતુ થોડાજ દિવસોમાં તેઓ સમ્રાટના એટલા બધા વિશ્વાસપાત્ર બની ગયા કે સમ્રાટે મંત્રીશ્વરને પોતાના ખજાનાના અધિકારી (ખજાનચી) અને તોસામપુર નગરના રાજ્યપાલ નીમ્યા.

એ પછી મંત્રીશ્વરનું સમ્રાટપુત્ર સલીમના મૂળ નક્ષત્રમાં ઉત્પન્ન પુત્રીના જન્મદોષની શાંતિ નિમિત્તે અષ્ટોત્તરી સ્નાત્ર કરાવવું, વા. મહિમરાજજી અને પછી સૂરિજીને સમ્રાટના વિનીત આમંત્રણથી લાહોર બોલાવવું, કાશ્મીર યાત્રામાં સમ્રાટની સાથે મહિમરાજજીનું જવું, જિનસિંહ સૂરિજીની પદ સ્થાપના સમયે સવા કરોડનું દાન દેવું આદિ અનેક કાર્યોમાં વિપુલ જૈન ખર્ચ કરી શાસન શોભામાં અભિવૃદ્ધિ કર્યાનું વિસ્તૃત વર્ણન આ પુસ્તકના ૬-૭ અને ૮ મા પ્રકરણમાં અમો લખી ચૂકયા છીએ, એટલે અહીં એની પુનરૂક્તિ કરવી આવશ્યક નથી. 'અકબર પ્રતિબોધ રાસ' થી જાણવા મળે છે કે એમનો પ્રભાવ સર્વવ્યાપી હતો. તમામ દેશના રાજાઓ, અમીર ઉમરાવ, મીર, મલ્લિક, ખોજા અને ખાન બધાયે એમનું બહુમાન કરતા. અને સમ્રાટ અકબર સાથે તો એમની ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ હતી. આ બાબતમાં ઐ. જૈ. કા. સં. પૃ. ૯૧ જુઓ.

મંત્રીશ્વર ખરતરગચ્છના અનન્ય ભકત હતા. તપાગચ્છીય સુપ્રસિદ્ધ વિદ્વાન સિદ્ધિચન્દ્રજીએ " ભાનુચન્દ્ર ચરિત્ર " માં મંત્રીશ્વરને " ખરતરગચ્છ શ્રાદ્ધમુખ્ય " અને "ભૂભુજમાન્ય"

લખ્યા છે. એમણે ફલોધિ તોસામપુર× લાહોર સાંગાનેર આદિ અનેક સ્થાનોમાં શ્રીજિનકુશલ સૂરિજીના સ્તૂપ બનાવી એમની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. જુઓ, ઉપાધ્યાય વિનયસાગર સંપાદિત 'પ્રતિષ્ઠા લેખ સંગ્રહ' લેખાંક ૧૦૭૦।

વાચક ગુણવિનયજીએ "કર્મચન્દ્રવંશ પ્રબંધ" ની વૃત્તિ એમના આગ્રહથીજ રચી હતી. +

શ્રીજિનકૃપાચન્દ્ર સૂરિ જ્ઞાનભંડારસ્થ પટ્ટાવલીમાં સં. ૧૬૫૩ના દુષ્કાળમાં મંત્રીશ્વરે દાનશાળા ખોલી અનાથોની રક્ષા કર્યાનો ઉલ્લેખ આ પ્રમાણે છે:—

मंत्री करमचन्दई पईत्रीसई नई* त्रिणसई गामि गामि सत्रूकार (दानशाळा) मंडावी पृथ्वी दुःखी राखी, पनिस्हाट

× "श्रीतोसामपुरे, वरलाभिलानप्रलानगुरुस्तूपे ।
श्रीमन्त्रिराजकारित–जिनकुशलस्तूपकराजे ॥ ६ ॥"
(કર્મચન્દ્ર વંશ પ્રબંધ)

+ "श्रीकर्मचन्द्रराजा–ग्रहेण तदनुग्रहेण कृतायुगे. ।"
(કર્મચન્દ્ર મં૦ વં૦ પ્રબંધ વૃત્તિ)

* કવિવર સમયસુંદરજી સ્વકૃત કલ્પલતા વૃત્તિની અંતિમ પ્રશસ્તિમાં લખે છે કે—

"तस्मिन् [illegible] कर्मचन्द्रमन्त्रिवरः, [illegible] ।
येन [illegible], [illegible] निर्ममे ॥
[illegible] (१५)[illegible], दुर्भिक्ष[illegible] ।
[illegible] ॥ ९० ॥

[illegible] પ્રતિષ્ઠા [illegible] [illegible] [illegible] "[illegible] સંગ્રહ" [illegible] છે.

બોલીનેજ બેસી ન રહ્યા, પણ તે સમયેજ એમણે મંત્રીશ્વરને પોતાની પરિષદના સામાજિક લોકોના અધ્યક્ષ બનાવ્યા, અને ખુદ પોતાનો હાથી અને સોનાનાં આભૂષણોથી સુસજ્જિત શિકારી ઘોડો અર્પણ કર્યો, એટલુંજ નહીં, પરંતુ થોડાજ દિવસોમાં તેઓ સમ્રાટના એટલા બધા વિશ્વાસપાત્ર બની ગયા કે સમ્રાટે મંત્રીશ્વરને પોતાના ખજાનાના અધિકારી (ખજાનચી) અને તોસામપુર નગરના રાજ્યપાલ નીમ્યા.

એ પછી મંત્રીશ્વરનું સમ્રાટપુત્ર સલીમના મૂળ નક્ષત્રમાં ઉત્પન્ન પુત્રીના જન્મદોષની શાંતિ નિમિત્તે અષ્ટોત્તરી સ્નાત્ર કરાવવું, વા. મહિમરાજજી અને પછી સૂરિજીને સમ્રાટના વિનીત આમંત્રણથી લાહોર બોલાવવું, કાશ્મીર યાત્રામાં સમ્રાટની સાથે મહિમરાજજીનું જવું, જિનસિંહ સૂરિજીની પદ સ્થાપના સમયે સવા કરોડનું દાન દેવું આદિ અનેક કાર્યોમાં વિપુલ જૈન ખર્ચ કરી શાસન શોભામાં અભિવૃદ્ધિ કર્યાનું વિસ્તૃત વર્ણન આ પુસ્તકના ૬–૭ અને ૮ મા પ્રકરણમાં અમો લખી ચૂકયા છીએ, એટલે અહીં એની પુનરૂક્તિ કરવી આવશ્યક નથી. 'અકબર પ્રતિબોધ રાસ' થી જાણવા મળે છે કે એમનો પ્રભાવ સર્વવ્યાપી હતો. તમામ દેશના રાજાઓ, અમીર ઉમરાવ, મીર, મલ્લિક, ખોજા અને ખાન બધાયે એમનું બહુમાન કરતા. અને સમ્રાટ અકબર સાથે તો એમની ગાઢ પ્રીતિ બંધાઈ ગઈ હતી. આ બાબતમાં ઐ. જૈ. કા. સં. પૃ. ૯૧ જુઓ.

મંત્રીશ્વર ખરતરગચ્છના અનન્ય ભક્ત હતા. તપાગચ્છીય સુપ્રસિદ્ધ વિદ્વાન સિદ્ધિચન્દ્રજીએ " ભાનુચન્દ્ર ચરિત્ર " માં મંત્રીશ્વરને " ખરતરગચ્છ શ્રાદ્ધમુખ્ય " અને "ભૂભુજમાન્ય"

લખ્યા છે. એમણે ફલોધિ તોસામપુર× લાહોર સાંગાનેર આદિ અનેક સ્થાનોમાં શ્રીજિનકુશલ સૂરિજીના સ્તૂપ બનાવી એમની ચરણપાદુકાઓની પ્રતિષ્ઠા કરાવી હતી. જુઓ, ઉપાધ્યાય વિનયસાગર સંપાદિત 'પ્રતિષ્ઠા લેખ સંગ્રહ' લેખાંક ૧૦૭૦।

વાચક ગુણવિનયજીએ "કર્મચન્દ્રવંશ પ્રબંધ" ની વૃત્તિ એમના આગ્રહથીજ રચી હતી. +

શ્રીજિનકૃપાચન્દ્ર સૂરિ જ્ઞાનભંડારસ્થ પટ્ટાવલીમાં સં. ૧૬૫૩ ના દુષ્કાળમાં મંત્રીશ્વરે દાનશાળા ખોલી અનાથોની રક્ષા કર્યાનો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ—

मंत्री करमचन्दई पईत्रीलई नई* त्रिपनई गामि गामि सत्रकार (दानशाळा) मंडावी पृथ्वी डुलती राखी, पतिसाह

× "श्रीतोसामपुरे, वरवांछितदानप्रधानसुरवृक्षे ।
श्रीमंत्रिराजकारित–जिनकुशलस्तूपकृतरक्षे ॥ ६ ॥"
(કર્મચન્દ્ર વંશ પ્રબંધ)

+ "श्रीकर्मचन्द्रराजा–ग्रहेणं सदनुग्रहेण कुशलगुरोः ।"
(કર્મચન્દ્ર મં૦ વં૦ પ્રબંધ વૃત્તિ)

* કવિવર સમયસુંદરજી સ્વકૃત કલ્પલતા વૃત્તિની અંતિમ પ્રશસ્તિમાં લખે છે કે—

"यद्वारे किल कर्मचन्द्रसचिवः, श्राद्धोऽभवद्दीप्तिमान् ।
येन श्रीगुरुराजनन्दिमहसि, द्रव्यव्ययो निर्ममे ॥
कोटेः पादयुजः शराग्नि(३५)समये, दुर्भिक्षवेलाकुले ।
सत्राकारविधानतो बहुजनाः संजीविता येन च ॥ १० ॥

અને અકબર પ્રતિબોધ રાસ, જિનરાજસૂરિ રાસ, જિનસાગરસૂરિ રાસ તેમજ ઘણી ગહુંલિયોમાં મંત્રીશ્વરના સુકૃત્યોનું વર્ણન છે. "ઐતિહાસિક જૈન કાવ્ય સંગ્રહ" માં આ રાસાઓ છે.

पासथी पीत्तलमय प्रतिमा घणी छोडावी. वलि जिण नगरी मुहतउ गयो तिण नगरी रुपइया त्रिनी लाहण कीधी ॥

આ પ્રમાણે અનેકાનેક લોકોપકાર અને ધર્મપ્રભાવના દ્વારા પોતાની પ્રશસ્ત કીર્તિને દિગન્તવ્યાપી અને અમર બનાવી; મંત્રીશ્વર સં. ૧૬૫૬ માં અમદાવાદ ખાતે+ સ્વર્ગે સીધાવ્યા. જેનો ઉલ્લેખ આ ગ્રંથના દશમા પ્રકરણમાં અમોએ કર્યો છે.

આધુનિક લગભગ બધાજ ઇતિહાસકારો અને લેખકો મંત્રીશ્વર કર્મચન્દ્રનું મૃત્યુ સમ્રાટ અકબરના દેહાંત પછી કેટલાક સમયે (સં. ૧૬૬૨-૬૪) દિલ્હીમાં થયાનું લખે છે અને તેઓ એમ પણ લખે છે. કે એ સમયે મહારાજા રાયસિંહજી પણ બાદશાહ જહાંગીરને મળવા ત્યાં ગયા હતા. તેમણે મંત્રીશ્વરની અન્ત્ય અવસ્થામાં એમની હવેલીએ જઇ શોક પ્રકટ કરેલ. મહારાજાના નેત્રોમાંથી નીર વહેવા લાગ્યા, જ્યારે તેઓ ચાલ્યા ગયા ત્યારે કર્મચન્દ્રના પુત્રોએ મહારાજાના પ્રેમની બહુ પ્રશંસા કરી, પરંતુ મંત્રીશ્વરે કહ્યું, "પુત્રો! તમો ભૂલ કરો છો. આ આંસૂ પ્રેમના નહોતા. એ તો એ વાતના હતા કે હું સુખ અને સુયશથી સ્વર્ગે જઈ રહ્યો છું, અને રાજાજી જીવતાંય મારો બદલો ન લઈ શકયા. એટલે તમો એમનાં આંસુઓ જોઈ

+ કોઈ ખાસ નિમિત્તને જાણ્યા વગર માત્ર વિહારપત્ર નિર્દિષ્ટ 'અત્ર' શબ્દથીજ મંત્રીશ્વરનું સ્વર્ગસ્થળ અમદાવાદ છે. એમ સ્વીકારવાને હૃદય તૈયાર નથી થતું. કારણકે ('અત્ર') શબ્દનો અર્થ માત્ર 'અહિં' એજ નથી થતું, કિંતુ 'આ સમયે' એમ પણ થાય છે, માટે વિહાર પત્ર નિર્દિષ્ટ 'અત્ર' શબ્દનો અર્થ 'આ સમયે' એમ લેવોજ વધારે બંધ બેસતો છે. (યુ. સં. ના સંપાદક)

બિકાનેર જવાની ભૂલ કદાપિ ન કરતા". તે પછી તરતજ કર્મચન્દ્રજી સ્વર્ગવાસ પામ્યા; પરંતુ પ્રતિકારપરાયણ મહારાજા રાયસિંહે પોતાની અંતિમ અવસ્થામાં પોતાના વધુ પ્રેમભાજન પુત્ર કુમાર સૂરસિંહને વચ્છાવત પુત્રોનો બદલો લેવાની ઈચ્છા પ્રકટ કરી. તે પછી રાજ્ય સિંહાસનારૂઢ બની સૂરસિંહ દિલ્હી ગયા અને કર્મચન્દ્રના પુત્રોને અત્યંત વિશ્વાસમાં લઈ બિકાનેર લઈ આવ્યા. મહારાજાએ એમને સન્માન પૂર્વક મંત્રીપદે નિયુક્ત કર્યા, કેટલાંક (૨-૪-૬) માસ તો ખૂબ કૃપા બતાવી. એક વખત મહારાજા સ્વયં એમની હવેલીપર પધાર્યા, વચ્છાવત ભાઇઓએ એક લાખ રૂપિયાનો ચોતરો કરી એમને સન્માન્યા. એ પછી એક દિવસ રાત્રિને સમયે સૂરસિંહજીના ૩૦૦૦ સિપાહીઓએ એમનું મકાન ઘેરી લીધું. તેઓ બન્ને ભાઇઓ ભારે વીર બહાદુર હતા, એટલે પોતાના પાંચસો સૈનિકો સાથે સામનો કર્યો, પરંતુ રાજ્યની વિશાળ શક્તિની સામે ટકી રહેવું મુશ્કેલ જણાતાં પોતાના તમામ પરિવારને મારી પોતે જૌહર કરી વીરગતિને પામ્યા. એમના કુટુંબની એક ગર્ભવતી સ્ત્રીએ રઘુનાથ સેવકને સાથે લઈ ભાગીને શ્રીકરણી માતાના મંદિરમાં જઈ આશરો લીધો, ત્યાં રાજ્યના નિયમાનુસાર એને રક્ષા મળી અને ત્યાંથીએ પોતાના પિયર ઉદયપુર ચાલી ગઇ. એના પુત્ર "ભાણ" થી વંશપરંપરા ચાલી જે આજેય ઉદયપુરમાં આબાદ છે.

"મહાજન વંશ મુક્તાવલીમાં" મહો૦ રામલાલજી ગણિ લખે છે કે એમનો રગતિયો નામનો નોકર આ યુદ્ધમાં ખૂબ વીરતાથી લડી ખતમ થયો, જે આજેપણ "રિંગતમલજી"

નામે (પ્રસિદ્ધ ક્ષેત્રપાલ) લોકોથી પૂજાય છે. અત્યારનો "રાંઘડી ચોક" પહેલાં "માણકચોક" હતો. પરંતુ ત્યાં આ યુદ્ધમાં ઘણાં રાંગડ (રજપુત) માર્યાં જવાથી ઉકત સ્થાન "રાંગડી" નામથી પ્રસિદ્ધ થયું. ઉકત પુસ્તકમાં ભાટ–મથેરણોની વંશાવલિ (વહી)ઓ કર્મચન્દજીદ્વારા કૂવામાં નંખાયાની, રાજા સૂરસિંહે એના પુત્ર ખીંવરાજ (?) ને બોલાવી "ખિયાસર" ગામ, અને કારખાનામાં વચ્છાવતોને હાજર રહેવાનું સન્માન દેવાની આદિ ઘણી વાતો લખેલી છે.

અમે ઉપરોકત કથનો સાથે પૂરા સહમત નથી, અમારી નવી ઐતિહાસિક શોધખોળમાં જે સમસ્યાઓનાં તથ્ય નિર્ધારિત થયા છે, તે આ છે:—

(૧) મંત્રીશ્વર કર્મચન્દ્રનું મૃત્યુ સં.૧૬૫૬માં અમદાવાદમાં થયું હતું, એ વાત તે સમયે લખાયેલ "વિહાર પત્ર" થી સિદ્ધ થાય છે. આથી અકબરના મૃત્યુ પછી એમનું અવસાન દિલ્હીમાં થયાની વાત મિથ્યા સાબિત થાય છે. "વિહારપત્ર" થી એમ પણ જાણવા મળે છે કે સમ્રાટ અકબર એ સમયે (દક્ષિણ જીતવા) બુરહાનપુર ગયા હતા. પં. દશરથજી શર્મા એમ. એ. ના કથનાનુસાર બીકાનેર સ્ટેટના શાહી ફરમાનોમાં એ સમયે મહારાજા રાયસિંહને યુદ્ધમાં સહાયતા કરવા નિમિત્તે દક્ષિણમાં બોલાવ્યાનું પણ એક ફરમાન ઉપલબ્ધ છે. સંભવ છે કે માર્ગમાં રાયસિંહજી મંત્રીશ્વરના અંતિમ સમયે અમદાવાદમાં મળ્યા હોય.

(૨) સંવત ૧૬૮૧ માં રચિત "જિનસાગરસૂરિ રાસ" થી જાણવા મળે છે કે સં. ૧૬૭૬ લગભગ જ્યારે શ્રીજિનસાગર-

સૂરિજી બીકાનેર પધાર્યા હતા, ત્યારે ત્યાં એમના પ્રવેશોત્સવમાં મંત્રીશ્વર ભાગ્યચંદ્રના પુત્ર મનોહરદાસ પણ સંમિલિત થયા હતા. એનું અવતરણ આ પ્રમાણે છે:—

> बीकानयर वंदीइ पहुंचइ, श्रीजिनसागरसूरि ।
> पासाणिए कर्युं पइसारउ, रंगईं बहुत पद्भूरि ॥ ७९ ॥
> पासाणी बहु वित्त वावई, पइसारइ साम्हा आवइ ।
> सोलह शृंगारे सारी, श्रीकलश धरी बहु नारी ॥ ८० ॥
> श्रीभागचन्द सुत आवइ, मनोहरदास निज दावइ ॥
> वलि संघ सहगुरु वंदइ, श्रीखरतरगच्छ चिरनंदइ ॥८१॥

ઉપરોક્ત પ્રમાણથી બીકાનેર ગયા પછી ભાગ્યચંદ અને લક્ષ્મીચંદ કેટલાક મહિના નહીં, બલ્કે કેટલાંયે વર્ષો સુધી બીકાનેરમાં સુખપૂર્વક રહેલ, એ સિદ્ધ થાય છે.

(૩) ભાગ્યચન્દ્ર, લક્ષ્મીચન્દ્રના મૃત્યુ સંબંધમાં અમને ૧૮મી શતાબ્દીના પૂર્વાર્ધમાં લખાએલ વચ્છાવત વંશાવલીની* બે પ્રતિઓ મળી છે, જે પરથી સં. ૧૬૭૯ ના ફાગણ માસમાં સૂરસિંહજી કોપિત થવાની અને મંત્રીશ્વરના પુત્રો માર્યા ગયાની વાત સિદ્ધ થાય છે. વંશાવલીનો આવશ્યક સાર આ પ્રમાણે છે:–

* मुंहता वछावतांरी वंशावली लिखींयै छै, देवडा गोत्र रजपूत चौवाण सांवतसीरो। सगरारो वोहित्थ। देवलवाडइरो उपनो वोहित्थ श्रावक हुवौ। अभयदेवसूरि प्रतिवोध दीयो, श्रावक कीयो, प्र० सगर–१ वोहित्थ, २ रांणो ३ समधर, ४ तेजपाल, ५ विजयराज, ६ कडवो, ७ मैरो, ८ मांडण, ९ ऊदो, १० नागदे, ११ जेसल, १२ वछो। वछासुं सिरदार हुआ, वछईसुं वछावत कहाणा। वच्छावतरो प्र० (परिवार), पुत्र ४–करमसी १, वरसिंह, २, नरसिंह, ३. रतो, ४, करमसी निपट सरदार हुओ। करमसीह वच्छावतांरो प्र० वेटा २, राजसी १, सूजों २, मूहतोजी राजसी। सूजो

"મંત્રીશ્વર કર્મચન્દ્રને ભાગ્યચંદ્ર અને લક્ષ્મીચંદ્ર નામે બે પુત્રો હતા, જેમાંના ભાગ્યચંદ્રને મનોહરદાસ નામે પુત્ર હતો. રાજા સૂરસિંહે કોપાયમાન થઈ એના ઘરને ૧૦૦૦ સૈનિકો સાથે ઘેરો ઘાલ્યો. એ સમયે ભાગ્યચંદ્ર સૂતા હતા, લક્ષ્મીચંદ્ર અને મનોહરદાસ દરબારમાં ગયા હતા. ભાગ્ચંદ્રજી જાગ્યા ત્યારે વહૂ મેવાડીજીએ એમની ઉપર ફોજ ચઢી આવ્યાની ખબર આપી, અને એ પણ કહ્યું કે આપની આજ્ઞા હોય તો હું પણ પુરુષવેશ પરિધાન કરી રાજ્યસેનાને હાથ બતાવું. ભાગ્યચન્દ્રે ના કહી. ત્યારપછી (૧) પોતાની માતા, (૨) મનોહરદાસની માતા (૩) પુત્રવધુ (મનોહરદાસની વહૂ) ને મારી પોતે યુદ્ધ કરતાં કરતાં ખતમ થયા."

"આ પ્રસંગે મુંતા રાજસીનો ખવાસ ખૂબ વીરતા દાખવી યુદ્ધમાં ખપી ગયો. લક્ષ્મીચન્દ્રને બે પુત્ર હતા. (૧) રામચં

राव लूणकर्ण आगे ढोसीरी वेठ (ढ?) मांहे काम आया। वरसिंघ वछावतरो प्ररवार बेटा. ६, नगो १, अमरो २, मेंघो ३, डुंगरसी ४, भोज ५, ६ हरो। नगै (ने) टीको दीयो। अमरो सिरदार हुओ। टीकायत नगो,। नगो वरसिंघ, तणरो परवार। सांगो १, देवो २, राणो ३, सांगो टीकायत, सांगा नगावत रो. प्र० बेटा २–मुं. श्रीकरमचंदजी १, जसवंत २, जसवंतनुं कुंवर भींवराज चूक करनइ मारीयो।

करमचंद सांगावत रो. प्र. बेटा २. भागचंद १, लक्ष्मीचंद २, भागचन्दरो बेटा १. मनोहरदास १. राजा सूरजसिंघ सुहता उपरी कोपींयो तिवारै फोज विदा कीधी, मांणस १००० मेंली साथ घर दोलो फिरीयो, भागचन्द पौढीयाथा, लखमीचन्द अने मनोहरदास दरवार गयाथा, भागचन्दजी सूता जागिया तिवारै वहू मेवाडीजी मालिम कीयो–राज उपरी फोज आई। वहू कह्यो–राजरो हुकम्म हुवे तो मरदी वागो करिनै हाथ

(૨) રૂઘનાથ, એનો પરિવાર ઉદયપુરમાં છે. રામચંદ્રને કેસરીસિંહ, સબલસિંહ અને પીથા નામે ત્રણ પુત્ર હતા. રઘુનાથ નિઃસંતાન રહ્યા."

સં. ૧૬૭૯ ફાગણ સુદમાં આ ભયાનક ઘટના બની હતી. કોઈ કવિએ માર્મિક શબ્દોમાં કહ્યું છેઃ—

मरिस्यइ अ शत घणा महि उपरि, शत साहिस रिण समधरीयउ।
भागचन्द भिडंतइ भारथ, मुंवउ नहीं जगि उधरियउ ॥ १ ॥
लाखा जमहरि कियउ लोह बलि, रीसाणइ मारावइ राय ।
सांगाहरई कियउ दम समहर, जुग जासी पिण नाम न जाइ ॥२॥
कान्हड़ (दे) वीरमदे कलि हूंती, शाकउ ज्यूं जालोर कीयउ ।
वच्छाहरइ वीकाणई विढतइ, दो मज दु जने मरण दीयउ ॥३॥
परमाणंद ते अंधला, हीरा थून (?) आखा जोह ।
अर्द्ध कहइ न बुज्झई, सब कुण दख्यइ तोह ॥ १ ॥

जोवाडां, भागचंदजी वहूजीनुं मनहि कीधो । आप जुहर कीधो, बायर ३ मारी, माता १ मनोहरदासरी मानुं मारी २ बेटारी वहू मारी ३ आप, आदमी ४ कामि आया । खवास १ मुं. राजसीरो वडो जुहर कीत्रो । सं. १६७९ हुकम्म हुवो फागूण सुदी मांहे १ लिखमीचंद करमचंदवतरो प्र० बेटा २. रामचंद १, रुघनाथ २, प्रवार उदयपुर छै। रामचंद लिखमीचंद वतरो प्र० केसरीसिंघ १ सवलसिंघ २ पीथो ३, रुघनाथरो कोई नहीं, प्रवार१ अेक, करमचंद सांगावतरो प्र० वंस । जसवंत सांगावतरो प्र० बेटा २. आसकरण १, अखैराज २, आसकरण जसवंतरो प्र. नरसिंघदास १, अखैराज जसबंतरो प्र० बेटा १ दुरगदास १, दुरगदास अखैराजवतरो प्र० सुंदरदास १ कल्याणदास २ प्र. २ जसवंत सांगावतरी विगति ईतरो प्र० अथ नगावतमांहे प्र० २ भाईरो, २ मुं० देवो नागावतरो प्र० ...इत्यादि

(આ પછી નગાવત પરિવારની વિસ્તૃત પરંપરા લખેલી છે.)

આ વંશાવલીથી મંત્રીશ્વર કર્મચન્દ્રના ભાઈ જશવંતના મૃત્યુ

"મંત્રીશ્વર કર્મચન્દ્રને ભાગ્યચંદ્ર અને લક્ષ્મીચંદ્ર નામે બે પુત્રો હતા, જેમાંના ભાગ્યચંદ્રને મનોહરદાસ નામે પુત્ર હતો. રાજા સૂરસિંહે કોપાયમાન થઈ એના ઘરને ૧૦૦૦ સૈનિકો સાથે ઘેરો ઘાલ્યો. એ સમયે ભાગ્યચંદ્ર સૂતા હતા, લક્ષ્મીચંદ્ર અને મનોહરદાસ દરબારમાં ગયા હતા. ભાગ્યચંદ્રજી જાગ્યા ત્યારે વહૂ મેવાડીજીએ એમની ઉપર ફોજ ચઢી આવ્યાની ખબર આપી, અને એ પણ કહ્યું કે આપની આજ્ઞા હોય તો હું પણ પુરુષવેશ પરિધાન કરી રાજ્યસેનાને હાથ બતાવું. ભાગ્યચન્દ્રે ના કહી. ત્યારપછી (૧) પોતાની માતા, (૨) મનોહરદાસની માતા (૩) પુત્રવધુ (મનોહરદાસની વહૂ) ને મારી પોતે યુદ્ધ કરતાં કરતાં ખતમ થયા."

"આ પ્રસંગે મુંતા રાજસીનો ખવાસ ખૂબ વીરતા દાખવી યુદ્ધમાં ખપી ગયો. લક્ષ્મીચન્દ્રને બે પુત્ર હતા. (૧) રામચં

राव लूणकर्ण आगे ढोसीरी वेठ (ढ?) मांहे काम आया। वरसिंघ वछावतरो प्ररवार बेटा. ६, नगो १, अमरो २, मैंघों ३, डुंगरसी ४, भोज ५, ६ हरो। नगै (ने) टीको दीयो। अमरो सिरदार हुओ। टीकायत नगो,। नगो वरसिंघ, तणरो परवार। सांगो १, देवो २, राणो ३, सांगो टीकायत, सांगा नगावत रो. प्र० बेटा २–मुं. श्रीकरमचंदजी १, जसवंत २, जसवंतनुं कुंवर भींवराज चूक करनइ मारीयो।

करमचंद सांगावत रो. प्र. बेटा २. भागचंद १, लक्ष्मीचंद २, भागचन्दरो बेटा १. मनोहरदास १. राजा सूरजसिंघ सुहता उपरी कोपीयो तिवारै फोज विदा कीधी, मांणस १००० मैंली साथ घर दोलो फिरीयो, भागचन्द पौढीयाथा, लखमीचन्द अने मनोहरदास दरवार गयाथा, भागचन्दजी सूता जागिया तिवारै वहू मेवाडीजी मालिम कीयो–राज उपरी फोज आई। वहू कह्यो–राजरो हुक्म्म हुवे तो मरदी वागों करिनै हाथ

(૨) રૂઘનાથ, એનો પરિવાર ઉદયપુરમાં છે. રામચંદ્રને કેસરીસિંહ, સબલસિંહ અને પીથા નામે ત્રણ પુત્ર હતા. રઘુનાથ નિઃસંતાન રહ્યા."

સં. ૧૬૭૯ ફાગણ સુદમાં આ ભયાનક ઘટના બની હતી. કોઈ કવિએ માર્મિક શબ્દોમાં કહ્યું છેઃ—

मरिस्यइ अ शत घणा महि उपरि, शत साहिस रिण समधरीयउ ।
भागचन्द भिडंतइ भारथ, मुंवउ नहीं जगि उधरियउ ॥ १ ॥
लाखा जमहरि कियउ लोह वलि, रीसाणइ मारावइ राय ।
सांगाहरई कियउ दम समहर, जुग जासी पिण नाम न जाइ ॥२॥
कान्हड (दे) वीरमदे कलि हूंती, शाकउ ज्यूं जालोर कीयउ ।
वच्छाहरइ बीकाणई विढतइ, दो मज दुजने मरण दीयउ ॥३॥
परमाणंद ते अंधला, हीरा थून (?) आखा जोह ।
अर्द्ध कहइ न वुज्झई, सव कुण दख्यइ तोह ॥ १ ॥

जोवाडां, भागचंदजी वहूजीनुं मनहि कीधो । आप जुहर कीधो, वायर ३ मारी, माता १ मनोहरदासरी मानुं मारी २ बेटारी वहू मारी ३ आप, आदमी ४ कामि आया । खवास १ मुं. राजसीरो वडो जुहर कीत्रो । सं. १६७९ हुकम्म हुवो फागूण सुदी मांहे १ लिखमीचंद करमचंदवतरो प्र० बेटा २. रामचंद १, रुघनाथ २, प्रवार उदयपुर छै । रामचंद लिखमीचंद वतरो प्र० केसरीसिंघ १ सवलसिंघ २ पीथो ३, रुघनाथरो कोई नहीं, प्रवार१ अेक, करमचंद सांगावतरो प्र० वंस । जसवंत सांगावतरो प्र० बेटा २. आसकरण १, अखैराज २, आसकरण जसवंतरो प्र. नरसिंघदास १, अखैराज जसबंतरो प्र० बेटा १ दुरगदास १, दुरगदास अखैराजवतरो प्र० सुंदरदास १ कल्याणदास २ प्र. २ जसवंत साँगावतरी विगति ईतरो प्र० अथ नगावतमांहे प्र० २ भाईरो, २ मुं० देवो नागावतरो प्र० ...इत्यादि

(આ પછી નગાવત પરિવારની વિસ્તૃત પરંપરા લખેલી છે.)

આ વંશાવલીથી મંત્રીશ્વર કર્મચન્દ્રના ભાઈ જશવંતના મૃત્યુ

रीसागई सूरिजसिंघ महारिण, हूंतिल जिनलइ वाहिआ हाथ ।
कीयउ न को वले इम करिस्यइ, भागचंद सारिखउ भाराथ ॥१॥
आवे ग्रहट निहट उथडे घणा, घाघरट पाखरां घेर ।
जमहर समहर तइं कीयउ, सांगाहरां गृहे समसेर ॥ २ ॥
नल छाडी पहिरि नहि बेडी, परनाले थयउ रगत प्रवाह ।
करतइ कलिह भागचन्द कीयउ, सांगाला महुता वड(?) साह ॥३॥
अररहिचे बोथरा महारिण, तइ कीयउ करमेत तणा ।
साकउ वीकानयर तणइ सिर, घणुं सरिहस्यइ दीह घणा ॥४॥

(અમારા સંગ્રહમાના એક વિકીર્ણ પત્રમાંથી)

એમના વંશની પ્રશંસામાં કોઈ કવિએ કહ્યું છે કેઃ—

प्रथम राज पृथ्वीराज, धुरा सांभर सिरसधर ।
हुवो रिणथंभ हमीर, राजेन्द्र नरेसर ।
जन्मतीय जालोर, कुमर वीरम कहाणो ।
चौथे गढ गागरण, बलि अचलेश वखाण ।
करमचंद तणो चहुआण कुल, थिर सनाम पंचेथियो ।

તેમજ સંતતિ પરંપરાની બાબતમાં પણ નવુંજ જાણવા મળે છે કે જે આજ સુધી જાણવામાંજ નહોતું.

મંત્રીશ્વરના પુત્રોની તો વાતજ શું? પરંતુ ભાગ્યચન્દ્રજીની વીરાંગના પત્નીના ઉદ્‌ગારો પણ રોમાંચ ખડા કરી દે તેવા છે. તેઓમાં સાચા જૈનત્વ અને ક્ષત્રિયત્વનો પૂર્ણ ઓજસ હતો. જેનો આ જ્વલંત દાખલો છે.

આ વંશાવલીમાં "બોહીત્થ" ને પ્રતિબોધ દેનાર તરીકે શ્રીઅભયદેવસૂરિજી જણાવેલ છે, જ્યારે 'વંશ-પ્રબંધ' માં જિનેશ્વરસૂરિજીનું નામ છે. ઘટનાની પ્રાચીનતાને કારણે આવા પાઠાંતર અને વિસંવાદિતા થઈ જાય છે, પરંતુ અમને તો 'વંશ-પ્રબંધ'નું કથનજ વિશ્વસનીય લાગે છે.

भागचंद उहो पृथ्वीराज भिड, जिण कलि उपर साको कियो ?×

ઉપરની હકીકતથી સમજી શકાય છે કે (૧) આ ઘટના રાતના નહીં પણ દિવસનીજ બની હોય, કેમકે એ સમયે લક્ષ્મીચંદ્ર અને મનોહરદાસ દરબારમાં ગયા હોવાનું લખેલ છે એથી (૨) લક્ષ્મીચંદ્ર અને મનોહરદાસ દરબારમાંજ વીરગતિને પામ્યા હોય, કેમકે તેઓ દરબારમાંજ હતા, અને ઘરે માર્યા ગયાની નામાવલિમાં એમનું નામ નથી. (૩) મનાં માર્યા જવાનું કારણ કરમચંદજી પર મહારાજા રાયસિંહની અવકૃપા નહીં, પરંતુ કોઈ અજ્ઞાત કારણથી ભાગ્યચંદ્ર, લક્ષ્મીચંદ્રપર મહારાજા સૂરસિંહજી કોપિત થયા હોય.

અમારા આ અનુમાનમ બે કારણો છે:–એક તો એ કે વચ્છાવત + ભાઈઓ ઘણા મહિનાઓ સુધી નહીં, બલ્કે વર્ષો સુધી બીકાનેરમાં રહ્યા હતા, એ સિદ્ધ થઈ ચૂક્યું છે. એટલે જો પહેલાંનુજ વેર હોત, તો તો ત્યાં ઘણાં વર્ષો સુધી

× વચ્છાવત વંશનો આદિમ કુળ ચૌહાણ છે, એટલે કવિએ તે કુળમાં થઈ ગએલા નરરત્નોની પ્રશંસાપૂર્ણ આ કવિતા રચી છે. આ કવિતામાં લખેલા પૃથ્વીરાજ ચૌહાણ અને હમીર તો સુપ્રસિદ્ધજ છે. જાલોરના કાન્હડ વીરમાદેનું નામ કર્મચન્દ્રવંશ પ્રબંધમાં આવે છે, એમનો વિશેષ પરિચય સાપ્તાહિક જૈનના રૌપ્ય મહોત્સવાંકના પૃ. ૫૪ પર આપેલ છે.

+ ભાગ્યચન્દ્રને માટે લખેલી "પૃથ્વીરાજ રાસો" ની ગુટકાકાર પ્રતિ બીકાનેર સ્ટેટ લાયબ્રેરીમાં વિદ્યમાન છે, જેની અંત્ય પ્રશસ્તિ આ છે:–

मंत्रीश्वर मंडल तिलक, वच्छा वंश (व)खाण ।
करमचंद सुत करम वड, भागचंद सव (?) जाण ॥ १ ॥
तसु कारण लिखीयो सही, पृथ्वीराज चरित्र ।
पढ़तां सुख संपत्ति सकळ, मम दुख होवे मित्र । २ ॥

સુખશાંતિમાં રહી શકવું ઓછું સંભવિત છે. બીજું કારણ એ કે વંશાવલીમાં "રાજા સૂરસિંહ મુંહતા ઉપર કોપીયો" લખેલું છે. આ વાક્ય પણ મહત્ત્વનું લાગે છે.

(૪) કર્મચંદ્રજીનો વંશ, આ ઘટના સ્થળેથી ચાલી ગએલી ગર્ભવતી સ્ત્રી * થી નહીં, પરંતુ પહેલેથીજ ઉદયપુરમાં રહેતા લક્ષ્મીચંદના પુત્ર રામચંદ્ર અને રઘુનાથથી ચાલ્યો હતો. કેમકે સં. ૧૬૮૦-૮૧ માં જ્યારે શ્રીજિનસાગરસૂરિ ઉદયપુર પધાર્યા ત્યારે તેમને વંદનાર્થે રામચંદ્ર અને રઘુનાથ પોતાની દાદી

---

* ગોયલીયજી લખે છે: - આ મહિલા ઉદયપુરના ભામાશાહની પુત્રી હતી. ઓઝાજી પણ ભાણને ભામાશાહની પુત્રીનો પુત્ર હોવાનું લખે છે. મહેતાઓની તવારીખમાં "ભાણ" ને ભોજરાજનો પુત્ર લખેલ છે, પરંતુ અનુમાન છે કે મંત્રીશ્વર કર્મચન્દ્રજીનો વિવાહ ભામાશાહની પુત્રી જોડે થયો હોય. અને એનું નામ અજાયબદે હોય, અને એ ઉપરોક્ત દારૂણ ઘટના સમયે પોતાની પુત્રવધુ અને ઉભય પૌત્રોની સાથે પોતાને પીયર ઉદયપુર આવી હોય. અમને મળેલ વંશાવલીમાં ભોજરાજનો કશોજ ઉલ્લેખ નથી.

કર્મચન્દ્રજીના પ્રભાવથી રાયસિંહજીને પાંચહજારી પદ મળ્યાનો આ પ્રમાણે ઉલ્લેખ છે: -

अकबरजलालदीन-प्रसादतोऽनेककोट्टबलकलितः ।
मंत्रिकृतमंत्रयोगात्, पंचसहस्रीपतिर्जज्ञे ॥ ३४ ॥

व्याख्या -श्रीराजसिंह अकबरजलालदीनस्य साहेः प्रसादतोऽनुग्रहात् 'अनेके' बहवो ये 'कोट्टा' दुर्गाणि (तैः) 'बलेन' च सैन्येन 'कलितः' सहित अनेककोट्टबलकलितः, 'मन्त्रिणः कर्मचन्द्रस्य यो 'मन्त्रः' आलोचस्तस्य 'योगात्' संयोगात्, मन्त्रप्रभावादित्यर्थः, पञ्चानां सहस्राणां अश्ववारसम्बन्धीनां समाहारः पञ्चसहस्री, तस्याः 'पतिः' स्वामी 'जज्ञे' बभूव, पंचहजारिति ख्यातिं प्राप्त इत्यर्थः ॥ ३४ ॥ (કર્મ. મં. વં. પ્રબંધ વૃત્તિ)

અજાયબદે સાથે આવ્યા હતા, જેનો ઉલ્લેખ સં. ૧૬૮૧ માં રચાએલ શ્રીજિનસાગરસૂરિ રાસમાં આ પ્રમાણે છેઃ—

"कुम्भलमेरई जिन थुणि ए, मेवाडई गुण गान ।
उदयपुरानउ राजियउ ए राणउ "करण" द्यइ मान ॥९४॥"
"लखमीचंद सुत परगडा ए, रामचन्द रघुनाथ ।
चित्त धरि वंदइ प्रहसमइ ए, अजायबदे सुत साथ ॥ ९५ ॥"

આ અવતરણથી સં. ૧૬૮૦ માં રામચંદ્ર રઘુનાથની અવસ્થા ઓછામાં ઓછી હોય તો પણ ૧૦-૧૨ વર્ષની તો હોવીજ જોઈએ, એથી ગર્ભવતી સ્ત્રી ભાગી ગઇ અને એના વડે વંશ ચાલ્યાની વાત તદ્દન કલ્પિત અને અર્થ વગરની છે.

(૫) અમને જ્યાં સુધીની વંશાવલી મળી છે, એમાં "ભાણ"નો કોઇ ઉલ્લેખ નથી. મંત્રીશ્વર કર્મચંદ્રના જીવન-ચરિત્ર પરથી એમના અનેક સદ્‌ગુણો અને અસાધારણ બુદ્ધિ-વૈભવનો પરિચય મળે છે. એમના વંશજો હાલમાંય ઉદયપુર રાજ્યના ઉચ્ચ પદાધિકારી અને પ્રતિષ્ઠાસંપન્ન છે, એમને વિષે વધુ જાણવા માટે 'ઓસવાલ જાતિકા ઇતિહાસ' જોવો જોઇએ.

હવે સૂરિજીના શ્રાવકરત્ન સંઘવી "સોમજી શિવા" નો સંક્ષિપ્ત પરિચય આપીએ છીએઃ—



સંઘપતિ સોમજી-શિવા

જગત્પ્રસિદ્ધ પ્રાગ્વાટ જ્ઞાતીય મંત્રીશ્વર વસ્તુપાલના નિર્મલ વંશમાં * સંઘપતિ જોગીદાસની ભાર્યા જસમાદેની કુક્ષિથી આ બન્ને ભાઈઓનો જન્મ થએલ. ઉ. ક્ષમાકલ્યાણજી પોતે રચેલ 'ખરતર પટ્ટાવલી' માં લખે છે કે અમદાવાદમાં આ બન્ને ભાઈઓ ચિર્ભટી (ચીભડા) નો વ્યાપાર કરતા હતા. સૂરિજીએ એમને પ્રતિબોધ આપી જૈન ધર્મમાં દૃઢ બનાવ્યા એમણે તીર્થયાત્રા, નવા જિનબિમ્બોનાં નિર્માણ, જિર્ણોદ્ધાર અને સ્વધર્મી વાત્સલ્ય આદિ શુભકાર્યોમાં લાખો રૂપિયા ખર્ચી જૈનશાસનની મહાન સેવા અને પ્રભાવના કરેલ.

સં. ૧૬૬૪ માં જોગીશાહ અને સોમજીએ શત્રુંજયનો મોટો સંઘ કાઢી સૂરિજીની સાથે શત્રુંજય ગિરિરાજની યાત્રા

---

* શીલવિજયજી કૃત તીર્થયાત્રામાં ઉલ્લેખ છે કે—

वस्तुपाल मंत्रीश्वर वंश, शिवा सोमजी कुल अवतंस ।
शत्रुंजय उपरि चौमुख कियउ, मानव भव लाहो तिण लियउ ॥

મુંબઈથી પ્રકટ થએલ "શ્રીજિનચન્દ્રસૂરિ જીવનચરિત્ર" માં એમના ધનવાન થવા બાબતની એક દંતકથા લખી છે કે:—

આ બન્ને ભાઈઓ ચિભડાનો વેપાર કરતા હતા, એમનો ભાગ્યોદય જાણી સૂરિજીએ પ્રતિબોધ દીધો. લાભ જાણી સૂરીશ્વરે એમના નવીન વસ્ત્રો પર સપ્રભાવ વાસક્ષેપ નાંખ્યો. ઘણાં તરબૂચ ખરીદ કરી આ ભાઈઓએ ફળો પર એ વસ્ત્ર ઢાંકી વેપાર કરવા લાગ્યા, તે ઉનાળાના સમયમાં કોઈ નગરને લૂંટીને શાહી ફોજ આવેલી ત્યારે તેઓને અમદાવાદમાં એમને ત્યાંથીજ ચીભડા-તરબૂચો એક એક સોનામહોર આપીને ખરીદવા પડેલ, કેમકે અન્યત્ર કયાંય ખરબૂજા આવા ન મળ્યાં. આ વેપારમાં સોમજી-શિવાએ અગણિત દ્રવ્ય ઉપાર્જિત કર્યું.

કરી હતી, જેનો ઉલ્લેખ આ ગ્રંથમાં પ્રકરણ ૫ માંના અંતિમ ભાગમાં કરવામાં આવેલ છે.

સં. ૧૬૫૩ અમદાવાદમાં આદિનાથના નવનિર્મિત જિનાલયની સૂરિજીના હાથે પ્રતિષ્ઠા કરાવી. એમણે રાણકપુર, ગિરનાર, આબૂ, ગૌડી-પાર્શ્વનાથ અને શત્રુંજય પર મોટા મોટા સંઘ કાઢી યાત્રાઓ કરી, દરેક સ્થળે લ્હાણીઓ કરી, કરોડો રૂપિયાનો ખર્ચ કર્યો, જેનો ઉલ્લેખ કવિવર સમયસુંદરજી 'કલ્પલતા' માં આ પ્રમાણે કરે છે:—

यद्वारे पुनरत्र सोमजिशिवाश्राद्धौ जगद्विश्रुतौ,
याभ्यां राणपुरस्य रैवतगिरेः श्रीअर्बुदस्य स्फुटम्।
गौडीश्रीविमलाचलस्य च महान्, संघोऽनघः कारितो,
गच्छे लम्भनिका कृता प्रतिपुरं, रुक्माद्धिमेकं पुनः ॥९॥

એક પટ્ટાવલીમાં લખ્યું છે:—

सं. सोमजी शिवइ शत्रुंजयनी पहली यात्रा करी, ३६००० रुपइया खरच्या, वली बडी प्रतिष्ठायइ ३६००० रुपिया खरच्या, गिरनार आबूना संघ कराव्या अनेक देहरा कराव्या बिम्ब भराव्या, खरतरगच्छमां लहाण कीधी."

અમદાવાદની દસાપોરવાડ જાતિમાં એમણે કેટલાંક સારા રીતરિવાજો પ્રચલિત કરેલા એટલે હજુય વિવાહપત્રના લેખમાં શિવા સોમજીની રીતિ પ્રમાણે લેવા દેવાની મર્યાદા લખાય છે. એમના નિવાસસ્થાન ધના સુતારની પોળમાં, જિનાલયનો વાર્ષિક દિવસ હોય કે અન્ય પ્રસંગ પર જ્યારે જમણવાર થાય છે, ત્યારે નિમંત્રણ પણ 'શિવા સોમજી' ના નામથી દેવાય છે.

એમણે અમદાવાદમાં ત્રણ જિનાલયો બનાવ્યાં. (૧) ધના સુતારની ઉર્ફે શિવા સોમજીની પોળમાં આદિનાથજીનું મંદિર,

જેમાં પોતાના ઉપકારી ગુરૂદેવ શ્રીજિનચંદ્રસૂરિજીની મૂર્તિ સ્થાપિત કરી, (૨) ઝવેરીવાડના ચૌમુખજીની પોળમાં શ્રી શાંતિનાથજીનું ચૌમુખ મંદિર, જેનો જીર્ણોદ્ધાર સં. ૧૯૨૦માં ઝવેરી શ્રી મોહનલાલ મગનભાઈના પિતા મગનભાઈ હકમચંદે કરાવ્યો હતો. (૩) હાજા પટેલની પોળના ખુણામાં શ્રીશાંતિનાથજીનું મંદિર.

ગિરિરાજ શ્રીસિદ્ધાચલજી પર "ખરતર વસહી" માં ચૌમુખજીના મંદિરનું નિર્માણ કરાવ્યું, જેમાં ૫૮ લાખ રૂપિયા ખર્ચ થયો. ×

આ મંદિરની પ્રતિષ્ઠા કરાવ્યા પહેલાંજ એમનો સ્વર્ગવાસ થઈ જવાથી સોમજીના પુત્ર રૂપજીએ સં. ૧૬૭૫ માં શ્રીજિનરાજસૂરિજીના કરકમળે પ્રતિષ્ઠા કરાવી.

શેઠ સોમજી શિવાજીનું સ્વધર્મી વાત્સલ્ય ખૂબ પ્રસંસનીય અને અનુકરણીય હતું, જેનું એક ઉદાહરણ નીચે દેવાય છેઃ એક વખત કોઈ અજાણ્યા સ્વધર્મી બંધુએ વિપત્તિને સમયે એમના ઉપર સાઠ હજાર રૂપિયાની હુંડી કરી નાંખી. જ્યારે હુંડી વટાવવા માટે એમની પાસે આવી ત્યારે એમનાં મુનીમ ગુમાસ્તા આદિ કર્મચારીઓએ તમામ ખાતા જોઈ નાંખ્યા, પણ હુંડી કરવાવાળાનું ક્યાંય નામ નહોતું. ત્યારે વિલક્ષણ બુદ્ધિશાળી અને અનુપમ ઉદાર વૃત્તિધારક સોમજીએ એ હુંડીને

